Issue : 57 • 16th July, 2011 • Founder Editor : Smt. Shailaben Vaidya

# Maitri~Setu

Let the holy stream of friendship flow in my heart ....

AMITY SCHOOL BHARUCH

25 AMITY SCHOOL 1986-2010

## Silver Jubilee Reminiscence

2010~2011



# रिस्तो की मिशाल एमिटी परिवार



## दस साल से अधिक समय से समर्पित साथीयो के परिवार का अभिवादन


Mr. Prakash Mehta Family


Mr. Bipin Bavanbadshah Family


Mrs. Nayna Bhatt Family


Mrs. Shilpa Chokshi Family


Mrs. Kinaxi Raj Family


Mr. K. C. Patel


Mrs. Reena Tiwari Family


Mrs. Malti Jadav Family


Mrs. Kirti Pathak Family


Mrs. Saroj Rana Family


Mrs. Neetu Gupta


Mrs. Jagruti Mehta Family


Mr. Atul Patel Family


Mr. Trutiyesh Rathod Family


Mrs. Urmilaben Shah


Mrs. Jayshree Dave


Mrs. Rashmika Chauhan Family


Mr. Prakash Mistry


Mrs. Kailash Khant Family


Mrs. Hetal Mengar Family


Mr. Hastimal Vasava Family


Mr. Dharmendra Rathod


Mr. Amar Vasava Family

# અનુક્રમણિકા

## આભાર અને શુભેચ્છા...

– રણછોડ – સંગીતા – પ્રમેશ


| ક્રમ | વિગત | | પાના નં. |
|---|---|---|---|
| 01) | ૨૫મો શાળા સ્થાપના દિન – તા. ૧૧/૦૬/૧૦ | | 1 |
| 02) | (૧) મારી યાદો... | – શ્રીમતી નયનાબહેન ભટ્ટ | 2 |
| 03) | (૨) મારા વિકાસમાં ઍમિટીનો ફાળો | – શ્રી હસ્તિમલભાઈ વસાવા | 3 |
| 04) | (૩) મારા યાદગાર સ્મરણો | – શ્રીમતી ક્રિષ્ણાબહેન અમીન | 4 |
| 05) | Making of VoyAge Amity : 2010-11 | | 5 |
| 06) | શાળાની ધ્યેય–સિધ્ધિની કાળ–સંદુક જેવી VoyAge Amity | – શ્રી હરેશ ધોળકિયા | 10 |
| 07) | VoyAge Amity ના પ્રતિભાવ | | 13 |
| 08) | શ્રી રણછોડ શાહનું સ્વાગત પ્રવચન | | 17 |
| 09) | ડૉ. સુદર્શન આયંગરનું વકતવ્ય | | 19 |
| 10) | ડૉ. વર્ષાદાસનું વકતવ્ય | | 22 |
| 11) | પૂર્વ સાથીઓનું સ્નેહમિલન તારીખ ૦૫/૦૯/૧૦ – શિક્ષકદિન | | 25 |
| 12) | न भुलें हम... ...तुम न भुल पाये | – श्रीमती निधी पारीक | 26 |
| 13) | શિક્ષણ પર્વની અનોખી ઉજવણી | – ડૉ. શરદ પટેલ | 31 |
| 14) | ભારત વિભૂતિ તસ્વીર અર્પણ સમારોહ | – શ્રી નિખિલેશ ઉપાધ્યાય | 33 |
| | | – શ્રી બી. એન. રાજગોર | 33 |
| | | – શ્રી મનસુખભાઈ સલ્લા | 35 |
| 15) | ગાંધી જયંતીની અનોખી ઉજવણી | | 38 |
| 16) | ગાંધી જયંતી નિમિત્તે દાંડીયાત્રાના પ્રવાસનો પરિપત્ર | | 39 |
| 17) | Dandi Yatra | | 40 |
| 18) | Mahatma Gandhi’s Historical Dateline of Dandi March | | 43 |
| 19) | ગાંધીજી અને આપણે | | 45 |
| 20) | ઐતિહાસિક દાંડીયાત્રાની વિગત | | 47 |

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | | પાના નં. |
|---|---|---|---|
| 21) | અવૈધિક શિક્ષણનો નૂતન પ્રયોગ | – શ્રી રણછોડ શાહ | 49 |
| 22) | રજતજયંતીની અનોખી ઉજવણી | – શ્રીમતી જયશ્રી વાઘેલા | 54 |
| 23) | ઍમિટી ગણિત પ્રયોગશાળા | – શ્રી કીર્તિ ગાંધી | 59 |
| 24) | ગણિત પ્રયોગશાળાનો ઉદ્‌ઘાટન સમારંભ | – શ્રી એ. કે. વિરાણી | 62 |
| 25) | ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાનીનું વકતવ્ય | | 65 |
| 26) | Speech of Dr. Purvi Ghariya | | 68 |
| 27) | પ્રજાસત્તાક દિવસ બન્યો 'ભાવ' સતાક દિવસ ! | – શ્રી હરેશ ધોળકિયા | 70 |
| 28) | Jewels of Amity | | 73 |
| 29) | संस्कृति संगम | | 79 |
| 30) | Sweet Memories of Sanskriti Sangam | | 80 |
| 31) | સંસ્કૃતિ સંગમ<br>(ડૉ. વિપિનકુમાર કીકાણી, શ્રી નરેશ કાપડિયા, શ્રી નયનાક્ષીબહેન વૈદ્ય) | | 92 |
| 32) | ઍમિટી શાળામાં રિક્ષામાં બાળકો લાવતા ભાઈઓનું સન્માન | | 96 |
| 33) | અકસ્માત નિવારણ જનજાગૃતિ અભિયાન | | 98 |
| 34) | 'કસ્તૂરબા નિર્વાણ દિન–અકસ્માત નિવારણ દિન' | | 99 |
| 35) | પ્રા. મીનલબેન દવેનું વકતવ્ય | | 103 |
| 36) | એક યાદગાર મિલન સમારંભ | – ડૉ. શશિકાંત શાહ | 104 |
| 37) | ડૉ. ગુણવંત શાહનું વકતવ્ય | | 106 |
| 38) | ચાલો એકબીજાને ગમીએ | – શ્રીમતી સરોજ રાણા | 108 |
| 39) | વ્યાખ્યાન કળા – એક અનોખો કાર્યક્રમ | – શ્રી લાલસિંગ વસાવા | 111 |
| 40) | પૂરકવાચનની યાદી વર્ષ પ્રમાણે | | 114 |
| 41) | 'ઍમિટી' સમાચાર | | 117 |
| 42) | Academic Achievements - March 2011 | | 119 |

# આભાર અને શુભેચ્છા...

પરમ સ્નેહી મિત્રો,

ઍમિટી શાળા તા.૧૧મી જૂન–૨૦૧૧ના દિવસે ૨૫ વર્ષ પૂર્ણ કરી ૨૬મા વર્ષમાં પ્રવેશી. શાળાની રજતજયંતી વર્ષની ઉજવણી અત્યંત અર્થપૂર્ણ રહી. ૨૫મા વર્ષનો વિશિષ્ટ લોગો બનાવ્યો ત્યારે શાળાના શુભેચ્છક કવિશ્રી કૃષ્ણ દવેના કાવ્યસંગ્રહ 'ભોંદુભાઈ તોફાની'માંથી પંક્તિ પસંદ કરી હતી :

***એને શું રોકી શકવાનું અંધારાનું તાળું ?***
***જે પોતાની સાથે રાખે પોતાનું અજવાળું !***

ઍમિટી શાળાએ આ પંક્તિને સાર્થક કરી છે. છેલ્લા ૨૫ વર્ષમાં શાળાએ શિક્ષણ જગતમાં આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. શાળા સાચા અર્થમાં શિક્ષણનું ધામ બની છે. શિક્ષણમાં નૂતન અભિગમ અપનાવી અનેક શૈક્ષણિક પ્રયોગો કર્યા છે. મૂલ્યોને ઉજાગર કરતી પ્રણાલીઓની સ્થાપના કરી છે, તેનું સંવર્ધન કર્યું. આ નૂતન વિચારોને અપનાવનારના જીવન નવપલ્લવિત થયાના ઉદાહરણો ઘણી મોટી સંખ્યામાં છે.

શાળાએ રજતજયંતી વર્ષની અનોખી અને આગવી ઉજવણી અનેક વૈવિધ્યસભર કાર્યક્રમોથી કરી છે. આ મૈત્રી–સેતુના અંક દ્વારા આપણે સૌ તેના મીઠાં સંસ્મરણો જિંદગીપર્યંત માણી શકીશું. રજતજયંતી વર્ષમાં જે મિત્રોને ઍમિટી સાથે જોડાવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું તેમને અમે નસીબદાર માનીએ છીએ. અનેક અલભ્ય અનુભવો તેમને પ્રાપ્ત થયા. અલબત્ત તે સૌએ સમયનો અનહદ ભોગ આપવો પડયો અને તેથી તેમના પરિવારના સભ્યોએ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો જ હશે. પરિવારજનોનો આભાર માનવાનો કાર્યક્રમ તા.૦૧/૦૫/૨૦૧૧ના રોજ **"Thanks giving to family"** યોજયો હતો. પુનઃ આ તકે આભાર માનીએ છીએ.

સમગ્ર વર્ષના ભરચક કાર્યક્રમોએ અમારામાં રહેલી શક્તિઓ, ખૂબી, ખામીઓ અને વિશિષ્ટતાઓને ઉજાગર કરી છે, તેનો અમને સૌને ઘણા મોટા પ્રમાણમાં લાભ થયો છે. **બસ આનંદ... જ... આનંદ.**

રજતજયંતી વર્ષે શાળાની શૈક્ષણિક સિધ્ધિઓ પણ અનેરી રહી છે. **C.B.S.E. Std. X પ્રથમ બેચનું પરિણામ સો ટકા** આવ્યું. તો,

| | | |
|---|---|---|
| ધો.૧૦ | (ગુજરાતી માધ્યમ)નું | ૯૮.૨૧ ટકા, |
| **ધો.૧૦** | **(અંગ્રેજી માધ્યમ)નું** | **૧૦૦ ટકા,** |
| **ધો.૧૨** | **(ગુજ. માધ્ય., વિ.પ્ર.)નું** | **૧૦૦ ટકા,** |
| ધો.૧૨ | (અં. માધ્ય., વિ.પ્ર.)નું | ૯૭.૪૩ ટકા અને |
| ધો.૧૨ | (ગુજ. માધ્ય. સા.પ્ર.)નું | ૯૫.૬૫ ટકા **પરિણામ આવ્યું.** |

**સૌ સારસ્વત મિત્રોને અભિનંદન.**

શાળાની શરૂઆત કરી ત્યારના સાથીઓમાં શ્રીમતી પ્રમેશબહેન મહેતા, શ્રીમતી સંગીતાબહેન શાહ અને સ્વ. શ્રીમતી શૈલાબહેન વૈદ્યનો સથવારો હતો. તે આજ પર્યંત રહ્યો. અનેક સંઘર્ષો, વિટંબણાઓ અને મુશ્કેલીઓનો સામનો કરવામાં આ મિત્રોનો અકલ્પ્ય સાથ સાંપડયો છે. તેનો તેમને અને મને સંતોષ, આનંદ અને ગૌરવ છે. કોઈપણ વ્યકિતનું સરેરાશ આયુષ્ય ૭૦–૭૫ વર્ષ ગણીએ તો અમે સૌએ પચીસ વર્ષ સંપૂર્ણપણે શાળામય થઈ વિતાવ્યા છે. આ સક્રિય જીવનનો લગભગ પચાસ ટકા સમયગાળો ગણી શકાય. ૨૪ કલાક અને ૩૬૫ દિવસ શાળાના વિકાસ માટે મનન, ચિંતન અને કાર્ય કર્યું છે. તેનો અનહદ આનંદ લુંટવાના દિવસો હવે આવી રહ્યા છે. 'માણ્યું તેનું સ્મરણ' કરવું તે પણ જીવનનો અનેરો આનંદ છે.

સૌના સહકારથી આગામી વર્ષોમાં ઍમિટી સ્કૂલ હજુ વધારે પ્રગતિ કરે તેવી આશા આપણે સૌ જરૂરથી રાખીશું. અંતમાં આ પ્રસ્તાવના લખતો હતો ત્યારે જ એક સરસ મજાનો SMS એક ઍમિટીયને મોકલાવ્યો તે આપ સૌ સમક્ષ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

**પરિવાર એટલે શું ?**

**બંધન ન હોય પરંતુ વ્યવસ્થા હોય...**
**સૂચન ન હોય પરંતુ સમજણ હોય...**
**કાયદો ન હોય પરંતુ અનુશાસન હોય...**
**ભય ન હોય પરંતુ ભરોસો હોય...**
**શોષણ ન હોય પરંતુ પોષણ હોય...**
**આગ્રહ ન હોય પરંતુ આદર હોય...**
**અર્પણ ન હોય પરંતુ સમર્પણ હોય...**

**(જેવો કે 'ઍમિટી પરિવાર'!)**

છેલ્લા પચીસ વર્ષમાં જેઓએ અમને મદદ કરી છે તે સૌનો ખૂબ ખૂબ આભાર.

ઍમિટી અમારા હૃદય સાથે જોડાયેલી હોવાથી અમે તેની કાળજી લેવા સતત જાગૃત છીએ અને રહીશું.

***તા.૧૨/૦૭/૨૦૧૧*** ***રણછોડ – સંગીતા – પ્રમેશ***

# Thanks & Best Wishes

Dearest Friends,

Amity School entered into its 26th year of establishment on 11th June 2011. The celebration of Silver Jubilee Year of school was really remarkable, meaningful and fantastic too. When the logo of 25th year was being prepared, a couplet from Mr. Krushna Dave's book 'Bhondubhai Tofani' was selected to keep in it :

***''एने शुं रोकी शकवानुं अंधारानुं ताळुं ?***
***जे पोतानी साथे राखे पोतानुं अजवाळुं !***

It means -

***"No lock of darkness can stop a person, who has his own light of knowledge.***

Amity school has justified this couplet in last 25 years by being a unique institution in the field of education. School has become centre of education in its real term. Accepting new approaches in education school has made different experiments in the field of education. Values have been inculcated and enhance from different school traditions. Many students' have rejuvenated their lieves by these new thoughts of education and they have proved that they are different from others.

The school has celebrated its Silver Jubilee by arranging various innovative and unique programmes during the entire academic year 2010-11. We will cherish the sweet memories of these through this issue no. 57 of Maitri-Setu **'Silver Jubilee Reminiscence'** through out our life. We consider lucky those who contributed their services to the school during the Silver Jubilee Year as they had obtained wonderful and unique experiences in the field of education. Of course, due to various programmes, they were compelled to devote long hours for the school and hence their families must have faced various difficulties in their daily lives. And so we had arranged a programme on 1st May 2011 to express our gratitude to them by **"Thanks giving to family"**. Once again we thank them for their contribution.

All the programmes of this year have wakened our strength, specialities, capacities, weaknesses and excellence. Yes we have **enjoyed... enjoyed... and enjoyed a lot.**

School academic achievement during the Silver Jubilee Year are also par excellent. We are extremely happy to mention that this was the first batch of **Std. X - C.B.S.E.** has achieved **hundred percent result** by securing four positions in A-1 category out of thirty eight. The result of various board exams are as follows :

| | | |
|---|---|---|
| Std. X | (Gu. Med.) | - 98.21%, |
| **Std. X** | **(Eng. Med.)** | **- 100%,** |
| **Std. XII** | **(Guj. Med. Science)** | **- 100%,** |
| Std. XII | (Eng. Med. Science) | - 97.43%, |
| Std. XII | (Guj. Med. Comm.) | - 95.65% |

**Congratulation to all educators.**

I, Ranchhod Shah have received the wonderful support from Mrs. Prameshben Mehta, Mrs. Sangita Shah and Late Mrs. Shailaben Vaidya right from the inception of school. It is available as on date also. These friends have supported in solving various problems, difficulties and disputes too in past & present. We are satisfied and feel proud for the same. If we consider an average age of any individual is 70 to 75 years, we have given 25 years of our lives to the school completely. We thought of only school and its developement for 24 hours a day and 365 days a year. Now it is a time to enjoy by chewing the honeyed cud ! Now it is a time to spend our time in getting pleasure by remembering these unforgettable events !

We all definitely wish that Amity School will still progress further and achieve new heights in the field of education. When I was writing this article - "Thanks & Best Wishes", I received a wonderful SMS from one of the Amitians :

*परिवार क्या है ?*

*बंधन न हो लेकिन व्यवस्था हो...*
*सूचन न हो लेकिन समझ हो...*
*कानून न हो लेकिन अनुशासन हो...*
*भय न हो लेकिन भरोसा हो...*
*शोषण न हो लेकिन पोषण हो...*
*आग्रह न हो लेकिन आदर हो...*
*अर्पण न हो लेकिन समर्पण हो...*

*(जैसे कि एमिटी परिवार !)*

We are thankful to all who have extended their helping hand for the last 25 years.

Amity is our heart and we are promise to take care of Amity.

***12th July, 2011*** ***- Ranchhod - Sangita - Pramesh***

# ૨૫મો શાળા સ્થાપના દિન – તા. ૧૧/૦૬/૧૦

ઍમિટી શાળાના પચ્ચીસમા સ્થાપના દિનની ઉજવણી તા.૧૧/૦૬/૧૦ના રોજ શાળાના વિશાળ પટાંગણમાં પૂર્વ વિદ્યાર્થીઓના સથવારે સવારે ૦૭:૩૦ કલાકે યોજવામાં આવી. શાળામાં ઉત્સાહનું મોજું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ ઉત્સવને માણવા થનગણી રહ્યા હતા. સૌના હૃદયમાં શાળા માટે કંઈક કરી છૂટવાની તમન્ના હતી. સૌને એમ હતું કે આ અમારી માતૃસંસ્થાએ અમારા ઘડતરમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. અમે તેને માટે શું કરી શકીએ ?

ધો.૧થી ૧૨ના વિદ્યાર્થીઓ શાળાની મધ્યમાં ભેગા થયા હતા. પૂર્વ વિદ્યાર્થીઓ બોસ્કી દોશી, પ્રગતિ પ્રજાપતિ, ડૉ. ધવલ દોશી, સૌમિત્ર આંબેગાંવકર, વૃન્દા મહેતા, મહે□રી ગઢવી તથા અન્ય સૌએ સાથે મળી એક નાનકડા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. સૌ વિદ્યાર્થીઓ એક–એક કૃતિ રજૂ કરી તેમની શાળા સાથેની લાગણી અને સંવેદના રજૂ કરતા હતા. મોટા અને પૂર્વ વિદ્યાર્થીઓ તેમના શાળા સાથેના સંસ્મરણો રજૂ કરતા હતા. કાર્યક્રમ આગળ વધતાં સૌ શાળાને Happy Birthday કહેવા આતૂર હતા. શાળાના તમામ બાળકોને કેક અને ચોકલેટ વહેંચી ઉજવણીનો આનંદ સૌએ માણ્યો. આ પ્રસંગે શાળાના સૌ શિક્ષકોને મહાત્મા ગાંધી લિખિત પુસ્તક ''હિંદ સ્વરાજ'' ભેટ આપવામાં આવી.

ત્યારબાદ લગભગ અગિયાર કલાકે શાળાના સૌ વર્તમાન કાર્યકરો તથા શાળા પરિવાર સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલ સૌના નજીકના કુટુંબીજનોની હાજરીમાં આ આનંદ સૌ વહેંચતા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ. ત્યારબાદ ૨૫ મીણબત્તીઓ સહિતના 'ઍમિટી'ના કેકને કાપવામાં આવ્યો. આ પ્રસંગે પૂજય પરાગજીભાઈ (બાપૂજી), શ્રી ઋષિભાઈ દવે, શ્રીમતી નયનાબહેન ભટ્ટ, કુ. નીતુ ગુપ્તા, શ્રીમતી કૈલાસબહેન ખાંટ, શ્રીમતી દીપાબહેન પટેલ, શ્રીમતી કિષ્ણાબહેન અમીન, શ્રીમતી સીમાબેન ગુપ્તા તથા શ્રી હસ્તિમલભાઈ વસાવા વગેરે મિત્રોએ પોતાની લાગણી વ્યકત કરી. શ્રી રણછોડભાઈ શાહે શાળાની સ્થાપનાથી આજ સુધીની પ્રગતિની માહિતી આપી તથા સૌના સહકાર બદલ ધન્યવાદ વ્યકત કર્યો. ૨૫મું વર્ષ હોવાથી મિત્રોએ ૨૫ મીણબત્તી સાથેનો કેક બનાવ્યો હતો. ૨૫મા વર્ષના વિશિષ્ટ મોનોગ્રામ સાથેની પ્લેક સર્વે શિક્ષકોએ શાળા પરિવારને અર્પણ કરી. પ્લેક પર અંકિત કરેલ કવિશ્રી રમેશ પારેખની પંકિતઓ પ્રા. સુમિત્રાબેન સોલંકીએ પસંદ કરી હતી. પંકિતઓ નીચે મુજબ છે.

***''એને શું રોકી શકવાનું અંધારાનું તાળું...?***
***જે રાખે છે પોતાની પાસે પોતાનું અજવાળું...''***

**– રમેશ પારેખ**

આનંદ કિલ્લોલ કરતાં સૌ સહભોજનનો આનંદ માણી છૂટા પડયા.

*પચ્ચીસમા સ્થાપના દિને સાથી શિક્ષકમિત્રોએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા જે અહીં રજૂ કરીયે છીએ.*

## (૧) મારી યાદો...

*– શ્રીમતી નયનાબહેન ભટ્ટ (શાળામાં જોડાયા તા. ૧૪/૦૬/૧૯૮૮)*

*સિદ્ધિઓના પાંખે ચઢી અમે તો,*
*છમ્મલીલા હૃદયે ખુમાર ભરી બેઠા;*
*હળવેથી મોરપીંછ ફેરવી અમે તો,*
*મનગમતાં ગીતોનો ગુલાલ કરી બેઠા.*

સાચી જ વાત છે ને મિત્રો ! આજનો દિવસ આપણા સૌ માટે મહત્ત્વનો દિવસ છે. આજના દિવસને આપણે સૌ એ સાથે મળી યાદગાર બનાવવાનો છે. શાળા સાથે સંકળાયેલા મીઠાં–મધુર સંસ્મરણો વાગોળવાનો દિવસ છે, આનંદનો દિવસ છે. આજે મને મારો પહેલો દિવસ યાદ આવે છે. ૧૯૮૮માં હું શાળામાં જોડાઈ હતી. આજે પણ મને યાદ છે તે દિવસે શાળા ભાડાના મકાનમાં હતી. પછી ધીમે ધીમે તે પોતાના મકાનમાં આવી પણ અદ્યતન સાધનોનો અભાવ – ખાડા ટેકરાવાળો રોડ – સમડીનું ઘટાદાર વૃક્ષ – બાંકડો – નાના ઓરડા વગેરે આજે પણ ચલચિત્રની જેમ દેખાય છે. તે વખતની શાળા અને આજની અદ્યતન સાધનોથી અને વિશાળ સ્ટાફ સાથે થનગનતી શાળા એક સ્વપ્ન જેવું લાગે છે. મિત્રો... આપણે નાના બાળકોને 'મારી સ્વપ્નની શાળા' નિબંધ લખાવીએ છીએ. જ્યારે મારા માટે તો મારા સ્વપ્નની શાળા જીવંત બની ગઈ. આજે હૃદયમાં ઉમળકો – આનંદ – ઉત્સાહ સમાતો નથી, ત્યારે દિલ આનંદથી બોલી ઊઠે છે.

*શૂન્યમાંથી સર્જન થયું,*
*અભાવમાંથી ભાવ પ્રગટયો.*
*અંકુરમાંથી વડલો થયો,*
*ચારે બાજુ ઘેરી વળ્યો.*

*તિમિર દૂર થયું ને,*
*પ્રકાશ ઝળહળી ઊઠયો.*
*જ્ઞાનસિંધુનો મહાસાગર*
*ઍમિટીતણા ઉપવનમાં,*
*અમૃત બની પ્રગટી ઊઠયો.*

મિત્રો, આ શૂન્યમાંથી સર્જન કેવી રીતે થયું ? તેનો લાંબો ઈતિહાસ છે. તે માટે આ શાળાના સ્થાપકોની લગાતાર મહેનત છે. ઘણી વખત મેં તેઓને માત્ર ચણા – મમરાનો નાસ્તો કરતાં જોયાં છે. રાત–દિવસ જોયા વગર માત્રને માત્ર શાળાના વિકાસ અર્થે રાત્રી દરમિયાન પણ કામ કરતાં જોયા છે. ઘણી મહેનત, સંઘર્ષ બાદ આપણને આ સફળતા મળી છે. આજના દિવસે મને દિલથી કહેવા દો કે આદરણીય શ્રી શૈલાબહેન તથા પ્રમેશબહેનનો અહીં અનન્ય ફાળો છે. તેઓની સમર્પણની ભાવનાથી આજે આપણે આ દિવસને મનાવી રહ્યા છીએ, માણી રહ્યા છીએ.

આદરણીય શાહ સરની સફળતા પાછળ માનનીય સંગીતાબહેનનું યોગદાન પણ અનન્ય છે. તેઓના સાથ–સહકાર વગર આપશ્રી આ સ્વપ્ન સાકાર કરી શકયા હોત ખરા ? આજના દિવસે હું સંગીતાબહેનને પણ સાચા હૃદયથી વંદન કરું છું.

અંતમાં ઍમિટી શાળાની રજતજયંતી પ્રસંગે આપ સર્વેને ખૂબ–ખૂબ શુભેચ્છાઓ.

## (૨) મારા વિકાસમાં ઍમિટીનો ફાળો

*– શ્રી હસ્તિમલભાઈ એમ. વસાવા (શાળામાં જોડાયા તા. ૧૧/૦૬/૨૦૦૧)*

રજતજયંતી પર્વ હોવાને કારણે ઘણા આદરણીય અને વંદનીય મહાનુભવો સ્ટેજ પર બિરાજેલ હતા. જેઓને વંદન કરી જે વકતવ્ય આરંભાયું તે નિમ્નાંકિત છે.

'સાગબારા તાલુકાના એક ઊંડાણના ગામમાં જન્મ થયો હોવાથી નાનપણથી જ તરતા આવડતું હતું. નાના હતા ત્યારે શાળામાંથી છૂટયા પછી, મમ્મી–પપ્પા તથા ઘરના બધાં ખેતરેથી પાછા આવે ત્યાં સુધી નાના–નાના મિત્રમંડળ જોડે નાહવાના બહાને નદીએ પહોંચી જતા. નદીનાં ઘાટમાં ઘણું ઊંડુ પાણી હોવાથી તરવાની અને પાણીમાં પકડદાવ રમવાની મઝા આવતી હતી. તરણની સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓને લઈ જતો થયો ત્યારે ખબર પડી કે આ તો પહેલેથી જ આવડતું હતું પરંતુ ઍમિટીમાં આવીને ખબર પડી કે તરવું એટલે સ્વીમીંગ અને એની સ્પર્ધાઓ પણ થાય !

મારું ગામ જંગલ વિસ્તારમાં આવેલ હોઈ, ખેતરમાં જતી વેળાએ જંગલમાંથી પસાર થવું પડે. સવારથી સાંજ અને કોઈકવાર રાત્રે પણ ખેતરમાં રોકાવું પડે. લાકડા શોધી દેવતા સળગાવીને રહેવાની ઘણી મઝા આવતી. શાળામાં જોડાયાના પ્રથમ વર્ષે કહેવામાં આવ્યું કે વિદ્યાર્થીઓને વેકેશન દરમિયાન ટ્રેકિંગ માટે જૂનાગઢ લઈને જવાના છે. ટ્રેકિંગ શબ્દ પહેલીવાર સાંભળ્યો હતો, ત્યાં જઈને શું કરવું તે ખબર ન હતી. ટ્રેકિંગમાં જૂનાગઢ ગયો. જંગલમાં રહેવાનું, જંગલમાં ફરવાનું અને પ્રકૃતિ સાથે તાદતમ્ય સ્થાપિત કરવાનું. મને નવાઈ લાગી આ કામ તો હું નાનો હતો ત્યારથી જ કરતો હતો. જંગલમાં ફરવું મારા માટે કઈ નવી વાત ન હતી. સવારથી સાંજ સુધી જંગલમાં ફરતા હતા પણ એને ટ્રેકિંગ કહેવાય એ મને મારી શાળાએ શીખવ્યું છે. જંગલમાં રાત્રી રોકાણ કરી લાકડા સળગાવી તાપણા કરતા એને કેમ્પ ફાયર કહેવાય એ મને ઍમિટીએ શીખવ્યું છે.

એક વર્ષે સારપાસ (હિમાલય)માં ટ્રેકિંગ માટે ધોરણ–૧૦ના ૨૨ વિદ્યાર્થીઓને લઈને ગયો. પરત ફરતી વખતે દિલ્હી રેલ્વે સ્ટેશન પર પાકીટ ચોરાઈ ગયું. ચારથી પાંચ હજાર રૂપિયા હતા. પાકીટમાં સાથે રિઝર્વેશન કરેલ ટિકિટો પણ હતી. પૈસા જાય તો વાંધો ન હતો કારણ કે મારી બેગમાં બીજા ૨૫ હજાર પડેલા હતા. પરંતુ ટિકિટો પણ સાથે હતી. તાત્કાલિક કયાંથી ટિકિટો કઢાવવી? ટ્રેન તો પાંચ મિનિટ માટે દિલ્હીમાં રોકાતી હતી. ટ્રેનમાં ચડતી વખતે મારી પાસે ટિકિટ કઢાવવા માટે ત્રણથી ચાર મિનિટ હતી. શું કરવું ? એક બાજુ વિદ્યાર્થીઓ ટ્રેનમાં ચડી ગયા અને હું બાવરો બની બહાર મારું પાકીટ શોધવા માટે ફરતો હતો. ટિકિટના હોય તો શું થાય તેની ખબર ન હતી. ટ્રેન ચાલુ થઈ હું પણ વિદ્યાર્થીઓ જોડે વિલા મોંઢે ટ્રેનમાં ગોઠવાયો. ટી.સી. આવ્યા ટિકિટો માંગી. ચોરીની વાત કરી તો વાતો બનાવતા આવડે છે, કહી દંડ ફટકારવા માટે કલમ ઉગામવા તૈયારી કરતા હતા. મને યાદ આવ્યું કે મારી ફાઈલમાં ટિકિટોની એક ઝેરોક્ષ કોપી છે. મેં ટી.સી.ને ફરીથી વિનમ્રતાથી ઝેરોક્ષની વાત કરી. ટી.સી., "કહાં હે, બતાઓ ! મેં ઝેરોક્ષ બતાવીને એના પરથી એજ રિઝવેશનની જગ્યા પર દંડ ભર્યા વગર એટલી જ કિંમતની બીજી ટિકિટો કાઢી આપી. ત્યારે હાશકારો અનુભવાયો. આમ નિષ્ફળતા વેળાએ તમામ વિકલ્પો અજમાવવાનું મને મારી શાળાએ શીખવ્યું.

કોઈપણ કાર્ય હોય તેને જવાબદારીપૂર્વક અને વ્યવસ્થિત સ્વરૂપમાં પાર પાડવું હું ઍમિટી શાળામાંથી શીખ્યો છું. કલ્પના ન થઈ શકે એવા કાર્યક્રમો જયારે પૂર્ણ થાય છે ત્યારે વિ□ાસ નથી થતો કે આ કાર્ય મેં જાતે કરાવ્યું છે ? કે કોઈ બીજાએ ! અને હૃદયના ઊંડાણમાંથી અવાજ ઊઠે છે કે પ્લેટફોર્મ તમને ઍમિટી શાળાએ પૂરું પાડયું છે ! જેના કારણે કાલ્પનિક કાર્ય વાસ્તવિકતામાં તમે જોઈ શકો છો.

## (૩) મારા યાદગાર સ્મરણો

**– *શ્રીમતી ક્રિષ્ણાબહેન જે. અમીન* *(શાળામાં જોડાયા તા. ૦૫/૦૯/૨૦૦૭)***

ઍમિટીની પડોશમાં રહેતા એક વખત એક નાનકડા ભૂલા પડેલ બાળકને શાળામાં મૂકવા આવતા પ્રથમ વખતે શાળામાં પ્રવેશ કર્યો. ઍમિટીએ જાણે પ્રથમ નજરે જ મારા દિલમાં જગ્યા કરી લીધી.

બરોડા એલેમ્બિક વિદ્યાલય એ મારી પોતાની અભ્યાસની શાળાના સંસ્મરણો સાથે હંમેશા મુંઝવણમાં રહેતી કે મને જે સર્વાંગી વિકાસની તક મારી શાળા આપી શકી તે હું ભરૂચમાં મારી દીકરીઓને આપી શકીશ કે નહીં ? મારી શાળામાં અમીન સર અને જયા મેમ હતાં અને તેમની જગ્યાએ અહીં શાહ સર અને પ્રમેશ મેમ છે. મારી દીકરીના પ્રવેશ માટે પ્રથમ વખતે પ્રમેશ મેમ સાથે મળવાનું થયું. નોકરીનો પ્રસ્તાવ મુકયો પણ સ્વીકારી ન શકી.

હવે વારંવાર શાળામાં આવવાનું થતું. વાલી મિટીંગમા બધાને મળવાનું થતું અને શાળા સાથેના સંબંધો વિકસવા લાગ્યા.

૫મી સપ્ટેમ્બર – ૨૦૦૭ એ ભારે વરસાદમાં હું શાળામાં પ્રથમ દિવસે શિક્ષક તરીકે આવી. ઘણાં મોટા સમૂહ વચ્ચે પ્રથમ દિવસે (શિક્ષક દિને) સભામાં થોડી ગભરામણ ચોક્કસ થઈ. આત્મવિ□ાસ હતો કે કરી શકીશ પણ ટેન્શન ચોક્કસ હતું. દિવસો પસાર થતા ગોઠવાઈ જતાં વધારે વાર ન લાગી. છ એક મહિના થયા અને મારા સાસુનું અવસાન થયું અને સમગ્ર ઍમિટી પરિવાર તરફથી જે સહકાર મળ્યો તે હું કયારેય ભૂલી ન શકું. ગુજરાતી માધ્યમના શિક્ષકો સાથે વધારે પરિચય ન હોવા છતાં તેઓ પણ મારા દુઃખમાં સહભાગી બન્યા.

જયાં ત્યાં મારી જાતને સંભાળી શકી ત્યાં મારા માતૃશ્રી જે યુ.એસ.એ. હતાં. તે ગંભીર પરિસ્થિતિમાં હોવાથી મારે ત્યાં જવાનું થયું (બાળકોને અહીંયા જ મૂકીને). ત્યારે પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે હંમેશા ઍમિટી મને હિંમત આપતી રહી. હમણાં દોઢ મહિના પહેલા મમ્મીનું અવસાન થયું. શાહ સર, પ્રમેશ મેમ, સંગીતા મેમ, પ્રવીણ સર, પ્રકાશ સર અને શાળા પરિવાર મારા દુઃખમાં સહભાગી બની તેને હળવું કરવામાં મદદ કરી.

મારા પિતાજી હંમેશા મારા માટે પ્રેરણાનો સ્ત્રોત રહ્યા છે. સ્વભાવની સામ્યતાને લીધે શાહ સરે હંમેશા તેમની જગ્યાએ મને સાથ સહકાર આપ્યો છે. આજે એ હકીકત છે કે હું ભરૂચમાં જયાં સુધી રહીશ ત્યાં સુધી ઍમિટીનો સાથ સહકાર મને આજ રીતે મળશે અને હું આ પરિવારને કયારેય મારી જિંદગીમાં મારાથી અળગા નહીં કરી શકું.

ઘણી વખત સંજોગો એવા પ્રતિકૂળ થયા કે મને થયું કે હવે કુટુંબ અને ઍમિટી સાથે શકય નથી. પણ કદાચ આ જ પ્રેમ મને દરવખતે હિંમત આપતો રહ્યો, અને હું આવા પરિવારની એક સદસ્ય છું તે બદલ હું ગર્વનો અનુભવ કરું છું.

# Making of VoyAge Amity : 2010-11

***(24th March to 11th June - 2010)***

*[ On the occasion of Silver Jubilee Year, Team Amity wanted to make a souvenir that can spread its fragrance and last long in the hearts of the readers. From many of the suggestions from our friends, the thought to make a datewise journey of Amity clicked out in our mind & the work started proceeding towards making of 'VoaAge Amity' which can even be a historical document. ]*

01) 24th March - 2010 first meeting regarding the celebrations of Silver Jubilee Year was arranged. Suggestions were welcomed.

02) April 1st week - Management Trustee Shri Ranchhod Shah call for high level team and gave the idea of Institutional Journal, which has to depict the growth of Amity.

03) Ranchhod Shah has given different other organization Diaries for reference and to get some of the innovative ideas that can be imbibed in to our Voyage.

04) A selected team started formulating the topics for the 12 photo pages, which are to be put in each month. The topics were selected according to the events held from 1986-2010 (24 years)

05) For 12 photo pages following topics were decided. (1) Morden school building on 1st page. (2) Different stages of Physical Development of school should be place. (3) Rising Amity from the 1st day i.e. inauguration to MoU with Georgia South Western University - USA including books written by Mr. Ranchhod Shah. (4) Achievement of school (5) Different activities of K.G. Sections. (6) Activities of mothers club. (7) Unique activties of Amity (8) Celebrations of different festival. (9) Creative activities. (10) Science fairs & different activities related to science. (11) Social activities performed by school. (12) Colleges of education.

06) 10 to 12 photos were required for each event. The past photographs were preserved very carefully by our management, which played a vital role in the making of Voyage. (Excellent documentation)

07) Respected Ranchhod Shah accompained by Prakash Mehta time to time had a visit and talked to the team working on photos and computer, their suggestions and time sparing had pushed the work forward.

08) On 15th April the random photos were being selected according to the categories decided. A live resource helped a lot to find the appropriate event and person as they were the witness of last 15 years.

09) It was decided that each section should include at least 12 photos.

10) By 19th April, selection of photos were finalized after a very hard work by a team of more than 10 teachers under the leadership of Mrs. Pramesh Mehta.

11) From 20th April scanning of photograph started. Many photos were very old that it was to be process in the Photoshop. All the teachers were invited to join their hands to make the event to highest success.

12) Inspite of the perfect preservation of the photographs (year wise and event wise), it was difficult to find the photo that was in the mind of Shah Sir. This problem was sorted out as Pramesh Mehta, Prakash Mehta and Ranchhod Shah had the photos in their personal collection.

13) The photos once collected and categorized were sent for scanning which took away our weeks time.

14) The categories decided were demanding more photographs, which were not available in our dockets. Praveen Raj had contacted one of our photographer friend and we had the all view pictures of our school, Ranchhod Shah Books, the trophies and shields achieved by the school, all the laboratory's, library, etc…

15) Now we have the pictures of old school building from the very first day in Narayan Vidalaya building inaugurated by Shailesh Patel to the advancements made - rented building, 7 rooms then 13 rooms and finally to the large and fantastic today's infrastructure.

16) The diaries of many other organizations were continuously being referred by the whole team and ideas were discussed, changed and improved ideas were being given a second thought, pains were being taken to make Amity diary a unique one.

17) In 15 days continuous work the categories changed more than 50 times and the want of photographs changed.

18) In between there were many other decisions to be taken like-the colour of the pages, the size of the diary, each page with one date or two dates, at the end of each page putting the educational thoughts etc….

19) Surfed very hard and selected 360 best educational quotes.

20) Ranchhod Shah started making the note of the events occurred, the celebrations carried out on a particular date in different years in whole of these 25 years. Some of the dates carried much information that there would no space be left if two dates are taken on a page. Then finally it got decided that each page will carry a single date.

21) In the previous records we also found the year wise C.D's and also a power point presentation about the 15 years achievements which was of great help.

22) Ranchhod Shah wanted to project the opinions of the visitors of the school.

23) On 26th April it was decided Left Hand Side page bottom space would bear the Quotation and the Right Hand Side page bottom space would bear the opinions of our well-wishers and guests who visited our school and had written in our visitors book.

24) On 27th April it was decided to scan the visitor's opinion and to be placed in the Voyage but some were old & some were illegible. After a long discussion it was decided to computerize the opinion and to be placed on the RHS.

25) Our Maitri Setu - the school magazine had played a vital role in whole of this process. All most every information was available in these magazines. We have already released 51 issues. To find the important matter and event from the magazine we have allotted 10 teachers with five magazine each, so that they go through each Maitri Setu carefully and mark the page and the event. They were support to find out very important event or feature of the school date wise. Ten teachers worked very hard to do this very spelling assessment.

26) The old Maitri Setu did not contain any photographs so it was difficult to identify the eminent personalities.

27) Now the passport sized photos of best Amitians were needed and collecting the photos from any source was the responsibility of Kirtiben. Photos of 100% attendance of the students who have continuously achieved for 7 years and more was the responsibility of the class teachers.

28) Collecting the recent photos of Best Amitian, Toppers of Std. X and XII was extremely difficult as they were not stationed at Bharuch. Some of them are outside Gujarat & even some of them are a broad. It was a tough task but managed very nicely by a team of teachers. sometimes even it was difficult to get a recent photo of vice-chancellor, educators, literature who visited the school. But tiredless efforts of Amitian could do it.

29) While the team was at work and worked continuously for hours together it was respective team who continuously supplied drinking water in the very hot weather and time to time looked after the nasta's.They also played the equal part in making of our Voyage.

30) The required information was roughly and fully gathered and it was the time

of expertise hands to give the final touches to the product.

31) A local printer was called and had a discussion for about an hour from 2:00 p.m. to 3:00 p.m. and later in the evening at about 5:00 p.m. He sent the sample of glossy photo page of activities. The work was well done. That photo page made our vision more clear.

32) Ranchhod Shah along with a different team was working at our e-learning room. Bharat bhai was typing the matter that was to be printed according to the dates of the events in that respective date page.

33) Some were to be printed exclusively in Gujarati and some were being translated into English. The sentence formations and language was being checked by level headed personalities.

34) Every date has witnessed some or the other events in the past 25 yrs. Some dates had the pride to enjoy many events and some dates had very few.

35) On 5th may 2010 Mr. Hareshbhai of from Baroda along with all his equipment (scanner, printer, CPU…) came to Amity and installed at our e-learning room.

36) Our intellectual brains along with some of the staff members were present there to work with the technical hands.

37) The each date was screened by LCD projector in e-learning room. Along with technical persons & computer operator Team Amity was working from 8:00 a.m. to 5:00 p.m. for more then 10 days continuously, even during Summer Vacation. As 10 people worked together many old incidents were remember by ALL and enjoyed a lot as "Hamari Purani Yade Taja Huoi"

38) It was a great experience to work with different people, had the opportunity to know and learn what miracles can be done through Computer!!!

39) Came to know actually what is Amity. Our vision towards Amity has widen and became clear and strong.

40) Now all the members who have worked for Voyage are not the part of just 5, 6, 7 or 10yrs but they have become the part of last 24 years.

41) 10/5 - Since 1986 all the events taken place were arranged in order.

42) 11/5 - The important photos and events that were selected for the diary was sorted and rearranged.

43) 12/5 - The events that took place from June to October were segregated and then biforgated.

44) 13/5 - Verified the visitors book and listed the names of the guests.

45) 14/5 - Important guests list and photos were finalized.

46) 15/5 - Internal paper design of the diary was selected by Mrs. Rushana Ginwala.

47) 17/5 - Printing work started at Vadodara Mr. Ranchhod Shah, Mr. Prakash Mehta and Mr. Ravindra Patel (owner of Marmik Offset, Bharuch) were visiting Baroda press and meeting Hareshbhai regularly and continourly to finish work on time. The tiredless efforts of Mr. Ravindra Patel is extremely praise worthy.

48) 18/5 - Thoughts that were selected were finalized according to the events on that page.

49) 19/5 - Photos for the friend philosopher & guide Gallery have been selected and finalized.

50) 20/5 - Voyage work could not be carried out because of Std. XII (Sci.) result was announced.

51) 21/5 - School building photos according to the infrastructural growth sorted and finalized.

52) 22/5 - Different Science activity photos finalized.

53) 24/5 - Regular features category finalized.

54) 25/5 - October - December activities photos searched.

55) 26/5 - Doll house photo sorted.

56) 27/5 - Mother's Club activities photos finalized.

57) 28/5 - "Amity Family" photo was finalized. It was a difficult work as it includes 106 photographs.

58) 29/5 - Social Service activities carried out by the school, photos selected.

59) 30/5 - Final printing was in process.

60) On 11th June 2010 afternoon at 2:00 p.m. the Diary was to be given a specified name so that it appears to be a unique one. 8 teachers along with Shah Sir and Prakash Sir had a discussion and finally the name "VoyAge" has been finalized.

61) On 13th June 2010 "VoyAge Amity" was inaugurated by our Chief Guest Mr. Sudarshan Aiyanger & Varsha Das on the occastion of Silver Jubilee Celebrations.

# શાળાની ધ્યેય-સિધ્ધિની કાળ-સંદુક જેવી VoyAge Amity

*– હરેશ ધોળકિયા, કચ્છ-ભૂજ*

આપણે ત્યાં શિક્ષણમાં કેટલાક જબરા વહેમો પ્રવર્તે છે. સરકારી કે ગ્રાન્ટ લેતી શાળાઓ 'બરાબર' હોય છે અને બરાબર ચાલે છે. તેની તુલનામાં સ્વ–નિર્ભર (Self - Financed) શાળાઓ વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે ખૂબ બોજારૂપ અને ખર્ચાળ હોય છે. મજાની વાત એ છે કે સરકાર જ તેને શરુ કરવા પ્રોત્સાહન પણ આપે છે અને પછી તેના વિકાસ વિશે જરા પણ ચિંતા નથી કરતી. વાલીઓ પણ તે મોંઘી હોવાની ટીકા કરે છે, છતાં પોતાના સંતાનોને આવી જ શાળામાં મોકલવાનો આગ્રહ પણ રાખે છે. વર્તમાનમાં આવી સ્વ–નિર્ભર શાળાઓ 'સારી–નબળી'ની છાપ વચ્ચે ઝોલાં ખાય છે. છતાં દિન–પ્રતિદિન હવે વાલીઓ ત્યાં જ પોતાનાં બાળકોને મૂકવા મથી રહ્યાં છે.

એવું નથી કે શાળાઓ ખર્ચાળ નથી. ખર્ચાળ તો છે જ. પણ તેનું કારણ એ છે કે તેમને સરકારી ગ્રાન્ટ મળતી નથી. સમગ્ર ખર્ચ જાતે ઊભો કરવો પડે છે. માટે વાલીઓ પર બોજો પડતો દેખાય છે. પણ, સમાંતરે, આ શાળાઓ ઉત્તમ શિક્ષણ કે પ્રવૃત્તિઓ પૂરી પાડવાનો પણ પૂરતો પ્રયાસ કરે છે, કારણ કે તેમને શિક્ષણનાં બજારમાં ટકવાનું છે. ગ્રાન્ટેડ શાળાઓ તો કામ કરે કે ન કરે, તેમની ગ્રાન્ટ તો ચાલુ રહેવાની જ છે. સ્વ–નિર્ભર શાળાઓ પાસે આ સલામતી ન હોવાથી અને હરીફાઈના જગતમાં રહેવાનું હોવાથી તેમને સારું કામ બતાવવું જ પડે છે. અપવાદો બાદ કરતાં હવે સ્વ–નિર્ભર શાળાઓનું સશકિતકરણ વધતું જાય છે.

તેમાં પણ કેટલીક શાળાઓ તો એવી છે જેને હકીકતે શિક્ષણ–પ્રેમી અને કેળવણીકારે જ સ્થાપી હોય છે. આવી શાળા પાસે એક ચોક્કસ ધ્યેય અને મિશન હોય છે. તેમને દેખાવ, નાટક, ઝળહળાટ વગેરેમાં રસ નથી હોતો. મૂળ સ્થાપક કેળવણીકાર અને દષ્ટા હોવાથી તે શાંતિથી ચોક્કસ હેતુ સાથે કામ કરે છે. બાળકોને કઈ રીતે સજ્જ કરવાનાં છે તેનું ચિત્ર તેમની પાસે સ્પષ્ટ હોય છે. પરિણામે આવી શાળાઓ અન્ય શાળાઓ કરતાં અલગ પડી જાય છે અને તેનું કામ દીપી ઉઠતું દેખાય છે.

ગુજરાતની આવી ઉત્તમ સ્વ–નિર્ભર શાળાઓમાં ભરૂચની 'ઍમિટી સ્કૂલ'નું નામ હવે તો સર્વત્ર જાણીતું બની ગયું છે. શ્રી રણછોડભાઈ શાહ નામની તરવરાટ ધરાવતી, શિક્ષણ પ્રેમી અને વિઝન અને મિશનનો સંગમ ધરાવતી વ્યકિતએ ૧૯૮૬માં એક ચોક્કસ ખ્યાલ સાથે જાતે જ શાળા શરુ કરી. શરુમાં પોતે ઘસાયા. પછી બેન્કની સહાયથી શાળા વિકસાવી. સાથે અન્ય શિક્ષણ પ્રેમી મિત્રોનો પણ સહકાર મળતો ગયો. બધાનો હેતુ એક જ – જાગૃત નાગરિકો તૈયાર કરી સામાજિક જવાબદારી નિભાવવી.

શાળા શરુ થયાની પ્રથમ પળથી જ વાચન – વિચાર – પ્રસાર પ્રવૃતિ, શિસ્ત, નિયમિતતા, વૈવિધ્યસભર સહઅભ્યાસ પ્રવૃત્તિઓ વગેરેથી તેણે પોતાની એક આગવી છાપ ઊભી કરી. શાળા અનેક પ્રવૃત્તિઓથી ધમધમતી રહી. શાળાનો વિકાસ જોવા અનેક મહાનુભાવો આવતા રહ્યા અને પ્રશંસા કરતા રહ્યા. તેના આચાર્ય અને શિક્ષકો સમાજમાં એક વિશિષ્ટ ભાત પાડતા રહ્યા. શાળાએ પોતાનું આગવું સામયિક 'મૈત્રી–સેતુ' શરુ કર્યું જેના ૫૦ અંકો આજ સુધી પ્રકાશિત થયા છે. તેમાં રહેલ વૈવિધ્ય તે જોનારને આશ્ચર્યચકિત કરે છે.

આ શાળા ૨૦૧૦માં પોતાનાં અસ્તિત્વના પચ્ચીસ વર્ષ રજતજયંતીમાં પ્રવેશ કરે છે.

પચ્ચીસ વર્ષ શાળા ચલાવવી કોઈ વિશિષ્ટતા નથી. તે ટકી જાય (Survive) અને ચાલ્યા કરે (Maintain), પણ આ શાળા તો વિકસી છે (Developed) અને તેણે ખૂબ પ્રગતિ કરી છે (Progressed). તેણે પોતાની આગવી છાપ (Brand) પણ તૈયાર કરી છે. એક વિશિષ્ટ ઓળખ (Identity) પણ ઊભી કરી છે. આજે ગુજરાત અને દેશના અનેક કેળવણીકારોને ત્યાં જવાની ઈચ્છા થાય છે અને મુલાકાત લીધા પછી તેઓ બીજાને પણ ત્યાં જવા પ્રેરે છે. પ્રાથમિક શાળાના શિક્ષકથી માંડીને વાઈસ ચાન્સેલર કે શિક્ષણ પ્રધાન પણ તેની અવશ્ય મુલાકાત લે છે. શિક્ષકો–બાળકોને મળીને કૃત્કૃત્ય થાય છે. અહીંના વિદ્યાર્થીઓ વકતાને જે રીતે ઝીલે છે, તે વકતા કે કલાકારને ફરી આવવા પ્રેરે છે. એટલે, આ શાળાએ કદી પણ ‘ટકવા’ કે ‘નિભવા’નો પ્રયાસ નથી કર્યો. તેણે તો સતત રોકેટની ગતિથી જ ઉડ્ડયન કર્યું છે.

મહત્ત્વની વાત તો એ છે કે, તેણે પચ્ચીસ વર્ષની પળેપળનું દસ્તાવેજીકરણ (Documentation) કર્યું છે. આપણે ત્યાં દસ્તાવેજીકરણની ટેવનો અભાવ છે. કામ થાય અને પછી ભૂલી જવાય. પણ સદ્‌ભાગ્યે, આ શાળાએ દરેક બાબતની વ્યાપક નોંધ રાખી છે. એટલે જયારે ૨૦૧૦માં આ શાળાનું પચ્ચીસમું વર્ષ શરુ થયું અને તેની ઉજવણી કરવાનું નક્કી થયું, ત્યારે આ સમગ્ર ઈતિહાસને પણ નોંધી લેવાનું વિચારાયું.

આ દસ્તાવેજ શાળાએ ‘ડાયરી’ સ્વરુપે પ્રકાશિત કર્યો છે. સામાન્ય રીતે ‘ડાયરી’ એટલે વર્ષ દરમિયાન જે રોજ પ્રવૃત્તિ કે કામ થાય, તે નોંધવા માટેની એક નોટ માની શકાય. આ ડાયરીનું સ્વરુપ તો એ જ છે. સમગ્ર વર્ષ દરમ્યાન માટે કોરાં પાનાં તો આપ્યાં જ છે – નોંધ કરવા. અને છતાં તે અન્ય ડાયરીઓ કરતાં અલગ પડી જાય છે, કારણ કે આ ડાયરી માત્ર ૨૦૧૦ની જ નથી. તે ૧૯૮૬ થી ૨૦૧૦ – સમગ્ર ૨૫ વર્ષની છે. તેમાં તેનો સમગ્ર ઈતિહાસ સચવાયો છે. તેથી એક રીતે તે શાળાની ‘કાળ–સંદુર’ (Time - capsule) છે. એટલે જ તેના પર નજર કરવી ફરજિયાત બને છે.

ડાયરીની શરુઆતમાં જ સ્પષ્ટતા કરાઈ છે કે આ ડાયરી રજતજયંતીની ઉજવણીના ભાગરુપે તૈયાર થઈ છે. ડાયરીનાં પાને પાનાં પર નજર કરીએ છીએ, તો આપોઆપ ચોવીસ વર્ષના લાંબા સમય પટ યાત્રા કરવાની અનુભૂતિ થાય છે. આ ડાયરીમાં ત્રણ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રથમ તો ડાયરીનાં ૩૬૪ પાનાં પર નજર કરીએ, તો દરેક પાનાની તારીખે સમગ્ર ચોવીસ વર્ષ દરમ્યાન તે દિવસે શાળામાં કયા વર્ષે કઈ પ્રવૃત્તિ કરાઈ હતી તે નોંધી છે. શાળાના શિક્ષકોએ શાળા – સામયિક ‘મૈત્રી–સેતુ’ના ૫૮ અંકના અઢી હજાર પાનાં ખંખોળીને તે નોંધ તૈયાર કરી છે.

ડાયરીમાં બીજી બાબત એ જોવા મળે છે કે આ પચ્ચીસ વર્ષમાં જે અગણિત પ્રવૃત્તિઓ થઈ, તેમાંથી પસંદ કરેલ પ્રવૃત્તિઓના ફોટા મૂકવામાં આવેલ છે. તે કરવા માટે પણ ૧૫,૦૦૦ ફોટાઓ અને વીડિયોસીડીમાંથી પસંદ કરેલ છે.

અને ત્રીજી બાબત નોંધનીય છે કે જે મહાનુભાવો શાળામાં આવ્યા અને તેમણે શાળા વિશે જે અભિપ્રાયો આપ્યા, તેમાંથી પસંદ કરી દરેક બીજા પાને સરસ રીતે મૂકયા છે.

આ ઉપરાંત, તેજસ્વી વિદ્યાર્થીઓ, સો ટકા હાજરી આપેલ વિદ્યાર્થીઓ, સ્ટાફ પરિવાર, આવેલ મહાનુભાવો વગેરેના રંગીન ફોટોગ્રાફસ પણ મૂકયા છે. આ રીતે થોડાં થોડાં પાનાં પછી અચાનક રંગીન

પાનાં આવતાં રહે છે અને તેના રંગો આંખમાં છલકાઈ જાય છે. વળી, દરેક બીજા પાને વિ□નાં ઉત્તમ અવતરણો પણ મૂકાયાં છે, જે હકીકતો જોતી વખતે સાથે વિચારવાની પણ ફરજ પાડે છે.

સમગ્ર ડાયરીના દર્શન કર્યા પછી શું વિચાર આવે ?

એક તો એ આ 'રૂટિનલ' ડાયરી નથી, જેમાં કેવળ દૈનિક હકીકતોને મૃત રીતે લખવાની હોય ! આ ડાયરીનું તો દરેક પાનું શિક્ષક – કેળવણીપ્રેમીને પડકાર ફેંકે છે કે – 'જો, આ શાળામાં છેલ્લાં ચોવીસ વર્ષમાં આ દિવસે કેવી ઉત્તમ પ્રવૃત્તિઓ કરાઈ છે. હવે તમારે તેમાં સક્રિય – સર્જનાત્મક ઉમેરો કરવાનો છે.' આમ, દરેક પાનું કઈ પ્રવૃત્તિ કરી શકાય તે બાબતે અને તેને આધારે કઈ નવી પ્રવૃત્તિ વિચારી અને કરી શકાય તેની સીધી પ્રેરણા આપે છે. તે તેમને જાતે કરવા કે અન્ય પાસે કરાવવાની ઈચ્છા જન્માવે છે. તો ભૂતપૂર્વ વિદ્યાર્થીને પોતે કેવી અદ્‌ભૂત પ્રવૃત્તિઓના સાક્ષી બન્યા કે તેમાં હિસ્સેદાર બન્યા તેની મીઠી સ્મૃતિની યાદ અપાવે છે.

આ ડાયરી એક તાલીમ  પણ આપે છે કે શાળામાં પ્રવૃત્તિઓ કરી પછી તેને 'બસ ! કરી નાખી'નો સંતોષ ન માનો. તેને નોંધી લો. તેને આધારે શાળા – સામયિક ઊભું કરો. તેનું દસ્તાવેજીકરણ કરો. આ દૈનિક પ્રવૃત્તિઓનું વાર્ષિક, દસ વર્ષીય કે આમ પચ્ચીસ વર્ષીય સંકલન કરતા રહો જેથી તે જીવંત ઈતિહાસ રહે. આ દસ્તાવેજીકરણની ઉત્તમ તાલીમ આ ડાયરી આપે છે – તાદશ્ય !

ત્રીજી વાત કહે છે કે શાળાને જીવંત રાખો. બાળકોને દૈનિક શિક્ષણ સાથે સતત બહારના મહાનુભાવોનો પણ લાભ આપો. જેટલા ઉત્તમ લોકો શાળામાં આવતા રહેશે, તેટલી બાળકોને તે તે ક્ષેત્રની માહિતી મળતી રહેશે, તેમને રોલ મૉડેલ શોધતા રહેવાની તક મળશે, એ બધા સાથે સંવાદ થવાથી તેમની સમજ વધશે અને નવાં નવાં જ્ઞાન–વિ□ સાથે જીવંત સંપર્ક રહેશે, જે તેમને સતત વિકાસની પ્રેરણા આપતાં રહેશે. બાળક શાળા છોડશે, ત્યારે જ્ઞાન–સમજ–કૌશલ્યસભર થઈ બહાર નીકળશે. કેવળ ગોખણીયું થઈ નહીં નીકળે. અને આ બધું તેને વ્યાવાસયિક વિ□માં ઉપયોગી નીવડશે અને અંગત જીવનને સમૃધ્ધ બનાવવામાં મદદરુપ બનશે.

ડાયરી ચોથો નિર્દેશ કરે છે શાળાના ઉત્તમ ટીમ વર્કનો. પચ્ચીસ વર્ષ બધાએ, પોતપોતાની શકિત મુજબ, ઉત્તમ કામ કર્યું હશે. માટે આટલી (ડાયરીમાં ૫૩૫ પ્રવૃત્તિઓ બતાવી છે.) પ્રવૃત્તિઓ થઈ હશે. એક એક શિક્ષકે પોતાનો જીવ રેડીને કામ કર્યું હશે. માટે જ ઉજળો હિસાબ આપી શકયા છે. ડાયરી જે ભવ્ય બની છે, તે હકીકતે, શિક્ષકોનાં ટીમ વર્કનો પડછાયો છે. અને તે આચાર્ય અને સંચાલકની કુશળ મેનેજરિયલ ક્ષમતાનો પણ પરિચય આપતાં કહે છે કે તેમનું મેનેજમેન્ટ સમૃધ્ધ, સધ્ધર અને સજાગ છે, માટે આ ડાયરી ઉત્તમ છે. ડાયરી આ સમગ્ર ટીમ–વર્કના અરીસાનું કામ કરતી જોવા મળે છે. ડાયરી પેલા જાદુઈ ગોળા જેવી છે જેમાં જોતાં પચ્ચીસ વર્ષની કામગીરી પારદર્શક રીતે જોઈ શકાય છે. ડાયરી શાળાએ પચ્ચીસ વર્ષમાં પોતાનાં ધ્યેયો સિધ્ધ કરવા જે મથામણ કરીને સિધ્ધિઓ મેળવી છે, તેનો હિસાબ (Social Audit) છે.

અને ડાયરી એ પણ ઈશારો કરે છે કે આવનારાં વર્ષોમાં પણ શાળા આવાં જ કાર્યો કરશે. વર્તમાન અને ભાવિ શિક્ષકો માટે તે ભાવિ આયોજનની બ્લ્યૂ–પ્રિન્ટ આપે છે કે આવાં અને આનાથી પણ ઉત્તમ કાર્યો કરવાનાં છે અને થશે જ !

ડાયરીનાં પાના ફેરવતા સંચાલકશ્રી તથા સ્ટાફને સતત ધન્યવાદ અપાતા રહે છે. બાળકોની સતત ઈર્ષા આવે છે કે આ બાળકો કેવાં સદભાગી છે કે તેમને સતત ઉત્તમ લોકોનો સક્રિય અને સર્જનાત્મક સત્સંગ મળતો રહે છે. અદશ્ય રીતે વાલીઓના ચહેરાઓ પરનો સંતોષ પણ ડાયરીનાં પાનાંઓ પર વ્યકત થતો જોવા મળે છે કે સ્થાપિત શાળાનો મોહ ત્યાગને આવી પ્રાયોગિક શાળામાં જવાનું જે જોખમ તેમણે ખેડયું, તે સાર્થક થયું છે. તેમણે આપેલ ફીનું અનંતગણું મૂલ્ય તેમને મળ્યું છે.

શાળાએ રજતજયંતી વર્ષે આ ડાયરી પ્રગટ કરી ગુજરાતની બધી શૈક્ષણિક સંસ્થાઓને એક માર્ગદર્શિકા પૂરી પાડી છે. પડકાર પણ ફેંકયો છે. પ્રેરણા પણ આપી છે અને આનંદ પણ આપ્યો છે. એકી સાથે અનેક અનુભૂતિઓ કરાવનાર આ ડાયરી માટે સંચાલક શ્રી રણછોડભાઈ શાહ તથા તેમનાં શૈક્ષણિક પરિવારને અભિનંદન આપી અને સાદર વંદન કરી જવાય છે, સલામ.

દરેક શિક્ષણ પ્રેમીઓએ આ ડાયરી અવશ્ય જોઈ જવી.

## VoyAge Amity ના પ્રતિભાવ

✤ VoyAge Amity મળતા જ કાળજીપૂર્વક જોઈ ગયો. ક્રમિકતા, કલાત્મકતા અને સર્જકતા સ્પર્શી ગયાં. શાળાની તમામ પ્રવૃત્તિઓ દર્શાવવાથી ડાયરી માત્ર પ્રવૃત્તિઓની યાદી જ બની રહે. એ બનતું અટકે તે માટે પ્રવૃત્તિઓની પસંદગીપૂર્ણ રજૂઆત, પુલકિત થઈ જવાય એવા Quatations તો વળી વિવિધ અભિપ્રાયોથી મળતો શાળાનો ગરિમાપૂર્ણ ચિતાર સાચે જ અદ્‌ભુત છે. આકર્ષક ફોટોગ્રાફી, શકય તેટલા બધાંને આવરી લેવાની સૂઝ, શાળાના પ્રારંભથી આજ પર્યંતની વિગતોની જાળવેલી નોંધ સાચે જ અભિનંદનીય છે. ગુજરાતભરના જાણીતા અને માનીતા સંખ્યાબંધ સારસ્વતોના પ્રતિભાવ શાળાના H.R.ની પ્રતીતિ કરાવે છે. શાળા પાસેથી નાવીન્યસભર અભિવ્યકિતની સહજ અપેક્ષા શાળાનું જમા પાસું છે.

*– શ્રી વી. એન. ઘરિયા, ભરૂચ*

✤ ઍમિટી પરિવારની રજત યાત્રાના સાક્ષી તરીકે ગૌરવ અનુભવતાં, શરુઆતને યાદ કરતાં, ઝરણું કયારે ધસમસતો જળરાશિ બની ગયું તેના વિસ્મયમાં ડૂબતાં, આવો મહામૂલો સ્મૃતિગ્રંથ હાથમાં પકડીને પત્ર લખું છું. શબ્દો જડતા નથી એટલે પોસ્ટકાર્ડ લીધું છે. કારવાં તો અજબ છે જ પણ તેની દાસ્તાન, તવારીખને બયાન કરવાની ઢબ એથી પણ અનેરી છે.

*– શ્રી દીપક એસ. ટાંક, ભરૂચ*

✤ માહિતીસભર અને આકર્ષક ડાયરી તૈયાર કરવાનો તમારો જે વિચાર હતો તેને તાદૃશ કરતી સરસ ડાયરી બની છે. શાળાની પ્રવૃત્તિઓ વિશે સમાજને જાણ કરવામાં તો ડાયરી ઉપયોગી થશે જ, સાથે સાથે એક ઐતિહાસિક નોંધ તરીકે પણ ભવિષ્યમાં કામ લાગશે. ખૂબ આયોજન અને મહેનત માંગી લે તેવું કામ સુપેરે પાર પડયું છે.

*– ડૉ. મહાવીર વસાવડા, વલ્લભવિદ્યાનગર*

✤ I received the beautiful Silver Jubilee diary of Amity Educational Campus. I took a week's time to respond as I wanted to travel down the memory lane and read all that is presented. The calendar has been redefined beginning from the school foundation day (not the starting day of the academic year.) All the events are carefully scripted which speaks lot for the various activities carried out by the school in last 25 years. I also searched myself in the ocean of the events. I figured at two places. Thanks for the same. Given the opportunity, I intent to take liberty to bring to your notice that I could not find mention about "Masi" who was instrumental in taking care of the tiny tots and feeding them the "Nasta" prepared by her. I feel she played a vital role in making Day's School concept a success during the infancy of the school. I hope I have not intruded in the matter.

*- Mr. Rajendra B. Vadia (Ex. parents)*

✤ આપના દ્વારા સિલ્વર જયુબિલી નિમિત્તે ડાયરી મળી છે. એ ભાવે મુલાયમ છે ને કાર્યે મજબૂત ! એ મળતાં પહેલી નજરે તો સુખદ આશ્ચર્ય થયું. ડાયરીમાં જે કંઈ છે તે અને તેવું તૈયાર કરવાના તરંગને સલામ છે અને પછી તેને સાકાર કરવા માટે ઍમિટી પરિવારના શિક્ષકોની ટીમે સામગ્રી એકત્ર કરીને તેનું સંકલન કરવા માટે મથી પડયા, મચી પડયા તે તો એક જૂથમાં થયેલું તપ જ કહેવાય. કેળવણીક્ષેત્રે, કપરા કાળમાં ઍમિટી શાળા આવા સમર્પિત શિક્ષકો ધરાવે છે તે ધન્ય છે. ઍમિટીની સ્થાપના વખતથી જ કેવી ચોક્કસાઈ રખાઈ હશે ને કેવા સતત જાગૃતિપૂર્વકના ઉદ્દેશલક્ષી કાર્યક્રમો હાથ ધરાયા હશે તેની ભાળ આપતું રેડી રેકનર – તે આ ડાયરી છે. ઍમિટીના એક ચાહક તરીકે, ડાયરીમાં મારા પ્રતિભાવને પણ સમાવીને આપે મને સન્માનિત કર્યો છે.

*– ડૉ. ઈ□ર પરમાર, દ્વારકા*

✤ ચાલુ વર્ષ (૨૦૧૦–૧૧) માટે તો આ ડાયરી ઉપયોગી છે જ. સાથે જે તે તારીખે છેલ્લાં પચ્ચીસ વર્ષમાં ઍમિટી સ્કૂલમાં નોંધપાત્ર ઘટનાઓ કે કાર્યક્રમો થયા કે મહેમાનો આવ્યા તેની વિગતો તે તે પાના ઉપર દર્શાવીને તે દિવસનો અને એ નિમિત્તે શાળાને ઉપસાવી છે. એ પણ ધ્યાનપાત્ર છે કે બહુ થોડા દિવસોનાં પાના પર જ કોઈ કાર્યક્રમની નોંધ નથી. ૯૫ ટકા પાનાં પર કોઈને કોઈ કાર્યક્રમની વિગત મળે છે. અનેક દિવસોએ તો એકથી વધારે કાર્યક્રમોની વિગતો મળે છે. ફોટોગ્રાફ પણ તેની સાહેદી પૂરે છે. એટલે કે ઍમિટી સ્કૂલમાં દરરોજ વિદ્યાર્થી વિકાસની કોઈને કોઈ પ્રવૃત્તિ થઈ છે ! તબક્કાઓની વિકાસગાથાનો પણ આ ડાયરીમાંથી પરિચય મળે છે. આ સમગ્ર આયોજન પાછળ રહેલી કેળવણી દૃષ્ટિ અને ખંત અભિનંદનને પાત્ર છે. સંસ્થાઓ પોતાના નોંધપાત્ર મુકામની ઊજવણી કરે ત્યારે જો ડાયરી પ્રગટ કરવી હોય તો તેનું સ્વરુપ કેવું હોય તેનું પણ આ ઉત્તમ નિદર્શન છે.

*– શ્રી મનસુખ સલ્લા, અમદાવાદ*

✤ ગુજરાતમાં આંગળીને વેઢે ગણી શકાય તેવી આદર્શ શૈક્ષણિક સંસ્થા અને તેવા જ ઉત્તમ દષ્ટિવંત સંચાલક તરફથી અમોને ઍમિટી સિલ્વર જ્યુબિલી વર્ષ નિમિત્તેની સ્પેશિયલ ડાયરી મળી. તેથી ધન્યતા

અનુભવીએ છીએ. ખરેખર દિલ રેડીને બનાવેલ સ્પેશિયલ ડિઝાઈનવાળી ડાયરી અત્યંત ઉપયોગી થવા સાથે અવનવી માહિતી પણ આપે છે જેથી તે કાયમી સંભારણું બની રહેશે.

*– શ્રી ભગતભાઈ શેઠ, આર.આર. શેઠ એન્ડ કું. પ્રા. લી., અમદાવાદ*

✤ વાસરિકાના સર્જનમાં જે દષ્ટિ રાખી છે તે આદર્શ અને નાવિન્યસભર છે. શાળાની પ્રગતિની તવારીખરુપ પ્રસંગો, સુવિચાર અને મહેમાનોના આશિષ નજરે ઊડીને વળગે તેવા અને પ્રેરણારુપ છે. વાસરિકાના સર્જનમાં જે સહયોગી હોય તેવા સૌને અભિનંદન. રજતજયંતી વર્ષ એટલે ભવ્ય ભૂતકાળની સ્મૃતિઓ અને ભવિષ્યનાં સપનાંને સાકાર કરવાનું પર્વ.

*– શ્રી મનુભાઈ જે. પટેલ, મંત્રી, ચાણસ્મા કેળવણી મંડળ, ચાણસ્મા*

✤ ઍમિટીની સિલ્વર જ્યુબીલી ડાયરી મળી. જેટલાં તમારાં મન સુંદર છે, જેટલી તમારી શાળા સુંદર છે, જેટલાં ઍમિટીનાં બાળકો સુંદર છે, એવી જ સુંદર આ ડાયરી બની છે. એમાં પાને પાને તમારી પ્રવૃત્તિઓની જે ઝલક જોવા મળે છે તે દર્શાવે છે કે પચ્ચીસ વર્ષોમાં તમે એટલું વિપુલ તથા વૈવિધ્યસભર કાર્ય કર્યું છે, જેટલું ‘સારી’ ગણાતી કેટલીક શાળાઓએ સદીમાં પણ ન કર્યું હોય.

*– શ્રી યશવંત મહેતા, અમદાવાદ*

✤ એક જ બેઠકે આખી ડાયરી વાંચી ગયો. શાળાનો ૨૫ વર્ષનો ઈતિહાસ પણ આવી ગયો. શાળાની વિકાસ યાત્રામાં આવનાર અનેક મહાનુભવોને આ પ્રસંગે યાદ કરી શકાયા ! એટલું જ નહીં પણ તેમનો ઋણ સ્વીકાર થયો અને શાળા સાથેનું જોડાણ કાયમી બની ગયું. શાળાના ઈતિહાસનાં આ પાના પર અનેક મહાનુભાવો ચિરંજીવી બન્યાં.

*– ડૉ. ભગુભાઈ પ્રજાપતિ, આચાર્યશ્રી, નારાયણ વિદ્યાલય, ભરૂચ*

✤ પાને પાને અતિતનું અવગાહન અને લટકામાં શાળા મુલાકાતીઓ ........ સંભારણાનાં શબ્દફૂલો પ્રેરક છે. છેલ્લા બે–સવાબે દાયકામાં તમે કેટકેટલી ....... પ્રવૃત્તિઓ કરી છે ! સિધ્ધિઓ – પરિણામો સાથે ગુણોત્કર્ષ પણ થયો જ હોય. આપનું કાર્ય અન્ય શાળાઓને પણ પ્રેરણા આપશે. નક્કર–દષ્ટિ ભર્યું આયોજન અને પારિવારિકતા, ટીમ સ્પીરીટ અને કન્સર્ન વિના આ ન થઈ શકે. હૃદયથી અભિનંદન અને વંદન. સમગ્ર ટીમને શુભેચ્છાઓ અને ધન્યવાદ.

*– શ્રી રમેશ સંઘવી, ભૂજ*

✤ I am glad that you remembered our visit and presented me the Diary which has a huge record of varieties of activities conducted in the school during the period of last 25 years. I am happy to take note that Amity has grown 25 years and maintained its Objective - Motto 'Amity promotes lifelong amicable and affectionate human relationship.' with great success.

*- Dr. B. A. Parikh (Ex.-V.C., V.N.S.G. Uni., Surat)*

✤ આ સંસ્થા એક નાના છોડમાંથી વટવૃક્ષ બની છે ત્યાં સુધીમાં થયેલા અનેક યાદગાર પ્રસંગોને તવારીખોમાં ૨૦૧૦–૧૧ની તારીખો સાથે સ્મરણીય બનાવવા ખૂબ આયોજનબધ્ધ રીતે ડાયરીમાં કંડાર્યા છે. ઍમિટીનું પ્રાંગણ વિદ્યાર્થીઓ, વાલીઓ, મહાનુભાવોથી સતત ધમધમતું રહ્યું છે. જે આ

ડાયરી જોતાં દષ્ટિગોચર થાય છે. મહાનુભાવોના અભિપ્રાયો અને મહાપુરુષોના શ્રેષ્ઠ ઉદ્‌ગારોને ડાયરીના પાને–પાને ટાંકયા છે. જે ખરેખર ખૂબ જ પ્રશંસનીય છે. આ એક નૂતન અભિગમ અને શિક્ષણ સંસ્થાઓ માટે માર્ગદર્શનરુપ છે.

*– પ્રિ. મહેન્દ્ર પંડયા, રૂકમણીદેવી રૂંગટા વિદ્યાલય, ભરૂચ*

✤ આપશ્રી તરફથી VoyAge ડાયરી મળી. ખૂબ ખૂબ આભાર. VoyAge શબ્દ સમુદ્રના ઊંડાણે ખેડાણ અને અમી વર્ષાના મંડાણ સાથે સીધો નાતો ધરાવતો શબ્દ છે. આપશ્રીના VoyAge માં ઍમિટીના સંભારણા ભરતી બની સજોદના કિનારા સુધી વિસ્તર્યા અને ઘૂઘવ્યા છે એનો વિશેષ આનંદ છે. VoyAge ની પ્રત ઐતિહાસિક સંભારણું તો છે જ પણ સાથે મારા માટે એક માર્ગદર્શિકા પણ છે. વિશેષ આનંદ!

*– પ્રિ. વિરેન ઘડીયાળી, શ્રી સજોદ સાર્વજનિક હાઈસ્કૂલ, સજોદ*

✤ Thanks for sending me the memento of the Silver Jubilee Celebration of your school. It's not a diary but a progress-graph of the school presented in a novel and an innovative way. It shows your active efforts to bring out the best from the students for their all round development. Congratulations. I would not like to write in the diary as it's a collector's item.

*- Dr. Vijay Sevak, Surat*

✤ Thanks for beautiful diary from you. Its a good & unique combination of 'Events', 'Quote' & 'Opinion'. And its a unique example of good team work. I have never seen any institute doing so many activities through out the year with full dedication & involvement. At a 1$^{st}$ seating I read all quotes, opinion & activities carried out by AMITY in last 25 years. I must say that you (AMITY'S) past is very very 'GLORIOUS; & future of Amity & Amitians is really very BRIGHT. You are carving a GODLEN path for next generation.

*- Mr. Umesh J. Shah, Bharuch*

✤ ઍમિટી સ્કૂલની સિલ્વર જ્યુબીલી પ્રસંગે, તબક્કાવાર મેળવેલ સફળતાની નોંધ દર્શાવતા સ્મૃતિગ્રંથ જેવી બહાર પાડેલ ડાયરી મને યાદ કરી મોકલવા બદલ ખૂબ ખૂબ આભાર.

*– સ્વ. કેશવલાલ ગોહિલ, પૂર્વ પ્રમુખ, નગરપાલિકા, ભરૂચ*

✤ સુંદર મઝાની, ટાઈમ લાઈન – પ્રક્રિયા અને પ્રગતિના પથને કંડારતી ડાયરી – નવીનતમ વિચાર સાથે મળી, ડાયરીના છેલ્લા ટાઈટલ પરનું પરિવાર વૃક્ષ પણ ગમ્યું ! કોઈ જ હોદ્દા નહીં, બધા જ સમાન !

*– પારૂલ – ફાલ્ગુન, શૈશવ, ભાવનગર*

✤ It has been brought out very well and reminds one on various milestones achieved by the school over last 25 years.

*- Mr. Deepak Bhimani, CMD, Navdeep Chemical, Ankleshwar*

## રજતજયંતી પર્વના ઉદ્ઘાટન કાર્યક્રમ વેળાએ ઍમિટી શૈક્ષણિક સંકુલના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રણછોડ શાહનું સ્વાગત પ્રવચન

નમસ્કાર. આજની આ સુંદર સંધ્યાએ મુખ્ય મહેમાનનું પદ શોભાવતા આજીવન ગાંધી વિચારસરણીને વરેલા એવા મુરબ્બી ડૉ. વર્ષાબેન અને એવા જ ગાંધીયન અને ઉત્તમ સંચાલક, ઉત્તમ વિચારક ડૉ. સુદર્શનભાઈ, તેમના ધર્મપત્ની ડૉ. લક્ષ્મીબેન, અમારા સૌના વડીલ, વંદનીય અને સૌના પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય બાપુજી, જ્ઞાનદા એજ્યુકેશનલ ટ્રસ્ટના ટ્રસ્ટી ભાઈશ્રી જે.ડી. પંચાલ, પ્રમેશબેન, સંગીતા શાહ, ઉત્સાહી યુવાન આચાર્ય પ્રકાશ મહેતા, મહાનુભાવોનું નામ લેવાનું મન થાય એવા સતત હૂંફ, પ્રેરણા, પ્રેમ, પ્યાર આપતા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર તથા મારા ખાસ મિત્ર ડૉ. રમેશભાઈ કોઠારી, શ્રી પ્રદ્યુમ્નભાઈ જોશી, સ્થાપનાકાળથી સતત સાથે રહેલા ડૉ. ઝાંઝરુકિયા, ડૉ. ખીલવાણી, સતત માર્ગદર્શક રહેલા પૂર્વ શિક્ષણમંત્રી બીપિનભાઈ, વિવિધ શાળાના આચાર્ય મિત્રો, સંસ્થાને સતત ધબકતી રાખનાર – ત્રણ મિત્રોનું નામ લેવું ગમે તેવા ભાઈશ્રી ઋષિ, બકુલ અને રોહિત, ઓડિયન્સમાં બેઠેલા નજીકના સગા ડૉ. સુંદરભાઈ તથા શ્રી રમાકાન્તભાઈ, સંસ્થાનો સતત ખભો થાબડતા રહ્યાં હોય તેવા શ્રી કમલેશભાઈ ઉદાણી, ભાઈશ્રી બદ્રીભાઈ જોશી, પ્રો. જે.પી. ભટ્ટ અને પ્રો. મીનળબેન દવે, પ્રિ. નિતિનભાઈ પટેલ અને સંસ્થાને ૨૪ વર્ષથી સાથ અને સહકાર આપનાર વાલીમિત્રો, વ્હાલા વિદ્યાર્થીઓ શાળાની પ્રગતિના મુખ્ય ચાલકબળસમો શાળાપરિવાર.

૨૪ વર્ષ પૂર્ણ થયાને ૨૫માં વર્ષમાં પ્રવેશ્યા ત્યારે પૂજ્ય બાપુજીનું સ્વાગત કરવા પરમમિત્ર જયંતીભાઈને વિનંતી તથા બાપુજીને અમને સૌને શ્રી જયંતીભાઈ દ્વારા આશીર્વાદ પાઠવે તેવી વિનંતી.

મિત્રો, આયોજકોએ મને ૨૪ વર્ષની વાત માટે ૨૪ મિનિટ પણ નથી આપી અને એટલે જ મારે સૌથી પહેલી જો વાત કરવાની હોય તો આ શહેરના સુશિક્ષિત અને શિક્ષણમાં સીધી સમજ ધરાવતા વાલીઓએ, આજથી ૨૪ વર્ષ પૂર્વે ઍમિટી શાળા પાસે કોઈ ભૌતિક સંપત્તિ નહોતી ત્યારે તેમના બાળકોને અમારા ભરોસે મૂકયા એ સૌને હું નમસ્કાર પાઠવું છું.

આ ૨૪ વર્ષનો નાનકડો ઈતિહાસ આપ સૌ હવે જયારે VoyAge Amity નું વિમોચન થશે ત્યારે જોશો. VoyAge Amity ૩૬૫ પાનના મોટા દળદાર પુસ્તકમાં સમાયેલું, શાળાના ઈતિહાસને ઊજાગર કરતું પુસ્તક છે કે ડાયરી એ કહેવું અઘરું છે ! મિત્રો, ઈતિહાસએ ભૂલી જવાની વાત નથી, અહીં ઈતિહાસએ મમળાવવાની વાત છે. પરંતુ આ શાળાની વાત કરું તો આ શાળાની શરૂઆત થઈ ત્યારે શાળા પાસે માત્ર સાત રૂમનું નાનકડું મકાન રૂ. ૫ લાખને ૯૦ હજારની બેન્કમાંથી લોન લઈને બાધ્યું હતું. આજે એ મકાન ૫૦ રૂમના ઓરડાઓમાં વિકસ્યું છે. પરંતુ અમારે મન ભૌતિક વિકાસ કરતાં માનવીય વિકાસનું મૂલ્ય વધારે છે.

અમને એ વાતનો આનંદ છે, સંતોષ છે કે ઍમિટીના એકેએક વિદ્યાર્થીએ સમાજમાં આગવી ઓળખ ઊભી કરી છે. આ આગવી ઓળખ અને પ્રતિભાને કારણે જયારે એક યા બીજા કારણે કોઈ એક યા બીજી સંસ્થામાં અમે જયારે જઈએ ત્યારે અમને જે અનુભવ થાય છે. તે જોતાં એ ચરિતાર્થ થાય છે કે આ

શાળાના શિક્ષકોએ માત્ર નોકરી નથી કરી, માત્ર પગાર લેવા નથી આવ્યા, આ શાળાના શિક્ષકો સાચા અર્થમાં તેમનો શિક્ષક ધર્મ બજાવ્યો છે. ચાર દિવસ પહેલાં સૂરતના એક કાર્યક્રમમાં મુ. ભગવતીભાઈ શર્માએ કહ્યું હતું કે teachers are born, not made. ઍમિટી શાળાના શિક્ષકોએ એ પૂરવાર કર્યું છે એ સૌને અમારા લાખ લાખ અભિનંદન.

'જ્યોત સદાય જલે' નામના પુસ્તકની અમે ૭૦૦ જેટલી નકલો મિત્રોમાં વહેંચી છે. શિક્ષકો – શુભેચ્છકો, મિત્રો, કેળવણીકારોને ભેટ આપી છે. એમાં છેલ્લા પાને શ્રી સુરેશ દલાલે નોંધ્યું છે. ''શાળા ઈંટ અને ચૂનાથી નથી બનતી, નિષ્ઠાવાન શિક્ષકો અને વિદ્યાર્થીઓથી ઊભી થાય છે. માણસ પાસે પોતાનું લક્ષ્ય હોવું જાઈએ.'' ઍમિટી શાળા શિક્ષકો, શુભેચ્છકો, વાલીઓના અને મિત્રોના સત્વને કારણે ઊભી થઈ છે. મિત્રો, આ પ્રસંગ કંઈક કમીટમેન્ટ કરવાનો છે એવું અમે માનીએ છીએ. મૈત્રી–સેતુના પહેલાં અંકમાં અમે જે કમીટમેન્ટ કર્યું હતું તે તમામ કમીટમેન્ટ પહેલાં દસકામાં પૂરું થયું તેનો આનંદ છે.

આજે બીજી થોડીક વાતો કરવી છે. આ સંસ્થાએ ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ કર્યો છે અને ડૉ. આયંગર સાથે હું વાત કરતો હતો કે બહુ મોટી સંખ્યામાં શિક્ષકો જન્મે નહીં આપણે તૈયાર કરવા પડે. એ માટે પી.ટી.સી. અને બી.એડ્. કૉલેજની શરૂઆત કરી છે. આજે સૌથી મોટી કોઈ જરૂરિયાત હોય તો તે શિક્ષકોની નથી, પરંતુ સારા શિક્ષકોની છે. એ તરફ અમે પગરણ માંડયા છે. આગામી વર્ષોમાં ઍમિટી શાળામાં એક સમૃધ્ધ અને ભૌતિક સુવિધાસભર અદ્યતન પુસ્તકાલય હશે. એ પુસ્તકાલય ટેકનોલોજીથી સંકળાયેલું હશે. વિ□ના કોઈપણ ખૂણામાં બનતી નાનામાં નાની વાતની નોંધ લઈ શકાય તેવું હશે. ભરૂચના નાગરિકો પણ તેનો લાભ લઈ શકશે.

માણસની જિંદગીમાં ૨૫ વર્ષનો ગાળો બહુ મોટો કહેવાય. કારણ કે માણસનું સરેરાશ આયુષ્ય ૭૫ વર્ષનું ગણાય એટલે ૨૫ વર્ષ બહુ વધારે કહેવાય. પણ કોઈ સંસ્થા માટે ૨૫ વર્ષનો ગાળો એ બહુ લાંબોગાળો ન ગણાય. સંસ્થાઓ ૫૦, ૧૦૦, ૨૦૦, ૩૦૦ વર્ષ ચાલે ત્યાર પછી એ Established થયેલી કહેવાય. આપ સૌ આવ્યા અને અમારા આનંદમાં સહભાગી બન્યા તે બદલ આભાર.

## 'મૈત્રી–સેતુ' અંક–૫૬ના પ્રતિભાવ

❖ આજે 'મૈત્રી–સેતુ' મળ્યું. જોયું, વાંચ્યું. ગદગદ્ થઈ ગયો. આંખોમાંથી આંસુ આવી ગયા. વ્યકિત ધારે તો શું કરી શકે તે ઉદાહરણ અનુભવ્યું. વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને અન્ય મુલાકાતીઓએ ઍમિટી માટે જે લખ્યું છે તેનાથી એક સુંદર મલ્ટી વિટામીન યુકત ભોજનનો રસથાળ જોયો. સારા માણસો મળવા એ પણ કુદરતનો આપણા ઉપર મોટો ઉપકાર છે જે આપનું સદ્દભાગ્ય છે. આ યજ્ઞ એક વ્યકિતના પ્રયત્નથી શકય નથી, 'ઝાઝા હાથ રળિયામણા' અહીં દષ્ટિમાન થાય છે. ફરીથી આપ સર્વે શિક્ષકમિત્રો, મેનેજમેન્ટને ખૂબ ખૂબ અભિનંદન. પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કે આપના આ યજ્ઞમાં બાકી રહેલી પ્રવૃત્તિઓ આજ રીતે સફળ બનાવે અને સદેહે આપ તેના સાક્ષી બનો.

– **શરદ શાહ**, *કેમ ટ્રેડર્સ, વડોદરા*

## રજતજયંતી પર્વના ઉદ્‌ઘાટન પ્રસંગે અતિથિ વિશેષ ડૉ. સુદર્શન આયંગરનું વકતવ્ય

આ સુંદર સંધ્યાએ સૌને મારા નમસ્કાર. આ બાળકોએ આપણું કામ બહુ સરળ કરી આપ્યું. 'તુમ જીઓ હજારો સાલ' એ એમણે વગાડી દીધું છે. એટલે આપણી વાત એમાં આવી ગઈ છે અને ઍમિટીનો ૨૫મો બર્થડે છે એટલે 'તુમ જીઓ હજારો સાલ' એવું આપણે પણ બધા ગાઈએ. આ હુસાહસમાં શરૂઆતથી ભાગ લઈ રહેલા એવા રણછોડભાઈ, અન્ય એમના સાથી મિત્રો અને પરાગજી બાપુની પરાગતો બધે જ ફેલાયેલી છે. એમાં અમે પણ ગાંધીગીરી વાળા વર્ષોથી બાપુને ઓળખીએ છીએ. એવા બાપુને વંદન. જેન્તીભાઈ, પ્રકાશભાઈ, સંગીતાબેન આનંદ વ્યકત કરવા આવેલા મુખ્ય લોકો, વાલીઓ અને વિદ્યાર્થીમિત્રો.

આ ઉજાણીનો કાર્યક્રમ હોય અને હું વિશેષ અતિથિ છું એટલે મારે વિશેષ આનંદ વ્યકત કરવાનો છે. રણછોડભાઈએ જે વાત કરી કે ૨૫ વર્ષ તો બાળપણ છે. એટલે મારે એટલું કહેવું કે હવે પૂરું થયું ૨૫ વર્ષનું બાળપણ. હવે establish નહિ settle થવાનું છે. કારણ કે ૨૫ વર્ષ બ્રહ્મચર્ય પૂરું થાય અને ગૃહસ્થમાં પ્રવેશ થાય. આગળ મેં કીધેલું કે આ દુસાહસ જ છે. એટલે મને બેત્રણ વસ્તુઓ જે લાગી તે : એક તો આ નિશાળ મેં જોઈ. સરસ મજાની નિશાળ સાથે–સાથે જે ઉત્તરોત્તર પ્રગતિ થઈ છે એમાં પી.ટી.સી. કોલેજ પણ છે, બી.એડ્. કોલેજ પણ છે. એટલે કાં તો આ લોકોએ એમ વિચાર કર્યો હશે કે ભાઈ આ આટલી મોટી નિશાળ તો ખોલી, પણ વળી શિક્ષકો શોધવા કયાં જવા ? આપણે જ તૈયાર કરો એટલે ઍમિટીને થોડા વધારે સેટ થવામાં વાંધો નહિ. પોતાને સારા શિક્ષકો મળે તેની સાથે સમાજને પણ સારા શિક્ષકો મળી જાય. એટલે એમ લાગે છે કે આ ઍમિટી દ્વારા સમાજની સરસ મજાની સેવા સારા શિક્ષકો આપવામાં જ થશે.

અમે ઘણીવાર સારા વિચારમાં કે સારી કલ્પનામાં રાચતા હોઈએ છીએ કે અમે તો સારા શિક્ષકો તૈયાર કર્યા છે. પણ એ બહારની દુનિયામાં જઈને ત્યાં શું કરે છે એની આપણને કયાંય ખબર હોતી નથી ! કારણ કે પછી એ દરવખતે આપણને કાંઈ રીપોર્ટ કરવા આવતા નથી !

મૂળ અમે માણસ રહ્યાં ગાંધીની સંસ્થાના. ગાંધીની સંસ્થા ચલાવીએ છીએ એટલે આમ એ 'ડોસાજી' હજી અમારાથી છૂટતા નથી. અને એમાં હું પરાગજીભાઈને જવાબદાર ગણાવું કારણ કે તેમણે અને આ બદ્રીકાકા બેઠા છે બધાયે મળી મળીને અમારા મગજમાં તો ભરેલું જ છે – ''આ 'ડોસાજી'ને ભૂલતા નહીં.'' એટલે નથી ભૂલતા. ઍમિટીએ એવું નક્કી કર્યું કે 'सा विद्या या विमुक्तये' કરવાનું છે. આ બહુ અઘરું છે. ગુજરાત વિદ્યાપીઠ કે જયાં હું અત્યારે કામ કરું છું તેનો પણ ધ્યેય તો 'सा विद्या या विमुक्तये' જ છે અને એનાં માટે પાછું મેં ઍમિટીનું સાહિત્ય જોયું.

એમાં ઍમિટી સ્કૂલે કહ્યું છે કે Five P મેં કહ્યું વાહ ! શું છે જરા Five P ? હું તપાસી જોઉં.

પહેલું છે તે Progress એટલે પ્રગતિ. એમાં ગતિ છે પણ પ્રગતિમાત્ર જે છે તે મૂલ્યની જ. સુગતિ પણ હોવી જોઈએ અને 'सा विद्या या विमुक्तये' કરવાનું હોય તો આંતરિક પણ હોવી જોઈએ. ભૌતિક સિધ્ધિઓ ભગવાનની મહેરબાનીથી અને સમાજ અને મિત્રોની મહેરબાનીથી ઍમિટીએ સારી હાંસિલ કરી છે. હું જાણું છું કે આમાં પડદા પાછળ તો શિક્ષક જીવો જ પડેલા છે. પણ એ તો પાયા છે. પણ હવે જે

શિક્ષક તેને આગળ લઈ જઈ રહ્યાં છે તે આ વિદ્યા જે લેનાર છે તેની આંતરિક પ્રગતિ થાય, ભૌતિક પ્રગતિમાં એ ન પડી જાય એવું ધ્યાન સતત રાખવાની જરૂર છે. એ કપરું કામ છે, એવું હું અત્યારે મારી સંસ્થામાં વિદ્યાર્થીઓને જોઈને કહું છું એટલે મને કહેવાનું મન થાય છે કે આપણે જરાક વધારે સાવચેતી રાખવાની – Progress ચોક્કસ – પણ પ્રગતિ આત્મિક તરફ.

બીજું P છે – Punctuality. સમયપાલન માટે તો મારે કશું જ કહેવું નથી. સરસ છે એમાં કશું ઉમેરવાનું કે ઘટાડવાનું છે નહીં.

ત્રીજી વાત Perfection ની કરી છે. એક વાત કહું કે આ દુનિયાની અંદર અત્યારે જે ચાલી રહ્યું છે એમાં Perfection છે ખરું, પણ એની સાથે જરૂરી એવી માનવતા અને નમ્રતા દૂર થતી જાય છે. એટલે મારે કહેવાનું કે જયારે ઍમિટી સ્કૂલ આ દિશામાં જાય છે ત્યારે એના માટે Perfection એટલે શું ? Perfection એટલે વિનમ્ર થવું અને વિનમ્ર થવું એટલે શું ? કે હું સતત શીખ્યા કરું. મારી દિશા એ તરફ છે કે મારે હજી સારું કરવાનું છે એ વિનમ્રતા. ખાસ કરીને તો વિદ્યાર્થીઓ પાસે વિનમ્રતા રહે એમ હું માનું છું.

ચોથું P છે – Pragmatic. મારા માટે આ બેધારી તલવાર છે, ગાંધી પોતે ઘણાં વ્યવહારું. પણ આમાં લપસવાની રીત બહુ ખોટી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને હું ખાસ કહું છું આપણે બધા જ લપસી ગયા છીએ. એનું નામ આપણે Pragmatism આપ્યું છે. જયારે પણ આપણે વાલીઓ મળીને વાત કરીએ છીએ ત્યારે આપણા મનમાં એ વાત આવે કે 'શું કરીએ ભાઈ, અમે તો બહુ જુદુ કરવા માંગીએ છીએ; પણ જુઓને સમાજની આગળ અમારું ચાલતું નથી. આપણે Practicle તો થવું પડે ને ! એટલે Practicle થવાનો મતલબ જ આ છે કે તમારે મૂલ્યો ત્યાગવા પડે. એટલે આ Pragmatism માંથી આપણા બાળકો જરા જુદું ન શીખે એની તકેદારી, જવાબદારી જેટલી ઍમિટીના શિક્ષકોની છે તેના કરતાં વધારે વાલીઓની છે અને આ ૨૫મા વર્ષના અવસરે હું આ તક ચૂકવા માંગતો નથી કે વાલીઓ જે છે તે Pragmatism નો અર્થ મૂલ્ય ત્યાગથી જ ઓળખે છે. તેમાંથી બહાર નીકળવાની જરૂર છે.

પાંચમી વાત જે છે તે Performanceની છે. Performance તો સરસ વસ્તુ છે પણ Performance ઉપર અત્યારે ખૂબ ભાર છે. તેથી Performance માંથી એક વસ્તુ વાલીઓએ કાઢવાની જરૂર છે અને એક વસ્તુ વિદ્યાર્થીઓએ કાઢવાની જરૂર છે અને આ બંને વસ્તુ નીકળી જાય તે જોવાની ફરજ શિક્ષકની છે. Performance માંથી વાલીઓએ Pressure કાઢી નાંખવાનું છે. હું એમ કહું કે આ છઠ્ઠું P છે. ઉમેરવું હોય તો વાલીઓ ઉમેરી દો. બાળક ઉપર Pressure નહિ કરવાનું એના Performance માં Pressure હશે તો એ Performance નહીં કરે. અને એના લીધે શું થશે ? બાળક જે છે તે માટે પોતાની લીટી લાંબી નહીં કરે બીજાની લીટી ટૂંકી કરવા જશે. Performance માં કોઈપણ પ્રકારનું દબાણ હોવું જોઈએ નહીં. તો જ એનું Performance સારું આવશે, એવું હું માનું છું.

રણછોડભાઈએ સરસ કીધું છે કે આ સમય ૨૫ વર્ષનો જેટલો ઉજવણીનો છે તેટલો જ સંકલ્પનો પણ છે. આજે એક સંકલ્પ પણ આપણે કરવાના છીએ. એમાં વાલીઓએ મદદ કરવાની છે. આપણે માત્ર એક મકાન લઈ લઈએ, એક ફી લેવાનું બારણું કે બારી કરી દઈએ અને જો તેમાં હાજરીપત્રક આપી દઈએ તો તેનું નામ નિશાળ છે. કારણ કે કોને નિશાળમાં ભણવું છે ? આ તો થોડા ઘણા ગાંડા લોકો ભેગાં થયા

હશે તે મને બતાવતાં હતાં કે જુઓ અમે વિદ્યાર્થીઓ માટે આટલી સરસ સગવડ કરી છે. આવો સરસ e-learning room બનાવ્યો છે. આટલી બધી પ્રયોગશાળાઓ છે. અમે વિદ્યાર્થીઓને વર્ગખંડમાં ગોંધી રાખવાને બદલે learning by doing ના સિદ્ધાંતનુ પાલન કરીએ છીએ... આવું બધું કરવાની ઍમિટી શાળાને શું જરૂર છે? માત્ર એક મકાન બનાવવાનું એમાં બે કલાર્ક રાખવાના અને શિક્ષકોની યાદી બનાવી મૂકી દેવાનું અને હાજરીપત્રક આપી દેવાનું. બાકીનું કામ તો વાલીઓ કરવા તૈયાર જ છે. કારણ કે આપણે તો ટયુશન કલાસમાં જવાનું છે. તો આ ઍમિટીનો પરિવાર ૨૫માં વર્ષે એવો સંકલ્પ કરે કે આવતા ૫ થી ૧૦ વર્ષમાં ઍમિટીનો એકપણ વિદ્યાર્થી ટયુશન કલાસમાં જતો નહીં હોય. આ સમજવાની તાતી જરૂરિયાત છે. હું તમને એટલા માટે કહું છું, ચેતવું છું કે શિક્ષક સિવાય વિદ્યાર્થી 'सा विद्या या विमुक्तये' તરફ નથી જઈ શકવાનો.

હું એમ માનું છું કે આ શિક્ષકોએ – ઍમિટીના સંચાલકો નહીં – અને વાલીઓએ આ જવાબદારી લેવી પડશે. હિંમત કેળવવી પડશે. અમારા વિદ્યાર્થીઓ ટયુશન પર નહીં જાય. જે કરવું હોય તે કરો. ઍમિટીના શિક્ષકો સજ્જ છે. ઍમિટી સજ્જ છે, કરશો આ સંકલ્પ ? આજે મારા હિસાબે સૌથી અગત્યનો સંકલ્પ આ છે.

ગાંધીનું નામ મેં શરૂઆતમાં એટલા માટે લીધું કે આ પરાગજી બાપુજીને જ જુઓને ! એમની જિંદગી જુઓ. એમનું જીવન જુઓ. એવી સાદગી આપણામાં છે ? આપણને બધી જ ઘેલછા પેલી ભૌતિક પ્રગતિની થઈ છે. સમૃધ્ધિને મેળવવાની છે, ગમે તે રીતે મેળવવાની છે. શિક્ષણના મૂલ્યમાં શું અપાઈ રહ્યું છે ? અને મૂલ્યના પાયામાં આપણા જીવનમાં શું ફેરફાર થવો જોઈએ તે તો આપણે શીખતા જ નથી. એટલે મારે તમને કહેવું છે અને બેધડક કહેવું છે. આપણે પૈસા ભેગા કરીને નાણાંકિય કે ભૌતિક સમૃધ્ધિ નથી મેળવવાની. જયાં સુધી આ હિન્દુસ્તાનનો સમાજ એ નહિ શીખે ત્યાં સુધી આજે આ દેશ જે દિશામાં જઈ રહ્યો છે, એમાં આપણે નથી ફાવવાના. તમને આજથી કહી દઉં છું કે આપણે નથી જ ફાવવાના.

ખરેખર, અહીં આવીને, આ પ્રસંગે બહુ આનંદ થયો. એક તો આ સંસ્થાએ ખૂબ ઓછા સમયની અંદર શિક્ષણમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. આ સંસ્થાની આર્થિક પ્રગતિ ખૂબ થાય અને આ સંસ્થા મૂલ્યનિષ્ઠ રીતે આવતા વર્ષોની અંદર ખૂબ પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ આ સૌ વિદ્યાર્થી, વાલી, સંચાલકો અને સૌને પાઠવું છું અને વિરમું છું.

## 'મૈત્રી-સેતુ' અંક-૫૬ના પ્રતિભાવ

❖ મૈત્રી-સેતુ અંક : ૫૬ મળતાં તરત તો તેના મુખપૃષ્ઠ પર પ્રસન્ન ચહેરાઓનું સરોવર જોતા સુખદ આશ્ચાર્ય થયું છે. મા શારદાની નિશ્રામાં શિક્ષણક્ષેત્રનું એક અનન્ય આભૂષણ ઘરવાની ઘગશ જ નહીં, ધખતા ! કેવા-કેવા અને કેટકેટલા વિદ્યાપ્રેમીઓને આકર્ષી શકી છે ! વાલી-શિક્ષક કે શિક્ષણપ્રેમી તરીકે ઍમિટીના સ્પર્શે કેવા સૌને ભાવવિભોર કીધા છે ! સૌના આવા પ્રયત્ન થકી આ અંક પ્રસન્નકારી બન્યો છે. આનંદ, અભિનંદન.

– **ડૉ. ઈ□ર પરમાર,** દ્વારકા

## રજતજયંતી પર્વના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન ડૉ. વર્ષાદાસનું વક્તવ્ય

ગુજરાતી ભાષામાં બે સરસ શબ્દો છે; ભણતર અને ગણતર. બંનેની ક્રિયાઓ છે ભણવું ને ગણવું. પહેલાં તો આપણે વાંચતા – લખતાં શીખીએ છીએ, જ્ઞાન–વિજ્ઞાનની વાતો જાણીએ છીએ, સમજીએ છીએ તે ગણતરમાં ગણતાં શીખીએ છીએ. ગણતર પરથી બીજો પણ એક શબ્દ બન્યો છે. ગણતરી, ગણતરી શબ્દના એકથી વધુ અર્થો છે. એમાંનો એક છે 'માન–પ્રતિષ્ઠા.' ટૂંકમાં ભણેલાં–ગણેલાં હોઈએ તો માન મળે, પ્રતિષ્ઠા મળે એવું માનવામાં આવે છે હું નાનપણમાં એક શ્લોક શીખેલી.

विद्या ददाति विनयं विनयात् याति पात्रताम् ।
पात्रत्वान् धनमाप्नोति धनात् धर्मः ततः सुखम् ।।

વિદ્યા, વિનય એટલે કે નમ્રતા, સંસ્કાર આપે છે. વિનયથી યોગ્યતા, ક્ષમતા મળે છે, ચરિત્ર ઘડાય છે. પાત્રતાથી ધનપ્રાપ્તિ થાય છે. ધનથી આપણે આપણા કર્તવ્યનું પાલન કરી શકીએ છીએ. કુટુંબ, સમાજ અને દેશની આપણી પાસે જે અપેક્ષાઓ છે તે પૂરી પાડવા, તેને આપણો ધર્મ, આપણી ફરજ ગણીને તે બજાવવાની ક્ષમતા આપણે ધરાવીએ છીએ. તે પ્રમાણે વર્તીએ છીએ. તેવી રીતે આપણે સુખ અને આનંદ ભોગવીએ છીએ. જેમ કે જો હું ડૉકટર થઈ જાઉં તો સુખી થઈ જાઉં. જો મને અમેરિકાની કોઈ જાણીતી યુનિવર્સિટીની ડિગ્રી મળી જાય તો તો હું ન્યાલ થઈ જાઉં. ૨૧મી સદીમાં આપણે સૌ આ રીતે વિચારતા થઈ ગયા છીએ. આને આપણે Short cut ને Speed ગણીએ છીએ. તે શ્લોકમાં તો વિદ્યાર્થી સુખ સુધી પહોંચવાના જે બીજા પગથિયાઓ છે તેને ભૂલી જવાની ભૂલ આપણે કરી બેસીએ છીએ. આ ભૂલને લીધે જ આપણી ગાડી વારંવાર પાટા પરથી ઊતરી જાય છે. વિદ્યા લક્ષ્ય નથી, સુખ અને આનંદના લક્ષ્ય સુધી પહોંચવાનું એક સાધન છે. શ્લોકનું પ્રત્યેક પગથિયું આનંદ પ્રાપ્તિની Pre-condition છે. છલાંગ મારવા જઈએ તો પડવાનું જોખમ પણ છે. આજના સ્પર્ધાના યુગમાં જાતજાતના દબાણોને ખેંચાણોની વચ્ચે આપણે જીવી રહ્યાં છીએ. માઓત્સેત્સ્યુંગે કહેલું કે 'When there is pressure from the top, there are lies from the botton.' જયારે ઉપરથી દબાણ થાય ત્યારે નીચેથી જૂઠા બોલું થાય. એ વખતે જે ચીજો ન થવી જોઈએ તે થવા માંડે છે. ગાંધીજીએ આને સાત પાપ, સાત સામાજિક પાપ કહ્યાં છે. આ સનાતન સત્યની ૨૧મી સદીમાં બહુજ જરૂર છે.

શું હતા એ સાત સનાતન પાપ ? જેને ગાંધીજીએ યંગ ઈન્ડિયાના ૨૨મી ઓકટોબર – ૧૯૨૫ના અંકમાં છાપેલા.

પહેલું – સિધ્ધાંત વિનાનું રાજકારણ
બીજું – પરિશ્રમ વિનાનું ધનોપાર્જન, પરિશ્રમ વિનાની કમાણી
ત્રીજું – વિવેક વિનાનું સુખ
ચોથું – ચરિત્ર વિનાનું શિક્ષણ
પાંચમું – સદાચાર વિનાનો વેપાર

છઠ્ઠું – માનવતા વિનાનું વિજ્ઞાન એટલે કે એવું વિજ્ઞાન જે માનવનો, માનવમૂલ્યોનો નાશ કરે

સાતમું – વૈરાગ્ય વિનાની ઉપાસના

આજે આપણે ૨૦૧૦માં જીવીએ છીએ. ગાંધીજીએ આ યંગ ઈન્ડિયામાં ૧૯૨૫માં છાપેલું એટલે આપણને એમ થાય કે એ વાત તો હવે આજના યુગમાં કઈ રીત ચાલે ? આટલા બધાં વર્ષો વિતી ગયા. એ જમાનો જુદો હતો ત્યારે ગાંધીજી આ પૃથ્વી પર હતાં. લોકો એમનામાંથી પ્રેરણા મેળવતા હતા. પણ આ સાતેય પાપોમાંથી બચી શકાતું નથી. આજના યુગમાં એ ખરેખર બહુ મુશ્કેલ છે. પણ આપણે પોતાની સગવડ પ્રમાણે જો એમાંથી બે–ત્રણ પણ ચૂંટી લઈને અને એમ વિચારીએ કે ચાલો હું આ રીતે જીવવાનો પ્રયત્ન કરીશ. તો સારો દાખલો બેસાડી શકીએ. આજના સમાજમાં અને ગાંધીજીએ જેમ કહ્યું હતું કે 'My life is my message.' આપણને પણ બીજાઓ જોઈ રહ્યાં છે. આપણે પણ બીજાઓની સામે એક દાખલો છીએ. Our life should also become a message to others, even if we can follow one or two or three from these seven.

મૂલ્યનું સર્જન કરવું તે આપણા હાથમાં છે. સર્જક તરીકેની ક્ષમતા પ્રાપ્ત કરવાનું સાધન શિક્ષણ છે. આપણે સ્કૂલમાં ને કૉલેજમાં જાત જાતના વિષયો શીખીએ છીએ. જેમ કે ભાષાઓ, ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરે. આ બધાનો ઉપયોગ આપણે એક સાધન તરીકે કરીએ છીએ. જેથી કે આપણે Local level પર, National કે Global level પર એક જવાબદાર વ્યકિત તરીકે કોઈ સંગીન કામ કરી શકીએ. તો સારા શિક્ષણનો માપદંડ માત્ર એટલો જ નથી કે વિદ્યાર્થી કેટલા કલાક સ્કૂલમાં ગાળે છે અથવા શિક્ષકોની સ્કૂલમાં કેટલી સંખ્યા છે. શિક્ષકે જે ભણાવ્યું અને વિદ્યાર્થીઓ જે શિખ્યા, એનાથી વિદ્યાર્થીઓની સમજ, સૂઝ, કલ્પનાશકિત અને કુશળતાનો વિકાસ થયો કે નહિ, આ શિક્ષણનો ઉપયોગ વિદ્યાર્થી પોતાના જીવનમાં કરી શકે છે કે નહિ, એ શિક્ષણ વિદ્યાર્થીના ચરિત્રનો ભાગ બન્યું છે કે નહિ – આ માપદંડો પરથી આપણે શિક્ષણની સફળતાનું મૂલ્યાંકન કરી શકીએ. એને આપણે મૂલ્યનું સર્જન કરતું શિક્ષણ કહીએ.

૧૯૪૬ના ફેબ્રુઆરી મહિનામાં એકવાર ગાંધીજી સેવાગ્રામમાં શિક્ષકો સાથે વાત કરી રહ્યાં હતાં. શિક્ષકોએ બાળકો અંગે ફરિયાદ કરી હશે. ત્યારે ગાંધીજીએ કહ્યું કે, ''આપણી પાસે જે બાળકો આવે તેમને આપણે આપણાં પોતાના બાળકો સમજીએ. જો બાળકો મારી દેખરેખ હેઠળ હોય તો હું તેમને તદ્ન નાના હોય ત્યારથી કંઈક બનાવવા, સર્જન કરવાનું શીખવું. કોઈ વસ્તુને તોડવાની ઈચ્છા કરવી તે ખોટું છે અને કાંઈપણ બનાવવું તે કલા છે એમ હું એ બાળકોને સમજાવું.'' ગાંધીજી નહોતા માનતા કે બાળકો જન્મથી જ સારા કે ખરાબ હોય છે, પણ હા અમુક વૃત્તિ હોઈ શકે જે બદલાવી શકાય છે. આપણે બાળકને જે શિક્ષણ આપીએ તે રચનાત્મક અને સર્જનાત્મક હોવું જોઈએ, વિનાશક નહિ. ગાંધીજીની આ વાત પરથી આપણે સમજી શકીએ છીએ કે બાળકોના મનને સકારાત્મક બનાવવા માટે શિક્ષકો તથા માતા–પિતાએ પણ સકારાત્મક બનવું પડે. એમના સ્વભાવને ચરિત્રનો પ્રભાવ બાળકો પર પડયા વિના નથી રહેતો. એમની વચ્ચે સ્નેહ અને વિ□ાસનો સંબંધ હોય તો સૌ સુખેથી જીવી શકે.

જાપાનમાં એક સંસ્થા છે જેનું નામ છે સોકાગાકાઈ ઈન્ટરનેશનલ. 'સોકા' એટલે 'મૂલ્યસર્જન' અને 'ગાકાઈ' એટલે 'સંસ્થા' એના અધ્યક્ષ કે જે ડૉ. પી. કે. રાવ છે તેમણે મૂલ્યશિક્ષણ કરતાં શિક્ષણના પાંચ મુખ્ય મુદ્દા જણાવ્યા છે.

(૧) શિક્ષણનો મુખ્ય હેતુ છે તે 'વિદ્યાર્થીને આજીવન સુખી બનાવવાનો.' The purpose of education is to make lifelong happiness for students.

(૨) જીવનમાં બધું જ એકબીજા સાથે જોડાયેલું છે તે વાતની સમજ અને શાણપણ આપવાની. Wisdom comes by understanding how everything in life is interrelated.

(૩) વિદ્યાર્થી પ્રત્યે અંતઃકરણપૂર્વક આદર જેથી એનામાં ભણવાની આંતરિક પ્રેરણા જાગે.

(૪) વિદ્યાર્થી વિ□ નાગરિક બને. (Learners should become global citizen.)

(૫) માનવતા પૂર્ણ શિક્ષણ. માનવતાસભર વ્યકિત જ માનવતાસભર વ્યકિતને તૈયાર કરી શકે છે. A truely humanistic person can raise only a truely humaristic person.

આવું શિક્ષણ આપતી સ્કૂલો વિશે વિકટર હયુગોએ કહ્યું છે કે, ''જે સ્કૂલ ખોલે છે, તે કારાગાર બંધ કરે છે. Those open the school, they shut the prisons.'' ઍમિટી સ્કૂલના બ્રોસરના પહેલાં પાના પર મેં વાચ્યું કે અહીં પણ શિક્ષણના ત્રણ મુખ્ય સ્તંભ છે; Parents, Pedagoues and People, who are sweating for the cause of people. Well sir, I agree with you 100%.

છેલ્લે એક વાત કહું કે સાફ હૃદયમાંથી નમ્રતાનો જન્મ થાય છે. નમ્રતામાંથી બીજાની વાત સાંભળવાની તત્પરતાનો જન્મ થાય છે. બીજાને સાંભળવાની તત્પરતામાંથી એકબીજાને સમજવાની ક્ષમતાનો જન્મ થાય છે અને એ ક્ષમતામાંથી શાંતિપ્રિય સમાજનો જન્મ થાય છે. શિક્ષણના માધ્યમથી અને જીવનમાં તેના આચરણથી આપણે આ વાત સમજીએ અને સુખથી જીવીએ. એ સુખને ચારે બાજુ પ્રસરાવીએ. ઍમિટી સ્કૂલની નિરંતર પ્રગતિ થાય, એની સુવર્ણજયંતીની ઉજવણીમાં પણ આપણે સૌ ભાગ લઈ શકીએ. આવતા ૨૫ વર્ષ આપણે આપણી ધગશ અને જુવાની ટકાવી રાખી શકીએ, તો કેવું સરસ ! ખૂબ ખૂબ અભિનંદન આપ સૌને અને મને શાંતિથી સાંભળી તે માટે ખૂબ ખૂબ આભાર.

## 'મૈત્રી-સેતુ' અંક-૫૬ના પ્રતિભાવ

❖ આપશ્રી દ્વારા પ્રેષિત 'મૈત્રી-સેતુ'ના પાંચ વિશેષાંકો અને 'કસ્તૂરબા'નું ચરિત્રલેખન પણ મળ્યું. આભાર. થોડાક લેખોનું નિરાંતે રસપાન કર્યું. પાને પાને શ્રદ્ધાભાવ રણકતો સંભળાય છે – દ્રશ્યમાન પણ થાય છે. વિદ્યાર્થીઓના ઘડતર અને ચણતરમાં આ અંકો ઉપયોગી બની રહેશે. સંપાદનકલા પણ સુંદર છે. અન્ય શાળા પરિવારો માટે ઉદ્દીપનનું કાર્ય કરે તેવો સત્વશીલ અને બળૂકો આ પ્રયાસ છે. આવા પ્રયાસો સતત પ્રજ્જવલિત બની રહો. તેવી અભિલાષા.

– ***મણિભાઈ પ્રજાપતિ***, *સંપાદક, સર્વ વિ□વિદ્યાલય-વૃત્ત, ગાંધીનગર*

# પૂર્વ સાથીઓનું સ્નેહમિલન તારીખ ૦૫/૦૯/૧૦ – શિક્ષકદિન

ઍમિટી શૈક્ષણિક સંકુલમાં શાળાની રજતજયંતી મહોત્સવના ઉપક્રમે પૂર્વસાથીઓનું સ્નેહમિલન અને મૈત્રી–સેતુ અંક : ૫૩નું વિમોચન શિક્ષકદિનના રોજ યોજાયું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ડૉ. નઝીર વોરા (પૂર્વ પ્રાચાર્ય, શ્રી આર. પી. અનડા બી.એડ્. કૉલેજ, બોરસદ) તથા અતિથિવિશેષ પદે ડૉ. શરદ પટેલ (પૂર્વ પ્રાધ્યાપક, શ્રી એન. એચ. પટેલ બી.એડ્. કૉલેજ, આણંદ) ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમનું સ્વાગત પ્રવચન શાળાના મુખ્ય ટ્રસ્ટી શ્રીમતી પ્રમેશ મહેતાએ રસપ્રદ શૈલીમાં કર્યું હતું. તેમની નીચેની પંકિતઓથી પૂર્વસાથીઓ ઝૂમી ઉઠયા હતા :

*न हम तुमे भूले... न तुम हमे भूल पाये ...*
*मगर लगता है, कुछ ऐसा ... हम साथ साथ चले...*

મૈત્રી–સેતુ અંક : ૫૩ પૂર્વ કર્મચારી વિશેષાંક 'न भूले हम... तुम न भूल पाये' વિમોચન મુખ્ય મહેમાન ડૉ. નઝીર વોરા તથા અતિથિવિશેષ ડૉ. શરદ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

પૂર્વસાથીઓને ઍમિટી શૈક્ષણિક સંકુલની વિકાસ યાત્રા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રણછોડભાઈએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્રથમ દિવસથી આજદિન સુધીની શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓનો ચિતાર આપ્યો હતો. આ જોતા પૂર્વસાથીઓને પોતાની સેવાના મીઠાં સંસ્મરણો વધુ તાજા બન્યા હતા. ઉપસ્થિત સર્વે પૂર્વસાથીઓને સ્મૃતિભેટ અપર્ણ કરી તેઓની આ સંસ્થામાં કરેલ સેવાઓની નોંધ લીધી હતી. કાર્યક્રમના મહેમાન ડૉ. નઝીર વોરા તથા ડૉ. શરદ પટેલે પોતાના વકતવ્યમાં શિક્ષકદિનનું મહત્વ સમજાવી પૂર્વસાથીઓના સ્નેહમિલન પ્રસંગે પધારેલ સર્વે ઍમિટીયનને શુભેચ્છા પાઠવી હતી.

આભારદર્શન કરતા શાળાના આચાર્યશ્રી પ્રકાશભાઈ મહેતાએ સર્વે પૂર્વસાથીઓને જણાવ્યું કે આજે આપ શાળામાં આવ્યા તે શાળા પ્રત્યેનો અનહદ પ્રેમ અને આદર દર્શાવે છે. આજની આ સવાર આપણા સૌ માટે અવિસ્મરણીય બની રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પૂર્વ શિક્ષક શ્રી ઊર્મિલભાઈ પંડયાએ કર્યુ હતું.

## 'મૈત્રી–સેતુ' અંક–૫૬ના પ્રતિભાવ

❖ મૈત્રી–સેતુ 'શુભેચ્છક વિશેષાંક' પ્રાપ્ત થયો. આભાર. 'સર્વે દિશાઓમાંથી શુભ વિચાર પ્રાપ્ત થાઓ'ની ભાવનાવાળાને શુભ વિચારો અવશ્ય પ્રાપ્ત થાય છે. આપના મનોરથો પાર પડયા છે. હજુ માણસ ઉગાડવાના તમારા તમામ પ્રયાસો પાર પડશે એમાં શંકા નથી. તમને એ દિશામાં સતત મથામણ કરતા રહેવાની પ્રભુ શકિત દે એ પ્રાર્થના. સમગ્ર શાળા પરિવારને અભિનંદન.

– **નર્મદ ત્રિવેદી**, મહેસાણા

# न भुलें हम... ...तुम न भुल पाये

– ***श्रीमती निधी पारीक***

*मैत्री एक महफिल है अनजानों के लिए,*
*मैत्री एक आईना है अरमानों के लिए,*
*मैत्री एक साहिल है तूफान के लिए,*
*मैत्री एक ख्याइश है आप जैसे मित्र को पाने के लिए ।*

शाला के बालमंदिर में प्रथम प्रवेश लेने वाले नन्हे शैलेश पटेल के निर्दोष हस्तों से 11 June 1986 के शुभदिन 'एमिटी' का जन्म हुआ । बाल्यावस्था सें किशोरावस्था में प्रवेश किया । आज 24 साल की एमिटी युवान जैसी बनी है । इस शुभअवसर पर रजत जयंती उत्सव में स्थापना काल से लेकर आजतक के सभी पूर्व साथी शिक्षकमित्रो और शुभचिंतको को शामिल करने का अवसर विविध प्रवृत्तियों के अंतर्गत तय हुआ । 13 June 2010 को रजत जयंती उद्घाटन समारोह गांधी डॉ. सुदर्शन आयंगर की उपस्थिति में भव्यता से सम्पन्न हुआ ।

अंकुर से लेकर वट वृक्ष बनने तक के सफर में शाला के साथ आत्मीय संबंध कायम रखने वाले नजदीकी साथियों को शामिल किया गया ।

5 September - 2010 को पूर्व साथी मिलन कार्यक्रम 'न भूले हम, तुम न भूल पाये' का आयोजन हुआ ।

पूर्व साथी अपने विचारों की सच्चाई एवं अनुभवों की वास्तविकता समाज़ के समक्ष रखें, इस मकसद से शाला की पत्रिका 'मैत्री–सेतु' में 'पूर्व कर्मचारी विशेषांक' प्रकाशित करने का विचार अंकुरित हुआ ।

प्रथम चरण में पूर्व साथियों को शाला के मेनेजिंग ट्रस्टीश्री रणछोड़ शाह द्वारा लिखित पत्र भेज़ा गया जिसमें मैत्री–सेतु के लिए उनके लेख और शिक्षक दिवस पर होने वाले मिलन समारोह में उपस्थित रहने के लिए निमंत्रण दिया गया । विश्लेषण संपर्क सूचक द्वारा उनके अनुभव लेख के रूप में मंगवाये । सुधार किया गया और 'मैत्री–सेतु' अंक 53 'पूर्व कर्मचारी विशेषांक' तैयार किया गया । कार्यक्रम की पूर्व तैयारी के अंतिम चरण में आमंत्रण पत्रिका भेजी गई जिसमें स्थल, दिन, समय और कार्यक्रम की पूरी रुपरेखा दी गई थी ।

कार्यक्रम की सम्पूर्ण जिम्मेदारी शाला के पूर्व शिक्षको को सोंप दी गई । शिक्षक दिवस के दिन सुबह से ही पूरा एमिटी परिवार कार्यक्रम की तैयारियों में जुटा हुआ था । रजिस्ट्रेशन स्थल पर पूर्व साथियों के आगमन को ध्यान में लिया गया । शिक्षक दिवस की पूर्व संध्या पर मूसलधार बारिश ने रुकावट बनने की नाकामयाब कोशिश की ।

**प्रार्थना :** पूर्व शिक्षक उर्मिल पंडया ने मातृ संस्था को वंदन करके श्री उमाशंकर जोशी के शताब्दि वर्ष गुजरात के स्वर्णिम वर्ष और एमिटी के रजत जयंती वर्ष का समन्वय करते हुए प्रार्थना के लिए पूर्व शिक्षक श्रीमती हेतल चाँदलिया को आमंत्रित किया, पूर्व संगीत शिक्षक श्री जावेद चारिया ने संगीत वादन करके उनका साथ दिया ।

**परिचय :** मुख्य मेहमान डॉ. नज़ीर वोरा (पूर्व प्राचार्य, श्री आर. पी. अनडा बी.एड्. कॉलेज,

बोरसद) का जीवन परिचय पूर्व शिक्षक श्री कमलेश शाह ने दिया । उनका पुष्पों से स्वागत एमिटी पी.टी.सी. और बी.एड्. कॉलेज के पूर्व डायरेक्टरश्री विजयसिंह घरिया ने किया । अतिथि विशेष डॉ. शरद पटेल (पूर्व प्राध्यापक, श्री एन. एच. पटेल बी.एड्. कॉलेज, आणंद) का विशेष परिचय पूर्व शिक्षकश्री भावेश राणा ने किया । उनका स्वागत पूर्व शिक्षक श्री हरेन्द्रसिंह सिंधा ने पुष्पगुच्छ से किया ।

**स्वागत प्रवचन :** शाला के प्रमुख ट्रष्टी आदरणीय श्रीमती प्रमेश मेहता ने पूर्व शिक्षक मित्रों का हंमेशा की तरह दुलार से स्वागत किया और पहली बार मंच पर से अपनी मधुर आवाज़ में –

*''न तुम हमें भूले,*
*ना हम तुम्हे भूले,*
*मगर कुछ हो ऐसा,*
*कि हम सब साथ हो चले''*

गाकर अपनी भावनाओं को व्यक्त किया और एमिटी की 24 वर्षो की यशोगाथा बताता "VoyAge Amity" को संक्षेप में बताया ।

**विमोचन :** शाला की मुख्य पत्रिका ''मैत्री–सेतु'' शिक्षण के साथ जुड़े हुए लोगों की पथदर्शक हैं । बालकों को अंबर देखकर उड़ने की कल्पना करवाने वाली मार्गदर्शिका है । ऐसी पत्रिका का 53वां अंक जो पूर्व साथियों के अनुभवों से तरबतर था उसका विमोचन सभी विशेष के करकमलों से करवाया गया । पूर्व साथियों को अपनी भावुक यादों को प्रस्तुत करने के लिए आमंत्रित किया गया ।

(०१) **श्रीमती नीरुबेन आहीर** – वे एक समाज सेविका है । जीवन के अड़तीस वर्षो में पहली बार आज़ शिक्षक दिवस पर पूर्व शिक्षकों को सम्मानित और प्रोत्साहित करता हुआ समारोह देखा । यह महान विचार और अनोखा कार्य एमिटी ही कर सकती है । उन्होंने अपने वक्तव्य में गांधीजी को याद किया । संस्था को नई ऊँचाइया दिलाने में सहायभूत हो सके ऐसी आशा व्यक्त की ।

(०२) **श्रीमती सीमा भट्ट** – किसी ने सही कहा है :

*जिन्दगी की सबसे मीठी याद आप हों,*
*महकते हुए फूलों की खूश्बू आप हों,*
*जिन्दगी में बहुत कुछ मिला,*
*उनमें से सबसे अलग और खास आप हों ।*

मित्र पाना संपूर्ण जीवन की उपलब्धि है और एमिटी ने मुझे उत्तम मित्र दिये । यहाँ पर कार्य करने का जज्बा कुछ और था । एमिटी एक प्रयोगशाला है जहाँ आपको तैरना न आते हुए भी तैराया जायेगा पर ख्याल जरुर रखा जायेगा कि आप डूबेगें कभी नहीं । एमिटी ने उनको अपनी युवावस्था वापस की । शाला के साथ कड़वाहट को मिठास में बदलने की पहल भी आज एमिटी ने ही की है ।

(०३) **श्री हरेन्द्रसिंह सिंधा** – उन्होने स्वीकार किया कि शाला से दुःखी मन के साथ अलग हुए, फिर अपनी भूल समझ में आई पर माफी मांगने का सुअवसर उन्हे एमिटी ने दिया, जो व्यक्ति के जीवन में बडे भाग्य से ही आपाता है । स्वर्गीय श्रीमती शैला वैद्य को याद करते हुए उन्होने बताया कि जब एमिटी का निर्माण कार्य चल रहा था, बहुत सारी इंटे इस काम के लिए लाई गई थी । बहुत सारी इंटो को पानी पिलाने की जिम्मेदारी उन्हें सोंपी गई, तो उन्हे उस समय जरा भी अच्छा नहीं लगा उसका

कारण यह था कि वे यहाँ पढ़ाने के लिए नियुक्त किये गये थे । पर 23 साल बाद उन्हे गर्व है कि जिस एमिटी का आज़ विशाल स्वरूप है उसकी नींव में उनकी पानी पिलाई गई इंटे मौजूद है । चाहें वे कहीं भी रहें एमिटी की नींव तो मजबूत बन गई । आदरणीय श्रीमती प्रमेश मेहता और स्व. शैला वैद्य के मशवरे याद है कि 'जल्दी मत करो, शान्ति से काम करो' वगैरह उस समय के आचयं से सीखे हुए नुसखे वो आज अपनी शाला में अमल में लाते है । ऐस सलाह भी दी कि यदि किसीको शिक्षक बनने की इच्छा हो तो उसकी शुरुआत एमिटी से कीजिये ।

(०४) **श्री उर्मिल पंडया** – विश्वास ही नहीं था की एमिटी में कार्य कर पाऊँगा । एक बार आचर्यश्री ने उन्हे निमंत्रण पत्र बनाने की जिम्मेदारी दी । आज उन्हें उसका कारण बखूबी समझ में आता है । एमिटी में जब कभी हम अच्छा काम करते हैं हमारी प्रशंसा होती है और अगर वो डांट के साथ मिले तो हमें उसे स्वीकार करने में कोई हर्ज नहीं होना चाहिए । आजीवन विद्यार्थी बने रहने की प्रेरणा एमिटी ने ही उन्हें दी है ।

(०५) **श्रीमती दीना पटेल** – एमिटी का नाता इतना मजबूत है कि न चाहते हुए भी पाँव इस राह पर चल पड़ते हैं । एमिटी ने मुझमें पढ़ने की आदत डाली । सच्चा जीवन जीने की कला एमिटी से सिखी है । इस शाला के साथ कार्यजीवन एक यादगार बना रहेगा ।

(०६) **श्रीमती अपालिका पनवर** –

*जिन्दगीभर साथ हम देंगे,*
*गिरने लगोगे तो हाथ हम देंगे,*
*एमिटी के रिश्ते को कमज़ोर मत समझना,*
*इसको बनाये रखने के लिए,*
*हर इम्तिहान हम देंगे ।*

जिन्दगी के जोरदार ज्वार भाटे के समय एमिटी ने अटल खड़े होकर मेरा साथ दिया । सहारा देकर जिन्दगी फिर से जीने की हिम्मत दी । हादसे (पति की मृत्यु) से टूट गई थी । एमिटी ने मुझे मकसद दिया । आदरणीय श्रीमती प्रमेश मेहता, किनाक्षी राज हररोज मेरे घर मुझे लेने आते जिससे मेरी झिझक खुली, मेरा हौसला बढ़ा । प्रार्थना सभा में एक गीत गाया करती थी वह गीत आज भी, जहाँ कहीं पर भी सुनती हूँ तब मुझे एमिटी की ही याद आ जाती हैं ।

*''तू प्यार का सागर है,*
*तेरी इक बूंद के प्यासे हम,*
*लौटा जो दिया तुने --- तो*
*कहाँ जायेगे हम ---''*

गाकर सब बुजुर्गो के प्रति अपार प्रेम और आदर जताया ।

(०७) **श्रीमती डोली झा** – साल भर के कार्यकाल के दौरान वह सब कुछ किया जो बारह साल के शैक्षणिक जीवन में कभी भी नहीं किया । पहली और आखिरी बार कविता लिखी और अभीनय भी किया । पढ़ने की आदत की शुरूआत यहाँ एमिटी से हुई । जितनी किताबें खुद नहीं खरीदी उतनी एमिटी ने उन्हे भेंट दी है, अलग-अलग मौकों पर । कभी जन्मदिन पर कभी प्रोत्साहन के रूप में

आज भी मेरे वो काम आती है । आदरणीय आचार्यश्री को आप के अंदर छुपे हुए हुनर को बाहर निकालना बखूबी आता है । मेरा निवेदन है कि वो जो भी कहते हैं उसका अनुशरण करे ।

(०८) **श्रीमती मुग्धा** – अरसे के बाद मायके आये है । आदरणीय आचार्यश्री के शब्द आज भी याद करती हूँ और उसका अनुशरण भी करती हूँ कि 'जो सवेरे जल्दी उठकर चलने की आदत डाल लेते हैं उन्हे दुपहर की धूप नहीं सहनी पड़ती' मौका देने के लिए धन्यवाद दिया ।

(०९) **श्रीमती प्रिया शाह** – एमिटी की मैं विद्यार्थी और शिक्षिका भी थी । आज अहमदाबाद की एक पाठशाला में शिक्षिका हूँ । यहाँ एक साल सेवा दी । वह अनुभव मुझे मेरी दूसरी नौकरी पाने में लाभदायक साबित हुआ । इसका श्रेय एमिटी को ही जाता है, वहाँ के प्राध्यापक ने प्रभावित होकर एमिटी भरुच की मुलाकात भी की ।

(१०) **श्री भावेश राणा** – कार्य के दौरान 'काव्य मेले' का अनुभव अद्‌भूत था । काव्य लिखना आता नहीं था पर काव्य कैसे लिखते हैं, यह दूसरों को सिखा डाला । यह एमिटी का शिक्षिको को तैयार करने का तरीका है, धन्यवाद दिया कि एमिटी ने उनके व्यवसाय की नींव पक्की कर दी । एमिटी को भूल नहीं पाये हैं ।

(११) **श्रीमती कल्पना उपाध्याय** – शाला की सर्व प्रथम 'रिशेप्शनीष्ट' बनने का सौभाग्य मुझे प्राप्त हुआ । यहाँ पर सीखा है कि असंभव को भी संभव किया जाता है । संघर्ष के साथ जीवन जीने की हिम्मत यहाँ से पाई । आत्मविश्वास और बल दोनों एमिटी से ही मुझे मिला है ।

(१२) **श्रीमती हेमलता पटेल** – एमिटी में एक दशक कार्य किया आदरणीय प्रमेश मेहता स्वर्गीय शैला वैद्य पढ़ने के लिए रोज़ परोसते थे । पढ़ने की आदत स्वभाव बन गई । गुजराती और संस्कृत उनके मुख्य विषय थे पर सामाजिक विज्ञान उन्हे एमिटी ने सिखाया ।

(१३) **आदरणीय श्रीमान रणछोड शाह** –

*कीमत पानी की नहीं, प्यास की होती है,*
*कीमत मृत्यु की नहीं, श्‍वास की होती है,*
*सम्बंध तो अनेक हैं जीवन में पर*
*कीमत सम्बंध की नहीं ---*
*उसके उपर रखे हुए विश्‍वास की होती है ।*

शाला के मेनेजिंग ट्रष्टी आदरणीय श्रीमान रणछोड शाह ने डॉ. नजीर वोरा, डॉ. शरद पटेल, रैमण्डस के श्री कन्तुभाई और आमंत्रित मेहमानों का शाब्दिक स्वागत किया । एमिटी के सर्वप्रथम आचार्य श्रीमती धर्मिष्ठाबेन को उन्होंने पुष्प देकर प्रणाम किया और उनके महत्वपूर्ण योगदान के लिए आभार प्रकट किया ।

आदरणीय श्रीमान रणछोड शाह ने स्थापना दिन से लेकर आजतक की यात्रा चलचित्र द्वारा सबको समझाई और बताया कि शाला शुरू करने का एकमात्र स्वप्न जैसा विचार कहाँ से और कब आया पता नहीं पर सही अर्थ में शाला को सार्थक बनाने का श्रेय शाला के साथ जुड़े मित्रों को जाता है । उन सब के प्रति उन्होने कृतज्ञता की भावना प्रकट की ।

शाला के आरंभिक अस्तित्व के समय से श्रीमती धर्मिष्ठाबेन, श्री प्रवीण राज, स्वर्गीय श्रीमती शैला

वैद्य ने अपनी स्थाई नौकरी छोड़कर उन पर भरोसा किया और उसी भरोसे की वज़ह से एमिटी आज यहाँ तक पहुँची है । मैत्री–सेतु अंक 53 का सुन्दर नामकरण 'न भूलें हम --- तुम न भूल पाये ---'के लिए श्रीमान ऋषि दवे का आभार प्रकट किया ।

उन्होने उपस्थित शिक्षकों को बताया कि पृथ्वी को देखने के लिए चाँद पर जाकर पृथ्वी देखने से सच्चाई मालूम होगी । काम काज के तरीके को लेकर हमारे विचार अलग हो सकते हैं । एक जुट होकर निर्णय लेना होगा । व्यवस्थापक को सब के हित में काम करना पड़ता हैं । एमिटी का अस्तित्व शिक्षकों के लिए, शिक्षकों के द्वारा और शिक्षकों से ही है । वफादारी किसी व्यक्ति के प्रति नही बल्कि संस्था के प्रति जरूर बनाये रखना । आप सदा एमिटीयन रहेगें शाला में अनौपचारिक रूप से आते रहने का निमंत्रण दिया । पूर्व शिक्षको को ऋण स्वीकार पत्र, स्मृतिचिन्ह् और पुस्तक 'विश्व शान्ति नो गुरू किल्ली' डॉ. शरद पटेल, डॉ. नजीर वोरा, श्रीमती धर्मिष्ठा वीन, श्री प्रकाश मेहता, श्रीमती प्रमेश मेहता, श्रीमती संगीता शाह, श्री विजयसिंह घरिया, डॉ. हमीदा वोरा, श्रीमान वैद्य, श्री प्रवीण राज, श्रीमती रीना तिवारी, श्रीमान रणछोड शाह, श्री कन्तुभाई और श्री अमरीशभाई के हस्तो से अर्पण करवा कर अपना प्यार और दुलार जताया ।

(१४) **डॉ. शरद पटेल** – डॉ. शरद पटेल ने अपने वक्तव्य में पूर्व शिक्षकों को सम्मानित करने के प्रसंग और विचार दोनों को सराहा । कार्यक्रम में शामिल होने के लिए आभार व्यक्त किया, एक शिक्षक का व्यवसाय ही है जिसमें हमें संतृष्टि मिलती हैं और दुसरों के जीवन में प्रकाश फेलाता हैं । शिक्षक को पढ़ने का और विद्यार्थी को पढ़ने का मन हो । एसे कक्षा में वातावरण बनाना चाहिए । शिक्षक ज्ञान का दीपक बने, अपने ज्ञान में निरंतर बढ़ोतरी करता जाये और सब को बांटता जाये, यह अतिआवश्यक है । शिक्षक याद रखे कि हम विद्यार्थी के प्रथम माता–पिता है । बालक बचपन से ही शिक्षक को अपना आदर्श मानता है इस विश्वास की पवित्रता को कायम रखा जाना जरूरी है । उन्होंने एक कहानी सुनाई कि युद्ध पर जाते समय अरस्तु ने गर्व से कहा कि अगर अरस्तु जैसे शिक्षक होगें तो फिर से कई सिकंदर पैदा होगे ।

(१५) **डॉ. नजीर वोरा** – उन्होंने डॉ. राधाकृष्णन् को याद किया उन्होंने अपने नाम के साथ सर्वपल्ली लगाकर अपने साथ अपने गाँव को भी प्रख्यात किया । मैत्री–सेतु में जिन्होंने योगदान दिया उनकी सराहना की ।

**आभार :** अंतिम चरण में आचार्यश्री प्रकाश मेहताने सबके प्रति आभार प्रकट किया । डॉ. नजीर वोरा को स्मृतिचिन्ह् श्रीमती नीरुबेन आहीर और डॉ. शरद पटेल को स्मृतिचिन्ह् श्रीमती हेमलता ने दिया । रजत जयंती के प्रसंगो की भावी योजनाओ की रूपरेखा दी । सभी पूर्व शिक्षकों ने एक यादगार चित्र खिंचवाया । सभीने स्वरुची भोजन साथ में किया और मीठी यादों के साथ विदा ली और एक यादगार पल सभी के लिए बन गया यह शिक्षक दिवस ।

*मैत्री तो सिर्फ एक इतिफाक है*
*ये तो दिलो की मुलाकात है*
*मैत्री नहीं देखती ये दिन है कि रात है*
*इसमें तो सिर्फ वफादारी और जजबात है ।*

# શિક્ષણ પર્વની અનોખી ઉજવણી

**– ડૉ. શરદ પટેલ, પૂર્વ પ્રાધ્યાપક, એમ.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ**

*(રજતજયંતી મહોત્સવને અનુલક્ષીને યોજાયેલ 'પૂર્વ કર્મચારી સ્નેહમિલન' સમારંભના મુખ્ય મહેમાન ડૉ. શરદ પટેલના અનુભવો)*

ભરૂચમાં આવેલી ઍમિટી સ્કૂલ અનોખી સ્કૂલ છે. ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમ સાથે કે.જી.થી ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ ધરાવતી સ્કૂલમાં લગભગ ૩૦૦૦ વિદ્યાર્થીઓ તેમના જીવન ઘડતરનું ભાથું મેળવે છે.

૧૯૮૬માં કે.જી.થી ધો.૩ સુધીના વર્ગથી શરૂ થયેલી સ્કૂલ, આ વર્ષ તેનું રજતજયંતી વર્ષ ઉજવી રહી છે. આ સ્કૂલ તેના અનેકવિધ અનેરા શિક્ષણ પ્રયોગથી જાણીતી છે. તમે જયારે આ સ્કૂલની મુલાકાત લો 'હર વખત કંઈક નવીનતા પામો.' નાનામાં નાના કર્મચારીથી માંડીને આચાર્ય સુધી અને શિક્ષણવિદ્ તેમના ટ્રસ્ટીશ્રી રણછોડભાઈ સતત કંઈકને કંઈક સંસ્થા માટે તેના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે મથતા જ હોય. આ સંસ્થા મારી છે એવો અહોભાવ બધા જ કર્મચારી અનુભવે છે ને સંસ્થા માટે કામ કરવા ખડે પગે તત્પર રહે છે. તે શાળાનું અત્યંત ઉજળું અને સબળ પાસુ છે.

કોઈપણ બાબત હોય, પ્રસંગ હોય તેને શૈક્ષણિક દષ્ટિથી જોવો, તપાસવો, ચકાસવોને નૂતન વિચારધારાને અમલમાં મૂકી પ્રસંગને અનુરૂપ કાર્યક્રમો ઘડવા તે ઍમિટીની નેમ છે.

હંમેશા બાળકોના સર્વાંગી વિકાસની ચિંતા કરવામાં આવે છે અને આ માટે ગમે તેટલો ખર્ચ થાય તેની ચિંતા નહીં પણ પ્રવૃત્તિ દ્વારા બાળક શીખે, જાતે કામ કરીને પોતાની શકિતનો ઉપયોગ કરે, વિકાસ કરે તેનું સતત ધ્યાન રાખવામાં આવે છે.

સંસ્થાને પોતાનું સામયિક 'મૈત્રી–સેતુ' નિયમિત રીતે પ્રકાશિત થાય છે જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની અભિવ્યકિત વ્યકત થાય છે ને તે દ્વારા સંસ્થાની અનેક પ્રવૃત્તિઓનો ખ્યાલ વિદ્યાર્થીઓને, શિક્ષકોને, વાલીઓને, શિક્ષણજગત સાથે સંકળાયેલા વિશાળ શુભેચ્છકોને માહિતગાર કરવામાં આવે છે.

૫મી સપ્ટેમ્બર શિક્ષકદિનની ઉજવણી શાળાઓને કોલેજોમાં થતી હોય છે. આ અંગે ઍમિટીએ શિક્ષકદિનની ઉજવણી કરવાનું આયોજન કર્યું. ૫મી સપ્ટેમ્બર ૨૦૧૦ પણ કંઈક નવીનતા સભર ઉજવણી કરવી તેમ નક્કી થયું. શું નવીન કરવું ? ચિંતન, મનન ને મંથન કર્યું.

'ટીમ ઍમિટી'એ વિચાર્યું કે આ દિવસે સંસ્થાના પૂર્વ સાથીમિત્રોનો મિલન સમારંભ યોજવો. જેથી પૂર્વ તથા વર્તમાન શિક્ષકો ભેગા મળી શકે. ચર્ચાઓ થાય, વિચારો અને અનુભવોની આપલે થાય.

આ અંગે સૌ પ્રથમ તેમને ૫મી સપ્ટેમ્બર – ૨૦૧૦ના શાળા સામયિક 'મૈત્રી–સેતુ'નો અંક ..... તૈયાર કર્યો. જેનું શીર્ષક હતું – પૂર્વસાથી વિશેષાંક.

*न भूले हम....*

*....तुम न भूल पाए ।*

અર્થાત્ પૂર્વ કર્મચારીઓના આ સંસ્થાના અનુભવોને વાચા આપતો અંક તૈયાર કરવાનું નક્કી કર્યું. ૧૯૮૬થી આ સંસ્થામાં શિક્ષક તરીકે જોડાયા ને પછી આગળ અભ્યાસ માટે, વતન નજીક જવા, કૌટુંબિક કારણોસર કે શિક્ષકમાંથી આચાર્ય થવા... આવા જુદાજુદા કારણોસર કેટલા શિક્ષકો ઍમિટીમાંથી છૂટા

થયા. કેટલાક અન્ય સંસ્થાઓમાં જોડાયા.

૨૫ વર્ષના ગાળામાં જે કંઈ શિક્ષકો સંસ્થાને પ્રાપ્ત થયા હતા તે તમામને યાદ કર્યા. પત્રો લખ્યા. મૈત્રી–સેતુ અંક માટે તેઓના અનુભવો વર્ણન કરતા લેખ લખવાનું આમંત્રણ આપ્યું. તેનો વિશિષ્ટ અંક બન્યો.

આ અંક વાંચો એટલે ઍમિટી સ્કૂલને તલસ્પર્શી રીતે જાણી શકીએ. મુકત મને શિક્ષકોએ પોતાની અનુભવ સિદ્ધ વાતો લખી છે. પૂર્વ શિક્ષકોના આલેખનથી તેમના પ્રત્યેની લાગણી, ભાવ, નિષ્ઠાનો ખ્યાલ આવે છે એટલું જ નહીં. આ શિક્ષકોમાં રહેલું શિક્ષકતત્વને જાણી શકાય છે.

આ વિશિષ્ટ અંકને તૈયાર કરીને ૫મી સપ્ટેમ્બર – ૨૦૧૦ના રોજ તેનું વિમોચન સમારંભ ગોઠવ્યો. આ પ્રસંગે સંસ્થાના વર્તમાન શિક્ષકો, પૂર્વ શિક્ષકો, અન્ય સંસ્થાના શિક્ષકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું. સમારંભના અતિથિવિશેષ તરીકે ડૉ. નજીરભાઈ એ. વહોરા (પૂર્વ આચાર્ય, બોરસદ બી.એડ્ કોલેજ) અને ડૉ. શરદભાઈ કે. પટેલ (પૂર્વ પ્રાધ્યાપક, એન.એચ.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, આણંદ) ઉપસ્થિત રહ્યા.

વિમોચન મહાનુભાવોને હસ્તે કરવામાં આવ્યું. લગભગ ૧૦૦થી ૧૫૦ શિક્ષકો માટે યોજાયેલા આ કાર્યક્રમમાં પૂર્વ શિક્ષકોએ પોતાના અનુભવો રજૂ કર્યા ને ઍમિટી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષકોનું ઘડતર પણ કરે છે તેની પ્રતીતિ થઈ. અતિથિ વિશેષશ્રીઓએ શિક્ષણ જગતના પોતાના અનુભવો વ્યકત કર્યા.

લગભગ અઢી કલાકના આ સમગ્ર કાર્યક્રમમાં અનેરો આનંદ ઉલ્લાસ જોવા મળ્યો. પૂર્વ શિક્ષકો સાથે વર્તમાન શિક્ષકોનું મિલનને વાર્તાલાપ કંઈક જુદી જ ભાત પાડતા હતા.

યાદગાર પ્રસંગ હતો, શિક્ષકોનો પ્રસંગ હતો, શિક્ષકદિન હતો ને ફકત શિક્ષકો માટે યોજાયેલો. આ પ્રસંગ એક સમૂહ તસ્વીર દ્વારા ચિરંજીવી બનાવવામાં આવ્યો.

ખુશનુમા વાતાવરણમાં હળવાશના મુડમાં ને શિક્ષણની વાતો વાગોળતાં સમુહ ભોજનની મજા માણી. શિક્ષક દિન આ રીતે પણ ઉજવી શકાય તે ઍમિટી સિવાય બીજું કોણ વિચારે !

ઍમિટી પરિવારને ખૂબ ખૂબ ધન્યવાદ !

## 'મૈત્રી–સેતુ' અંક–૫૬ના પ્રતિભાવ

❖ આપના તરફથી આજરોજ આંગડીયા મારફત શુભેચ્છક સમારંભના ત્રણ ફોટોગ્રાફસ અને આભારપત્ર મળ્યો. આનંદ થયો. ઍમિટી શૈક્ષણિક સંકુલ દિનપ્રતિદિન શિક્ષણક્ષેત્રે વિકસતુ રહે અને નવીન પ્રાયોગિક કાર્યો દ્વારા નવા પ્રવાહોનું સૌ શિક્ષણ સંસ્થાઓને માર્ગદર્શન મળે તેવી મારી અંતરની શુભેચ્છાઓ. સમારંભમાં ખૂબ મજા આવી અને આનંદ થયો.

– **શ્રી જયંત શુકલ**, બાલમૂર્તિ, વડોદરા


Joyously Celebrating 25th Foundation day of Amity School
AMITY
25th HAPPY
BIRTH DAY
Dt. 11th June, 2010


Inauguration of Silver Jubilee 2010-2011
Dr. Varsha Das
Dr. Sudarshan Ayengar
Dt. 13th June, 2010



Dt. 15th Sept., 2010

Sharing of potrait of Indian Personalities.

Dandi Yatra by Amitian



Sajod

Dt. 1st Oct., 2010



Dt. 29th Sept., 2010

Samni

Dt. 29th Sept., 2010




Maths Lab Inauguration, Guest : Mr. A. K. Virani

Dt. 27th Oct., 2010

# ભારત વિભૂતિ તસ્વીર અર્પણ સમારોહ

*(ઍમિટી શાળાના રજતજયંતી વર્ષ દરમિયાન સામાજિક જવાબદારીના ભાગરૂપે ભરૂચ જિલ્લાની શાળાઓ, સરકારી કચેરીઓ તથા જાહેર સંસ્થાઓમાં ભારતના સુપ્રસિદ્ધ સ્વાતંત્ર્ય સેનાનીઓ, વૈજ્ઞાનિકો, રમતવીરો, સાહિત્યકારો તથા તત્ત્વચિંતકો વગેરેના વિખ્યાત ચિત્રકાર વી.એન. ઑ'ક દ્વારા નિર્મિત ચિત્ર સંપુટ સ્મૃતિભેટ રૂપે અર્પણ કરાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોના વકતવ્યો નીચે પ્રમાણે હતા.)*

**અતિથિ વિશેષશ્રી નિખિલેશ ઉપાધ્યાય(નાયબ માહિતી નિયામક, ભરૂચ)નું વકતવ્યઃ–**

આ કાર્યક્રમનું મહત્વ આપણે અત્યારે તસ્વીર આપી છે. એટલેથી પૂરું થતું નથી. એક સામાન્ય નાનકડી તસ્વીર આપણને અનેક ગ્રંથો જેટલી પ્રેરણા આપી જતી હોય. આપણે ગાંધીજીની તસ્વીરના દર્શન કરીએ તો આપણને એમ થાય કે આપણે ધન્ય થઈ ગયા. આ ખૂબ સારી શરૂઆત છે. માનનીય મુ. સનતભાઈ મહેતાનો આ વિચાર અમલમાં મૂકયો અને અનેક સંસ્થાઓ સુધી સંદેશો પહોંચાડયો એ માટે સંસ્થાને ધન્યવાદ પાઠવું છું.

અમરેલી જિલ્લાના એક ઘરના મુખ્ય પ્રવેશદ્વાર આગળ એક શિક્ષકની પ્રતિમા મૂકવામાં આવી છે. અમે એ ગામમાં ગયેલા ત્યારે પૂછયું હતું કે આ કોઈ નેતા છે? પરિચય આપો તો સારું. તો ગામવાળાઓએ કહ્યું, ''એ શિક્ષક હતા. એમના સમયગાળા દરમિયાન અમારા ગામની શાળામાં ઓછામાં ઓછા બાર જેટલા વિદ્યાર્થીઓ ડૉકટર થયા. કેટલાક વિદ્યાર્થીઓ એન્જિનીયર થયા તો કેટલાક વિદેશ પણ ગયા.'' શિક્ષકે જે સમય ગામને આપ્યો છે તો એ કેટલી તપસ્યા કરી હશે ! શિક્ષણનો વ્યવસાય પવિત્ર વ્યવસાય છે, આદર્શ વ્યવસાય છે.

આ શાળાને ૨૫ વર્ષ એટલે કે રજતજયંતીનું વર્ષ ઊજવી રહી છે. આવા વ્યાપક પ્રચારવાળા અને પ્રેરણા આપે એવા કાર્યક્રમો થવા જરૂરી છે. આપ સૌને અભિનંદન.

**ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બી. એન. રાજગોરસાહેબનું વકતવ્ય :–**

સૌ પ્રથમ રજતજયંતી પ્રસંગે સમગ્ર ઍમિટી પરિવારને ખૂબખૂબ શુભકામનાઓ અને હાર્દિક અભિનંદન. જયારે ભરૂચ જિલ્લાની સારી શૈક્ષણિક સંસ્થાઓની વાત થાય ત્યારે હંમેશા ઍમિટીનું નામ એમાં હોય જ કે જેમાં ફકત શિક્ષણની વાતો જ નહીં, ફકત શૈક્ષણિક કાર્ય જ નહીં, પરંતુ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પણ એટલી જ પૂરજોશમાં ચાલતી હોય અને વિદ્યાર્થીઓનું સાચા અર્થમાં ઘડતર કરવાનું જે કામ થતું હોય છે, એવી પ્રવૃત્તિઓ આ શાળામાં હંમેશા ચાલતી જ હોય છે. શાળાની પ્રવૃત્તિઓની માહિતી મૈત્રીસેતુ દ્વારા પણ અમને મળતી રહે છે. અવરનવર શ્રી રણછોડભાઈ, પ્રકાશભાઈ સાથે પણ મળવાનું થાય છે ત્યારે પણ માહિતી મળતી રહે છે. ઘણા બધાં કાર્યક્રમોમાં સહભાગી થવાનું પણ બનતું રહે છે. રાજય સરકારના ઘણા કાર્યક્રમોમાં સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવાની થાય ત્યારે આ શાળા અમારી ઓફિસના માત્ર એક ફોનથી સહકાર આપવા તૈયાર હોય છે. માનનીય મુખ્યમંત્રીના 'ગરીબ કલ્યાણ મેળા'નું આયોજન થયેલું. એ વખતે આગલા જ દિવસે મને કલેકટરશ્રી દ્વારા સૂચના મળી કે આપણે માનનીય મુખ્યમંત્રીશ્રીના

સ્વાગત માટે આપની દીકરીઓની જરૂર છે જે કળશ માથે મૂકીને શ્રીફળ મૂકીને ઊભી રહે. તો આગલા દિવસે મેં સાંજે લગભગ ચાર–પાંચ વાગ્યે પ્રકાશભાઈને ફોન કર્યો કે પ્રકાશભાઈ આવતીકાલે આ કાર્યક્રમ કરવાનો છે અને એમાં આપણી ભરૂચ જિલ્લાની શિક્ષણજગતની ઈજ્જતનો સવાલ છે. આપણું સારું દેખાય એવું આપણે કરવા માંગીએ છીએ. તો પ્રકાશભાઈ કહે સાહેબ વાંધો નહીં, ચિંતા નહીં કરો, થઈ જશે અને બીજા દિવસે સમયસર એ કળશ અને શ્રીફળ સાથે દીકરીઓ હાજર હતી અને મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ખૂબ સુંદર કાર્યક્રમ થયો તેમાં પણ સૌ યશના ભાગીદાર થયા. આવા તો અનેક કાર્યક્રમોમાં આ શાળા સાથ અને સહકાર આપતી રહે છે એ બદલ અત્રે આ તબક્કે હું આભારની લાગણી વ્યકત કરું છું.

ખાસ કરીને આજનો જે કાર્યક્રમ છે કે આ દેશ – આ દેશને બનાવનારા, આ દેશનો જેણે સાચા અર્થમાં, જે વિ□ કક્ષાએ લઈ ગયા છે એવા આપણા દેશના મહાપુરુષો – મહાન વિભૂતિઓ, એમનો પરિચય આપણા દેશનું ભાવિ જેમના હાથમાં છે એવા બાળકોને જ ન હોય તો આપણા દેશનું ભાવિ કેટલું સલામત હોય શકે એ આપણે વિચાર કરવાની જરૂરિયાત છે. શિક્ષકમિત્રો, ખાસ ધ્યાન રાખો કે આ તસ્વીરો શાળામાં પહોંચે એટલું પૂરતું નથી. આપણે વિદ્યાર્થીઓને શીખવવાનું છે અને જાણકારી આપવાની છે કે Who were they? તેઓ કોણ હતા? આ મહાપુરુષોએ દેશ માટે શું કર્યું છે? એમણે દુનિયાને શું આપ્યું છે ?એકેએકનો જો ઈતિહાસ કહેવા માંડીએ તો વર્ષોના વર્ષો વીતી જાય. એટલો મોટો ઈતિહાસ દરેક મહાપુરુષો પાસે છે. આ દેશની જે સંસ્કૃતિ છે, જે વારસો છે એનું જતન કરવાની જવાબદારી પણ એક શિક્ષક તરીકેની આપણી છે એમાં પણ આપણે ઊણા ન ઊતરીએ એ પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે. આજે આપણે બાળકોને અક્ષરજ્ઞાન તો આપીએ છીએ, સાથેસાથે એનામાં સંસ્કારોનું પણ સિંચન કરવું જોઈએ. એ પણ એટલું જ જરૂરી છે. આજે મૂલ્યલક્ષી શિક્ષણની જરૂરિયાત છે. મૂલ્યનું શિક્ષણ એ હંમેશા ઉદાહરણ દ્વારા આપી શકાય. કોઈપણ વિદ્યાર્થી ઉપર એના માતા–પિતા પછી જો કોઈ સૌથી વધારે પ્રભાવ હોય તો એ શિક્ષકનો હોય છે, એના ગુરુજનોનો હોય છે. જે કોઈ ગુરુજીએ એનું સાચા અર્થમાં ઘડતર કર્યું છે એવા ગુરુજીને તે કયારેય ભૂલી શકતો નથી.

આપણામાં શિક્ષણનો જીવ સદાય જાગૃત રહેવો જોઈએ. હું મારી પોતાની જ વાત કરું. શિક્ષકમાંથી શિક્ષણાધિકારી બન્યો. પણ મારામાં અધિકારીનો ભાવ કયારેય જાગૃત ન થાય એ માટે સતત પ્રયત્નશીલ રહું છું. અને જયારે આ હોદ્દો મેં સ્વીકાર્યો ત્યારે મેં ભગવાનને પ્રાર્થના કરેલી – 'હે, પરમકૃપાળુ પરમાત્મા, મારામાં રહેલા શિક્ષકને કયારેય મરવા નહીં દેતો, અને કયારેય ખોટા માર્ગે જાઉં નહીં. અને સાચી નીતિથી શિક્ષણના જીવો સાથે મળીને શિક્ષણની પ્રગતિનું કામ કરું અને જે પણ જિલ્લામાં જાઉં ત્યાં આગળ ગુણવત્તા સુધારવાનું કામ સારી રીતે થાય, શિક્ષકમિત્રો પોતાની ફરજ સારી રીતે બજાવે અને વિદ્યાર્થીઓ પ્રગતિના સોપાનો સર કરે એવા કામ હું સારી રીતે કરી શકું એવી મને શકિત આપજે. એવી પ્રાર્થના હરહંમેશાને માટે મારી ફળી છે.' આદરણીય મનસુખભાઈ જેવા, જે સાચા અર્થમાં કેળવણીકાર કહી શકાય એવા વકતા આજે અહીં ઉપસ્થિત હોય ત્યારે મારે ઓફિસનું ઘણું બધું કામ પેન્ડિંગમાં હોવા છતાં પણ એમને સાંભળવા તે માટે જ રોકાયો છું. સૌને અભિનંદન.

**મુખ્ય વકતાશ્રી મનસુખભાઈ સલ્લા(કેળવણીકાર, અમદાવાદ)નું વકતવ્યઃ–**

કોઈપણ જિલ્લાવિશેનો મારો ખ્યાલ આવો છે કે ત્રણ ઉત્તમ માણસ હોય તો જિલ્લો સારો. એક સારા કલેકટર, ડી.એસ.પી. અને ડી.ઈ.ઓ. આ જો ત્રણ ઉત્તમ હોય તો એ જિલ્લો ઉત્તમ. એ બહુ જ નિર્ણાયક જગ્યાઓ છે અને એના એક અગ્રણી માનનીય શ્રી રાજગોર સાહેબ જે અહીંયા ઉપસ્થિત છે એનો બહુજ આનંદ છે.

બહુ જ જાણીતી ઉકિત છે કે 'યોજકો જ દુર્લભ હોય છે.' બહેનો બહુ ઝાઝી સંખ્યામાં બેઠા છે એટલે કહું કે રસોઈની સામગ્રી તો બધી હોય પણ એ સામગ્રીમાંથી રસોઈ બનાવનાર કોઈ જોઈએ છે. એ યોજક છે. એ બધાને જ સરસ રૂપ આપે છે. બધા જ ચિત્રો બી. એન. ઓક નામના ભારતના એક મહાન વિખ્યાત ચિત્રકારના છે. જરાક વિચારીએ તો મનુષ્યેતર કોઈ પશુ, પ્રાણી, જીવજંતુ શાળામાં જતા નથી. માત્ર મનુષ્યો જ શાળામાં જાય છે. ગાયનું બચ્ચું જન્મ્યું અને ખાતા શીખી જાય છે, ચાલતા શીખી જાય છે. મનુષ્ય માત્ર શરીર નથી. આ પંચેન્દ્રિયથી બનેલું એવું એક શરીર નથી, એક જંતુ નથી. પણ આ કક્ષાએ જે વિકસી શકે છે, આ કક્ષાએ જેનો આંતર બાહ્ય વિકાસ થઈ શકે, આ કક્ષાએ જે મનુષ્યો જીવનને નવું રૂપ આપી શકે, નવો ઘાટ આપી શકે, નવી આશા જન્મવી શકે, નવા સપના આપી શકે એ શકયતા માત્ર મનુષ્યમાં જ છે.

ઉત્તમ વિકાસનું સૌથી પહેલું કામ કુટુંબ કરે છે. હું સૌથી પહેલી ઉત્તમ શાળા કુટુંબને જ ગણું છું. છોકરા તો જાતે મોટા થઈ જાય અથવા તો કામવાળા પાસે મોટા થાય એ ભયંકર ભૂલ કરે છે. મા–બાપ સૌથી પહેલા શિક્ષક છે. આ ચારિત્ર્યનો પાયો પ્રથમ ૧ થી ૬ વર્ષમાં નંખાઈ જાય છે. અમે બધા શિક્ષકો પણ પછી મર્યાદિત કામ જ કરી શકીએ છીએ. ૧ થી ૭ ધોરણ સુધીમાં પાયો નંખાઈ જાય છે. ૮ થી ૧૨ ધોરણ સુધીમાં કંઈક પ્લાસ્ટર થાય છે. અને કૉલેજ કક્ષાએ તો માત્ર રંગરોગાન થઈ શકે. બંધારણ તો માત્ર ૧ થી ૬ વર્ષ સુધીમાં માત્ર કુટુંબમાં જ થાય છે. એ બંધારણને ઘાટ આપવાનું કામ શાળા કરે છે. શાળાના તમામ તબક્કા આદરણીય છે, ઉપયોગી છે, રાષ્ટ્ર માટે પણ ઉપયોગી છે. પણ સૌથી નાજુક, સૌથી સાચવવા જેવો તબક્કો તો પ્રથમ શાળા છે. આખો દેશ તો પ્રાથમિક તો પ્રાથમિક શાળામાં જ ભણવાનો છે. આ એટલા માટે અગત્યનું છે કે જો આ તબક્કો આપણે સાચવીએ તો આ રાષ્ટ્રની સિક્કલ બદલાઈ જાય. આ મારા શિક્ષકો દેશની પ્રાયોરીટી છે. આ દેશમાં પૈસો અને બુદ્ધિ નથી એવું નથી, પસંદગીઓ ખોટી છે, પ્રાથમિકતાઓ ખોટી છે. અને પરિણામે જેટલું પરિણામ આવવું જોઈએ એટલું નથી આવ્યું. અનેક દિશાઓમાં આપણે વિકાસ કર્યો છે પણ સાચો વિકાસ તો માનવીય વિકાસ છે.

આજ સુધીના તમામ પશ્ચિમી વિચારકોએ એના ઉપર ભાર મૂકયો કે વ્યવસ્થા બદલો એટલે માણસ બદલાશે. ગાંધી પહેલા એવા માણસ છે, અને એનું કારણ એમણે ભારતીય પરંપરાને પચાવેલા છે, કે માણસ બદલો તો જ વ્યવસ્થા બદલાશે. તેમણે જણાવ્યું એમાંય માણસ બદલવામાં, મનુષ્યત્વના વિકાસમાં સૌથી વધુ ફાળો શિક્ષણ આપે છે. સાચું કહું તો એજયુકેશનનો ગુજરાતી શબ્દ કેળવણી છે. આ સંસ્કાર યાત્રા આપણી છે. તેમાં સૌથી મોટો ફાળો શાળા આપે છે અને શાળા એટલે માત્ર ઓરડાની નહીં, માત્ર અમુક વસ્તુની નહીં પરંતુ શાળા એટલે એક વિચાર, શાળા એટલે એક મૂલ્ય. ઘણીવાર એવું કહેવામાં આવે

છે શિક્ષકોની આ જવાબદારી છે. શિક્ષકોને માઠું લાગતું હશે. શું આ બધીય જવાબદારી અમારી ? હા, જો તમે શિક્ષક છો તો, જવાબદારી તમારી જ છે, કારણ કે સૌથી વધારે મૂલ્યની વાત કરનાર શિક્ષક જ હોય. તે પ્રત્યક્ષ કરે કે પરોક્ષ કરે. તમે વિજ્ઞાનમાં જળ વિશે ભણાવતા હોય ત્યારે જળ બચાવની વાત કર્યા વગર રહી ના શકાય ત્યારે મૂલ્ય થયું કહેવાય.

**ભારત વિભૂતિ તસવીર અર્પણ કાર્યક્રમ અંતર્ગત નીચેની સંસ્થાઓને તસવીરો અર્પણ કરાઈ.**

**ભરૂચ શહેરમાં પોસ્ટર વિતરણની માહિતી :–**

| | | |
|---|---|---|
| (૧) ડી.એસ.પી. ઓફિસ | (૨) કલેક્ટર કચેરી | (૩) માહિતી ખાતું |
| (૪) ડી.ઈ.ઓ. ઓફિસ | (૫) રિમાન્ડ હોમ બોઈઝ | (૬) રિમાન્ડ હોમ ગર્લ્સ |
| (૭) સબ જેલ | (૮) નારી સંરક્ષણગૃહ | (૯) આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક |
| (૧૦) જિ.શિ.તાલીમ ભવન | (૧૧) જે.પી. આર્ટ્સ કૉલેજ | (૧૨) એમ.કે. કોમર્સ કૉલેજ |
| (૧૩) એન્જિનરીંગ કૉલેજ | (૧૪) લો કૉલેજ | (૧૫) એસ.વી.એમ.આઈ.ટી. |
| (૧૬) પોલીટેકનિક–એ | (૧૭) પોલીટેકનિક–બી | (૧૮) ફાઈન આર્ટ્સ કૉલેજ |
| (૧૯) નર્મદા કૉલેજ | (૨૦) રજપૂત છાત્રાલય | (૨૧) રાયચંદ દીપચંદ લાઈબ્રેરી |
| (૨૨) વડિલોનું ઘર | (૨૩) કલરવ સ્કૂલ | (૨૪) સરકારી જિલ્લા લાઈબ્રેરી |
| (૨૫) ચોકસી લાઈબ્રેરી | (૨૬) ઉમરાજ ગ્રામ પંચાયત | (૨૭) જિલ્લા પંચાયત(શિક્ષણ શાળા) |
| (૨૮) મામલતદાર કચેરી | (૨૯) તાલુકા પંચાયત | (૩૦) બી.ઓ.બી. સ્ટેશન રોડ |
| (૩૧) જી.ઈ.બી. ઓફિસ | (૩૨) એસ.બી.આઈ. બેન્ક | (૩૩) પોલીસ સ્ટેશન (સોનેરી મહેલ) |
| (૩૪) રેલ્વે સ્ટેશન | (૩૫) જી.ઈ.બી. મકતમપુર | (૩૬) પોલીસ સ્ટેશન (મકતમપુર) |
| (૩૭) ભોલાવ ગ્રામ પંચયાત | (૩૮) ચાવજ ગ્રામ પંચાયત | (૩૯) નંદેલાવ ગ્રામ પંચાયત |
| (૪૦) હલદરવા ગ્રામ પંચાયત | (૪૧) શેરપુરા ગ્રામ પંચાયત | (૪૨) ઍમિટી ઈન્ટરનેશનલ સ્કૂલ |
| (૪૩) વગુસણા ગ્રામ પંચાયત | (૪૪)લુવારા ગ્રામ પંચાયત | (૪૫) સેવાશ્રમ, ભરૂચ |

**નગરપ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ :–**

| | | |
|---|---|---|
| (૧) સ્ટેશનરોડ મિશ્રશાળા | (૨) વેજલપુર મિશ્રશાળા | (૩) ગાયત્રીનગર પ્રાથમિક શાળા |
| (૪) નવાડેરા પ્રાથમિક મિશ્રશાળા | (૫) ડુંગાજી મિશ્રશાળા | (૬) સંતોષીનગર નવીવસાહત મિશ્રશાળા |
| (૭) લીમડીચોક કુમારશાળા | (૮) બરકતવાડ ગુજરાતી શાળા | (૯) મુંડા ફળિયા ગુજરાતી શાળા |
| (૧૦) સ્ટેશન રોડ મિશ્રશાળા | (૧૧)તડિયા પ્રાથમિક મિશ્રશાળા | (૧૨) છીપવાડ મુખ્ય કુમારશાળા |
| (૧૩)કતોપોર ગુજરાતી મિશ્રશાળા | (૧૪) છીપવાડ બ્રાંચ મિશ્રશાળા | (૧૫) વેજલપુર ડુંગાજી બ્રાંચ શાળા |
| (૧૬) લાહોરી ગોડાઉન મિશ્રશાળા | (૧૭) દાંડિયા બજાર મિશ્રશાળા | (૧૮) પોલીસ હેડકવાટ્ર્સ પ્રા. મિશ્રશાળા |
| (૧૯) કસક મિશ્રશાળા | (૨૦) લાલબજાર મિશ્રશાળા | (૨૧) તારાબાઈ મલજી મહિલા શાળા |
| (૨૨) શક્કરકૂઈ ઉર્દુ કન્યાશાળા | (૨૩) નીલકંઠનગર પ્રાથમિકશાળા | |

**જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ :–**

(૧) કંથારિયા કન્યાશાળા
(૨) કંથારિયા કુમારશાળા
(૩) પગુથણ પ્રાથમિકશાળા
(૪) મનુબળ પ્રાથમિકશાળા
(૫) કુવાદર પ્રાથમિકશાળા
(૬) કરમાડ કન્યાશાળા
(૭) કરમાડ કુમારશાળા
(૮) કાસદ પ્રાથમિકશાળા
(૯) શેરપુરા કુમારશાળા
(૧૦) શેરપુરા કન્યાશાળા
(૧૧) ઉમરાજ પ્રાથમિમશાળા
(૧૨) ચાવજ પ્રાથમિકશાળા
(૧૩) નંદેલાવ પ્રાથમિકશાળા
(૧૪) ભોલાવ પ્રાથમિકશાળા
(૧૫) રહાડપોર પ્રાથમિકશાળા
(૧૬) વડદલા પ્રાથમિકશાળા
(૧૭) ઝાડે□ર કુમારશાળા
(૧૮) ઝાડે□ર કન્યાશાળા
(૧૯) મકતમપુર પ્રા. શાળા
(૨૦) બોરભાઠાબેટ પ્રા. શાળા
(૨૧) દેરોલ પ્રાથમિકશાળા

**જિલ્લા માધ્યમિક શિક્ષણ સમિતિની શાળાઓ :– (અનુપસ્થિત શાળાઓ)**

(૧) શ્રીમતી વી.કે. ઝવેરી સાધના વિદ્યાલય, ભરૂચ
(૨) અંબે માતા વિદ્યાલય, બંબાખાના, ભરૂચ
(૩) એલિડ વિદ્યાલય, ભરૂચ
(૪) શ્રવણ વિદ્યાધામ, શ્રવણ ચોકડી પાસે, ભરૂચ
(૫) ફેઈથ કલેવરી સ્કૂલ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ
(૬) શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય, ભોલાવ, ભરૂચ
(૭) ધી પાયોનિયર હાઈસ્કૂલ, ભરૂચ
(૮) બી.ઈ.એસ. યુનિયન હાઈસ્કૂલ, ભરૂચ
(૯) શાંતિ વિદ્યાલય, શંભુડેરી પાસે, ભરૂચ
(૧૦) શ્રી સી.કે.જી. વિદ્યાલય, ગોવાલી
(૧૧) તક્ષશિલા વિદ્યાલય, અંકલે□ર
(૧૨) એમ.ટી.એમ. હાઈસ્કૂલ, અંકલે□ર
(૧૩) ધી સાર્વજનિક હાઈસ્કૂલ, કરમાડ
(૧૪) શ્રી કુસુમ હરનાથ વિનય વિદ્યામંદિર, નિકોરા
(૧૫) શ્રી કવિઠા સાર્વજનિક વિદ્યાલય, કવિઠા
(૧૬) હોલી એન્જેલ્સ કોન્વેન્ટ સ્કૂલ, ભરૂચ
(૧૭) શિવમ વિદ્યાલય, જયોતિનગર પાસે, ભરૂચ
(૧૮) જે.બી. મોદી સ્કૂલ, નિલકંઠ મહાદેવ પાસે, ભરૂચ
(૧૯) નવદુર્ગા હાઈસ્કૂલ, રાજપીપલા
(૨૦) જીવન સાધના વિદ્યાલય, વડોદરા
(૨૧) સાર્વજનિક વિદ્યાલય, માંગરોલ, તા.નાંદોદ
(૨૨) મૈત્રી વિદ્યાલય, સુરત
(૨૩) વિદ્યાભારતી, બારડોલી
(૨૪) નવચેતન વિદ્યામંદિર, વાલીયા
(૨૫) સંસ્કાર ભારતી સ્કૂલ, નિલકંઠ મહાદેવ પાસે, ભરૂચ
(૨૬) શ્રેયસ હાઈસ્કૂલ, ભરૂચ
(૨૭) ડૉ. ગંગુબેન હડકર ગર્લ્સ હાઈસ્કૂલ, પાંચબત્તી પાસે, ભરૂચ
(૨૮) ઉન્નતિ વિદ્યાલય, ભરૂચ

**કાર્યક્રમમાં ઉપસ્થિત શાળા પ્રતિનિધિની યાદી :– (માધ્યમિક વિભાગ)**

(૧) શૈલાબેન શાહ – રૂંગટા વિદ્યાભવન
(૨) આઈ.વી.એ. પટેલ – અંજુમન અલીમ
(૩) અંકુર સી. પટેલ – પ્રાર્થના વિદ્યાલય
(૪) મુકુંદભાઈ પટેલ – પ્રોગેસીવ હાઈસ્કૂલ
(૫) શ્રીમતી કીર્તિબેન – નવજીવન વિદ્યાલય
(૬) ભારતીય વિદ્યાભવન્સ, નર્મદા વિદ્યાભવન
(૭) શ્રી જીજ્ઞેશભાઈ જોશી – નારાયણ વિદ્યાલય
(૮) શ્રી રમેશભાઈ મકવાણા – નારાયણ વિદ્યાલય
(૯) શ્રી ચેતનકુમાર પટેલ – શાંતિ નિકેતન વિદ્યાલય
(૧૦) શ્રીમતી ઉપાસનાબેન – કે.જી.એમ. વિદ્યાલય
(૧૧) શ્રી જગદીશભાઈ પટેલ – શ્રી બી.એચ. મોદી વિદ્યાલય
(૧૨) શ્રી જહાંગીરભાઈ પટેલ – ધી નબીપુર સાર્વજનિક હાઈસ્કૂલ
(૧૩) પ્રહલાદભાઈ એ. સોલંકી – ઈ.એન. જીનવાલા હાઈસ્કૂલ
(૧૪) શ્રી સનતકુમાર પંડયા – આર.એસ. દલાલ હાઈસ્કૂલ

# ગાંધી જયંતીની અનોખી ઉજવણી

*(ઍમિટી શૈક્ષણિક સંકુલના રજતજયંતી પર્વના પ્રથમ દિવસે સર્વે સાથીઓને ગાંધીજી લિખિત 'હિંદ સ્વરાજ' પુસ્તિકા ભેટરૂપે અપાઈ હતી. આ દિવસથીજ ગાંધીજયંતીની ઉજવણી અનોખી રીતે કરવાનું મનોમન નક્કી કર્યું હતું. ઍમિટી પરિવાર સાથે સતત વિચાર વિનિમય કરતાં એક વિચાર સ્ફૂર્યો કે દાંડીકૂચ કરીએ તો કેવું? અને આમ ભરૂચ જિલ્લામાં જે જે સ્થળોએ ગાંધીજી દાંડીયાત્રા દરમિયાન ફર્યા હતા તે સ્થળોની શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા મુલાકાત લઈ તે સ્થળોએ ગાંધીજીએ આપેલ પ્રવચનો અને દાંડીયાત્રા દરમિયાનના પ્રસંગો ભજવાયા હતાં. ગાંધી ગીતો દ્વારા ગ્રામજનોને તે દિવસોની યાદ અપાવી હતી. તા.૨૯,૩૦ સપ્ટેમ્બર અને ૧લી ઓક્ટોબર–૨૦૧૦ દરમિયાન યોજાયેલ કાર્યક્રમ માટે વિવિધ સંસ્થાઓને લખેલ નિમંત્રણ પત્ર અહીં રજૂ કરીએ છીએ.)*

### ગાંધી જયંતીની ઉજવણી નિમિત્તે પાઠવેલ નિમંત્રણ પત્ર

ઍમિટી શૈક્ષણિક સંકુલ, ભરૂચ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦–૧૧ને રજતજયંતી વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. સમગ્ર વર્ષ દરમિયાન શૈક્ષણિક અને સામાજિક વિકાસને ધ્યાનમાં રાખી નાવિન્યસભર કાર્યક્રમો દ્વારા ઍમિટીની સ્થાપનાના ૨૫મા વર્ષને સીમાચિહ્નરૂપ બનાવવાનો સર્વે ઍમિટીઅનનો નિર્ધાર છે.

સામાજિક જાગૃતિના ભાગરૂપે આગામી "ગાંધી જયંતી" ઍમિટી શાળા પરિવારે અનોખી રીતે ઉજવવાનું નક્કી કરેલ છે. ઍમિટી શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગાંધી જયંતિના દિવસે દાંડી મુકામે સવારે ૧૦:૦૦ કલાકે પ્રાર્થનાસભામાં સામેલ થશે. આ ઐતિહાસિક સ્થળે રાષ્ટ્રપિતાના સ્મારકોની મુલાકાત લેશે તથા રાષ્ટ્રપિતાના સ્વાતંત્ર્ય પ્રાપ્તિના સંગ્રામને યાદ કરી શ્રદ્ધાંજલિ આપશે.

આ ઉજવણીના ભાગરૂપે તા. ૨૯/૦૯/૧૦ થી તા. ૦૧/૦૯/૧૦ દરમિયાન ગાંધીજીએ ભરૂચ જિલ્લાના જે જે ગામોની "દાંડીયાત્રા" દરમ્યાન મુલાકાત લીધી હતી ત્યાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો જશે. ગાંધીજી જયાં રોકાયા હતા ત્યાં અથવા તે ગામમાં આવેલી પ્રાથમિક અથવા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને આમંત્રિતો સમક્ષ ગાંધી ગીતો અને ભજનો ગાઈ ગાંધીજીને યાદ કરશે. રાષ્ટ્રપિતાએ "દાંડીકૂચ" સમયે જે જગ્યાએ જે સંદેશો આપ્યો હતો તે પુનઃ યાદ કરાવી સામાજિક જાગૃતિનું કાર્ય કરશે. "દાંડીકૂચ" દરમ્યાન બનેલ પ્રસંગોનું નાટયકરણ રજૂ કરશે.

### –: ગાંધી જયંતીની ઉજવણીનો કાર્યક્રમ :–

| ક્રમ | તારીખ | વાર | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧) | ૨૯/૦૯/૧૦ | બુધવાર | સવારે ૧૧.૦૦ કલાકે | પ્રાથમિક શાળા, બુવા |
| | | | બપોરે ૦૨.૦૦ કલાકે | કે એન્ડ એ પટેલ વિદ્યાલય, સમની |
| ૨) | ૩૦/૦૯/૧૦ | ગુરૂવાર | સવારે ૦૮.૦૦ કલાકે | આર.એસ. દલાલ હાઈસ્કૂલ, ભરૂચ |
| | | | સવારે ૧૧.૦૦ કલાકે | શ્રી ઝેડ જે પટેલ સાર્વજનિક વિદ્યાલય, ત્રાલસા |
| | | | બપોરે ૦૨.૦૦ કલાકે | ધી સાર્વજનિક વિદ્યાલય, દેરોલ |
| ૩) | ૦૧/૧૦/૧૦ | શુક્રવાર | સવારે ૧૧.૦૦ કલાકે | સજોદ સાર્વજનિક વિદ્યાલય, સજોદ |
| | | | બપોરે ૦૨.૦૦ કલાકે | ઈ એન જીનવાલા હાઈસ્કૂલ, અંકલે□ર |
| ૪) | ૦૨/૧૦/૧૦ | શનિવાર | સવારે ૦૯.૩૦ કલાકે | ગાંધી સ્મારક, દાંડી |

# ગાંધી જયંતી નિમિત્તે દાંડીયાત્રાના પ્રવાસનો પરિપત્ર

*(ઍમિટી શાળાની ભરૂચ જિલ્લામાં ત્રિ–દિવસીય દાંડીયાત્રા બાદ તેમા જોડાયેલ પચાસ જેટલાં વિદ્યાર્થીઓ અને એંસી જેટલાં ઍમિટી પરિવારના સભ્યો સાથે બીજી ઓક્ટોબર–૨૦૧૦ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે સૌ ગાંધી સ્મારક, દાંડી પહોંચ્યા. આ પ્રવાસ અંગે જાગૃતિ લાવવા શ્રી ધીઢભાઈ પટેલ દ્વારા લિખિત 'દાંડીયાત્રા' પુસ્તકના પ્રસંગો શિક્ષકસભામાં રોજેરોજ વાંચવામાં આવતા હતાં તથા તમામને આ પુસ્તક ગાંધી જયંતી નિમિત્તે સ્મૃતિભેટ રૂપે અર્પણ કરાવામાં આવ્યું હતું. વિવિધ માધ્યમોમાંથી ઉપલબ્ધ દાંડીકૂચ અંગેની માહિતી સાથેનો નીચેનો પત્ર તમામ સહયોગીઓને પાઠવવામાં આવ્યો હતો.)*

સામાજિક જાગૃતિના ભાગરૂપે આગામી 'ગાંધીજયંતી' ઍમિટી શાળા પરિવારે અનોખી રીતે ઉજવવાનું નક્કી કરેલ છે. ઍમિટી શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગાંધી જયંતીના દિવસે દાંડી મુકામે સવારે ૧૦:૦૦ કલાકે પ્રાર્થનાસભામાં સામેલ થશે. ઐતિહાસિક સ્થળે રાષ્ટ્રપિતાના સ્મારકોની મુલાકાત લેશે તથા રાષ્ટ્રપિતાના સ્વાતંત્ર્ય પ્રાપ્તિના સંગ્રામને યાદ કરી શ્રદ્ધાંજલિ આપશે.

વિશાળ વાચન, ઊંડું મનન, આપણા જીવન ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. એજ રીતે, પ્રવાસ પણ આપણા જીવન ઘડતરમાં મહત્વનું પરિબળ છે. કાકા સાહેબ કાલેલકરે ખરું જ કહ્યું છે, "જેમ કુંભાર માટીને ઘાટ આપે છે, તેમ પ્રવાસ પ્રવાસીઓને ઘડે છે."

પ્રકૃત્તિ, શિલ્પ–સ્થાપત્ય, સમાજ જીવન વગેરે વિશે અનેક પુસ્તકો દ્વારા ન મળે એટલું જ્ઞાન એક પ્રવાસ દ્વારા મળી શકે છે. જેમ માતાને માટે કહેવાય છે કે "એક માતા સો શિક્ષકની ગરજ સારે," તેમ પ્રવાસને માટે કહી શકાય કે "એક પ્રવાસ સો પુસ્તકની ગરજ સારે" વાસ્તવમાં, પ્રવાસથી મળતું જ્ઞાન પુસ્તકિયા જ્ઞાન જેવું શુષ્ક નથી હોતું, અનુભવથી રસાયેલું હોય છે એ જ્ઞાન આપણા જીવનમાં કદી ન ભૂંસાય એ રીતે અંકિત થઈ જાય છે.

ગાંધીજયંતિ ઉજવણી અંતર્ગત તા.૦૨/૧૦/૧૦ના રોજ ઍમિટી શાળાએ સૌ શિક્ષકમિત્રો માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કર્યું છે.

જેની વિગતે માહિતી આપની સમક્ષ મુકતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

**દાંડીયાત્રાના સામાન્ય હેતુઓ :–**

✦ ઐતિહાસિક સ્થળની માહિતી પ્રાપ્ત કરે.
✦ વ્યકિતવિશેષોના જીવનમાંથી જીવન સાર્થક બનાવવાની સમજ કેળવે.
✦ દેશપ્રેમની ભાવના કેળવાય.
✦ અવલોકન શકિત વિકસે.

**દાંડીયાત્રાના વિશિષ્ટ હેતુઓ :–**

✦ ગાંધીજીના જીવન અને તેમના કાર્ય વિશે વિગતવાર માહિતી મેળવે.
✦ દાંડી ગામની ભૌગોલિક, સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય તથા પાકૃતિક પરિસ્થિતિથી માહિતગાર થાય.
✦ દાંડી ગામના વિશિષ્ટ વ્યકિતઓની મુલાકાત લે.
✦ ગાંધીજીએ કરેલ રાષ્ટ્ર પ્રેમના કાર્યોની પ્રથમ દર્શનીય માહિતી પ્રાપ્ત કરે.

## Dandi Yatra

*"The World is a book, and those who do not travel read only a page"*

We're all familiar with the most popular reasons for traveling: broadening your horizons, experiencing new cultures, meeting people from all walks of life, etc.

Travel can actually benefit you immensely in ways you had never imagined! Here are some less obvious reasons for traveling - which also seems much important.

Backpacking is actually an excellent lesson in the key skills you need for any job: planning, problem solving, communication, decision-making, managing budgets.. you name it, it's there! So, don't ever let anyone tell you that travel is time wasting for lazy bums.

Travel will make you more capable, mature and able to look after yourself. There's nothing like roughing it in grimy hostels and being away from your important people to make you appreciate everything you have at home. When your feet sink into that fluffy carpet you'll suddenly feel an overwhelming sense of gratitude. Which will make you a happier person.

Taking yourself away from home (your comfort zone) will give you a fantastic sense of perspective. You'll be able to think more clearly about any decisions or dilemmas you may be facing and be better equipped to deal with them.

Travel is an awesome way of cementing and developing relationships. Travelling with your friends will make you more familiar with their all-round nature and also hidden talents.

**General objectives of Dandi Yatra:**

- ✦ To understand the importance of historical place.
- ✦ To learn and get understanding from the great personalities.
- ✦ To develop patriotic attitude towards our nation.
- ✦ To observe and understand the lifestyle of the villagers.

**Specific Objectives of Dandi Yatra:**

- ✦ To know the life and great deeds of Gandhiji.
- ✦ To know the geographical location, culture, sociology, political and natural environment.
- ✦ To interact with the Gandhians of Dandi.

**The Historical Dandi Yatra**

The 24 days during which Mahatma Gandhi led a column of 80 satyagrahis traversing 241 miles from Sabarmati to the Surat coastline to break the salt laws did not yield such results. Though raw salt was lifted 'illegally' by Gandhiji and his followers and though 'contraband' salt was made and sold, the salt laws stayed and the salt tax was not repealed. And yet the salt march culminating at Dandi on April 6, 1930 is regarded as the most electrifying of all his satyagrahic

campaigns, with Jawaharlal Nehru saying "it seemed as though a spring had been suddenly released."

Earlier campaigns had been sharply focussed on issues that were as vital, but with all their voltage, were still of local import. Dandi, despite being geographically identifiable with a particular district, a specific stretch of coast, and a particular spot on that coast, yet straddled the nation. This was by virtue of its being centred on an object that all of India related to. That a gift of nature, salt, could be turned into a government-controlled commercial monopoly suddenly seemed unacceptable. And non-violent but strident resistance of that monopolisation also suddenly seemed logical and in fact vital.

Gandhiji utilised the march to breach some things other than the salt laws as well. One of these was the caste divide in the villages en route. On his arrival in some villages he headed straight for the so-called 'untouchable' quarters and drew water from the well there for his wash, making his village hosts, often from 'higher' castes, to cross those ancient and hurtful divides.

Another thing on his mind was the fragility of Hindu-Muslim equations at the time. There were only two Muslim marchers in his team of 78, which later became 80. But the role he gave to Abbas Tyabji, as his alternative 'leader,' and his choice of the beachside home of Sirajuddin Vasi (locally known as Shiraz Abdulla) as his place of stay in the village of Dandi sent a clear message. It was that the swaraj being fought for was to be for all India, across religious denominations.

A third 'bonus' of the campaign was the profiling it gave to women satyagrahis and thereby to the Indian woman. Gandhiji did not include women among the marchers, but gave them roles along the campaign, with Kasturba setting the marchers off at Sabarmati, Sarojini Naidu being at hand the moment the first fistful of salt was lifted at Dandi on April 6,1930, and the remarkable Parsi social worker Mithuben Petit standing just behind the Mahatma when he repeated the violation at Bhimrad three days later. A memorable photograph captures the moment, Gandhiji stooping to lift the salt crystals. And at different places, women like Kamaladevi Chattopadhyay, Hansa Mehta, Amina Tyabji, and Rukmini Lakshmipathy broke the salt laws. Their example acquires a meaning of its own today as the nation moves dramatically ahead with what is popularly called the Women's Reservation Bill.

But beyond these, there are two other 'Dandi achievements' that need to be recognised and studied for their contemporary salience.

Dharasana, 25 miles south of Dandi, had a government salt depot. The satyagrahis did a series of raids on this depot. The brutality with which the non-violent raids at Dharasana led first by Abbas Tyabji and then by Sarojini Naidu, with Gandhiji's son Manilal Gandhi participating, was met showed, in J.C. Kumarapppa's words "the fangs and claws of the government in all its ugliness."

But more astonishing than the state use of force against the satyagrahis was the amazing self-discipline of the satyagrahis in the face of the repressive violence. Not one satyagrahi retaliated to the baton charges, often delivered from horseback.

Dandi and Dharasana exemplified Gandhiji's non-violent methods of protest based on the principle that "to kill for freedom will legitimise killing after freedom." They carry a meaning today that we cannot afford to miss.

The other abiding 'Dandi achievement' lies in an altogether different area. Explaining "why salt?" Gandhiji said: "Next to air and water, salt is perhaps the greatest necessity of life."

Dandi gave India a gift of gifts in 1930. It is time, during this 80th anniversary of that gifting, for India to give something to Dandi. This can and should be in terms of a 'built' commemoration that vivifies the Great March. Dandi would like to see such a memorial. Prime Minister Manmohan Singh's announcement in Dandi in April 2005 was to that effect. And the Government of India and the Government of Gujarat are working towards raising precisely such a complex.

With remarkable sensitivity, the Archaeological Survey of India has, under the auspices of the Ministry of Culture currently under the Prime Minister's direct charge , restored the house at Dandi where Gandhiji stayed. Its solar-illumining on April 6, 2010 by the Ministry of Renewable Energy will spotlight the multi-mode memorial. His pocket watch dangling at the waist, Gandhi truly took time by the forelock at Dandi. The evolving commemoration of that historic event will also have to do more than be in step with the times. It will have to show the way to an ecologically sustainable future where the gifts of nature are not in thrall.

***Dandi Yatra : Schedule (Date : 2nd October 2010)***

| No. | Time | Description |
|---|---|---|
| 1 | 5:30am | Reporting at Amity School |
| | 6:00am | Departure from Bharuch |
| 2 | 8:30am | Arrival at Dandi |
| 3 | 8:30am to 9:30am | Visit to Gandhi Museum |
| 4 | 9:30am to 11:30am | "Prarthana Sabha" / Program |
| 5 | 11:30am to 12:30pm | Visit of Dandi Village |
| 6 | 12:30pm to 1:30pm | Lunch |
| 7 | 2:00pm | Departure from Dandi to Valsad |
| 8 | 3:20pm | Arrival at Tithal, Valsad |
| 9 | 3:30pm to 4:30pm | Intellectual games for teachers |
| 10 | 5:00pm to 7:00pm | "Roaming Around" |
| 11 | 8:00pm | Dinner |
| 12 | 9:00pm | Departure from Valsad |
| 13 | 11:30pm | Arrival at Bharuch |

## Mahatma Gandhi's Historical Dateline of Dandi March

- **1930 March 12**
  At 6:30 am Gandhi sets out from Sabarmati Ashram with seventy-eight satyagrahis on the march to Dandi.
  Dandi March: Day halt at Chandola Talav. Evening halt at Aslali.
- **1930 March 13**
  Dandi March: Day halt at Bareja. Evening halt at Navagam.
- **1930 March 14**
  Satish Kalelkar and Kharag Bahadur Singh join the "first batch" marchers.
  Dandi March: Day halt at Wasna. Evening halt at Mater.
- **1930 March 15**
  Dandi March: day halt Dabhan. Evening halt at Nadiad.
- **1930 March 16**
  Dandi March: day halt at Boriavi. Evening halt at Anand.
- **1930 March 17**
  Dandi March: Rest day in Anand.
- **1930 March 18**
  Dandi March: Day halt at Napa. Evening halt at Borsad.
- **1930 March 19**
  Dandi March: Day halt at Ras. Evening speech at Kankapura. The crossing of the Mahi Sagar during night of 19/20 March.
- **1930 March 20**
  Dandi March: Day halt at Bank of Mahisagar. Evening Halt at Kareli.
- **1930 March 21**
  AICC meeting at Ahmedabad confirms Working Committee resolution of February 14-16.
  Dandi March: Day halt at Gujera. Evening halt at Ankhi.
- **1930 March 22**
  Gandhi meets with AICC delegates.
  Motilal Nehru donates Anand Bhavan to Congress.
  Dandi March: Day halt at Jambusar. Evening halt at Amod.
- **1930 March 23**
  Dandi March: Day halt at ***Buva***. Evening halt at Samni.
- **1930 March 24**
  Dandi March: rest day in ***Samni***.
- **1930 March 25**
  Dandi March: Day halt at ***Tralsa***. Evening halt at ***Derol***.

- **1930 March 26**
  Dandi March: Day halt at ***Broach***. Evening halt at ***Ankleshwer***.
- **1930 March 27**
  Dandi March: Day halt at ***Sajod***. Evening halt at Mangrol.
- **1930 March 28**
  Dandi March: day halt at Rayma. Evening halt at Umrachi.
- **1930 March 29**
  Dandi March: Day halt at Ertham. Evening halt at Bhatgam. The “Petromax incident”.
- **1930 March 30**
  Dandi March: Day halt at Sandhier. Evening halt at Delad.
- **1930 March 31**
  Dandi March: Rest day in Delad.
- **1930April 1**
  Dandi March: Day halt at Chhaprabhatha. Evening halt outside Surat. Mass meeting in Surat city.
- **1930 April 2**
  Pandit Madan Mohan Malaviya, Opposition Leader in Legislative Assembly, resigns his seat.
  Dandi March: day halt at Dindoli. Evening halt at Vanz.
- **1930 April 3**
  Dandi March: Day halt at Dhaman. Evening halt at Navsari.
- **1930 April 4**
  Dandi March: Day halt at Vijalpur. Evening halt at Karadi.
- **1930 April 5**
  Dandi March: Marchers arrive and spend the day at Dandi.
- **1930 April 6**
  At 6:30 am Gandhi breaks Salt Law at ***Dandi***.
  Commencement of the Salt Satyagraha.

**AMITY PARIVAR, DANDI YATRA DATELINE[2010]**

1] 2010 September 29- Primary School, *Buva*, Ta. Amod.
2] 2010 September 29- K and A Patel Vidyalaya, *Samni*, Ta. Amod.
3] 2010 September 30- R S Dalal HighSchool, Bharuch.
4] 2010 September 30- Shree Z J Patel Sarvajanik Vidyalaya, *Tralsa*, Ta. Bharuch.
5] 2010 September 30- The Sarvajanik High School, *Derol*, Ta. Bharuch.
6] 2010 October 01- E N Ginwala HighSchool, *Ankleshwar*.
7] 2010 October 01- Sajod Sarvajanik HighSchool, *Sajod*, Ta. Ankleshwar.
8] 2010 October 02- Gandhi Memorial, *Dandi*.

# ગાંધીજી અને આપણે

**બીજી ઓક્ટોબરે ગાંધીજીનો ફરી એક જન્મ દિવસ આવી રહ્યો છે, અને આપણે ફરી વધુને વધુ એમનાથી દૂર જઈ રહ્યા છીએ...**

***(દિવ્ય ભાસ્કર, તા.૨૯/૦૯/૨૦૧૦ના રોજ પ્રસિદ્ધ થયેલ આ લેખ શાળાના શિક્ષકોને ૨જી ઓક્ટોબર–૨૦૧૦ના રોજ દાંડી જતા અગાઉ આપવામાં આવ્યો હતો.)***

આ વંચાતું હશે તેના ૩ દિવસ પછી તા.૨જી ઓક્ટોબરે ગાંધી જયંતી આવે છે. આજની ભાષામાં કહેવું હોય તો એમ કહેવાય કે ૨ ઓક્ટોબરએ ગાંધીજીનો બર્થડે છે. ગાંધીજીની જન્મતિથિ કે મરણતિથિ આવે એટલે આપણે એમને યાદ કરીએ છીએ. પણ એ સિવાયનું તેમના કાર્યો માટેનું સ્મરણ (કદાચ) આપણે ત્યાં સચવાતું કે ગવાતું નથી. દા.ત. ગાંધીજીની સૌથી યાદગાર અને મહાન ઘટનાને યાદ કરીએ. આપણે સૌ જાણીએ છીએ કે ગાંધીજીએ ૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ વહેલી સવારે ૬.૦૦ વાગે અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડીકૂચનો પ્રારંભ કરેલો અને તા.૬/૪/૧૯૩૦ના રોજ દાંડી ખાતે મીઠાનો સત્યાગ્રહ કરેલો, પણ તા.૭/૪/૧૯૩૦ના રોજ કે તે પછીના દિવસે ગાંધીજીએ શું કરેલું ? આ સવાલ ગુજરાતના નાગરિકને પૂછીએ તો તેનો જવાબ સાચો નહીં જ આવે તેની ખાતરી છે. આમાં દાંડીના આસપાસના ૨૦–૩૫ કિલોમીટરના વિસ્તારમાં રહેતા લોકોને અપવાદ ગણીએ પણ ગુજરાતના જનસાધારણને આ પ્રશ્નોનો સાચો ઉત્તર ખબર નથી. નીચે વિકલ્પો આપ્યા છે. તેમાંથી કયો સાચો છે તે આ લેખનો વાચક નૈતિક રીતે ટિક કરે અને પછી આગળ વાંચે અને તપાસે કે પોતે સાચો છે કે નહીં. આ સ્વયં અને નૈતિક પરીક્ષણ છે એટલે વિકલ્પો પૂરા થાય પછી આગળનું વાંચવાનું સ્વૈચ્છિક રીતે ત્યજી દઈને વિકલ્પોમાંથી પોતાને જે માહિતી હોય તેને આધારે ટિક કરે તેવી અપેક્ષા છે.

- દાંડીથી મહાત્મા ગાંધી બીજે દિવસે દિલ્હી ગયેલા.
- દાંડીથી મહાત્મા ગાંધી બીજે દિવસે ભારતના પ્રવાસે નીકળેલા.
- દાંડીમાં જ મહાત્મા ગાંધીની ધરપકડ થયેલી.
- દાંડીથી મહાત્મા ગાંધી બીજે દિવસે મુંબઈ ગયેલા.
- દાંડીથી મહાત્મા ગાંધી બીજે દિવસે બિહાર ગયેલા.
- ઉપરના વિકલ્પો સિવાય અન્ય કશુંક બનેલું.

દરેક વાચકમિત્ર અહીં અટકે અને નીચેની લીટીઓ તરફ નજર દોડાવવાને બદલે સૌ પ્રથમ વિકલ્પો પૈકી યોગ્ય લાગે તેમાં ટિક કરે અને પછી આગળ વાંચે.

આપણે સૌ જાણીએ છીએ તે પ્રમાણે ૬ઠ્ઠી એપ્રિલે વહેલી સવારે દાંડીના દરિયામાં સ્નાન કરીને ગાંધીજીએ દાંડીમાં જ પકાવેલા મીઠાની મુઠ્ઠી ભરીને નમક કાનૂનનો ભંગ કર્યો (જે મોટા વાસણમાં મીઠું પકાવેલું એ હજુ આજે પણ દાંડીમાં સચવાયું છે) પણ પછી શું થયું ? આનો ઉત્તર (એટલે કે ઈતિહાસ) ગુજરાતમાં બહુ જાણીતો નથી થયો. આવો, આજે તેને આ લેખના માધ્યમથી અને વાચકોના સથવારે આમ જનસમૂહ સુધી પહોંચાડવાનો નાનકડો પ્રયત્ન કરીએ.

વાત એમ બનેલી કે ૬ઠ્ઠી એપ્રિલે મીઠાનો સત્યાગ્રહ પુરો થયા બાદ બીજા દિવસથી જ એટલે કે

૭મી એપ્રિલે બીજા વિસ્તારોમાં પ્રવાસ કરીને જનજાગૃતિના પ્રયાસો હાથ ધરેલા અને ૧૪/૪/૧૯૩૦થી દાંડી પાસેના મહાત્મા ગાંધી આ વિસ્તારમાં ફરતા હતા તે દરમિયાન તેમણે ભારતના વાઈસરોયને પત્ર લખીને કરાડીથી જ ધરાસણાના મીઠાના અગર તરફ કૂચ કરવાના પોતાના સંકલ્પની લેખિત જાણ કરી દીધી હતી.

ગાંધીજીના પત્ર પછી બ્રિટિશ સરકારને ડર લાગેલો કે મહાત્મા ગાંધી જો આ રીતે લોકોની વચ્ચે ફરતા રહેશે તો લડત વધારે ઉગ્ર બનશે. તેથી ગાંધીજીની ધરપકડ કરવાનું નક્કી કર્યું. પણ, સાબરમતીના આ સંતથી બ્રિટિશ સરકાર ગભરાતી તો હતી. તેથી અંગ્રેજ સરકારે એવું વિચાર્યું કે દિવસના અજવાળામાં જો મહાત્મા ગાંધીને પકડીશું તો આસપાસનો આમ જનસમૂહ તેનો વિરોધ કરશે. તેથી લુચ્ચાઈથી તા.૪ મે, ૧૯૩૦ની મોડી રાત્રે (એટલે કે લગભગ રાત્રે ૧૧.૪૦ વાગે) ગાંધીજીની કરાડીથી ધરપકડ કરી અને તેમને ઘોર અંધારામાં જ નજીકના જલાલપુર ગામ પાસે આવેલા રેલ્વે ફાટક પાસે લઈ ગયા અને ત્યાં બાજુમાં આવેલા આંબાના વૃક્ષ નીચે બેસાડી દીધા હતા. આ ઘટના લગભગ રાત્રે ૧૨.૦૦ વાગ્યાની આસપાસ બની હોવાથી તે તારીખે ૫ મે ગણાઈ અને તે ફાટક પાસે મુંબઈ જતો ફ્રન્ટીઅર મેલ ખાસ થોભાવીને તેમાં ગાંધીજીને બેસાડી દીધા. ત્યાંથી સૌ પ્રથમ મહાત્માજીને મુંબઈ લઈ ગયેલા અને ત્યાંથી પૂના યરવડા જેલમાં ખસેડવામાં આવેલા. એ રીતે જોઈએ તો દાંડીકૂચ અને દાંડીના મીઠાના સત્યાગ્રહ પછી ગાંધીજી લગભગ ૨૯ દિવસ તે વિસ્તારમાં જ (એટલે કે આજના નવસારી જિલ્લામાં) રહેલા. મહાત્માજી અમદાવાદ સિવાય ગુજરાતના કોઈપણ વિસ્તારમાં એકધારા આટલો લાંબો સમય રહ્યા હોય તેમ લગભગ બન્યું નથી. ગાંધી જીવનના અભ્યાસુઓ આ અંગે સંશોધન કરે તો કદાચ આખરી વિગત મળે તેમ બંને નવસારી જિલ્લાએ પણ આ અંગે સંશોધન કરાવવું જોઈએ.

આવા મહાત્માને આપણે કેવી રીતે જોઈએ છીએ તેનો પણ એક દાખલો સખેદ ટાંકવો છે. પોરબંદરમાં આવેલા કીર્તિમંદિરના એક પટાવાળા કક્ષાનો ગાઈડ સામે ઊભેલા બિન–ગુજરાતી પ્રવાસીઓના જૂથને મહાત્મા ગાંધીના જન્મસ્થળથી કસ્તુરબા ગાંધીનું ઘર એક બારીમાંથી બતાવીને કહેતો હતો કે પૂ. ગાંધીજી આ બારીમાં ઊભા રહીને કસ્તુરબાના ઘર તરફ જોઈને ગાતા હતા કે 'મેરે સામને વાલી ખિડકી મેં એક ચાંદ કા ટુકડા રહેતા હૈ...' આ ઘટનાનો સૌથી કરુણ અંશ એ છે કે આ પ્રવાસીઓના જૂથમાં ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધી પણ સામેલ હતા. અલબત્ત, તુષાર ગાંધીએ તો તે અભણ ગાઈડને તેમના કુટુંબને છાજે તે રીતે માફ કરી દીધો હતો. પણ આપણે પૂ. ગાંધીજીના સંદર્ભમાં કયાં ઊભા છીએ તે વિચારવું ફરજિયાત થઈ જાય તેવી આ ઘટના છે. બાય ધ વે, આ વાત તુષાર અરુણભાઈ ગાંધીના સ્વમુખેથી સાંભળી છે, જેઓ ગાંધીજીના પુત્ર મણીલાલ ગાંધીના પૌત્ર થાય.

ચાલો, આજે પ્રતિજ્ઞા કરીએ કે મહાત્મા ગાંધીને આપણે આપણી રીતે અને સાચી રીતે સાચવવાનો સંભાળવાનો પ્રયત્ન કરીશું.

**ઈતિ સિદ્ધમ્:**

***'દે દી હમે આઝાદી બિના ખડગ બિના ઢાલ,***
***સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ.'***

# ઐતિહાસિક દાંડીયાત્રાની વિગત

દાંડીયાત્રાને આજે ૮૦ વર્ષ પૂર્ણ થયા છે. મીઠું બનાવવા પર લાગેલા પ્રતિબંધના વિરોધમાં મહાત્મા ગાંધીજી દ્વારા દાંડીયાત્રા કાઢવવામાં આવી હતી. મહાત્મા ગાંધીએ ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજે સાબરમતી આશ્રમથી દાંડીયાત્રા શરૂ કરી હતી અને ૨૫ દિવસ બાદ ૨૪૧ માઈલ દુર પાંચ એપ્રિલ દાંડી પહોંચ્યા હતા.

દાંડીયાત્રાને મીઠાના સત્યાગ્રહના નામથી પણ ઓળખવામાં આવે છે. દાંડીયાત્રાને લઈને અલગ–અલગ પ્રકારના વિચારો સામે આવી રહ્યાં છે. ગાંધીજીના પ્રતિકાત્મક રૂપ બનેલા શ્રીધરે જણાવ્યું હતું કે આજના સમયમાં ગાંધીજીના વિચારો ઘણું જ મહત્વ રાખે છે. તેમનો સંદેશો આજે પણ લોકો સમક્ષ જીવિત છે.

અંત્રે ઉલ્લેખનીય છે કે છ માર્ચ ૧૯૩૦ના રોજ ગાંધીજીએ મીઠું બનાવીને કાયદો તોડયો હતો. જેને કારણે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં એક નવો સંચાર થયો હતો.

૧૨મી માર્ચ એટલે આઝાદીની ચળવળની દિશા બદલી નાખનાર ઐતિહાસિકનો શુભારંભ દિન. આ યાત્રા સાથે જોડાયેલા બે ગામ. એક, જયાં ઈતિહાસ રચાયો અને બીજું, જયાં ઈતિહાસ રચાતા સહેજમાં રહી ગયો. એવા આ બંને ગામની જાણીતી છતાં અજાણી વાત.

જે તારીખ ૧૨મી માર્ચ છે. આજથી બરોબર ૮૦ વર્ષ પહેલાં તારીખ ૧૨મી માર્ચ, ૧૯૩૦ના દિવસે મહાત્મા ગાંધીજીએ દાંડી સત્યાગ્રહ કર્યો હતો. દાંડી સત્યાગ્રહથી આખી અંગ્રેજ સલ્તનત હચમચી ગઈ હતી. દાંડી સત્યાગ્રહની વાત છેડાય ત્યારે આપણે સહુ અમદાવાદના ગાંધી આશ્રમ અને દાંડીના ગાંધી સ્મારકને યાદ કરીએ છીએ. જોકે, આ દિવસે ભાગ્યે જ કોઈ કરાડી ગામ અને ગાંધીજીની ઝૂંપડીને યાદ કરે છે. દાંડી સત્યાગ્રહ વખતે કરાડી ગામે ઘાસ અને ખજૂરીનાં પાંદડાંમાંથી બનાવેલી આ સાવ સાદી ઝૂંપડીમાં ગાંધીજી બાવીસ દિવસ રોકાયા હતા.

દાંડી નજીક આવેલ કરાડી ગામે આજે પણ ગાંધીજીની ઝૂંપડી છે. આ ઝૂંપડીમાં આજેપણ ગાંધીજીને યાદ કરવામાં આવે છે. કરાડી જેવું જ એક બીજું સ્થળ પણ છે, હાંસાપોર ફાટક, નવસારી રેલવે સ્ટેશનથી પાંચ કિલોમીટર દૂર આવેલા હાંસાપોર ફાટકે અંગ્રેજોએ અડધી રાતે ટ્રેન રોકાવી હતી. કરાડીથી ગાંધીજીની ધરપકડ કર્યા બાદ મધરાતે આ ટ્રેનને વચ્ચે રોકીને ગાંધીજીને પહેલાં મુંબઈ અને ત્યાંથી પૂનાની યરવડા જેલમાં લઈ જવાયા હતા. દાંડી તો આખા જગમાં જાણીતું છે. દાંડી સત્યાગ્રહ સાથે જ જોડાયેલાં કરાડી અને હાંસાપોર ફાટકને પણ યાદ કરવાં જેવાં છે. આ બંને સ્થળ આજે પણ ગાંધીજીના મીઠાના સત્યાગ્રહની યાદોને તાજી રાખીને બેઠાં છે. સત્યાગ્રહ પછીનો એક મહિનો આઝાદીના સંગ્રામ માટે મહત્વનો હતો. અને આ સમય ગાંધીજીએ કરાડી ગામની એક સાવ સામાન્ય અને કોઈ જ જાતની સુવિધા વગરની ઝૂંપડીમાં વિતાવ્યો હતો. ગાંધીજી દાંડી આવ્યા ત્યારે તેઓ દાંડીમાં આવેલા વહોરા સમાજના ૫૧મા ધર્મગુરુ સૈયદના તાહેર સૈફુદીન સાહેબના ઘરે રોકાયા હતા. આજે એ મકાન ગાંધીજીનું સ્મારક છે.

૧૯૩૦ની પાંચમી એપ્રિલે ગાંધીજી દાંડી પહોંચ્યા. તા. ૬ઠ્ઠી એપ્રિલે નમક કાયદાનો સવિનય ભંગ કર્યો. એ પછી તારીખ ૧૪મી એપ્રિલે ગાંધીજી દાંડી છોડીને કરાડી ગામે આવી ગયા. આ ગામમાં

ગાંધીજી એક ઝૂંપડીમાં રોકાયા હતા. આ ઝૂંપડીએથી જ અંગ્રેજ અધિકારીઓએ તારીખ પાંચમી મે, ૧૯૩૦ના રોજ ગાંધીજીની ધરપકડ કરી હતી. આ ઝૂંપડીમાં ગાંધીજી ૨૨ દિવસ રહ્યા. આ ૨૨ દિવસ ગાંધીજીએ શું કર્યું?

કરાડીની આ ઝૂંપડીમાંથી જ મહાત્મા ગાંધીજીએ અંગ્રેજ વાઈસરોય લીન્લીથગો સાથે પત્રવ્યવહાર કર્યો હતો. વાઈસરોય સાથેનો પત્રવ્યવહાર ઉપરાંત બીજો પત્રવ્યવહાર પણ કરાડીથી થયો હતો. આ ૨૨ દિવસ દરમિયાન દેશના લોકોમાં આઝાદી પ્રત્યે જે ઝનૂન જોવા મળ્યું તેનાથી અંગ્રેજ સરકાર ડરી ગઈ. ગાંધીજી આ રીતે ઝૂંપડીમાં રહી સત્યાગ્રહ કરશે તો જોખમ ઉભું થશે. લોકોના જોખમને નબળું પાડવા અંગ્રેજોએ ગાંધીજીની ધરપકડનો નિર્ણય કર્યો. ગાંધીજીની ધરપકડ કરવામાં પણ જોખમ હતું. ધરપકડ સમયે લોકો ઝનૂની બની જાય તો? આખરે એવું નક્કી થયું કે જયારે બધાં જ સૂતાં હોય ત્યારે મધરાતે ગાંધીજીની ધરપકડ કરવી.

બીજો સવાલ એ આવ્યો કે ગાંધીજીની ધરપકડ કરીને કયાં લઈ  જવા અને કેવી રીતે લઈ જવા? કરાડીથી એક જ રસ્તો હતો. કરાડીથી ગાંધીજીને નવસારી લાવીને ટ્રેન મારફતે મુંબઈ લઈ જવા. અહીં પણ અંગ્રેજોને એવો ભય લાગ્યો કે નવસારીના રેલવે સ્ટેશને લોકો ઉમટી પડશે તો?

આખરે એવું નક્કી થયું કે, ટ્રેનને અધવચ્ચે રોકીને ગાંધીજીને ટ્રેનમાં બેસાડી દેવા. અંગ્રેજોએ આખો પ્લાન ઘડીને તેનો અમલ કર્યો. કરાડીની ઝૂંપડીએથી અંગ્રેજોએ પાંચમી મેની મધરાતે ગાંધીજીની ધરપકડ કરી લીધી. વહેલી સવારે અજવાળું થાય એ પહેલા ગાંધીજીને હાંસાપોર ફાટકે લઈ જવાયા. આ ફાટકે ફ્રન્ટિયર મેલને રોકવામાં આવી. લોકોને ખબર ન પડે તેમ ગાંધીજીને કરાડીથી યરવડા લઈ જવાયા. હાંસાપોર ફાટકે આજેપણ જયારે ટ્રેન પસાર થાય છે ત્યારે ટ્રેનનો ચાલક વ્હિસલ મારે છે. આ સ્થળે સ્મારક પણ છે. એવી જ રીતે કરાડીની ઝૂંપડીએ હજુ પણ દીવો થાય છે.

મહાત્મા ગાંધીજીના અવસાન બાદ તેઓનાં અસ્થિ પણ કરાડીમાં લવાયાં હતાં. કરાડીમાં વિરામ બાદ બાપુનાં અસ્થિઓનું દાંડીના દરિયામાં વિસર્જન કરાયું હતું. આજે કરાડી ગામની વસતિ ૧૨૯૦ની છે. દસ વર્ષ અગાઉ ગામની વસતિ ૧૫૬૯ની હતી. તે સ્થળે અત્યારે સુંદર ગાંધી સ્મૃતિ મંદિર છે. ભારતની આઝાદીના સંગ્રામમાં નાનકડા કરાડી ગામનું યોગદાન નાનુસૂનું નથી ભારતમાં આઝાદીની હવા ફૂંકાવાની શરૂઆત અહીંથી જ થઈ હતી.

## FAMOUS QUOTES OF MAHATMA GANDHI

- "A 'No' uttered from the deepest conviction is better than a 'Yes' merely uttered to please, or worse, to avoid trouble."
- "A coward is incapable of exhibiting love; it is the prerogative of the brave."
- "A policy is a temporary creed liable to be changed, but while it holds good it has got to be pursued with apostolic zeal."

# અવૈધિક શિક્ષણનો નૂતન પ્રયોગ

ઍમિટી સ્કૂલ, ભરૂચ તેની સ્થાપનાનું 'રજત જયંતી' વર્ષ ઉજવી રહી છે. શાળા તેના કાર્યકાળના ૨૪ વર્ષ પૂર્ણ કરી ૨૫મા વર્ષમાં ૧૧મી જૂન–૨૦૧૦ના રોજ પ્રવેશી ત્યારથી આ વર્ષની ઉજવણી અનોખી રીતે કરવાનું શાળા પરિવારે આયોજન કરેલ છે. તેના ભાગરૂપે આ વર્ષે ગાંધી જન્મદિનની ઉજવણી ગાંધીજીએ જયાંથી દેશ અને દુનિયાને 'મીઠાનો સત્યાગ્રહ'નો અનોખો સંદેશો આપ્યો હતો તેવી પવિત્ર ધરતી દાંડીમાં જઈ કરી હતી. જે અવૈધિક શિક્ષણનો એક નૂતન પ્રયોગ હતો.

આજથી લગભગ એકાદ વર્ષ પહેલાં ભૂજના શ્રી હરેશ ધોળકિયાનો લેખ 'પ્રગતિશીલ શિક્ષણ'માં પ્રસિદ્ધ થયો હતો. તેઓ જયારે અલિયાબાડામાં બી.એડ્. કરતા હતા ત્યારે ખ્યાતનામ શિક્ષણશાસ્ત્રી ડૉ. ગૌરીભાઈ ભટ્ટ કોલેજના પ્રશિક્ષણાર્થીઓને લઈને ગાંધી જન્મ સ્થળ પોરબંદરમાં ગાંધી જયંતીની ઉજવણી કરવા ગયા હતા. ત્યારે તેનો અહેવાલ વાંચ્યો હતો. આ અહેવાલ વાંચ્યો ત્યારે જ ઍમિટી શાળા પરિવારે આગામી ગાંધી જયંતીની ઉજવણી પોરબંદરમાં કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ ભરૂચથી પોરબંદર જતાં મુસાફરીમાં ઘણો સમય લાગે તેથી અમદાવાદ સાબરમતી આશ્રમમાં જઈ પ્રાર્થના સભામાં જોડાવવાનું વિચાર્યું. પરંતુ વધુ ચર્ચા વિચારણાને અંતે 'દાંડી'માં ઉજવવાનું નક્કી થયું.

આ નિર્ણય બાદ શાળાની 'ટીમ' આ કાર્યક્રમને સફળ બનાવવા મંડી પડી. શિક્ષક સભામાં દાંડીની જાહેરાત થતાં જ અનેક વિચારો રજૂ થવા લાગ્યા. ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડી સુધી મીઠા ઉપરના ૨૪૦૦ ટકાના કરવેરા સામે આંદોલન ઉપાડવા દાંડીકૂચ કરી. આ કૂચ સાત દિવસ સુધી ભરૂચ જિલ્લાના વિવિધ ગામોમાં રોકાઈ હતી. આ કેન્દ્રવર્તી વિચારને ધ્યાનમાં રાખી કાર્યક્રમનું આયોજન થયું.

રજત જયંતી વર્ષે માત્ર સાંસ્કૃતિક કાર્યક્રમો કે પ્રવચનોના આયોજન કરવાને બદલે શિક્ષણ અને સમાજના વિકાસલક્ષી કાર્યક્રમો ગોઠવવા અંગે શાળા પરિવાર કૃતનિશ્ચયી છે. સામાજિક જાગૃતિના ભાગરૂપે 'ગાંધી જયંતી' ઉજવવાનું નક્કી થયું. જેથી ગાંધીજી ભરૂચ જિલ્લામાં જયાં જયાં રોકાયા હતા, જે જે ગામોની મુલાકાત લીધી હતી, પ્રવચનો આપ્યા હતા અને અનેક લોકોને મળ્યા હતા તે તમામ કાર્યક્રમો શાળા પરિવારે તા. ૨૯/૦૯/૧૦ થી ૦૧/૧૦/૧૦ દરમ્યાન કરવાનું આયોજન કર્યું.

### બાળકો આયોજિત કાર્યક્રમની રૂપરેખા

શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ શાળાના બાળકોએ એક કલાકનો કાર્યક્રમ તૈયાર કર્યો. ગાંધીજી સાબરમતીથી નીકળ્યા ત્યારે સૌ પ્રથમ ચંડોળા તળાવ પાસે રોકાયા હતા. ત્યાંથી કરાડીમાં તેમણે છેલ્લું પ્રવચન આપ્યું ત્યાં સુધીની વાત આ કાર્યક્રમમાં વણી લેવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ગાંધીજીના અતિપ્રિય ભજન 'વૈષ્ણવજન'થી થતી. ગાંધીજીને નરસિંહ મહેતા લિખિત આ ભજન શા માટે ખૂબ પ્રિય હતું? તે ગાંધીની ભૂમિકા ભજવતા વિદ્યાર્થીઓ દ્વારા સમજાવવામાં આવતું. ગાંધીજી ઉપર હરિશચંદ્ર નાટક તથા માતૃપિતૃ ભક્ત શ્રવણની વાર્તાની ઘેરી અસર થયેલી અને તેથી ગાંધીજીએ સત્ય, અહિંસા અને અપરિગ્રહના વ્રત લીધા હતા. ત્યારબાદ ગાંધીજીના ત્રણ વાંદરાઓ 'ખરાબ બોલવું નહીં, જોવું નહીં અને સાંભળવું નહીં' આધારિત અભિનય ગીત બાળકો (દેગડવાલા નિલય, લિમ્બચિયા જયદીપ, પટેલ ઋતિક – ધો.૬) રજૂ કરતા. પછી 'જળ બચાવો'ની વાત ગાંધીજી પાણીનો ખૂબ કરકસરપૂર્વક ઉપયોગ કરતા તે

નાનકડી નાટિકા દ્વારા (જાનિ રિષભ, ધો.૮) રજૂ કરતા. ભયંકર ગરીબાઈથી ચિંતા અનુભવતા ગાંધી પોતે અત્યંત ઓછા વસ્ત્રો પહેરતા. તે આધારિત 'ગાંધીનું પહેરણ' સંવાદ બાળકો (પરમાર મીત, ધો.૬) દ્વારા રજૂ થતો. જાગૃતિ સિનેમાનું 'આઓ, બચ્ચો તુમ્હે દીખાએ ઝાંખી હિંદુસ્તાન કી' ગીત વિદ્યાર્થીઓ જે તે પાત્રની વેશભૂષા સાથે અભિનય દ્વારા રજૂ કરતા. ગાંધીજીએ ભરૂચની મુલાકાત લીધી ત્યારે અબ્બાસ સાહેબના પુત્રી રેહાનાબહેને 'ઊઠ જાગ મુસાફિર ભોર ભયી' ગીત ભરૂચની સભામાં ગાયું હતું. આ ગીત રેહાનાબહેનનું પાત્ર ભજવતી વિદ્યાર્થીની સોલંકી બંસરી કે. (ધો.૯) દ્વારા રજૂ કરવામાં આવતું. તે પછી ભરૂચની સભામાં સંગીતસમ્રાટ પંડિત ઓમકારનાથજીએ અડગ નિશ્ચયની અહાલેક પુકારતું કાવ્ય 'ભિષ્મ–પ્રતિજ્ઞા' ગાયું હતું. ઓમકારનાથ બનેલ વિદ્યાર્થી મહેતા શિવમ એ. (ધો.૮) આ ગીત ગાતો અને ગવડાવતો.

*'ગિરિ તેં ગીરાઓ, મઝધારમેં બહાઓ;*
*મહાસાગરમે ડૂબાઓ, કિન્તુ હાથ નહીં જોડેંગે'*

આ ગીત જુસ્સાપૂર્વક ગાઈ વિદ્યાર્થીઓ દર્શકોની તાળીઓ પ્રાપ્ત કરતા હતા. ત્યારબાદ 'સુનો સુનો ઐ દુનિયા વાલો બાપુકી યે અમર કહાની' (ફિલ્મ – અમર બાપુકી કાહની) જયારે ગવાતું ત્યારે પ્રેક્ષકો તાળીઓ દ્વારા સતત તાલ આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારતા. ત્યારબાદ પ્રાર્થના સભા થતી જેમાં ગાંધીજીની પ્રિય ધૂન 'રઘુપતિ રાઘવ રાજા રામ' ગવાતી. છેલ્લાં ગાંધીજીની ભૂમિકા ભજવતો વિદ્યાર્થી 'અગિયાર મહાવ્રત' રજૂ કરી ગાંધીવાદી વિચારસરણી અનુસરવા સૌને પ્રેરિત કરતો.

## ગાંધીજીએ દાંડીકૂચ દરમ્યાન ભરૂચ જિલ્લાના વિવિધ સ્થળોની લીધેલ મુલાકાત (તા. ૨૦/૦૩/૧૯૩૦ થી તા.૨૭/૦૩/૧૯૩૦)

ગાંધીજીએ દાંડીકૂચ ૨૦ થી ૨૭ માર્ચ, ૧૯૩૦ દરમ્યાન ભરૂચ જિલ્લાના જે જે ગામોની મુલાકાત લીધી હતી, ત્યાં ત્યાં શાળાના વિદ્યાર્થીઓએ જવાનું આયોજન કર્યું હતું. તા.૨૯/૦૯/૧૦ને બુધવારે બુવા ગામે ગયા. ગામની પ્રાથમિક શાળામાં ઉપરોકત કાર્યક્રમ રજૂ કર્યો. બુવાના વતની અને સર્વોદય કાર્યકર શ્રી બદ્રીભાઈ જોશી પ્રોત્સાહન આપવા માટે પધાર્યા હતા. બુવામાં ગાંધીજીને મળવા રાજાજી (શેઠ મીત એમ., ધો.૮), મહાદેવભાઈ દેસાઈ (મકવાણા સંકેત એમ., ધો.૮) અને દેશપાંડેજી (પંચોલી ઉત્સવ એચ., ધો.૯) પધાર્યા હતા તેથી આ નેતાઓની વેશભૂષામાં વિદ્યાર્થીઓ બુવા ગયા. પ્રાથમિક શાળાના બાળકો સમક્ષ બુવામાં ગાંધીજીએ જે વક્તવ્ય આપ્યું હતું તે ગાંધીનું પાત્ર ભજવતા વિદ્યાર્થી પરીખ ઉક્ષિત (ધો.૮) દ્વારા રજૂ થયું.

***ગાંધીજીનું બુવામાં પ્રવચન*** – *હું બીજાં ગામોમાં ગયો છું, તે લોકોની ઈચ્છાથી ગયો છું, જયારે તમારા ગામમાં કંઈક ઊલટું થયું છે. મને એમ ખબર પડી કે અહીંના મહાજન–વડીલો ઈચ્છે છે કે હું ન આવું તો સારું. અને જુવાન વર્ગ વધારે હોઈ વડીલ વર્ગને નમતું મૂકવું પડયું હશે. જુવાન વર્ગને મારી સલાહ છે કે, વડીલોનો વિરોધ કરી મને ન બોલાવો એ જ સારું છે. આ લડતને માટે પણ એ સારું છે. જો હું રણસંગ્રામે ચડયો ન હોઉં, તો તો એક પક્ષનો બોલાવ્યો પણ જાઉં અને બીજા પક્ષને પણ ખેંચું પણ હું અત્યારે રણસંગ્રામે ચડયો છું.*

*જુવાનોને આટલું કહ્યા બાદ વડીલોને પણ કંઈક કહેવા માગું છું. મને ૬૧ વર્ષ થયાં એટલે હું વડીલ*

*પણ કહેવાઉં. છતાં ૬૧ વર્ષે પણ મારી અભિલાષા નવજુવાનોના જેવી જ છે. મને ભાસે છે કે, મારું મન જવાન છે. ઈ□રે મને એવો લડી લેવાનો જ સ્વભાવ આપ્યો છે. વૃદ્ધો, તમે જુવાનોને ન તરછોડો. તમે મને આશીર્વાદ આપો ને સત્ય ને ધર્મનો માર્ગ ન છોડવાનું કહો. તમે મને આવતો તો ન રોકયો, પણ મારું કામ સફળ થાય એવા આશીર્વાદ આપજો. મારું એકલાનું કામ નથી થવાનું. મારું ને તમારું સૌનું સારું થવાનું છે.*

ગાંધીજી ત્યાંથી સમની ગયા હતા. તેથી શાળા પરિવારે પણ સાંજે સમનીની કે. એન્ડ એ. પટેલ વિદ્યાલયમાં કાર્યક્રમ કરી ગાંધીજી સમનીમાં જયાં રોકાયા હતા ત્યાં જઈ પુષ્પાજંલી કરી. સમનીનો મૌનવાર પત્રલેખનમાં ગાંધીજીએ પસાર કર્યો હતો.

તા.૩૦/૦૯/૧૦ના રોજ સવારે આર. એસ. દલાલ હાઈસ્કૂલ, ભરૂચમાં કાર્યક્રમ રજૂ કર્યો. ત્યાં આચાર્યશ્રી સનતકુમાર પંડયાએ સૌનું સ્વાગત કર્યું. સૌએ કાર્યક્રમ માણ્યો. ગાંધીનું પાત્ર ભજવતા વિદ્યાર્થી ગાંધી તિર્થેશ આર. (ધો.૮) દ્વારા રજૂ થયું.

***ગાંધીજીનું ભરૂચમાં પ્રવચન*** *– તમે બધા સખત તાપ સહન કરીને આવ્યા છો, એ આ લડત પ્રત્યેની તમારી લાગણીનો પુરાવો છે. ચંદુભાઈએ મારી પાસે આશીર્વાદ માંગ્યા. પણ આશીર્વાદ આપનાર હું કોણ? હું તો તમારા બધાના આશીર્વાદ લેવા નીકળ્યો છું અને ગામેગામથી મને જે આશીર્વાદ મળી રહ્યા છે, તે સાચા હૃદયના હોય, તો દાંડી પહોંચતા પહેલાં એ આશીર્વાદનો પહાડ એટલો મોટો થઈ જાય કે ગમે તેવી રાક્ષસી સલ્તનત પણ તેને પ્રતાપે ટાઢીબોળ થઈ જાય.*

*મને હમણાં જ ૧૯૨૧માં મેટ્રિક છોડીને અસહકાર કરનાર એક મુસ્લિમ નવજવાનનો પત્ર મળ્યો છે. એમાં તેણે મને બે પ્રશ્ન પૂછયા છે. તે મારે મોઢે ચઢી ગયા છે. તેમાંનો પહેલો સવાલ એ છે કે, શું તમે એમ માનો છો કે તમે એકલા જ જઈને સ્વરાજ લઈ લેશો? કે શું તમારા હિન્દુભાઈઓના બળે જ જે કંઈ કરવાનું છે તે કરી લેશો?*

*આ સવાલના જવાબમાં હું કહીશ કે હું મારા એકલાના બળથી જ સ્વરાજ લઈશ એવી આશા મેં સ્વપ્નમાંયે કે કલ્પનામાંયે નથી રાખી. સત્યાગ્રહીને હિન્દુની જેટલી મદદ જોઈએ તેટલી જ મુસલમાન, ખ્રિસ્તી, પાદરી, યહૂદી અને પ્રત્યેક હિન્દુના બળની ગરજ છે. પણ તે સાથે હું એમ પણ કહું કે એ બધાનું બળ મળે તોયે જો એક બળ ન હોય તો સ્વરાજ ન મળે. એ બળ તે ઈ□રનું બળ છે.*

*મારી લડતમાં ઈ□રી કે ખુદાઈ બળ નહીં હોય, તો મારાં ગાત્ર ઢીલાં થઈ જાય. સત્યાગ્રહી ઈ□રનો નાદ સાંભળીને લડે છે. ઘણી વખત એવું બને છે કે સત્યાગ્રહી ઉપર આખું જગત થૂંકતું હોય, તે વખતે પણ તે ઈ□રનો નાદ સાંભળી શકે છે. પણ આ વખતે હું જે કરી રહ્યો છું, તે કરવા માટે તો આખું હિંદ દસ વર્ષ થયાં એક પગે હતું. હા, હું ૧૦ વરસથી એ લડત રોકતો હતો, કારણ કે મને એ ઈ□રીનાદ સંભળાયો ન હતો. આ હૃદયની ઘડિયાળના ટકોરા સંભળાતા ન હતા. લાહોરની કોંગ્રેસ વખતે એક અંગ્રેજ ખબરપત્રીએ મને પૂછ્યું કે તમને શું લાગે છે? ત્યારે મેં તેમને જવાબ આપતાં કહેલું કે આખા હિન્દુસ્તાનની આબોહવામાં હું સવિનયભંગનું એકે ચિન્હ જોતો નથી. છતાં આજે એ વખત આવી પહોંચ્યો છે. હૃદયની ઘડિયાળના ટકોરા સંભળાય છે અને મેં આ લડત ઉપાડી છે. અને તેથી મારી લડતમાં હિંદુ અને મુસલમાનોની પાસેથી, આ ધોળી દાઢીવાળાની પાસેથી (અબ્બાસ સાહેબ) અને આ કુમારિકાની પાસેથી પણ હાથ જોડીને મદદ માગું છે અને અંગ્રેજોની પણ મદદ માગું છું.*

*આમ, મુસલમાન યુવકના પ્રશ્નનો જવાબ આપતાં તમને અને તમારે નિમિત્તે હિંદને અને આખા જગતને જવાબ આપી દીધો.*

*૧૯૨૧થી હું બે શબ્દો કહેતો આવ્યો છું. પાકીઝગી અને કુરબાની, આત્મશુદ્ધિ અને બલિદાન. એ વગર સત્યનો જય નહીં થાય, કેમ કે તે વિના ઈ□ર સાથે હોય જ નહીં. જગત કુરબાની ઉપર ઝૂકી જાય છે. કુરબાની જગતને વહાલી લાગે છે. પણ એ કુરબાની સારા માટે છે કે નરસા માટે, તે જગત જોતું નથી, પણ ઈ□ર કંઈ આંધળો નથી. એ તો કુરબાનીની પણ પરીક્ષા કરે છે. કુરબાનીમાં મેલ કે સ્વાર્થ છે કે નહીં તેનો હિસાબ તેના ચોપડામાં રહે છે. તેથી કુરબાની સાથે આત્મશુદ્ધિ નહીં હોય, તો મારા જેવો થથરી જાય.*

*આ તો મુસલમાનભાઈએ પૂછ્યું, પરંતુ કોઈ પારસીએ પૂછ્યું હોત કે, અમે તો મુટ્ઠીભર : લાખ જેટલા પારસી છીએ – તો તેને પણ કહું કે પારસીઓની મદદ ન મળે તોય હું સ્વરાજ નહીં લઈ શકું.*

*જે ઈ□રને નામે કહેવાનો આરંભ કર્યો, તે ઈ□રને નામે પ્રાર્થના કરું છું કે મારું કહેલું સમજવાની અને તે પ્રમાણે આચરવાની તે તમને શક્તિ આપે.*

તા.૩૦/૦૯/૧૦ના રોજ ગાંધીજીએ દાંડીયાત્રા દરમ્યાન તા. ૨૫/૦૩/૧૯૩૦ના રોજ જે જે ગામોની મુલાકાત લીધી હતી ત્યાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ જઈ કાર્યક્રમ રજૂ કર્યો. સવારે શ્રી ઝેડ. જે. પટેલ સાર્વજનિક વિદ્યાલય – ત્રાલસા, તા.ભરૂચ ગયા. યુવાન અને ઉત્સાહી આચાર્યશ્રી એચ. આર. પાઠકે તથા શાળાના ટ્રસ્ટીશ્રી નિલેશભાઈ પટેલે ગાંધી તથા અન્ય રાષ્ટ્રીયનેતાઓની વેશભૂષામાં પરિધાનિત વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક સારસ્વતોનું અદ્‌ભુત સ્વાગત કર્યું. ગામના યુવાનો અને ભાઈઓ–બહેનો મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આ સ્થળે ગાંધીની વેશભૂષામાં જોશી ચિંતન કે. (ધો.૯) નીચે જણાવેલ સંદેશ આપ્યો. અહીં કસ્તૂરબા અને કાકાસાહેબ કાલેલકર ગાંધીજીને મળવા આવ્યા હતા તેજ રીતે તેમની વેશભૂષામાં શાળાના બે વિદ્યાર્થીઓ શાહ સ્તુતી (ધો.૬) અને સુરતી શિવાંગ (ધો.૯) આવ્યા.

***ગાંધીજીનું ત્રાલસામાં પ્રવચન*** – *આ યાત્રા એવી છે કે કોઈના આમંત્રણ વિના કોઈ ગામ જવાય નહીં અને ગામના લોકોને એમની સરભરા કરવાનું દબાણ કરાય નહીં. તેથી જો અમને આમંત્રણ આપ્યું હોત તો જરૂરથી આવત. હું તો ભિક્ષા લેતો લેતો પ્રવાસ કરી રહ્યો છું. હું કોઈ બળજોરીથી તો ન જ આવું. અને આવું તો હું સરમુખત્યાર કહેવાઉં. હું તો સરકારને બેવફા છું. સરકાર સામે બહારવટે નીકળેલો છું. સરકારને બેવફા થવું હું ધર્મ માનું છું.*

*મેં તો મુસલમનભાઈઓ પાસેથી ખૂબ લીધેલું છે. મુસલમાનભાઈઓનું તો પહેલું આમંત્રણ સ્વીકારું. કારણ હું એમના દિલમાં પ્રવેશી એમનાં સુખદુઃખની બે વાત જાણી શકું. અને એમને હું ઓળખું અને એ મને ઓળખે. તમને જાણીને આનંદ થશે કે દાંડીમાં હું એક મુસલમાનભાઈને ત્યાં ઊતરવાનો છું. મારી કાયદા તોડવાની લડતનું મુહૂર્ત મુસલમાનભાઈના ઘરમાંથી થશે. એટલે તમે આમંત્રણ આપ્યું જ માનજો. તમારી દુઆ મળે એ આમંત્રણ આપ્યા બરાબર છે. તમે બધા સંપીને ચાલો એવી ઈ□રને મારી પ્રાર્થના છે. તમે બધા આ લડતમાં જોડાઈ જાઓ, એ એક જ મારી માગણી છે.*

ત્યાંથી સૌ સાર્વજનિક હાઈસ્કૂલ, દેરોલ ગયા. આચાર્યા શ્રીમતી ઈલાક્ષીબહેન પટલે સૌનું ભાવભીનું

સ્વાગત કર્યું. શાળાના વિદ્યાર્થીઓએ ઍમિટી શાળાના સ્વાતંત્ર્યસેનાનીઓની વેશભૂષામાં રજૂ થયેલ વિદ્યાર્થીઓનું જોરદાર તાળીઓથી સ્વાગત કર્યું. શાળામાં કાર્યક્રમ રજૂ કરી ગાંધીની વેશભૂષામાં પરીખ ઋત કે. (ધો.૮) ગાંધીજીએ આપેલ મૂળ સંદેશો સભામાં રજૂ કર્યો.

***ગાંધીજીનું દેરોલમાં પ્રવચન*** – *હવે ભરૂચ જિલ્લાની મારી કૂચ પૂરી થવા આવી છે. હવે મારે નવું કંઈ કહેવાપણું રહેતું નથી. આ ધર્મયુદ્ધમાં દરેક પોતાનો કંઈ ને કંઈ હિસ્સો આપશે, એવી આશા રાખું છું.*

*મીઠાનો અન્યાયી કર આપણે કાઢવાનો છે. કાયદાભંગ વિના નીકળે તો તો આપણે ભંગ ન કરીએ. આ કર જયારથી નંખાયો ત્યારથી એની સામે આપણો વિરોધ ચાલુ જ છે. આપણા પૈસા બહાર લઈ જાય એવું આ વિકરાળ રાજય છે. આપણી ૩૦ કરોડની હિંમત હોય ત્યાં એ શું કરે? કેટલાને જેલમાં નાંખશે? કેટલાને મારપીટ કરશે? આમાં તમે જેટલી થાય તેટલી મદદ કરજો.*

*લડતમાં સીધા ન ભળી શકો તો ખાદીનું કામ તો કરજો. આ લડત બળાત્કારની છે જ નહીં. આપણે કષ્ટ વેઠીને આ યુદ્ધ લડવાનું છે. ઈ□ર તમને લડવાની સમજ ને શક્તિ આપો.*

તા.૦૧/૧૦/૧૦ના રોજ શાળાના વિદ્યાર્થીઓ અંકલે□ર અને સજોદ ગયા. ગાંધીજી તા.૨૬/૦૩/૧૯૩૦ના રોજ ભરૂચ અને અંકલે□ર તથા તા.૨૭/૦૩/૧૯૩૦ના રોજ સજોદ આવ્યા હતા. તેજ પ્રમાણે વિદ્યાર્થીઓ અંકલે□રની ઈ. એન. જીનવાલા હાઈસ્કૂલમાં કાર્યક્રમ રજૂ કર્યો. અંકલે□રમાં ગાંધીની વેશભૂષામાં રજૂ થયેલ જોશી જય પી. (ધો.૮) ગાંધીજીએ અંકલે□રમાં હસ્તીતળાવ પાસે જે પ્રવચન આપ્યું હતું તે રજૂ કર્યું.

***ગાંધીજીનું અંકલે□રમાં પ્રવચન*** – *આ તાલુકાની જે વિગત સાંભળી છે તે સંતોષકારક કહેવાય. હિંદુસ્તાનની મુક્તિ કહો, આઝાદી કહો, જે કહો તે, દરેકને વહાલી હોવી જ જોઈએ.*

*આપણે મીઠાના કરનો ભંગ કરી, સ્વરાજ મેળવવાની શક્તિનો સંગ્રહ કરવાનો છે. ઘી ઉપર કર નાંખે તો સમજાય, કારણ ઘી બધા જ ખાઈ ન શકે. એટલું ભલું છે કે હવા ઉપર કર નથી નાંખતી (હસાહસ) મીઠાનો કર ગયે સંતોષ નહીં વળે. પછી સ્વરાજ મેળવવાનું રહ્યું જ. પણ આથી આપણામાં એવી શક્તિ આવશે કે દુનિયામાં કોઈ આપણને સ્વરાજ લેતાં નહીં અટકાવી શકે. એ કર દૂર કરવા હું કોશિશ કરી રહ્યો છું. આ સત્યની લડત છે. સત્યાગ્રહ ન થાય તો ઘેર બેઠા રહીએ. આ ન થાય તો રોજ કાંતી વણાવી ખાદી તો પહેરી શકો. જયાં રૂ હોય ત્યાં ખાદી તો ખૂટે જ નહીં, જેમ બાજરો હોય ત્યાં સુધી રોટલો ખૂટે જ નહીં. હું આટલી સીધી ને સહેલી વાત કરવા નીકળ્યો છું. તમને આમાં મદદ કરવા ઈ□ર પ્રેરો એવી મારી પ્રાર્થના છે.*

ત્યારબાદ સાર્વજનિક વિદ્યાલય, સજોદમાં ઍમિટી શાળાના બાળકો અને શિક્ષકો પહોંચી ગયા. ત્યાંના યુવાન અને ઉત્સાહી આચાર્યશ્રી વિરેનભાઈ ઘડિયાળીએ શાળાના આ નૂતન અભિગમને ખૂબ બિરદાવ્યો. સૌનું ભાવભીનું સ્વાગત કરી કાર્યક્રમ માણ્યો. અહીંયા ગાંધીજીની વેશભૂષામાં પટેલ આદિત્ય એ. (ધો.૮) સજોદમાં આપેલ ગાંધીજીનું પ્રવચન અક્ષરસહ નીચે પ્રમાણે આપ્યું.

***ગાંધીજીનું સજોદમાં પ્રવચન*** – *હવે આવતી કાલે ભરૂચ જિલ્લો પૂરો થશે, એટલે એનો હિસાબ અહીં પૂરો કરીએ તો ખોટું નથી. અહીં પણ ઘણું ઓછું રચનાત્મક કામ કરી શક્યા છીએ. પરદેશી કાપડનો*

*ત્યાગ હજુ સંપૂર્ણપણે નથી કરી શક્યા અને ખાદીનો પ્રચાર હજુ નથી કરી શક્યા. ખાદી કેટલી? એના ઉત્તરમાં શૂન્ય આવે છે. અહીં કપાસ તો ખૂબ ઊગે છે પણ એનો ઉપયોગ ખાદીમાં કરતા નથી. દારૂનો ખૂબ પ્રચાર થઈ રહ્યો છે; પણ આવી પરિસ્થિતિમાંયે મને આશા છે કે આપણામાં આ લડતથી જાગૃતિ ખૂબ આવશે.*

*અહીંથી મને દાંડી પહોંચવા દેશે કે નહીં, પણ આ મીઠાનો કર ગયો જ છે. જો તમે આ બધું કરતા થઈ જાઓ તો મેં તો એક કિલ્લા સાથે બીજા ઘણાય કિલ્લા જીતી લીધા એમ માનીશ.*

*તમારામાંથી આ લડતમાં ન આવનાર હોય તે બધા આ બે વસ્તુમાં મદદ કરજો. પરદેશી કાપડનો ત્યાગ કરીને તમે બધાં ભાઈઓ અને બહેનો ખાદી પહેરો અને જે સાચો ધર્મ છે તે સમજો.*

આ રીતે ભરૂચ જિલ્લાના જે ગામો દાંડીકૂચ દરમ્યાન ગાંધીજીનું સાંનિધ્ય પામ્યા હતા તે ગામોએ જઈ શાળાએ ગાંધી વિચારને ઉજાગર કર્યો. તા.૨જી ઓક્ટોબર–૨૦૧૦ના રોજ ૮૦ શિક્ષકો અને ૪૦ વિદ્યાર્થીઓ દાંડી ગયા અને જ્યાંથી ગાંધીજીએ મીઠું ઉપાડયું હતું તે તીર્થ સ્થળે જઈ પુષ્પાજંલિ અર્પણ કરી પોતાનું જીવન કાર્ય રાષ્ટ્ર માટે સમર્પિત કરવાનો નિશ્ચય કર્યો.

## રજતજયંતીની અનોખી ઉજવણી

**(ઍમિટી શાળા પરિવારે ગાંધી જયંતીની ઉજવણી દાંડી જઈ કરી)**

**– શ્રીમતી જયશ્રી એસ. વાઘેલા**

*ગામે ગામે સુભગ કરતા લોક હૈયે વિસામા*
*વાઘે આગે, દશ દિશ મહીં પ્રાણધારા ઉડાવી.*
*જાગ્યા સોયે નિજ હિત જતો પેખીને રાષ્ટ્રદેવ,*
*એ યાત્રાએ જગવી સહુમાં પ્રેમની માતૃસેવ.*

*– ઉમાશંકર જોશી (‘વિ□શાંતિ’માંથી)*

દાંડીકૂચએ દેશના ઈતિહાસની એક એવી ઘટના છે કે જેનો જગતમાં કોઈ જોટો જડતો નથી. ગરીબ – તવંગર સહુને માટે અનિવાર્ય એવી ઘરેલું પેદાશ મીઠા પર જે કર નંખાયો તેના વિરોધ નિમિત્તે ગાંધીજીએ ‘દાંડીકૂચ’ કરી અને દાંડીના દરિયાકિનારે ચપટી મીઠું ઉપાડી એવો તો ચમત્કાર કર્યો કે બ્રિટિશ સલ્તનતના પાયામાં લૂણો લાગી ગયો.

*ધરાનાં જખ્મ ધોવાને જિગરના રક્ત રેડયા તેં*
*કરોડો આવશે તારી ચરણ રજ ચૂમવા માટે*

ઍમિટી શાળા પરિવારે પોતાના રજત જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે દાંડી જેવા ઐતિહાસિક સ્થળે જવાનું નક્કી કર્યું. આ યાત્રાનો મુખ્ય હેતુ નવી પેઢીમાં ગાંધી વિચારધારાનું સંવર્ધન અને સંરક્ષણ થાય તે હતો.

દાંડીની પુણ્યભૂમિની મુલાકાત અર્થે શાળાના એંસી શિક્ષકો અને દાંડી કાર્યક્રમમાં ભાગ લેનારા ચાળીસ વિદ્યાર્થીઓને લઈ જવા માટે શાળા તરફથી બે બસની સગવડ કરવામાં આવી હતી. બધાં જ શિક્ષકમિત્રો અને ભાગ લેનાર વિદ્યાર્થીઓ શાળાના પ્રાંગણમાં એકત્રિત થયા અને સવારે છ કલાકે અમારી

બસ દાંડી મુકામે જવા ભરૂચથી રવાના થઈ.

*રાત અંધેરી વીતી ગઈ અને*
*ઊગી સોનેરી સવાર*
*નીરખીને કુદરતના રંગોને*
*કરી અમે દાંડીયાત્રાની શુભ શરૂઆત*

સવારે ૦૭:૩૦ કલાકે બસ કડોદરા સ્ટેશને ઊભી રહી. ચા–નાસ્તો કરી ૦૭:૪૫ કલાકે બસ કડોદરાથી રવાના થઈ. બસમાં શિક્ષકોને પ્રશ્નોત્તરીની રમત શ્રીમતી કૌષાબહેન દ્વારા રમાડવામાં આવી. હળવી રમતો સાથે સમય પસાર થઈ ગયો અને અમે દાંડીની નજીક પહોંચી ગયા. તા.૪થી મે ના રોજ જયાંથી ગાંધીજીની ધરપકડ કરી ફ્રન્ટિયર મેઈલમાં બેસાડી પૂના મોકલવામાં આવ્યા હતા. હાલમાં જયાં હાંસીપોર – ગાંધીચોરો છે તે સ્થળને બસમાંથી નિહાળ્યું. સવારે ૦૯:૦૦ કલાકે અમે ગાંધીજીની સૌથી યાદગાર અને મહાન ઘટના જે સ્થળે બની હતી તે સ્થળે અને પુણ્યાત્માઓનાં પાવન પગલાંથી ધન્ય બનેલી દાંડીની ધરતી પર પહોંચ્યા.

*'પહોંચ્યા દાંડી નિકટતવ,*
*સંગ્રામ સંદેશ દીધો.'*

દાંડી શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા કંકુ ચોખાથી અમારું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ જે સ્થળે યજ્ઞપુરુષ ગાંધીજીએ વાંકા વળી ચપટી મીઠું ઉપાડી બ્રિટિશ સામ્રાજયની ઈમારતના પાયામાં લૂણો લગાડયો હતો તે સ્થળે પહોંચ્યાં. ગાંધીજીના સ્મારકને શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પ અર્પણ કરવામાં આવ્યા. સ્મારકને પુષ્પ અર્પણ કરી તેમના વિચારોનું અને તેમના કાર્યનું સંસ્મરણ કરી ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી.

'વિ□ અહિંસા દિન' નિમિત્તે ગાંધી વિચાર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર વિનય મંદિર, દાંડી શાળાના આચાર્યશ્રી મોહનભાઈ પટેલ દ્વારા ભાવભીનું સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું. ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી સ્વાતંત્ર્યસેનાની શ્રી પરાગજીભાઈ પટેલ (બાપુજી) દ્વારા પહેરાવી. મંચસ્થ બિરાજમાન સ્વતંત્ર્યસેનાની શ્રી ગોસાઈભાઈનું સ્વાગત શ્રી રણછોડભાઈ, શ્રી ધીરુભાઈનું સ્વાગત વિજ્ઞાન શિક્ષક શ્રી બિપિનભાઈ, શ્રી રણજીતભાઈનું સ્વાગત શ્રીમતી પ્રમેશબહેન અને શ્રી વલ્લભભાઈનું સ્વાગત આચાર્યશ્રી પ્રકાશભાઈએ કર્યું.

સ્વાગતવિધિ પૂર્ણ થયા બાદ ગાંધી વિચારધારાનો પ્રભાવ પાડનારો અને ગાંધીજીના જીવનના પ્રસંગોની ઝાંખી કરાવતો કાર્યક્રમ ઍમિટી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયો. કાર્યક્રમનો શુભારંભ ગાંધીજીને અતિપ્રિય નરસિંહ મહેતા રચિત 'વૈષ્ણવજન ...' ભજન દ્વારા થયો. કાર્યક્રમમાં નીચેના ગીતો અને પ્રસંગોને સાંકળી લેવામાં આવ્યા.

- ભારત દેશના ઘણાંય લોકોને શરીર ઢાંકવા પૂરતા વસ્ત્ર મળતા નહોતા ત્યારે ગાંધીજીએ પોતે પણ શરીર ઢાંકવા અત્યંત ઓછા વસ્ત્ર પહેરવાનું નક્કી કર્યું. દેશની આવી કફોડી પરિસ્થિતિ અને લોકો પ્રત્યેની બાપુની લાગણી 'ગાંધીનું પહેરણ' સંવાદ દ્વારા રજૂ કરવામાં આવી. (પરમાર મીત – ધો.૬, પટેલ આદિત્ય ડી. – ધો.૮)

- 'કોઈનું બૂરું બોલવું નહિ, જોવું નહિ અને સાંભળવું નહિ' એવો ઉપદેશ ગાંધીજીના ત્રણ વાંદરા આપે છે – જે 'ડાહ્યા ત્રણ વાંદરા...' અભિનય ગીત દ્વારા રજૂ કરવામાં આવ્યું. (દેગડવાલા નિલય, લિમ્બચિયા જયદીપ, પટેલ ઋષિક – ધો.૬)
- 'જળ એજ જીવન' પાણીનો ગાંધીજી ખૂબ જ કરકસરપૂર્વક ઉપયોગ કરી પાણીનું મહત્ત્વ સમજાવતા હતા તે પ્રસંગ નાટયાત્મક રીતે રજૂ કરાયો. (પરીખ ઋત – ધો.૮, પંચોલી ઉત્સવ – ધો.૯)
- જાગૃતિ ફિલ્મનું દેશપ્રેમની ઝાંખી કરાવતું અભિનય ગીત 'આઓ બચ્ચો તુમ્હેં દિખાયે ઝાંખી હિંદુસ્તાનકી...' રજૂ કરાયું. (ચૌહાણ યાચના, મેનગર ધ્રુવી, પટેલ ઢદ્રેશ – ધો.૬, પટેલ કાજલ, રાજ કેશા, પટેલ કેશા, રાણા દિગંત, જોશી નીશી, પટેલ પલક, લખપતિ અમી, રાણા કૈરવી – ધો.૭)
- દાંડીકૂચ દરમ્યાન ગાંધીજી ભરૂચ આવ્યા ત્યારે યોજાયેલ સભામાં અબ્બાસ સાહેબની પુત્રી શ્રી રેહાનાબહેન 'ઊઠ જાગ મુસાફિર ભોર ભયી...' (સોલંકી બંસરી – ધો.૯)ગીત ગાયું હતું તથા આ સભામાં જ સંગીત સમ્રાટ ઓમકારનાથ ઠાકુરે 'ભીષ્મ–પ્રતિજ્ઞા' ગીત ગાયું હતું. આ બંને ગીતોનો કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ઓમકારનાથજીની વેશભૂષામાં શાળાના વિદ્યાર્થી મહેતા શીવમે (ધો.૮) રજૂ કર્યું. (સાથ આપનારવિદ્યાર્થી શેઠ મીત – ધો.૮, પંચોલી ઉત્સવ, સોલંકી બંસરી, પંડયા વિ□ા – ધો.૯)

  *'ગિરિ તેં ગીરાઓ, મઝધારમેં બહાઓ;*
  *મહાસાગરમેં ડૂબાઓ, કિન્તુ હાથ નહીં જોડેંગે'*

  ગીતના શબ્દોએ પ્રેક્ષકોમાં અનેરો ઉત્સાહ અને જોશ લાવી દેતા અને વિદ્યાર્થીઓ અદ્‌ભૂત રીતે તે ગીતને રજૂ કરતા.
- 'સુનો સુનો એ દુનિયાવાલો બાપુકી યે અમરકહાની...' (ફિલ્મ – અમર બાપુકી કહાની) અભિનય ગીત દ્વારા ગાંધીના જીવનની ઝાંખી કરાવવામાં આવી. (અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ : જૈન જૈમિન, મેહતા કિંજલ, ભટ્ટ આસ્થા, પટેલ દેવાંગીની, દલાલ આકાશ, શાહ મનન, બંકા ફહદ, તિવારી રાગીની)

  *'હમ મરેંગે લડતે લડતે, નહીં લડાઈ મરનેવાલી,*
  *મૈદાન ન હોગા ખાલી, જબ તક ન હો ખુશાલી'*
- આવી ભાવના સાથે દાંડીયાત્રામાં જોડાનાર યુવક અને આ યાત્રામાં ન જોડાવવા કહી રહેલા વૃદ્ધ કે જેમનો એકમાત્ર આધારસ્તંભ આ યુવાનો છે તેમનો સંવાદ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો. (પંચોલી ઉત્સવ – ધો.૯, શેઠ મીત – ધો.૮)
- શ્રીમંત સિરાજુદ્દીન શેઠ દ્વારા ગાંધીજીને 'સૈફીવિલા' બંગલો અર્પણ કરવામાં આવ્યો તે પ્રસંગ તથા દાંડીમાં ગાંધીજીએ આપેલ પ્રવચન ગાંધીજીના સ્વમુખે રજૂ કરવામાં આવ્યું. ગાંધીજીના ૧૧ મહાવ્રતો પણ રજૂ કરવામાં આવ્યાં.

કાર્યક્રમનો અંત 'રઘુપતિ રાઘવ રાજારામ...' ધૂનથી કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્તમ રીતે ગાંધી જીવનની ઝાંખી કરાવી સુંદર કાર્યક્રમ રજૂ કરી દાંડી ગામના યુવાનો, વિદ્યાર્થીઓ અને વડીલોની

દાદ મેળવી.

ત્યારબાદ નિકોરાવાસી અને સ્વાતંત્ર્યસેનાની શ્રી પરાગજીભાઈ પટેલ (બાપુજી)એ ગાંધીની વિચારધારાના દર્શન કરાવતા કહ્યું કે 'સત્ય એ જ ઈ□ર છે, ઈ□ર એ સત્ય નથી' ત્યારબાદ રાષ્ટ્રભકિતના ગીતો ૯૧ વર્ષની જૈફવયે સંભળાવી કાર્યક્રમને શીરમોર બનાવ્યો :

*" માર્ગમાં કંટક પડયા, સૌને નડયા –*
*બાજુ મૂકયાં ઊંચકી,*
*તે દિ નક્કી જન્મ ગાંધી બાપુનો "*

*– ઉમાશંકર જોશી*

ત્યારબાદ શ્રીમદ્ રાજચંદ્ર વિનય મંદિર, દાંડી શાળાના આચાર્યને 'ભારત વિભૂતિ તસવીર' આચાર્યશ્રી પ્રકાશભાઈએ, પ્રાથમિક શાળા માટે શ્રી ધીરુભાઈ પટેલને શ્રીમતી પ્રમેશબહેને અર્પણ કરી. ત્યારબાદ શ્રી મોહનભાઈને શાળાના પુસ્તકાલય માટે શ્રીમતી કિનાક્ષીબહેને થોડાક પુસ્તકો અર્પણ કર્યા. ગાંધીવાદી શ્રી રણજીતભાઈએ પોતાના પ્રવચનમાં જણાવ્યું, 'ગાંધી વિચારધારાને આજની નવી પેઢી પણ પ્રજ્વલિત રાખશે જ.' અંતમાં શ્રી ધીરુભાઈએ દાંડી આવી કાર્યક્રમ કરવા બદલ ઍમિટી શાળા પરિવારનો આભાર માન્યો. તેઓશ્રીએ જણાવ્યું કે અત્યાર સુધી દાંડીમાં અનેક કાર્યક્રમો થયા પરંતુ **કોઈ સંસ્થા એ પોતાની રજત જયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે દાંડી આવ્યા હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે.** તે બદલ ઍમિટી શાળા પરિવારને ખૂબ ખૂબ અભિનંદન.

દાંડીમાં ગાંધીજીનો ઉતારો એક મુસ્લિમ યજમાન શેઠ સિરાજુદ્દીન વાસીને બંગલે 'સૈફીવિલા'માં રાખવામાં આવ્યો હતો. સિરાજુદ્દીન શેઠ રાષ્ટ્રવાદી મુસ્લિમ બિરાદરના હતા. ગાંધીજીએ તેમને હસીને કહ્યું 'તમે બંગલો આપ્યો અને વળી સામા લેવા આવ્યા છો પણ મને સંઘરીને તમે કોઈ વખત બંગલો ખોઈ બેસવાના છો.' શેઠે જણાવ્યું કે 'તે ખોવાની મારી તૈયારી છે.' વાસ્તવમાં બન્યું પણ એમ. શેઠે બંગલો ખોયો તો નહિ પણ ત્યાં જવાહર નહેરુ 'ગાંધી સ્મારક' માટે પધાર્યા ત્યારે એમણે 'સૈફીવિલા' તેમને અર્પણ કરી દીધો. જેમાં આજે ગાંધી સંગ્રહાલય પ્રદર્શન ગોઠવ્યું છે. અમે સૌએ આ સંગ્રહાલય – પ્રદર્શન નિહાળ્યું અને ભાવવિભોર બન્યા.

સંગ્રહાલયમાં પ્રદર્શન જોઈ અમે સૌ ભોજન માટે વિનય મંદિરના, કુમાર છાત્રાલય ગયા. ત્યાંની શાળાના શિક્ષકો રમીલાબેન પટેલ, ભારતીબેન પટેલ, શીતલબેન પટેલ, ગૃહપતિ કમલેશભાઈ પરમાર અને છાત્રાલયમાં રહેતા બાળકોની મદદથી સુંદર રીતે અમારો ભોજન સમારંભ પૂર્ણ થયો.

ભોજન લીધા બાદ ૧૨:૩૦ કલાકે શ્રીમદ્ રાજચંદ્ર પુસ્તકાલય, કુમાર છાત્રાલયમાં શ્રી ધીરુભાઈનું પ્રવચન સાંભળવા અમે સૌ એકત્ર થયાં. ધીરુભાઈ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક છે. તેમણે અમને સૌને જણાવ્યું કે 'શિક્ષણનો સમાજ સાથે અનુબંધ જોડો અને તે પણ સ્થળ, કાળ પ્રમાણે. અમે વિદ્યાર્થીઓને આથી જ ધો. ૧૨ સાયન્સ + ટેકનોલોજી અને છોકરીઓ માટે હોમ સાયન્સ, પશુપાલન, બાળઉછેર વગેરે જીવન ઉપયોગી શિક્ષણ આપીએ છીએ.' ગાંધીજીએ બુનિયાદી શિક્ષણની જે વાત કરી હતી તે ખરા અર્થમાં અહીં સાર્થક થતી જણાય છે.

જુગતરામ દવેએ ગાંધીજી વિશે કહ્યું છે તેમ –

*'એનું જીવન કાર્ય અખંડ તપો;*
*અમ વચ્ચે બાપુ અમર રહો,*
*એના જીવનમંત્ર સમો ચરખો;*
*પ્રભુ ભારતમાં ફરતો જ રહો.'*

આ આશા સાથે દાંડીયાત્રાનો યાદગાર કાર્યક્રમ સમાપ્ત થયો. પરંતુ જીવનમાં ગાંધીજીના વિચારોની સુવાસ લઈ બપોરે ૦૧:૩૦ કલાકે અમારી બસ દાંડીથી વલસાડ જવા રવાના થઈ. બપોરે ૦૩:૦૦ કલાકે અમે સૌ તિથલ દરિયાકિનારે પહોંચ્યા. ત્યાં સાંઈ મંદિરમાં સાંઈબાબાના દર્શન કરી ચા–નાસ્તો કરી દરિયાકિનારે ભેગા થયાં. ત્યાં શ્રીમતી કૌષાબહેન અને શ્રીમતી હેતલબહેને બૌદ્ધિક રમતો રમાડી. બૌધિક રમતોમાં Ice-breaking, હમ સાથ સાથ હૈ, who am I?, આંખો આંખો મેં, Match the right pair વગેરે જેવી રમતો રમાડવામાં આવી. તેમાં સહુ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ રમતના વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા.

સતત ત્રણ–ચાર દિવસથી વિવિધ શાળાઓમાં ગાંધી કાર્યક્રમની સુંદર જવાબદારી નિભાવનાર કુ. અશ્મા મૌલવી, શ્રીમતી નયનાબેન ભટ્ટ, કુ. ખુશ્બુ ચોરસિયા, શ્રીમતી તેજસ્વીનીબેન ચૌહાણ વગેરેને પણ તેમની જવાબદારી સારી રીતે નિભાવવા બદલ પુસ્તક અર્પણ કરાયા. ત્યાં સુંદર દરિયો અને તેની આહ્‌લાદકતાના દર્શન કરી સાંજે ૦૬:૪૫ કલાકે તિથલ બીચથી અમારી બસ રવાના થઈ. રાત્રિના ૧૧:૦૫ વાગ્યે અમારી બસ શાળાના કેમ્પસમાં ભરૂચ મુકામે આવી.

ગાંધી જીવન મૂલ્યોનો પ્રત્યક્ષ પરિચય કરાવવાનો ઍમિટી શાળા પરિવારનો આ પ્રયાસ ચોક્કસ સફળ રહ્યો. ખાસ તો રજત જયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ આ કાર્યક્રમ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને નવપલ્લવિત કરતો ગયો.

**ઍમિટીનો સૌ પરિવાર,**
**દાંડીની યાત્રાએ ચાલ્યો રે..**
**ગાંધીનો સંદેશો લઈને,**
**ગામે ગામ આવ્યો રે..**
**નાટકને ગીતોની રમઝટ,**
**સાથે ચિત્રો લાવ્યો રે..**
**પ્રસંગ ગાંધીની યાત્રાના,**
**સૌને યાદ કરાવતો રે..**
**ઍમિટીની રજતજયંતી,**
**મજાનો માહોલ બનાવ્યો રે..**

– ***બદ્રીભાઈ જોશી,*** *મંત્રી, શાંતિગ્રામ નિર્માણ મંડળ, તણછા*

## ગણિત પ્રયોગશાળાનું ઉદ્‌ઘાટન

**ઍમિટી શાળાના શિક્ષકો સતત પ્રગતિશીલ છે. શાળા પરિવાર અનોખું અને આગવું કરવા ક્રિયાશીલ છે. ગણિત શિક્ષકો શાળામાં ગણિતની પ્રયોગશાળા તૈયાર કરવા માટે ચિંતન અને મનન કરતા હતા. તેઓએ આ કાર્ય કરવા માટે "રજતજયંતી વર્ષ"ની તક ઝડપી લીધી. રજતજયંતી વર્ષ ચીલા ચાલુ રીતે ઉજવવું ન જ જોઈએ તેવો સૌનો નિર્ધાર હતો. ગણિતના શિક્ષકોએ આજ વર્ષે ગણિતની પ્રયોગશાળા બનાવવાનું બીડું ઝડપ્યું. સૌ રાત દિવસ કામ કરવા લાગ્યા. ગુજરાતની ગણી ગાંઠી સ્કૂલમાં ગણિતની પ્રયોગ શાળા છે. તેમાં 'ઍમિટી'નું નામ ઉમેરાવવું જ જોઈએ તેવા દઢ નિશ્ચય સાથે સૌ લાગી પડયા. જેનો વિગતવાર અહેવાલ નીચે પ્રમાણે છે.**

**અતિથિ વિશેષ : શ્રી એ. કે. વિરાણી** (ખ્યાતનામ ગણિતપ્રેમી શિક્ષક, રાજકોટ)

**તારીખ : ૨૭મી ઓક્ટોબર – ૨૦૧૦, બુધવાર**

**સમય : સવારે ૧૦.૧૫ થી ૧૨.૦૦**

**સ્થળ : ઍમિટી શૈક્ષણિક સંકુલ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ**

## ઍમિટી ગણિત પ્રયોગશાળા

*– કીર્તિ ગાંધી*

સામાન્ય રીતે ગણિત એ બાળકોને અઘરા લાગતા વિષયોમાંનો એક છે. એટલે ગણિતને સરળ કેવી રીતે બનાવી શકાય, બાળકોમાં ગણિત પ્રિય કેવી રીતે બનાવાય ? આવા પ્રશ્નો અમારા શાળા પરિવારમાં અનેક વખત ચર્ચાની એરણ ઉપર આવતા. આથી અમે એક દઢ સંકલ્પ કર્યો હતો કે અમારી શાળામાં વિજ્ઞાન અને કોમ્પ્યુટરની પ્રયોગશાળાઓની જેમ જ **'ગણિત પ્રયોગશાળા'** પણ બનાવીશું જ. બાળકો ગણિતના મૉડેલ્સથી જાતે ગણિત શીખતાં થાય અને જાતે કરવાથી તેમનામાં ગણિત વિષય પ્રત્યે રસ–રુચિ જાગે અને ગણિત વિષયનો જે ભય છે તે બાળકોમાંથી દૂર થાય તેવો સંકલ્પ કર્યો.

વર્ષ ૨૦૧૦–૧૧ ઍમિટી શાળામાં શાળાની સ્થાપનાનું ૨૫મું વર્ષ ઉજવાઈ રહ્યું છે. આ રજતજયંતી વર્ષે અમે સૌ ગણિતપ્રેમી શિક્ષક મિત્રોએ ગણિત પ્રયોગશાળાનું સ્વપ્ન આ જ વર્ષે પૂરું કરવાનું નક્કી કર્યું. આ વિચાર અંગે સૌ પ્રથમ જૂન–૨૦૧૦માં અમે ચર્ચા શરૂ કરી. પ્રયોગશાળાનું કામ કઈ રીતે કરવું તે અંગે અમે વિશદ્ ચર્ચા વિચારણા કરી કાર્ય પૂર્ણ કરવાની ડેડ લાઈન પણ જાતે નક્કી કરી. પરંતુ તે તારીખ સુધીમાં કામ પૂર્ણ ન થઈ શકયું તેનો વસવસો રહ્યો પણ છેલ્લે જયારે પૂર્ણ થયું તેનો અનહદ આનંદ અને સંતોષ હતો.

અમારા માટે સૌથી લાભદાયક વાત એ હતી કે અમારા પૂર્વ આચાર્યશ્રી રણછોડભાઈ શાહ અને વર્તમાન આચાર્યશ્રી પ્રકાશભાઈ મહેતા બંને ગણિત વિષયના શિક્ષકો છે. એટલે તેમના જ્ઞાન અને અનુભવનો લાભ તથા માર્ગદર્શન પ્રાપ્ત થયા. અમે અમદાવાદમાં આવેલ વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર (VSCSC)ની મુલાકાત લીધી. ત્યાં ખૂબ જ સરસ ગણિત પ્રયોગશાળા બનાવવામાં આવી છે. આ માટે અમે ડૉ. હેમાબેન વસાવડા સાથે ટેલિફોનિક વાતચીતથી અમદાવાદનું કોમ્યુનિટી સાયન્સ સેન્ટર

જોવા માટેનો સમય નક્કી કર્યો. હું (કીર્તિ ગાંધી) અને પ્રાથમિક વિભાગના ગણિત–વિજ્ઞાન શિક્ષકશ્રી અતુલભાઈ પટેલ અમદાવાદ જઈને સંસ્થાની મુલાકાત લઈ આવ્યા. શ્રીમતી હેમાબહેને ખૂબ જ સરસ રીતે કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની મુલાકાત કરાવી અને ગણિત પ્રયોગશાળા કેવી રીતે તૈયાર કરી શકાય તે અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડયું.

ગણિત પ્રયોગશાળા માટે જરૂરી મૉડેલ્સમાંના કેટલાક મૉડેલ ત્યાંથી ખરીદ્યાં. તો કેટલાક સુથાર પાસે બનાવડાવ્યાં. ખરીદેલા જે મૉડેલ્સ નાનાં હતા તે પણ મોટા બનાવડાવ્યાં. આ બનાવડાવેલ મૉડેલ્સનું રંગરોગાન શાળાનાં વિદ્યાર્થીઓએ ચિત્ર શિક્ષકશ્રી અલ્પેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કર્યું. ગણિતશાસ્ત્રીઓના ફોટા ભેગા કરવાનું કાર્ય શાળાના વરિષ્ઠ ગણિત શિક્ષકશ્રી કે. સી. પટેલ દ્વારા એલ.ડી. એન્જીનિયરીંગ કૉલેજ, અમદાવાદમાં અભ્યાસ કરતાં શાળાનાં પૂર્વવિદ્યાર્થી પરીન શાહના સંપર્કમાં રહીને કરાયું.

વર્ષ ૧૯૯૯ દરમિયાન VSCSC, અમદાવાદ દ્વારા અમારી શાળામાં યોજાયેલ ગણિતની કાર્યશાળા વખતે તૈયાર કરેલ ટેલિસ્કોપ અને પેરિસ્કોપને ગણિત પ્રયોગશાળામાં પુનઃ સ્થાપિત કરાયાં. ટેલિસ્કોપ સરળતાથી ગોઠવાઈ ગયું. પરંતુ પેરિસ્કોપને જે રીતે અમે ગોઠવવા માંગતા હતા તેની જગ્યા અમારા મગજમાં બરાબર બેસતી નહતી. વ્યવસ્થિત ગોઠવ્યા પછી ખબર પડી કે જે બેઠાબેઠા દિવાલની બીજી તરફનું જોઈ શકાતું નથી તે પેરિસ્કોપની મદદથી શકય બન્યું. પરંતુ પેરિસ્કોપ ગોઠવવાની વાત ખૂબ જ મહેનત માંગી લે તેવી હતી. તે જવાબદારી શાળાના વ્યાયામ શિક્ષકશ્રી હસ્તિમલભાઈ વસાવાએ સુપરે પાર પાડી.

ગણિત પ્રયોગશાળામાં ઘણા મૉડેલ્સ નાનાં હતાં ઉપરાંત તે પોલિથીનમાં મુકેલ હતાં તે ખોવાઈ ન જાય તે માટે પ્લાસ્ટિકના ડબ્બામાં મૉડેલ મૂકયા બાદ ડબ્બા પર મૉડેલની જાણકારી દર્શાવતું સ્ટીકર લગાડવાની વાત આવી ત્યારે સ્ટીકર બનાવવાની જવાબદારી શાળાના કોમ્પ્યૂટર ઓપરેટરશ્રી ભરતભાઈ રાજે સ્વીકારી. પ્રયોગશાળામાં નવીનતા લાવવાના અનેક નવા વિચારો અમારી શાળા પરિવારમાંથી પ્રાપ્ત થયા. ગણિત પ્રયોગશાળામાં દુનિયાના દરેક દેશના સમય દર્શાવતા ઘડિયાળો મુકવામાં આવ્યાં. શાળા પરિવારમાંથી ઈલેકટ્રોનિક વજનકાંટો મળ્યો. દરેક શિક્ષકો રોજ પ્રયોગશાળામાં આવીને ઉપયોગી સૂચનો કરતાં અને તેઓ નવા નવા વિચારોથી અમારા ઉત્સાહ વધારતાં હતાં.

ગણિત પ્રયોગશાળાની દીવાલોને ટેન ગ્રામના આકારોથી ભરૂચના પ્રખ્યાત ચિત્રકાર અને શિલ્પકારશ્રી રોહિતભાઈએ તેમના મિત્રોની મદદથી સજાવી. **'Maths Lab'**નું અનોખું સાઈન બોર્ડ બનાવવાનું સૂચન અમારી શાળાના ગણિત–વિજ્ઞાન શિક્ષિકા શ્રીમતી જિગીશાબેન પંડયાએ આપ્યું. જેમાં તેમણે ગણિતના ચિહ્નો રેખા, કિરણ, સ્પર્શક, વર્તુળ, ત્રિકોણ વગેરેનો ઉપયોગ કરી કર્યો.

હવે પ્રયોગશાળાનું કામ લગભગ પૂર્ણ થવા આવ્યું. ઉદ્‌ઘાટનનો દિવસ નજીક આવતો હતો. આમંત્રણ કાર્ડ પણ બનાવવાનું હતું. ઍમિટી શાળાનાં પ્રત્યેક આમંત્રણ કાર્ડ થીમ આધારિત બને છે અને આ કાર્ડ પણ ગણિતને અનુરૂપ બનાવવાનું હતું. અમે સૌ અવારનવાર મળી તેની ચર્ચા વિચારણા કરતાં અંતે અમે કાર્ડને ષટ્‌કોણ સ્વરૂપમાં બનાવ્યું. તેમાં છ ભાગમાં નીચે મુજબની માહિતી હતી :

1) Silver Jubilee Celebration, Inaugruation of Maths Lab. 27th October, 2010
2) Inaugurator : Mr. A. K. Virani (Renowned Maths Teacher)
❖ Trainer of Maths Olympiad, ❖ Member of Executive Committee of Gujarat Ganit Mandal, ❖ Committee Member of Community Science Centre, Rajkot

3) ✦ Date : 27th Oct. '10 - Wednesday, ✦ Time : 10:15 a.m. to 12:15 p.m.,
✦ Venue : Amity Educational Campus, Bharuch.
E-mail : amity@narmada. net.in, Visit us at : www.amityschool.net

4) Maths Lab where you can enjoy and experience the beauty of Maths.

5) I hear and I forget
I see and I remember
I do and I understand - conficius.

6) Wonder land of Maths Lab. (Includes more than hundred, 2-D & 3-D Maths Models, Life History of Mathematicians and Fun Pages of Maths)

ગણિત પ્રયોગશાળામાં મૂકવા માટે બાળ કેળવણીકાર અને સ્વાતંત્ર્ય સેનાની પૂ. પરાગજીભાઈ પટેલ (બાપૂજી)એ કાગળના બનાવેલ રમકડાં આપ્યા.

ઉદ્‌ઘાટનનો દિવસ તા.૨૭/૧૦/૧૦ આવ્યો. સુપ્રસિધ્ધ ગણિત શિક્ષક કે જેઓ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, રાજકોટના સભ્ય છે, ગુજરાત ગણિત મંડળના એકઝીકયુટીવ કમિટિના સભ્ય, મેથ્સ ઓલમ્પિયાડના ટ્રેનર શ્રી એ. કે. વિરાણીના વરદ્‌હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટન સમારંભમાં ભરૂચ અને સમગ્ર ગુજરાતમાંથી ગણિતપ્રેમી મિત્રો હાજર રહ્યા હતા. ગણિતના મૉડેલ જોઈને સૌ ખૂબજ પ્રભાવિત થયા. ધો.૧૦માં આવતાં ત્રિકોણ અને વર્તુળના પ્રમેયોના મૉડેલ જોઈને સૌએ ગણિત સરળ હોવાનું અનુભવ્યું અને કહ્યું કે આ મૉડેલના ઉપયોગથી વિદ્યાર્થીઓ જાતે જ પરિણામો ચકાસી શકશે.

ઉદ્‌ઘાટન બાદ ગણિતપ્રેમીઓ સાથે શ્રી એ. કે. વિરાણીનો લોકભોગ્ય વાર્તાલાપ પણ યોજવામાં આવ્યો હતો. તેમાં તેમણે બ્રહ્માના ટાવરની વિગતે ચર્ચા કરી અને વર્ગખંડમાં ગણિત પ્રયોગશાળા કઈ રીતે ઉપયોગી થાય તેની રસપ્રદ વાતો સમજાવી.

ગણિત પ્રયોગશાળામાં ૬૪ કરતાં વધુ મૉડેલ્સ મૂકવામાં આવ્યા છે. શાળાના બાળકો આ પ્રયોગશાળાનો લાભ લઈ શકે માટે શાળાના સમયપત્રકમાં ગોઠવણી કરવામાં આવી છે. આજબાજુની શાળાઓને પણ આ પ્રયોગશાળાનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. સામાન્ય રીતે આઠ દસ શાળાઓ વચ્ચે આવી એક પ્રયોગશાળા આવકારદાયક છે. નીચે જણાવેલ વિષયાંગ સંબંધિત મૉડેલ્સ પ્રયોગશાળામાં ઉપલબ્ધ છે :

| | | |
|---|---|---|
| (૦૧) પૂર્ણાંક સંખ્યાઓ | (૧૩) સ્થાનકિંમત બ્લોકસ | (૨૫) યુગ્મ–અયુગ્મ સંખ્યા |
| (૦૨) અવયવો | (૧૪) લ. સા. અ. | (૨૬) નેપીઅર પટ્ટી |
| (૦૩) અપૂર્ણાંક પટ્ટીઓ | (૧૫) સંખ્યાઓની ફેરવણી | (૨૭) ૧થી૮ અંકોનો કોયડો–૧ |
| (૦૪) ટર્ન ટર્ન કૂકરીઓ | (૧૬) ત્રિકોણનું ક્ષેત્રફળ–૧ | (૨૮) ત્રિકોણનું ક્ષેત્રફળ–૨ |
| (૦૫) ત્રિકોણો | (૧૭) પંચચોરસ કોયડો–૧ | (૨૯) ભૌમિતિક આકારો |
| (૦૬) વર્તુળાકાર જીઓબોર્ડ | (૧૮) ટેનગ્રામ | (૩૦) ભૌમિતિક ઘનાકારો–૧ |
| (૦૭) લંબચોરસ જીઓબોર્ડ | (૧૯) ત્રણ કાણાં અને દટ્ટો | (૩૧) પેગ બોર્ડનો કોયડો |
| (૦૮) બ્રહ્માનો ટાવર | (૨૦) કોણદ્વિભાજકનું પ્રમેય | (૩૨) કોયડો : ચોરસ બનાવો |
| (૦૯) એપોલોનિયસનું પ્રમેય | (૨૧) કોયડો : સ્થાનફેર | (૩૩) ભૌમિતિક ઘનાકારો–૨ |
| (૧૦) કોયડો : સોમાનો ઘન | (૨૨) શાંકવનો છેદ | (૩૪) પ્રિઝમ અને પિરામિડ–૧ |
| (૧૧) દ્વિઅંકી પરિવર્તકો | (૨૩) રચના : પરવલય | (૩૫) પ્રિઝમ અને પિરામિડ–૨ |
| (૧૨) પ્લેટોનિક ઘનાકારો | (૨૪) ૧થી૮ અંકોનો કોયડો | (૩૬) સમલંબ ચતુષ્કોણનું ક્ષેત્રફળ |

(૩૭) સમાંતરબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ
(૩૮) ત્રિકોણના ખૂણાઓના સરવાળો
(૩૯) પાઈથાગોરસ પ્રમેય (મૉડેલ–૧)
(૪૦) બે એકરૂપ કાટકોણ ત્રિકોણો
(૪૧) ૪ × ૪ રંગીન ચોરસનો કોયડો–૧
(૪૨) કોયડો : સમબાજુ ત્રિકોણ બનાવો
(૪૩) રચના : ઉપવલય, અતિવલય
(૪૪) $(a+b)(c+d) = ac + ad + bc + bd$
(૪૫) $a^2 - b^2 = (a-b)(a+b)$
(૪૬) $(a+b+c)^2 = a^2+b^2+c^2+2ab+2bc+2ca$
(૪૭) $a^3-b^3 = (a-b)(a^2+ab+b^2)$
(૪૮) $(a+b)^3 = a^3+b^3+3a^2b+3ab^2$
(૪૯) કાટકોણ $\Delta ABC$, $AD^2 = BD \times DC$
(૫૦) $\Sigma(2n-1)$નું સૂત્ર
(૫૧) સમબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ
(૫૨) ચતુષ્કોણના ખૂણાઓના સરવાળો
(૫૩) પાઈથાગોરસ પ્રમેય (મૉડેલ–૨)
(૫૪) કોયડો : મોટો ચતુષ્ફલક બનાવો
(૫૫) ૪ × ૪ રંગીન ચોરસનો કોયડો–૨
(૫૬) વર્તુળની બે છેદતી જીવાઓનો પ્રમેય
(૫૭) $a(b+c) = ab + ac$
(૫૮) $(a+b)^2 = a^2 + 2ab + b^2$
(૫૯) $(a+b)^2 - (a-b)^2 = 4ab$
(૬૦) $(a+b)^2 + (a-b)^2 = 2(a^2+b^2)$
(૬૧) $a^3+b^3 = (a+b)(a^2-ab+b^2)$
(૬૨) $(a-b)^3 = a^3 - b^3 - 3a^2b + 3ab^2$
(૬૩) $\Sigma n$નું સૂત્ર
(૬૪) $\Sigma[a+(n-1)d]$ નું સૂત્ર

આ ઉપરાંત ઘણા બધા અન્ય મૉડેલ અને ગણિતના બધા એકમોને સરળતાથી ભણાવી શકાય તેવા બધા સાધનો ઉપલબ્ધ કરાયા છે. ગણિત પ્રેમી મિત્રોને ‘ઍમિટી ગણિત પ્રયોગશાળા’ની મુલાકાત લઈ વધારે સારી બનાવવા સૂચનો આવકાર્ય છે.

## ગણિત પ્રયોગશાળાનો ઉદ્‌ઘાટન સમારંભ

*(રજતજયંતી વર્ષ નિમિત્તે શાળામાં શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય તે અંગે પણ કાર્યક્રમો યોજવાનું વિચારાયું હતું. આ અન્વયે જેની ખૂબ જરૂર હતી તેવી ગણિત પ્રયોગશાળાનું ઉદ્‌ઘાટન તા.૨૭/૧૦/૨૦૧૦ ના રોજ ગુજરાત ગણિત મંડળના સમર્પિત સભ્ય અને લોકપ્રિય ગણિત શિક્ષક શ્રી એ. કે. વિરાણીના વરદ્‌હસ્તે થયું. આ પ્રસંગે દક્ષિણ ગુજરાતના ગણિતપ્રેમી શિક્ષકોને નિમંત્રણ અપાયું હતું. શ્રી એ. કે. વિરાણીએ ઉપસ્થિત ગણિત–વિજ્ઞાન શિક્ષકો તથા અન્ય વિષયોના શિક્ષકોને રસ પડે તેવી શૈલીમાં કરેલ ઉદ્‌બોધન અહીંયા રજૂ કરીએ છીએ.)*

ગણિત પ્રયોગશાળાનો પ્રારંભ થઈ રહ્યો છે એ ખૂબ આનંદપ્રેરે એવી વાત છે અને સહભાગી થવાનું પ્રાપ્ત થયું એ માટે હું મારી જાતને વિશેષ સહભાગી માનુ છું. થોડાક વખત પહેલાં રણછોડભાઈનો ખૂબજ ભાવભર્યો, સ્નેહભર્યો પત્ર આવ્યો કે સાહેબ તમે આવો, અમારી શાળામાં પધારો તેવી ખાસ ઈચ્છા છે. મેં સહર્ષ આમંત્રણ સ્વીકાર્યું. પ્રકાશભાઈએ કહ્યું કે કેટલાક અનિવાર્ય સંજોગોને કારણે આજે એ આપણી વચ્ચે ઉપસ્થિત નથી રહી શકયાં. આજે એમની ગેરહાજરીમાં આપણે સૌ એક ખાલીપો અનુભવી રહ્યાં છીએ. એનો વસવસો મને પણ છે. એમણે, એમના જે સાથીઓ અને સહકાર્યકરોએ આ કાર્ય કર્યું છે તે આપણને પ્રેરણા પૂરી પાડે છે અને એનું જે સુખદરૂપ છે તે આજે આપણે સૌ માણીએ છીએ.

આપણને થશે કે આપણે વિજ્ઞાનની પ્રયોગશાળા, વિજ્ઞાનના વિષયો – ભૌતિકશાસ્ત્રની પ્રયોગશાળા હોય, રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા હોય, જીવવિજ્ઞાનની પ્રયોગશાળા હોય પણ ગણિતની પ્રયોગશાળા

હોય એ કલ્પના જ મુશ્કેલ છે. આ વિભાવનાનો જ આપણને ખ્યાલ ન આવે. જરાક નવાઈ લાગે. ગણિતની પ્રયોગશાળામાં તે વળી શું હોય ? બહુ તો ત્રિકોણને, ચતુષ્કોણને વર્તુળએ બધા કાપીને મૂકી દઈએ અને બાળકોને કહીએ કે આને ત્રિકોણ કહેવાય અને આને વર્તુળ કહેવાય. ગણિતમાં પણ પ્રયોગ કરવાના હોય છે. શાળાની આમંત્રણ પત્રિકામાં પણ ચીની ફિલસૂફ અને દાર્શનિક કોન્ફયુસિયસનું એક સરસ મજાનું અવતરણ ટાંકયું છે. **''મેં સાંભળ્યું અને હું ભૂલી ગયો, મેં જોયું અને મને સહજ રીતે યાદ રહી ગયું, પણ જયારે મેં જાતે કર્યું ત્યારે મેં ખરેખર એની સમજ પ્રાપ્ત કરી.''** આમ તો આ બાબત માત્ર ગણિતને નથી લાગુ પડતી. પણ બધી જ બાબતોને લાગુ પડે છે. શિક્ષણજગતમાં પડેલા આપણે સૌ મિત્રોએ ખરેખર આ સૂત્ર આપણા હૈયે ટાંકી રાખવાનું અને યથાશકિત આપણે આચરણમાં મૂકવા સતત પ્રયત્ન કરવો જોઈએ. આપણને ખબર છે કે મોર્ડન ટેકનોલોજીએ તો અત્યારે ઘણા બધા ભાતભાતના સાધનો આપણી સમક્ષ મૂકી દીધા છે. આપણા કલાસરૂમની અંદર સમગ્ર વિ□ની દરેક વસ્તુનો આપણે ઉપયોગ કરી શકીએ છીએ. આપણી સાધન મર્યાદામાં, આપણી વ્યકિતગત મર્યાદાઓની વચ્ચે પણ આપણે ઘણું બધું વિદ્યાર્થીઓની વચ્ચે લાવી શકીએ છીએ.

ગણિતની પ્રયોગશાળા ઉત્તમ ખ્યાલ છે. આ નવતર ખ્યાલ હું એમ કહું કે સૌથી પહેલાં ગુજરાતમાં અને ભારતમાં આપણાં સૌના ગુરુ પ્રોફેસર શ્રી એ. આર. રાવ સાહેબનો છે. એમની જન્મભૂમિ તાલીમનાડુ છે પણ એમની સમગ્ર કર્મભૂમિ એ ગુજરાત છે. ગુજરાત એ રીતે સદ્‌ભાગી છે. નિવૃત્ત થયા પછીયે તેઓ ગુજરાતમાં વસી ગયા છે. આજે ૧૦૩ વર્ષની ઉંમર છે. ૧૦૩ વર્ષની ઉંમરે પણ એ દર શનિવારે અમદાવાદના વિક્રમ સારાભાઈ વિજ્ઞાન કેન્દ્રમાં, ગણિત રસિયાઓ સાથે ગણિત અને વિશેષતઃ ભૂમિતિની બે કલાક ચર્ચા કરે છે. ૧૦૩ વર્ષની ઉંમરે કેન્દ્રમાં આવવું તેમના માટે મુશ્કેલ છે એટલે બધા હવે એમને ઘેર ભેગા થાય છે. એમને આપણે કોઈ કોયડો આપીએ એટલે એ તરત કહેશે, ''વિચારીશ, મને આનો ઉકેલ મળશે તો આપીશ. કારણ ગણિત એટલો ગહન વિષય છે, કે કોઈ એમ ન કહી શકે કે બધા કોયડાના ઉકેલ મારી પાસે છે જ.'' આજે સ્ટીફન હોકિન્સ પણ એમ ન કહી શકે કે તમે મને ભૌતિકશાસ્ત્રની કે ગણિતની કોઈપણ સમસ્યા આપો એટલે એનો ઉકેલ હું આપી શકીશ. તરત જ ન આપી શકે. ઓશોનું એક સુંદર વાકય છે, ''જયારે માણસને એવી પ્રતીતિ થાય; કે હું કશું જ જાણતો નથી; ત્યારે એની જ્ઞાન મેળવવાની શરૂઆત થાય છે. માણસની જ્ઞાન મેળવવાની શરૂઆત ત્યારથી થઈ એમ કહેવાય; જયારે એને અંતરથી પ્રતિતિ થાય.'' આ હું કેવળ ગણિતની વાત નથી કરતો, દરેક વિષયમાં તમે આમ સહેજ ઊંડા ઉતરશો, ડૂબકી મારશો તો તમને થશે કે, હું તો કાંઈ જ જાણતો નથી. હું નતમસ્તકે થઈને પ્રા. એ. આર. રાવ સાહેબને આદરપૂર્વક વંદન કરું છું.

હવે ગણિતની લેબની અંદર ઘણીબધી વસ્તુઓ આપણે જોઈ. મને પ્રકાશભાઈએ કહ્યું કે સર આ પ્રયોગશાળા તૈયાર કરનાર બધા માત્ર ગણિત વિષયના જ શિક્ષકો નથી. પ્રાથમિક શાળાથી લઈને હાયર સેકન્ડરી સુધીના શિક્ષક–શિક્ષિકાઓ છે. એટલે હું ગણિતની એવી બહુ ભારેખમ વાતો નહિં કરું. કદાચ – ગણિત આમ પહેલેથી જ કહેવાતો શુષ્કને નિરસ વિષય છે. પણ શું ખરેખર ગણિત મનાય છે એવો શુષ્કને નિરસ વિષય છે ખરો ? કઠિન વિષય છે ? મારે જવાબ આપવાનો હોય તો હું જવાબ આપીશ કે 'હા' ને 'ના' બંને. અરે ! આતો ચાલાકી ભર્યો જવાબ થયો, બરાબરને હેં ! આ તો એક વાર્તાકારનો જવાબ છે કોઈ એક શિક્ષકનો જવાબ નથી. કઠિન વિષય છે ? હું કહીશ 'હા', શું કામ ? કારણ કે ગણિત એ ક્રમબદ્ધ સાંકળ જેવો વિષય છે. કેવી રીતે ? માની લો કે વિદ્યાર્થીને ૧ થી ૧૦૦ સુધીના આંક ન આવડતા હોય તો તેને

સરવાળા નથી આવડવાના, બાદબાકી નથી આવડવાની તો પછી આગળનું નહિ આવડે. ગણિતની મર્યાદા કહો તો મર્યાદા આ છે. લાંબો વિષય છે એટલે બહુ તકલીફ છે. આજે બાળકને દસમા ધોરણ કે નવમા ધોરણમાં ગણિત અઘરું લાગે છે, અઘરું છે એટલે નહિ, એનો પાયો કાચો છે. કદાચ દરેક વિષયમાં એ વત્તે ઓછે અંશે લાગુ પડતું હશે પણ ગણિતમાં આ વાત ૧૦૦% લાગુ પડે છે. વિદ્યાર્થીને કદાચ આઠમા ધોરણનું ગુજરાતી નહીં આવડતું હોય, તે પણ નવમા ધોરણના ગુજરાતીમાં આઠમા ધોરણની કચાશ બહુ નહીં લાગે – વ્યાકરણમાં કદાચ કચાશ જોવા મળે. પણ ગણિતમાં એવું નથી એટલે ગણિત અઘરું છે. એટલે ગણિતમાં પાયાનું ચણતર સરસ રીતે થઈ ગયું હોય તો ગણિત અઘરું નથી. તમે એવું કહેશો કે આતો રાજકારણી જેવો, ચાલકી ભર્યો ઉત્તર છે. એ ચાલાકીને પણ હું માનું છું. ગણિત અઘરું પણ અને સહેલું પણ છે. એટલે ગણિતને કોઈકે નાળિયેર – શ્રીફળ સાથે સરખાવ્યું છે. એનું ઉપરનું કવચ સખત છે એને તોડતાં મહેનત લાગે છે પણ આપણે એકવાર એ ઉપરની કાચલી તોડવામાં સફળ થઈએ તો અંદરથી તમને સરસ અમૃત સરીખું જળ પ્રાપ્ત થાય અને સરસ મઝાનું કોપરું પણ ખાવા મળે. એટલે ઉપરનું કાચલું તોડવાની ને પરીક્ષા કરવાની જો વિદ્યાર્થીપક્ષે તૈયારી હોય, તો અંદરનું ફળ મળશે જ. તો આવી રીતે ગણિત અમૃત છે અને અમૃત જેવું ફળ મેળવવા વિદ્યાર્થી પક્ષે થોડીક વધુ મહેનત જરૂરી છે.

પ્રાથમિક શાળાથી લઈને છેક માધ્યમિકને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષા સુધી ગણિત શિક્ષક એમ વિચારશે કે મારે આ વિષયાંગ સમજાવવો છે તો મારા આ વિષયાંગ સાથે સુસંગત થાય તેવું કોઈ ગણિતિક સાધન છે ? તો તેને આ પ્રયોગશાળામાંથી હજાર મળી જશે. ઘણાં એવા છે જે ગમ્મત સાથે જ્ઞાન આપે છે. આવા એકાદ રૂપક વિશે વાત કરવા માંગુ છું. એમાં બહુ ગમ્મત પડી જશે. કદાચ આપે કોઈકે જોયું હશે. બ્રહ્માનો ટાવર નામે એક સરસ મૉડેલ છે. જે વિદ્યાર્થી આ મૉડેલ રજૂ કરતો હતો તેને પૂછયું કે આને બ્રહ્માનો ટાવર શું કામ કહેવાય છે? દેખીતું છે કે એને ખબર ના હોય.

મેં કયાંક વાંચ્યું હતું કે એક પ્લેટફોર્મ પરના ત્રણ સળિયાની મદદથી એક સળિયામાં પરોવેલી પાંચ ક્રમશઃ નાની ડિશોને મોટા પર નાની ગોઠવતા જઈ એક સળિયા પરથી બીજા સળિયા પર ટ્રાન્સફર કરવાની છે. (ઉદાહરણ દ્વારા સમજાવ્યું) આમ ૩૧ વાર ડીસ ફેરવવાથી બધી જ ડીસને બીજા સળિયામાં ટ્રાન્સફર કરી શકાય પણ આને બ્રહ્માંડનો ટાવર શું કામ કહેવામાં આવ્યો છે?

દક્ષિણ ભારતમાં એક મંદિર ઉપર આવા ત્રણ સળિયાઓ છે. ઉતરતા ક્રમમાં સૌથી નીચે મોટો કળશ, એની ઉપર નાનો એવા ૬૪ કળશ છે. આ ૬૪ કળશને પણ આ રીતે એક સળિયામાંથી બીજા સળિયામાં ટ્રાન્સફર કરીએ, શરત એ જ કે એકી સાથે એક જ કળશ ઉપાડી શકો. નાના પર મોટો કળશ ન આવવો જોઈએ તો આ ૬૪ કળશને એક સળિયા પરથી બીજા સળિયા પર ટ્રાન્સફર કરવા છે, તો કેટલો સમય લાગે ? જવાબ છે અબજોના અબજો વર્ષ લાગે. કદાચ ત્યારે પૃથ્વી હોય પણ નહિ. એટલે એને કહેવાય છે બ્રહ્માનો દિવસ. બ્રહ્માનો એક દિવસ આટલો મોટો છે. પુરાણોમાં બ્રહ્માના એક દિવસની ગણતરી કરી છે. એટલા માટે આનું નામકરણ બ્રહ્માનો કળશ કર્યું છે. એટલે આપણે શિક્ષણની સાથે થોડીક આવી રસપ્રદ વાતો પહેલેથી બાળકોને કરતા જઈએ તો એને આનંદ પણ મળશે. આજે આનંદ શું કામ નથી આવતો ? કારણ કે દસમા ધોરણમાં વિદ્યાર્થીને બોર્ડના માર્કસ્ દેખાય છે. તો આપણે બાળક દરેક વિષયમાં રસ લેતો થાય તેવા પ્રયત્નો કરવાના છે. તો જ એ ભાર વિનાનું ભણતર થશે. ખેલ કરતાં, હસતાં–રમતાં, કિલ્લોલ કરતાં, ફૂલડાં આપણે જોવા હોય તો શિક્ષણની પ્રથા આપણે બદલવી પડશે. અસ્તુ.

## मस्ती की पाठशाला : Reunion of Ex-Students on 25th Dec., 2010






**Felicitating Amitian Jewels (1986-2010) on Republic Day - 2011**








Curtain Raiser of : संस्कृति संगम Dt. 5th & 6th Feb. 2011
Guest : Nainaxi Vaidya, Vipin Kikani, Naresh Kapadia,
Dr. Parul Shah & Dr. C. B. Patiyal

**Felicitation of Driver Uncles**







मिले सूर मेरा तुम्हारा....
Tribute to Pandit Bhimsen Joshi
by Educators of Amity






# પૂર્વ વિદ્યાર્થીઓનું મિલન

૨૦૧૦–૧૧ ઍમિટી શાળાનું રજતજયંતી વર્ષ. શાળાની ધરોહર સમા વિદ્યાર્થીઓને કેમ ભૂલાય? સેંકડો વિદ્યાર્થીઓનો પ્રેમ શાળા સાથે જોડાયેલ ! આ વિદ્યાર્થીઓ ભારતમાં અને ભારત બહાર પણ ફેલાયેલા છે. આ સૌને ભેગા કરવાનું ભગીરથ કાર્ય હતું. વિવિધ માધ્યમો દ્વારા તેમનો સંપર્ક કર્યો. પરંતુ સૌ વ્યવસાયમાં અત્યંત વ્યસ્ત હોવાથી તેમને સૌને એક દિવસે ભેગા કરવાનું ઘણું જ કઠીન હતું. લાંબી ચર્ચા વિચારણાના અંતે ક્રિસ્ટમસનો દિવસ – ૨૫મી ડીસેમ્બર, ૨૦૧૦ પસંદ કર્યો જે સૌને અનુકૂળ રહેશે તેમ અમને સૌને લાગ્યું. આ દિવસે મહેમાનની પસંદગી વિકટ હતી. શાળાની તલસ્પર્શી માહિતી હોય તેવા અને વિદ્યાર્થીઓ સમક્ષ અસરકારક પ્રવચન કરે તેવા વકતાઓ શોધવાના હતા. સૌએ ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાનીનું નામ એકી અવાજે આવકાર્યું. તો સાથે શાળાના કોઈ વિદ્યાર્થીની પણ શોધ કરતાં ધો.૧૨ની વિજ્ઞાનપ્રવાહની પ્રથમ બેચની વિદ્યાર્થિની શ્રીમતી પૂર્વી ઘરીઆ (પોખરીઆલ)નું નામ નક્કી થયું. હાલમાં તે નિરમા યુનિવર્સિટી, અમદાવાદની ફેકલ્ટી ઑફ લૉમાં ડીન પદ શોભાવે છે. બંને મિત્રોએ ઉત્તમ જવાબદારી નિભાવી. ૨૨૯ પૂર્વવિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. તેમના નામ, તેમનું ધો.૧૦–૧૨નું શૈક્ષણિક વર્ષ તથા મોબાઈલ નંબરની યાદી મૈત્રી–સેતુના અંક–૫૪ ‘‘મસ્તી કી પાઠશાળા’’માં છાપવામાં આવ્યા છે. સૌએ પોતાના બાળપણની મધુર યાદોને પુનઃ યાદ કરી પ્રતિવર્ષ મળવાના નિર્ધાર સાથે છૂટા પડયા.

**મુખ્ય મહેમાન : ડૉ. ભદ્રાયુ વછરાજાની** (ડાયરેકટર, સ્ટાફ અકેડમીક કોલેજ, રાજકોટ)

**અતિથિ વિશેષ : ડૉ. પૂર્વી ઘરીયા** (ડીન, ફેકલ્ટી ઓફ લૉ, નિરમા યુનિવર્સિટી, અમદાવાદ)

**તારીખ : ૨૫મી ડિસેમ્બર–૨૦૧૦, શનિવાર**

**સમય : સાંજે ૦૪.૦૦ થી ૦૭.૦૦**

**સ્થળ : ઍમિટી સ્કૂલ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ**

## ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાનીનું વકતવ્ય

*(રજતજયંતી મહોત્સવ નિમિત્તે યોજાયેલ ‘પૂર્વ વિદ્યાર્થી મિલન’ પ્રસંગે ડૉ. ભદ્રાયુભાઈએ આપેલ વ્યાખ્યાનનો ટૂંકસાર નીચે પ્રમાણે છે.)*

આ એક Unique gathering છે. કેમ કે હું અહીં આવ્યો ત્યારે એમ વિચારતો હતો કે આમિરખાને ગુજરાતની મુલાકાત ગઈ સાલ લીધી અને એક ઉત્તર બુનિયાદી શાળામાં જઈને પોતાના પિકચરનું પ્રમોશન કર્યું. પણ ખરેખર આમિરખાને આજે અહીંયા આવવું જોઈએ. Real Senseમાં **‘મસ્તીકી પાઠશાલા’** કેવી હોય એનો નજારો, જયારે મૈત્રી–સેતુનું અહીંયા વિમોચન થયું અને તમે સહુ અહીંયા ઊભા થયાં ત્યારે મને જોવા મળ્યો. મને વિચાર આવ્યો કે કેમેરામેનને કહ્યું કે અમારો ફોટો લેવાને બદલે પાછળ ફરીને ફોટો લે. આ આવતી પેઢીનો ફોટો લે કે જેણે અમારી ગઈકાલની પેઢીને ઉજાગર કરીને આજે બરાબર

તરોતાજા થઈને આવ્યા છે. 'તારે જમીન પર' એ નાના નાના સારાં લાગે એવું નથી, આવડા–આવડા ય સારાં લાગે. જેના વાળ ધોળા થઈ ગયાં હોય એવા રણછોડભાઈ પણ હજી 'તારે જમીન પર' જેવાં જ લાગે. મેં રણછોડભાઈનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે, મિત્રો, કે જેથી કરીને આપણને યાદ આવે કે, આ ઍમિટી સ્કૂલ સાથેનો આપણો નાતો એ આજે ૨૫ વર્ષ સુધી પહોંચ્યો અને તમને હોંશભેર અહીંયા આવવાની ઈચ્છા થઈ એની પાછળ પાયામાં કોઈએ પોતાની કોલેજની એક ભરીભાદરી, આજની ભાષામાં કહું તો છઠ્ઠા કમિશન મળ્યા પછીની, ભરચક ઝોળીઓ છલકાવી દે એટલા પગારવાળી નોકરી એ સમયે છોડી દીધી અને વિચાર્યું કે એક નાનકડી સ્કૂલ શરૂ કરું. મારા સ્વપ્નની સ્કૂલ શરૂ કરું. એમાંથી આજે અહીં પહોંચે, અને એના ૨૫ વર્ષ ઉજવાય ત્યારે પ્રકાશભાઈએ કીધું કે છાતી ગજગજ ફૂલે છે, એમ નહીં મને એમ લાગે છે કે રણછોડભાઈને ઘણાં દિવસથી ઊંઘ નથી આવી અને તમને મળ્યા પછી હજી આવતા ૨૫ વર્ષ સુધી નહીં આવે, એટલા માટે મેં એમને 'તારે જમીન પર' તરીકે ગણાવ્યા છે !

હું રણછોડભાઈ બોલું એટલે એમની આખી ટીમ આવી જાય. એ ટીમના સભ્યોને હું પહેલા આદરપૂર્વક નમસ્કાર કરું કે જેમણે પહેલાં દક્ષિણ ગુજરાતમાં અને દક્ષિણ ગુજરાત બહાર સમગ્ર ગુજરાતને – વાઈબ્રન્ટ ગુજરાતને – ખરા અર્થમાં એવી શાળાની ભેટ આપી કે જે શાળા માટે, આજે પણ ગુજરાતમાં સારી સંસ્થાઓમાં આંગળીને વેઢે ગણાય એટલી છે, ત્યારે સારી શાળાઓમાં તેનું સ્થાન છે. બીજા અભિનંદન હું તમને આપું એટલા માટે કે તમે માત્ર શાળા શરૂ કરીને પોતાનો □ાસ હેઠે બેસાડયો હોત તો નહીં ચાલ્યું હોત.

*વો કાગઝ કી કસ્તી, વો બારિસ કા પાની,*
*યે દોલત ભી લેલો, યે શોહરત ભી લેલો,*
*ભલે છીનલો, મુઝસે મેરી જવાની,*
*મગર મુઝકો લૌટાદો વો બચપન કા સાવન,*
*વો કાગઝકી કસ્તી, વો બારિસ કા પાની.*

કેવાં ખેલતાં–ખેલતાં, કાગળની હોડીઓ રમાડતાં–રમાડતાં તમે સાચી હોડી હલાવવી હોય તો કેમ હલાવાય એ શીખવા માટે નીકળ્યાં, એ યાત્રામાં જોડાયા – એટલે હું તમને અભિનંદન આપું છું.

મારું અહીંયા આવવું વજુદવાળું છે. કેમ કે જયારે ઍમિટી પા પા... પગલી ભરતી હતી ત્યારે પણ હું અહીં આવતો હતો; ઍમિટીનું જયારે બાળપણ હતું ત્યારે પણ હું અહીં આવતો હતો; ઍમિટીની તરૂણાવસ્થા પણ મેં જોઈ છે, ઍમિટીની યુવાવસ્થા પણ મેં જોઈ છે. રણછોડભાઈને વિદાય થતાં પણ મેં જોયા છે અને પ્રકાશભાઈને ધુરા સંભાળતા પણ મેં જોયા છે. કદાચ એમ કહેવાય કે ગીતાનો સાક્ષીભાવ જો કોઈને લાગુ પડતો હોય તો સૌથી વધારે મને લાગુ પડે છે. એટલા માટે જ હું અહીં આજે હાજર છું.

મને અંગત રીતે એમ લાગે છે કે આ દુનિયા જે vertual દુનિયામાં તમે અત્યારે જીવો છો, એણે આ પેઢી વચ્ચે મૈત્રીનો બહુ મોટો સેતુ બાંધ્યો છે. I'm of the opinion કે ખરેખર મીડિયાએ બે પેઢી વચ્ચેનું અંતર વધાર્યું નથી, પેઢી વચ્ચેનું અંતર ઘટાડયું છે.

મારા એક સગાનો દીકરો સુરેન્દ્રનગર મેડિકલ કોલેજમાંથી મારે ત્યાં બે દિવસ ગાળવા માટે આવ્યો. મારા સ્વભાવ પ્રમાણે બીજા વર્ષના MBBS ના વિદ્યાર્થીને મેં કહ્યું, ''તારી પરીક્ષા છે; તું એવું કહેતો હતો. તો તું આવ્યો છું, ત્યારનો તો મોબાઈલમાં જ બેઠો છે, તારું ધ્યાન મોબાઈલની બહાર તો નથી જ.'' પછી

એણે કહ્યું, ''તમે મારી બાજુમાં બેસો''. બાજુમાં બેસાડીને એણે મને જે દેખાડયું એ જાણીને મને એમ લાગ્યું કે અમારી પેઢીએ આ બાબત તો બહુ ગુમાવી છે ! અમે મોડા ન જનમ્યા એનો અફસોસ થાય તો એ આ અફસોસ છે કે Second MBBS નો આ વિદ્યાર્થી ૭૦૦ પાનની એક એવી લગભગ છ બુકને પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરીને બેઠાં–બેઠાં મોબાઈલમાં મેડિકલના પુસ્તકો વાંચવાની પ્રવૃત્તિ કરતો હતો !

તમને બરાબર યાદ છે પહેલાં – બીજામાં શાળાએ આવતાં, આવતા'તાને મમ્મી–પપ્પા આંગળી પકડીને તમને છેક કલાસરૂમ સુધી મૂકવા આવે તો તમને ડર લાગતો હતો. કોનો ડર લાગતો હતો ? મમ્મી જતી રહેશેને પછી જે શિક્ષક આવશે એ મમ્મીની જેમ મારી આંગળી પકડશે કે નહીં ? છતાં આપણે આગ્રહ રાખતા હતાં કે મમ્મી છેક સુધી તું મારી સાથે રહે. પાંચમાં ધોરણમાં આવ્યાને તમારામાં ફેરફાર આવ્યો. તમે દરવાજા ઉપરથી મમ્મીને કહ્યું કે, ''મમ્મી તું હવે જા, અને મને અંદર જવા દો.'' આઠમા ધોરણમાં આવ્યાને ભૂલે–ચૂકે મમ્મી–પપ્પાએ એમ કહ્યું કે તારા શિક્ષકને મળવું છે ત્યારે આપણને એમ થતું કે હવે ધરતીકંપ થવાનો બાકી છે ! અને દસમા કે બારમા ધોરણમાં આવ્યા અને આપણને ઊભા કરીને પૂછયું કે નામ શું ? તો આપણે આપણું જ નામ બોલવાનું પસંદ કરતાં, પાછળ પપ્પાનું નામ બોલવાની થોડીક શરમ આવતી ! કારણ જો પપ્પાનું નામ 'ભીખાલાલ' હોય અને 'ભીખાલાલ' બોલીએ અને મિત્રોને સારું ન લાગે તો ? ગઈકાલ સુધી મમ્મીની ચિંતા કરવાવાળું બાળક હવે મિત્રોની ચિંતા કરીને મમ્મીને બોલવા મંડે એવી તમારી યાત્રા પૂરી કરી તમે આજે એવા શિક્ષકોની ગોદમાં આવ્યા છો એટલા માટે હું તમને અભિનંદન પાઠવું છું.

હું તો તમને એક વિનંતી કરવા આવ્યો છું, મિત્રો, કે આજથી પાંચ વર્ષ પછી ફરી એકવાર આવું એક સંમેલન યોજવામાં આવે; દસ વર્ષ પછી બીજું એક સંમેલન યોજવામાં આવે, ભરૂચનું કોઈ એક મોટું મેદાન તમારે ભાડે લેવું પડે, જેમાં તમે ય કદાચ ઉંમરલાયક થઈ ગયાં હોવ અને તમારા શિક્ષકો વધુ ઉંમરલાયક થઈ ગયાં હોય.

મૈત્રી–સેતુનો ૫૪મો અંક પ્રકાશિત કરવો એટલે શું ? મેં બહુ વિગતવાર અંક વાંચ્યો છે. મને ખ્યાલ છે કે ઍમિટી શાળાનું Public Relation જોરદાર છે. જેમ–જેમ મૈત્રી–સેતુના અંકના પાના તૈયાર થતાં ગયા તેમ–તેમ એ મને મોકલતા ગયાં. વિકલાંગ છોકરીએ એક પત્ર લખ્યો છે અને એ પત્ર મારા ઘરે વાંચીને મને આશ્ચર્ય થયું. એણે લખ્યું છે કે, ''હું વિકલાંગ હતી અને મને પાક્કી ખાત્રી હતી કે હું ભણી નહીં શકું, એને બદલે આજે હું અહીંયા પહોંચી હોઉં (M.C.A. થઈ હોઉં તો)તો ઍમિટીએ એ સમયે મારી આંગળી પકડી મને આગળ ધપાવી છે તેથી હું આજે અહીંયા પહોંચી છું.'' તો આ સેતુ બાંધવાનું કામ, આ મૈત્રી–સેતુ It is not merely a magazine, it's not merely a collection, I think એ તમારા સૌની લાગણીનું, તમારા સૌનાં ઉછળતા બચપનનું એક સુંદર મઝાનું દર્પણ છે અને એ દર્પણને તમારી સમક્ષ ધરવામાં આવ્યું તે બદલ અભિનંદન.

૩૦૦ મિલિયન લોકો સ્કૂલમાં નથી જઈ શકયા. ત્યારે આપણને સ્કૂલ મળી છે, આપણે આટલે પહોંચ્યા છીએ. જે સમાજે તમને જયારે એક નાનકડું સાગરનું બિંદુ આપ્યું એ સમાજને હવે જયારે તમે આપી શકો એમ હોવ ત્યારે જરૂરથી આપજો. કોઈપણ બાળક એના ભણવાથી વંચિત ન રહી જાય એ

જોવાની જવાબદારી મારી, તમારી અને આપણા સૌની છે. હું આશા રાખું કે એક ગ્લોબલ રિસપોન્સીબિલીટીના ભાગરૂપે, એક કોસ્મોસને સપોર્ટ કરવાના ભાગરૂપે આવતીકાલે આપ સૌ કોઈ શ્રેષ્ઠ વ્યવસાયમાં હોઈએ ત્યારે પ્રત્યેક મહિને ઓછામાં ઓછા સો રૂપિયા કોઈ સારી બાબત માટે જરૂરથી ડોનેટ કરજો. તમારી આજુબાજુ રહેતાં કોઈ જરૂરીયાતમંદ બાળકને ગણવેશ લઈ આપો, તમારી આજુબાજુ રહેતાં વંચિત બાળકને પુસ્તકો લાવી આપો. તમારી આજુબાજુ રહેતાં કોઈ બાળકને બૂટ ખરીદી આપો અને યાદ કરો કે એક સમય એવો પણ હતો કે જયારે મારે ઘરમાં કહેવું પડતું કે મારે શૂઝ લેવાના છે ત્યારે તકલીફ પડતી હતી. હું માનું છું કે આ વાત મેં અઘરી કરી નથી. સહેલી કરી છે. ૨૫ વર્ષે મળીએ અને મળીને મસ્તી કરીને છૂટી જઈએ એ બહુ આનંદનો વિષય છે. પણ મળીએ ત્યારે એક નાનકડો સંકલ્પ કરીને જઈએ. I don't say that you donate for Amity School, I never say that. I also know that they will never insist for that, not at all. I know them very well. They will not ..... But I would like to request there are number of institution working for that you can donate wherever you like. કોઈને કહ્યાં વગર, કોઈની જાણ વગર.

Let us try for that ! All the best ! હું રણછોડભાઈને, પ્રકાશભાઈને, સમગ્ર ઍમિટી પરિવારને અને સામે બેઠેલા ઍમિટીના મહાસાગરને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આશા રાખું છું કે આ સમુદ્ર પૂરા જોશથી ઉછળતો રહેશે અને ઉછળતાં – ઉછળતાં અનેક મોજાઓને પોતાની અંદર સમાવી લેશે. Thank you very much.

## Speech of Dr. Purvi Ghariya

***(Ex - Amitian & Dean, Faculty of Law, Nirma University, Ahmedabad)***

I feel proud to be the student of first Science batch of 1992. We were 14 boys and 9 girls. We were not very studious or sincere as expected. We were scolded manytimes for reaching late to school but, what I remember, is we were pampered a lot and cared for. We were given all the personal attention we needed. It is still in my memory, Prakash Sir's first lecture on 'point' and his amicable way of teaching. The fond memories of Prayer Assembly still provide a moral support. I eagerly awaited Shah Sir's inspirational lectures everyday and found it worthwhile for my growth. Sometimes, he would even teach us mathematics. I liked the way he would start with a poetry and correlate it with life. Once he questioned us what is mathematics? and made us to derive that life is mathematics as we have to adjust at every stage, whether, it may be an organization, a life-partner, a family or any other family member - such live examples mounded my personality and, have never forgotten to adjust at every stage.

Secondly, his suggestions, to get successful in life we have to advance with time but, also be calculative to analyse our path and be the direction we are

heading towards. Such guidance made a profound impart and framed my thinking processes. I would also make a special mention about our school magazine "Maitri-Setu" that helped to bridge the generation gaps between teachers and students. Also in its various aspects, too. I remember my classmate, Divyesh poems. The literary instincts have developed at the ground level and I appreciate it. I also remember the school's role during the crises of 6th December, 1992, when Babri Masjid was demolished.

In fact, I am a little lazy person and I would not pay much attention to my routine work. Once, when Raval Sir asked me to submit the journal, he was disappointed to find it stained with oil sports. We were all rebuked, and were ashamed in tears. We learned to be careful and be particular to our work.

I do believe that Amity - my school is unique because it gives good concern of the society. We initiated "Navratri Jan Jagruti Abhiyan" in Std. XII. We had to meet a good number of local people and the policeman also to make them aware of its consequences. While distributing thought - provoking pamphlets and campaigning we learned a lot about ethical importance and to live a life free of tensions.

It's my wish that Amity Allumni Association be formed on websites for a greater purpose. It can be fund raising for constructive activities. I want my school to rise beyond ideologies and efficiencies. It has to be an experimental school so that enormous conceptual development takes place in comprehensive way. My school should lead the principles of real learning.

## હસવાનું બંધ છે !

✦ एक आदमी : साधुजी मेरी Biwi बहुत परेशान करती है । कोई उपाय बताएना साधुजी ।
साधु : उपाय होता तो में साधु क्यों बनता ।

✦ વાઈફ : ચલો ના આજ સનડે હૈ બહાર ચલતે હૈ ઔર ડ્રાઈવિંગ મૈં કરુંગી.
હસબન્ડ : વાવ, મતલબ જાયેગેં કાર મેં ઓર આયેગે કલ કે અખબાર મેં.

✦ ચંદુ : મારો કૂતરો ખોવાઈ ગયો છે.
ચંપક : તો છાપામાં જાહેરાત કેમ નથી આપતો.
ચંદુ : મુરખ ! તે વાંચી શકતો નથી.

✦ એક દુ:ખી આદમી બોલા : એસી જિંદગી એ તો મોત અચ્છી.
યમદૂત આયા ઔર બોલા : ચલો તુમ્હે લેને આયા હું.
આદમી : લો અબ દુ:ખી આદમી મઝક ભી નહીં કર શકતા.

## પ્રજાસત્તાકદિનની ઉજવણી

૨૦૧૧નો પ્રજાસત્તાક દિન ઍમિટી સ્કૂલના આંગણે નવો સૂર્ય લઈને આવ્યો. આ દિવસે ધ્વજવંદન પ્રસંગે ખ્યાતનામ કેળવણીકાર અને લેખક શ્રી હરેશભાઈ ધોળકીયા પધાર્યા. પ્રતિવર્ષ અપાતા 'Best Amitian Award'થી બે વિદ્યાર્થિનીઓ કુ. કોમલ પાઠક તથા કુ. મેઘાવી મોદીને નવાજવામાં આવી. આ રજતજયંતી વર્ષ હોવાથી પ્રજાસત્તાક દિનની આગવી રીતે ઉજવણી કરવાનું આયોજન ઍમિટી શાળા પરિવારે કર્યું જ હતું. 'Jewels of Amity'ને પણ નવાજવામાં આવ્યા. વિગતવાર અહેવાલ નીચે પ્રમાણે છે.

**મુખ્ય મહેમાન : શ્રી હરેશભાઈ ધોળકીયા** (સુપ્રસિધ્ધ લેખક અને કેળવણીકાર, કચ્છ-ભૂજ)

**તારીખ : ૨૬મી જાન્યુઆરી - ૨૦૧૧, બુધવાર**

**સમય : સવારે ૦૮:૦૦ થી ૧૦:૩૦**

**સ્થળ : ઍમિટી સ્કૂલ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ**

## પ્રજાસત્તાક દિવસ બન્યો 'ભાવ' સતાક દિવસ !

***- હરેશ ધોળકિયા, કચ્છ-ભૂજ***

*(રજતજયંતી વર્ષના પ્રજાસત્તાકદિને કચ્છ-ભૂજથી શ્રી હરેશભાઈ ધોળકિયા ધ્વજવંદન કરાવવા પધાર્યા હતા. તેમની નિશ્રામાં ત્રિ-દિવસીય શિક્ષક - વિદ્યાર્થી - વાલીનો તાલીમ કાર્યક્રમ પણ યોજાયો હતો. તેમના વરદ્દહસ્તે વર્ષ : ૨૦૧૦-૧૧નો 'Best Amitian' એવોર્ડ પ્રદાન કરાયો હતો તથા છેલ્લા પચ્ચીસ વર્ષમાં શાળામાં અભ્યાસ કરી ચૂકેલ હોનહાર વિદ્યાર્થીઓને 'Jewels of Amity' એવોર્ડથી સન્માનિત કરાયા.)*

ક્યારેક એક સાદું 'આમંત્રણ' પણ સંતૃપ્તિનો અનુભવ બની શકે છે તેનો અનુભવ એકવાર થયો. ભરુચની એક શાળા - ઍમિટી સ્કૂલ. તેના સર્જક શ્રી રણછોડભાઈ શાહ વડીલ મિત્ર. રૂબરૂ મળવાનું તો નહીંવત, પણ ફોન અને પત્રોથી અવારનવાર મળવાનું થાય. તેથી બૌદ્ધિક સંબંધો ગાઢ.

તેમનો અચાનક એકવાર ઓક્ટોબર - નવેમ્બર ૨૦૧૦ આસપાસ ફોન આવ્યો. કહે કે મારે ૨૬ જાન્યુઆરી, ૨૦૧૧ના તૈયાર રહેવું. હું તો વિચારમાં પડી ગયો કે શું દસ વર્ષ પછી ફરી ધરતીકંપ આવવાનો છે ! અને તેમને તેની આગળથી કેમ ખબર પડી ? કારણ પૂછતાં કહે છે મારે તે દિવસે તેમની શાળામાં ધ્વજવંદન કરવાનું છે. "પણ હું કોઈ નેતા નથી - મારા ઘરમાં પણ" કહેતાં તે કહે કે તે દર વર્ષે ધ્વજવંદન માટે નેતાઓને નહીં, શિક્ષણપ્રેમીઓને બોલાવે છે. આ વર્ષે તેમની શાળાની સ્થાપનાનું પચીસમું વર્ષ હોવાથી ખાસ તે મને બોલાવવા માગે છે. "પણ મને જ શા માટે ?" - પૂછતાં કહે કે શાળામાં જે ઉજવણી થવાની છે તે મારે જોવી. ના પાડવાનો તો સવાલ ન હતો. પાડું તો પણ માને તેમ ન હતા. એટલે હા પાડી દીધી. તે વિસ્તારમાં બીજી બે-ત્રણ સંસ્થાઓ ઘણા વખતથી બોલાવતી હતી. તેમના કાર્યક્રમો પણ તે દિવસો દરમ્યાન ગોઠવી દીધા.

ચોવીસમી જાન્યુઆરીએ પહોંચી ગયો. તે દિવસે તો આરામ કર્યો. ખૂબ વાતો કરી. પચીસમીએ રાજપીપળા પી.ટી.સી. કોલેજમાં પ્રવચન હતું તેમાં ભાગ લીધો. બપોરે તે શાળામાં ગયા. મેં આરામ કર્યો.

છવ્વીસમીએ સવારે વહેલા તૈયાર થઈ અમે શાળામાં ગયા. મેદાનમાં પ્રવેશ્યા અને જાણે સાતે રંગો અમને ઘેરી વળ્યા. બાળકો - વાલીઓનાં ટોળેટોળાં આવતાં હતાં. દૂરથી સમુદ્રનો ઘૂઘવાટ સંભળાય

તેમ આ વિરાટ ગણગણાટ મેદાનમાં ચક્કર મારતો હતો. અમે ઓફિસમાં ગયા. હું ત્યાં બેઠો. તે તો વ્યવસ્થા ચકાસવામાં પડી ગયા.

થોડીવાર પછી અમે બધા ચાલતા સ્ટેજ પર ગયા. ત્યાં શિક્ષકો, થોડા વડીલો, વાલીઓ અને બે વિદ્યાર્થીઓ બેઠા હતા. સ્ટેજ ખૂબ સરસ શણગાર્યું હતું. વચ્ચે સોફા મૂકેલા હતા. તેના પર અમે બેઠા. શરુઆતમાં જે વિધિઓ થઈ તે જોઈ. પછી ધ્વજવંદનની જાહેરાત થઈ. એક વિદ્યાર્થી મને તેડવા આવ્યો. અદબભેર ઊભો રહ્યો. ધ્વજવંદનની વિનંતી કરી. હું તેના સ્તંભ પાસે ગયો. ગંભીરતાપૂર્વક ધ્વજવંદન કર્યું અને સમગ્ર મેદાન રાષ્ટ્રગીતથી ગુંજી ઉઠયું. ખૂબ વ્યવસ્થિત રીતે બધાએ તે ગાયું. વાતાવરણમાં સુક્ષ્મ દેશભકિતની આભા પથરાઈ ગઈ. પછી તરત મને વકતવ્ય આપવાનું કહેવામાં આવ્યું. મેં ટૂંકુ પ્રવચન કર્યું. શાળાની પચીસ વર્ષની સિદ્ધિઓને બીરદાવી અને બધાને અભિનંદન આપ્યાં. આવનાર પચીસ વર્ષમાં શાળા વધારેને વધારે શિખરો સિદ્ધ કરે તેવી શુભેચ્છાઓ આપી. તરત બેસી ગયો.

શ્રી રણછોડભાઈ ઊભા થયા. તેમણે પચીસ વર્ષનો ઈતિહાસ ટૂંકમાં કહ્યો. જેમ જેમ ભૂતકાળ ખુલતો ગયો, તેમ તેમ ત્યાં બેઠેલ બધાની આંખમાં આનંદની, સંતોષની, કૃતજ્ઞતાની ભીનાશ પથરાવા લાગી. બધા એક જાગૃત અને સિદ્ધ સ્વપ્નમાં ખોવાઈ ગયા. બાળકો પણ પોતાની શાળાના ભૂતકાળને સાંભળવામાં લીન થઈ ગયાં. મેદાનમાં એક જાતનું સક્રિય મૌન પ્રસરી ગયું. ચૂપચાપ જોવાની મજા આવતી હતી. આ શાળાને શરુ કરવાથી માંડીને આજ સુધી જે લોકોએ ફાળો આપ્યો હતો તે બધાને રણછોડભાઈએ ભાવપૂર્વક યાદ કર્યા. તેમાંના ઘણા તો હાજર પણ હતા. તે બધાનું મસ્તક પણ હકાર પૂરાવતું હતું.

પછી શ્રી રણછોડભાઈ અને આચાર્યશ્રી પ્રકાશભાઈએ જાહેર કર્યું કે પચીસમી જયંતીએ શાળા પચીસ વિશિષ્ટ સિદ્ધિઓ મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન કરશે. આ પચીસ વિદ્યાર્થીઓને નક્કી કરવામાં બધાને ખૂબ તકલીફ પડી હતી, કારણ કે સિદ્ધિ મેળવેલા વિદ્યાર્થીઓ તો ગણ્યાગણાય નહીં તેટલા હતા. તેમાંથી ચાળવાની તેમને ખૂબ તકલીફ પડી હતી. પછી એક પછી એક વિદ્યાર્થીને બોલાવતા ગયા. શરુમાં તેમની શાળાકીય સિદ્ધિઓની વાત કરે અને પછી વર્તમાનમાં તે શું કરે છે તે કહે. શાળા સમય દરમ્યાન આ વિદ્યાર્થીઓની સિદ્ધિઓ સાંભળી ગદગદ થવાતું હતું. દરેક કોઈને કોઈ બાબતમાં ત્યારે પણ નિષ્ણાત હતો કે હતી. બોલનાર શિક્ષક પણ ભાવમાં નહાતા હતા અને સાંભળનાર વિદ્યાર્થી પણ ભૂતકાળમાં છબછબીયાં કરી ભીનું સ્મિત કરતા હતા. તેમની વર્તમાનની સિદ્ધિઓ પણ ચકિત કરતી હતી. આજે પણ તેઓ કોઈને કોઈ ક્ષેત્રમાં ઉત્તમ કામ સંભાળતા હતા અને તેમનાં ક્ષેત્રોની વિવિધતા ! સાંભળતાં શાળાની ઈર્ષ્યા આવતી હતી. સન્માન પછી તે વિદ્યાર્થી પણ ગદગદ કંઠે શાળાને ભાવાંજલિ આપતા હતા. બોલતી વખતે જાણે બાળક બની જતા હતા અને કાલીઘેલી ભાષામાં જ પોતાની સ્મૃતિ વાગોળતા હતા. બધા તન્મયતાથી સાંભળતા હતા. બાળકો – વાલીઓ બધા જ મંત્રમુગ્ધ હતા. જયારે વિદ્યાર્થીઓ પર નજર પડતી હતી અને તેમની આંખમાં અર્જુનની એકાગ્રતા દેખાતી હતી, સાંભળવાની, ત્યારે થતું હતું કે અત્યારે આ બધા વિદ્યાર્થીઓને જે પરોક્ષ પ્રેરણા મળતી હતી, તેની તાકાત કલ્પનાતીત હતી. આ ભૂતકાળના છોકરા – છોકરીઓ પણ કલામ કે કિરણ બેદી જેવાં જ રોલ મૉડેલનું કામ કરતાં હતાં. અજ્ઞાત રીતે. વાતાવરણમાં એક જાતની સૂક્ષ્મતમ 'પોટેન્સી' ધબકતી હતી.

મજા એ આવી કે કેટલાક વિદ્યાર્થીઓ વર્તમાનમાં સંગીત કે નૃત્ય જેવા ક્ષેત્રમાં કામ કરતા હતા. તેમણે પ્રવચન આપવાનું પસંદ ન કર્યું. તેમણે ગાવા કે નૃત્ય દ્વારા જવાબ આપ્યા અને આ જવાબો !

આહાહા ! જે છોકરીએ (સોનલ જૈન) ગાયું, વાતાવરણમાં સ્તબ્ધતા પથરાઈ ગઈ. તેનો કંઠ હાજર સેંકડો શ્રોતાઓનાં હૃદયમાં છવાઈ ગયો. નાની ઉંમરે પણ જે મીઠાશ હતી, જે તાલીમ હતી, તેનો પૂરો પ્રભાવ તેનાં ગાયનમાં દેખાતો હતો. સમગ્ર મેદાન, હાજર બધા જ લોકો સંગીતમય થઈ ગયા. સમાધિસ્થ થઈ ગયા. છોકરી પોતે તો હતી જ, પણ બધાને તે પોતાની અનંત આનંદની સ્થિતિમાં સ્નાન કરાવતી હતી. તેણે જયારે ગીત અટકાવ્યું, ત્યારે તાળીઓના ગડગડાટ આકાશમાં ફેલાઈ ગયા. બધા જાણે સમાધિમાંથી જાગૃત થયા. તે પણ ગદગદ થઈ ગઈ.

અને એક નાનકડી – અલબત ભૂતપૂર્વ – વિદ્યાર્થિનીએ (ટવીંકલ મકવાણા) નૃત્ય કર્યું. પાતળી સોટા જેવી આ છોકરીએ જે લયથી નૃત્ય શરુ કર્યું, સેંકડો આંખો એકાગ્ર થઈ ગઈ. લોકો સ્થિર થઈ ગયા. નિશ્ચલ થઈ ગયા. □ાસ થંભી ગયા બધાના. જેમ જેમ નૃત્ય આગળ વધતું ગયું, ગતિ વધતી ગઈ, તેમ તેમ છોકરી જ પોતે નૃત્ય બનતી ગઈ. નૃત્યાંગના અને નૃત્ય વચ્ચે અદ્વૈત સધાતું ગયું. તાલ, લય, સૂર – બધાંએ એક થઈ એક અકથ્ય સંવાદિતાનું વાતાવરણ રચી દીધું. છોકરી જાણે આકાશમાં ઊડતી હતી. કયારે તે જમીન પર પગ મૂકતી હતી અને કયારે ફરી અદ્ધર થઈ જતી હતી, અને તે પણ આત્યંતિક કોમળતાથી, તેનો અણસાર પણ આવતો ન હતો. જાણે 'જનક જનક પાયલ બાજે...' ફરી જોતા હોઈએ એવી અનુભૂતિ થતી હતી. ગોપીકૃષ્ણ નવા અવતારે આ છોકરી સ્વરૂપે નૃત્ય કરતા હતા. ખાતરી છે કે અનેકની આંખોમાંથી આનંદના ગુપ્ત આંસુ પ્રગટતાં હતાં. અંગત અનુભૂતિ તો એવી જ હતી. રોકવાની તકલીફ પડતી હતી. શ્રેષ્ઠત્વ તો હંમેશ આનંદનાં આંસુ જ લાવે ! આ છોકરી ત્યારે શ્રેષ્ઠત્વની પરાકાષ્ટાએ હતી ! અને તે પણ કેટલી નાની ઉંમરે ! માની શકાતું ન હતું. વિવેકાનંદનું વાકય સાચું પડતું હતું કે ''દરેક વ્યકિતમાં સુષુપ્ત દિવ્યતા છે.'' તે પળે આ છોકરી પોતામાંની દિવ્યતાને જ પ્રગટ કરતી હતી અને સમગ્ર લોકો આ દિવ્યતામાં જ સ્નાન કરતા હતા. આ નૃત્ય તેમનામાં રહેલ દિવ્યતાને સ્પર્શતું હતું. તેથી જ સમાનુભૂતિ અનુભવતા હતા. મનમાં એક જ શબ્દ નૃત્ય કરતો હતો. અદ્‌ભુત ! અદ્‌ભુત ! એટલે જયારે આ નૃત્ય પૂરું થયું ત્યારે શાંતિ સાથે એક જાતની ઉદાસીનતા પથરાઈ ગઈ. બસ! પૂરું ? ચાલુ નહીં રહે ? એક ઊંડી અતૃપ્તિનો અનુભવ થયો – આનંદ સાથે !

મારાથી રહેવાયું નહીં અને શિસ્તનો ભંગ કરીને પણ ઊભો થયો અને આકાશ તરફ આંગળી ચીંધીને હાજર બધાને કહ્યું કે – જુઓ, અત્યારે લગભગ બપોરના બારેક વાગ્યા છે. છતાં આકાશમાં પેલો ચન્દ્ર દેખાય છે. સૂર્યની હાજરીમાં ચન્દ્ર હોય નહીં, પણ આ બાળકોને માણવા ચન્દ્રે પણ શિસ્તનો ભંગ કર્યો અને રોકાઈ ગયો. અને તેણે પણ આ નૃત્ય જોઈ જે મસ્તી અનુભવી, તે તેની મસ્તીભરી હાજરીમાં જોવા મળે છે. કેવો બાંકેબિહારી સ્થિતિમાં તે આકાશમાં લટકી રહ્યો છે ! જવાનું નામ નથી લેતો. આખી રાતનો થાક પણ ભૂલી ગયો છે. સૂર્યની કડક આંખોની પણ પરવા નથી કરતો. કદાચ તેને પણ આ શાળામાં ભણવા આવવાની ઈચ્છા થતી હશે. ચન્દ્રનું હોવું જ આ છોકરીની અદ્‌ભૂત સિદ્ધિનું પરિણામ નથી ? બધાની નજર આકાશના ચન્દ્ર પર પડી અને બધાએ તેની મસ્તી જોઈ – માણી.

વર્તમાન વર્ષના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને પણ સન્માનવામાં આવ્યા. બંને છોકરીઓ જ હતી. તેનાં માતા–પિતા પણ હતાં. વિરાટ સભાએ તેમણે પણ વધાવી લીધી.

પણ જે જોવાની મજા આવતી હતી, તે હતું રંગોનું તોફાન. બાળકોનો સમૂહ ચાર રંગોમાં બેઠો હતો. બે હજારથી વધુ બાળકોના રંગોથી શાળા સહજ સુશોભીત થઈ ગઈ હતી. આંખો રંગોમાં નહાતી હતી. બાળકોની નિર્દોષતા, વાલીઓનો સ્નેહ, સંગીત અને નૃત્યનું શ્રેષ્ઠત્વ, શિક્ષકોનું ગૌરવ... બધાં ભેગાં

મળીને એક અપાર્થિવ પર્યાવરણ રચતાં હતા. પ્રજાસતાક દિવસ સાથે બધા આત્મસાત પળો પણ અનુભવતા હતા. એક અકથ્ય આનંદમાં બધા સ્નાન કરતા હતા. કયાં સમય ઓગળતો હતો તેની કોઈ જ અનુભૂતિ થતી ન હતી. મન જાણે પોકારતું હતું... અમીનસ્તો... અમીનસ્તો... અમીનસ્તો... !

કાર્યક્રમ પૂરો થયો અને જે કૃત્કૃત્યતા અનુભવી તેને આધારે જ આ લેખનું પહેલું વાકય ફરી દોહરાવવાની ઈચ્છા થાય છે કે કયારેક નાનું આમંત્રણ પણ વિરાટ સંતૃપ્તિનો અનુભવ કરાવે છે.

## Jewels of Amity

ઍમિટી શાળામાં છેલ્લા પચીસ વર્ષથી Best Amitian Award થી શાળાના કોઈ એક કે બે વિદ્યાર્થીઓને પ્રત્યેક વર્ષે પ્રજાસત્તાક દિને નવાજવામાં આવે છે. આ વિદ્યાર્થી અભ્યાસમાં તેજસ્વી હોય, શાળામાં નિયમિત હોય, સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં અગ્રેસર હોય અને શાળામાં ઓછામાં ઓછા પાંચ વર્ષથી અભ્યાસ કરતો હોય તે જરૂરી છે. વર્ષ : ૨૦૧૦–૧૧ શાળાનું રજતજયંતી વર્ષ હતું. દર વર્ષે બેસ્ટ ઍમિટીયનની સ્પર્ધામાં ઘણા હોનહાર વિદ્યાર્થીઓ હોય છે. જે તે વર્ષે કદાચ તેઓ પસંદગી ન પામ્યા હોય પણ તેમના શાળાજીવન દરમિયાન તેમનું પ્રદાન ખૂબ મહત્વનું હતું. આજે પણ આ વિદ્યાર્થીઓ તેમની પ્રતિભા મુજબ કામ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓને પૂર્વ વિદ્યાર્થી મિલન વેળાએ મળવાનું થયું. આ વખતે વિચાર આવ્યો કે શાળાના આ પૂર્વવિદ્યાર્થીઓનું સન્માન કરવું જોઈએ. ઘણી મોટી યાદીમાંથી તેમના સંગૃહિત પ્રગતિપત્રક (Cumulative Record Card-CRC) તથા તે વખતના શિક્ષકોના તેમાં લખેલ અભિપ્રાયને આધારે પચીસ વિદ્યાર્થીઓની પસંદગી કરી, તેમને 'Jewels of Amity' એવોર્ડથી પ્રજાસત્તાક દિને મુખ્ય મહેમાનશ્રી હરેશ ધોળકિયા અને વરિષ્ઠ શિક્ષકો દ્વારા સન્માનિત કરાયા. આ વિદ્યાર્થીઓએ શાળા સમય દરમિયાન અને ત્યારબાદ તેમના વ્યવસાયમાં અનોખી છાપ ઊભી કરી છે. સન્માનિત પૂર્વવિદ્યાર્થીઓનો પરિચય નીચે મુજબ છે.

૦૧) **તોરલ પટેલ** – ઍમિટી સ્કૂલમાં ૧૯૯૦થી ૧૯૯૫ દરમિયાન ધો.૮ થી ૧૨ સુધી અભ્યાસ કરેલ તોરલ એક તેજસ્વીની વિદ્યાર્થીની હતી. અત્યંત વિનયી અને નમ્ર વિદ્યાર્થીની તરીકેની છબી તેણે શાળાના વર્ષો દરમ્યાન ઉપસાવી હતી. ઉદ્‌ઘોષકની ભૂમિકા ભજવવાનો તેને શોખ હતો. તે જયારે ધો.૧૧માં હતી ત્યારે ધો.૧૨ની બોર્ડની પરીક્ષામાં એક વિદ્યાર્થીને હાથે ફ્રેકચર થયું હતું ત્યારે તેણે લહિયા તરીકેની સેવા બજાવી હતી. તે ''બેસ્ટ ઍમિટીયન'' એવોર્ડ માટેની ઉમેદવાર પણ હતી. રમતગમતમાં રસ ધરાવતી હતી. યુવક મહોત્સવમાં અનેકવાર શાળાનું નામ ઉજવળ કર્યું છે. હાલમાં તે એમ.એસસી., બી.એડ્.નો અભ્યાસ કરી શિક્ષકની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે છે.

૦૨) **Rambinay Singh** - He was very much service oriented from his school life. He was always ready for any social work. He is sports persanality. He represented school at district and state level sports, many a times in Volleyball, Shot-put, Kho-Kho, Kabbadi, Long & High Jumps, Track events etc. He was very much interested in co-curriculer activity & the science fairs. He was awarded "Rotary Youth Leadership Award." He visited earthquake affected areas of Bhachau, Kutch with Indian Medical Association of Bharuch Branch. He was leader in visiting Shayog Kusth Yagn Trust, Rajendranagar, with the truck containing food grains. Presently he is with

ABG Shipyard Ltd., Dahej, as a Quality Control Engineer.

Reply from Rambinay Singh after his felicitation is as follows :

Respected Sir,

Thank for the honour that had been given by Amity School on 26th January 2011. This was better late than never for me. I still remember that when I presented my project of science fair in Gattu Vidhyalay Sai Prasad Raval Sir told me you are the future Amitian of Amity. In 12th Std. when my name was nominated for Best Amitian, I knew I will not be able to get it and it was due to my own bit mistakes off my academic track records but that time I thought that Amity should change the system and should give the awards for different categories and one award for best Amatian and now what happened I do not know but my thoughts were heard by Amity.

Thanks to all for this honour, once again, and hoping that Amity will not forget me and promising I will never forget Amity.

૦૩) **વૃન્દા મહેતા** – આ શાળામાં ૧૯૯૪માં દાખલ થઈ અને શાળામાંથી ૨૦૦૮માં ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)માં પાસ કર્યું. યુવક મહોત્સવમાં ભાગ લેવાનો તેને ખૂબ શોખ હતો. એકપાત્રીય અભિનયમાં જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજયકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતી. પુસ્તક પરિચય સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું. શાળામાં યોજાયેલ મોક પાર્લામેન્ટમાં ''ઉત્તમ પાર્લામેન્ટિરીયન''નું ઈનામ પ્રાપ્ત કર્યું. ધો.૧૦માં (૭૦૦/૬૩૩) ૯૦.૪૨% ગુણ મેળવ્યા હોવા છતાં વિજ્ઞાનપ્રવાહને બદલે સામાન્ય પ્રવાહ પસંદ કરી C.A. બનવાનું સ્વપ્ન સેવ્યું. ''બેસ્ટ ઍમિટીયન એવોર્ડ'' સ્પર્ધામાં એક સ્પર્ધક હતી. અત્યંત વિનયી અને નમ્ર વિદ્યાર્થિનીની છાપ તેણે સતત જાળવી રાખી હતી.

૦૪) **હિમાંશુ પટેલ** – ધો.૮ માં ૧૯૯૦ની સાલમાં પ્રવેશ લીધો. ૧૯૯૫ની સાલમાં ધો.૧૨ પાસ કરી તેણે શાળાને અલવિદા કરી. શાળાના પ્રત્યેક જન્મદિને તે જયાં હોય ત્યાંથી શાળાને યાદ કરે છે. શાળામાં કોઈપણ સ્વાશ્રયનું કાર્ય હોય તો હિમાંશુ હંમેશા પ્રથમ જ હોય. શાળા તરફ અદમ્ય લાગણી. શાળાના પ્રત્યેક શિક્ષકનો પડયો બોલ ઝીલવો સ્વભાવગત હતું. એટલું જ નહીં શાળાના કોઈપણ વિદ્યાર્થીને ગમે તેવા સંજોગોમાં મદદ કરવી તે તેના સ્વભાવમાં હતું. અત્યંત હસમુખા સ્વભાવના હિમાંશુને શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ વહાલથી હુલામણા નામ 'હેપા'થી બોલાવતા. આજે તે ઝાંબીયામાં કાર્યરત છે.

૦૫) **ધવલ વ્યાસ** – સંગીતના સંસ્કારો વારસામાંથી પ્રાપ્ત કરનાર ધવલ અમારો નાનો ઝાકીર હુસેન હતો. મોટાભાઈ નયનનું ગાયન અને ધવલના વાદનની જુગલબંદી ઍમિટીની પ્રાર્થનાસભાનું ઘરેણું હતું. મા–બાપ વધુ ટકા મેળવવા બાળકોને સહઅભ્યાસ પ્રવૃત્તિઓથી દૂર રાખતા હોય છે ત્યારે ધવલના મમ્મી–પપ્પાએ ટકાના ભોગે સંગીતમાં રસ લેતા કર્યા. પરીક્ષાના દિવસોમાં પણ સંગીતના કાર્યક્રમોમાં ભાગ લેવા તેઓ વાર્યા વરતા નહીં. પોતાના શોખને પોતાનો વ્યવસાય બનાવવાની પ્રેરણા આપતો આ વિદ્યાર્થી આજે એક સારો ઈજનેર છે તદઉપરાંત પોતાના શોખને અકબંધ રાખ્યો છે.

૦૬) **ગુંજન ઝાંઝરૂકીયા** – કુદરત સામે સતત સંઘર્ષ કરતી અમારી ગુંજન તમામ સામાન્ય વિદ્યાર્થીઓની સાથે જ ભણી અને કયાંયે કોઈ કામમાં પાછી નથી પડી. દઢ નિશ્ચય અને આત્મવિ□ાસની સાથોસાથ

માતા–પિતાના પ્રોત્સાહનથી ગુંજન આજે કોમ્પ્યુટર વિષયમાં સ્નાતક સુધી ભણી છે અને પોતાના જીવનમાં સ્થાયી થઈ છે.

૦૭) **મયંક રામી** – પારિવારિક વ્યવસાયને કારણે ફૂલો સાથે ગુંથાયેલી લાગણીઓ તેને આજે એમ.એસસી. ઈન હોર્ટીકલ્ચરના અભ્યાસ સુધી દોરી ગઈ છે. કોઠાસૂઝને કારણે શાળાજીવન દરમિયાન યોજાયેલી તમામ ફલાવર ડેકોરેશન અને સલાડ ડેકોરેશનની આંતર શાળેય સ્પર્ધામાં મયંકનું પ્રથમ સ્થાન અનામત રહેતું.

૦૮) **મનન પટેલ** – પાઠયપુસ્તકો સાથે દોસ્તી ન થઈ તેથી મનને શાળાજીવન દરમિયાન બીજા ઘણા દોસ્તો બનાવી દીધા. શાળાએ વહેલા આવી માઈક સિસ્ટમ ગોઠવવી તથા તેની ઈલેકટ્રીકલ રચનાનો અભ્યાસ કરવો તે અમારા મનનનો શોખ. આત્મસ્ફૂરણાથી આ રસ આજે તેનો વ્યવસાય બની ગયો છે. આજે જગવિખ્યાત સોની કંપનીના શોરૂમનું સંચાલન કરતો મનન પટેલ ઓછા માર્ક્સ મેળવનાર માટે પ્રેરણાસ્ત્રોત છે.

૦૯) **અંકુર દલસાણીયા** – કે.જી.થી ધો.૧૨ સુધીનો શાળા સાથેનો સેતુ. શાળા જીવન દરમ્યાન અત્યંત શાંત પ્રકૃતિ ધરાવતાં અંકુરને બાળમંદિરથી જ રંગ પ્રત્યે લગાવ. ચિત્રમાં રંગપૂરવામાં તલ્લીન થઈ જાય. વેસ્ટમાંથી બેસ્ટ બનાવવામાં રસરૂચિ, ક્રાફટ જેનો શોખ, કલા જેનો મંત્ર, હાથમાં રંગ–પીંછી પકડાવી દો એટલે આપોઆપ કાગળ ઉપર ભાત ઉપસવા માંડે એવા કલાપ્રેમી ભાઈ અંકુર આજે પણ પોતાનાં શોખને ફોટો એડીટીંગ, એનીમેશન, 2ડી, 3ડી ફોટોગ્રાફ લેબ ડિઝાઈન દ્વારા પોષી રહ્યાં છે. બી.એસસી. પૂર્ણ કરી હાલ વધુ અભ્યાસ અર્થે યુ.એસ.એ. જવાની તૈયારી આરંભી છે.

૧૦) **હાર્દિક કરાડે** – નર્સરીથી ધો.૧૦ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. વર્ગમાં અત્યંત શાંત પરંતુ સમૂહમાં ખૂબ જ ખીલે. ડ્રોઈંગ પ્રત્યે અનહદ પ્રેમ, મ્યુઝિક પ્રત્યે ઝાઝો રસ, તબલામાં માસ્ટરી. ધો.૧૦ પછી ડિપ્લોમા કર્યું. હાલ બી.ઈ.માં મેટલર્જી અમદાવાદ ખાતે કરી રહ્યા છે. શાળા પ્રત્યે મમત્વ હોવાને કારણે ભરૂચમાં હોય ત્યારે નાના મોટા દરેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવું પસંદ કરે છે. રંગોળી પ્રત્યે ખૂબ જ પ્રેમ, રંગોળી બનાવવામાં કોઈને ગાંઠે જ નહીં એવા ભાઈ હાર્દિક રંગોળી સ્પર્ધામાં ઘણા પુરસ્કાર પ્રાપ્ત કરી ચૂકયા છે.

૧૧) **ડૉ. મયંક પટેલ** – ઓછું બોલવું, આનંદી રહેવું, ધીમે ધીમે પોતાના કાર્યોથી આગવી છબી ઉપસાવનાર એવા વિદ્યાર્થી કે જેને જાણનાર તમામ શિક્ષકોની રીમાર્ક – સુંદર હસ્તાક્ષર, વ્યવસ્થિત કામ કરનાર, સહઅભ્યાસ પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લે, વિજ્ઞાનમેળામાં પોતાની પ્રતિભા નિખારનાર, કાવ્યમેળામાં કવિના અભિનયની સાથે સાથે કાર્યક્રમનું સંચાલન – કવિઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિ. રક્ષાબંધનની ઉજવણીમાં બ્રાહ્મણના પાત્રને, વર્ગમાં શિક્ષકો સાથે હંમેશા આદરપૂર્વક વર્તન, પોતાની સફળતા માટે હંમેશા ભગવાન અને માતાપિતાના આશીર્વાદ માનનાર, પરફેકસનએ ગુરૂચાવી, બેસ્ટથી ઓછું કદીપણ ન કરનાર, બેસ્ટ ઍમિટીયનના સ્ટ્રોંગ કોન્ટેસ્ટન્ટ – ઈન્ટવર્યુ સમયે – ક્રિકેટર બનવાની ઈચ્છા ધરાવનાર – સ્પોર્ટસ અને ઉંચી કૂદમાં અવ્વલ રહેનાર, લોટસ ગૃપનો કેપ્ટન, પ્રખરતા શોધની પરીક્ષામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાના ગૌરવમાં ઉમેરો કરાવનાર, શાળાકાળ દરમ્યાન પૂરરાહતનું કામ કરનાર હાલમાં વર્ષમાં બેવાર બ્લડ ડેનેશન કરનાર મયંકે હમણાં જ M.B.B.S.ની પરીક્ષા પાસ કરી છે.

૧૨) **ટિવન્કલ મકવાણા** – સંગીત સંભળાય અને પગ થનગનવા લાગે તેવી આ વિદ્યાર્થિની એકલવ્યની અદાથી નૃત્ય શીખી છે. શાસ્ત્રીય અને પશ્ચિમી સંગીત પર પોતાની કોરીયોગ્રાફી અનુસાર તે અનોખી આત્મસૂઝથી નૃત્ય કરી રહી છે. એક વર્ષે શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રેક્ટિસ દરમિયાન ઘેર પરત જતાં રસ્તામાં અકસ્માત થયો અને પગે ફ્રેકચર થયું હતું. ચોથા દિવસે તેણે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ગ્રુપને પ્રોત્સાહિત કર્યું હતું. અત્યંત વિનમ્ર અને પરગજુ સ્વભાવની ટિવન્કલ હાલમાં કોમ્પ્યુટર વિષયમાં એન્જિનિયરીંગનો અભ્યાસ કરી રહી છે.

૧૩) **મહે□રી ગઢવી** – નવી આશા, નવો ઉત્સાહ, નવા વિચારો જયારે સર્જાય તેને કાવ્યરૂપે કંડારવાની કળા એટલે જ મહે□રી – ''ગમતું મળે તો અલ્યા ગુંજે ના ભરીએ, ગમતાંનો કરીએ ગુલાલ''. વિદ્યાર્થી જીવનમાં મહે□રીનો ઉત્સાહ, ઘગશ પ્રશંસનીય રહ્યા છે. શાળા સામાયિક મૈત્રી–સેતુ, પ્રાર્થના કાર્યક્રમ, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, રમતગમત ઉપરાંત વર્ગ બુલેટિન બોર્ડની સજાવટમાં હંમેશા તત્પર અને અન્ય વિદ્યાર્થીઓને સહાયરૂપ બનવું ગમે. મહે□રી પાસે ભાષાનું પ્રભુત્વ અનોખું છે તેણે 'મેઘા'ના ઉપનામે ઘણા બધા કાવ્યો લખ્યા છે.

૧૪) **ધ્રુવિકા એમ. પટેલ** – શાળા આયોજિત રમતોત્સવમાં કબડ્ડી, હેન્ડબોલ, વોલીબોલ જેવી આઉટડોર ગેમ્સમાં સતત દસ વર્ષ સુધી મોખરે રહ્યા. ટેબલ ટેનિસ અને ચેસ જેવી ઈન્ડોર ગેમ્સમાં ત્રણ વર્ષ સહભાગી, સાત વર્ષ સુધી શાસ્ત્રીય સંગીત અને નૃત્યના વર્ગો કર્યા છે. શાળા આયોજિત ટ્રેકિંગ કેમ્પમાં ચાર વર્ષ સુધી સહભાગી, કેપ્ટનશીપ સંભાળી, યુવક મહોત્સવમાં સહભાગી, એક સૂર એક તાલમાં નિયમિત ભાગલે. આવા ઉત્તમ ગુણોથી સભર ધ્રુવિકા હાલમાં મ. સ. યુનિવર્સિટીમાં જિયોલોજી વિષય ભણે છે.

૧૫) **અંકિત વાય. જંબુસરિયા** – આ વિદ્યાર્થીએ ઍમિટી સ્કૂલમાં ધો.૮ (ગુ.મા.)માં પ્રવેશ મેળવ્યો હતો. તરવરાટ અને ઉત્સાહથી છલકાતું વ્યકિતત્વ હોવાને કારણે ખૂબ ટૂંકાગાળામાં શાળાના વાતાવરણમાં ગોઠવાઈ ગયો. શાળામાં સાહિત્યિક, સાંસ્કૃતિક, રમતગમત અને વિજ્ઞાન વિષયક અસંખ્ય પ્રવૃત્તિઓમાં તે સતત સહભાગી બની સર્વાંગી વિકાસ તરફ આગળ વધતો. તેનો વિશેષ ઝોક વિજ્ઞાનમાં હતો, તે તેના વિજ્ઞાનમેળાઓ દરમિયાનના ઉત્કૃષ્ટ દેખાવથી સ્પષ્ટ થતું. એક વિજ્ઞાનીની અદાથી તે વિજ્ઞાનમેળાના પ્રોજેકટ વિશે વિચારતો અને તૈયારી કરતો. એક પરીક્ષામાં માર્કસના સરવાળામાં શિક્ષકે ભૂલથી ૧૦ ગુણ વધારે આપી દીધા હતા તે તેણે ઓછા કરાવ્યા હતા. જે તેની પ્રામાણિકતા પૂરવાર કરે છે. પોતાનાથી મોટી ઉંમરના મિત્રો બનાવ્યા હોવાથી જીવનની રાહ પર આવનાર મુશ્કેલીઓ વિશે તે સુપેરે માહિતગાર રહેતો તથા ભાવિ આયોજનમાં પણ તેને મિત્રવર્તુળે ખાસ લાભ અપાવ્યો. હાલમાં 'વિપ્રો'માં સિનિયર રિલેશનશીપ મેનેજર તરીકે ફરજ બજાવતા અંકિતે બિરલા વિ□કર્મા મહાવિદ્યાલયમાંથી મિકેનીકલ એન્જિનિયરની પદવી મેળવ્યાં બાદ ગ્રેટર નોઈડાની બિરલા ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટમાંથી એમ.બી.એ.ની પદવી હાંસલ કરી છે.

૧૬) **સોનલ ડી. જૈન** – સોનલ જૈન વર્ષ ૧૯૯૭–૯૮માં ધો.૫માં આ શાળામાં પ્રવેશ મેળવ્યો. અભ્યાસમાં મધ્યમ દેખાવ કરતી સોનલ સ્ટેજ કાર્યક્રમોમાં ખિલી ઉઠતી. પ્રાર્થના કાર્યક્રમમાં સુમધુર કંઠે ગાતી નાની સોનલ ખૂબ વ્હાલી લાગતી. સમગ્ર કુટુંબ સંગીતની આરાધના કરતું હોવાથી ગાયન તેની નસોમાં વહેતું હતું. વળી શાળામાં શિક્ષકોના પ્રોત્સાહનથી તેના કાર્યને ઘણો વેગ મળ્યો. ગમતું

કામ કરી તેમાં કારકિર્દી ઘડવાની શાળા દ્વારા વિદ્યાર્થીઓને વારંવાર સલાહ અપાતી. આ વાત સોનલે કાને ધરી અને વિજ્ઞાનપ્રવાહના ચિલાચાલુ માર્ગથી હટીને આર્ટસના વિષયો સાથે એચ.એસ.સી. પાસ કરી વડોદરાની ફેકલ્ટી ઓફ પરફોર્મીંગ આર્ટ્સમાં પ્રવેશ મેળવી સંગીતની આરાધના કરી તેના પરિપાકરૂપે આજે બહેન સોનલે સંગીતમાં અનુસ્નાતકની પદવી મેળવી છે તેટલું જ નહીં તેના કોકીલ કંઠે કંઈ કેટલાયે સંગીતજ્ઞોનું ધ્યાન ખેંચી પ્રશંસા અને સન્માન પ્રાપ્ત કર્યા છે.

૧૭) **હર્ષ બી. ઉપાધ્યાય** – પોતાના વર્ગમાં સૌથી ઓછી ઊંચાઈ ધરવાતા આ વિદ્યાર્થીની પ્રતિભા શાળામાં ધો.૮માં પ્રવેશ મેળવ્યા બાદ ઘણા વર્ષો સુધી ઢંકાયેલી રહી. એકવાર ફિલ્મી ડાન્સ કોમ્પીટિશનમાં શાળાના સ્ટેજ પર માધુરી દિક્ષીત પર ફિલ્માવેલ 'દેવદાસ' ફિલ્મનું ગીત 'ડોલા રે ડોલા...'નો ડાન્સ તેણે માધુરી દિક્ષિત જેવો મેકઅપ કરીને કર્યો ત્યારે શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દંગ રહી ગયા. તેની નૃત્ય અંગેની સૂઝ અદ્‌ભૂત હતી. તેના મમ્મી તેને આ બાબતે ઉત્તમ પ્રોત્સાહન પૂરું પાડતા. આ દિવસથી હર્ષ એક અનોખો વિદ્યાર્થી બન્યો. અભ્યાસમાં સામાન્ય હોવા છતાં આ અસામાન્ય કુદરતી બક્ષિસનો હર્ષે બરાબર ઉપયોગ કર્યો. ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ પાસ કર્યા પછી વડોદરાની મ. સ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ટેકનોલોજીમાં સિવિલ એન્જિનિયરનો અભ્યાસ કરતાં કરતાં ડાન્સના પ્રયોગો ચાલુ રહ્યા. વિવિધ ટી.વી. ચેનલો દ્વારા યોજાતા ડાન્સ શોમાં તેણે નૃત્ય દિગ્દર્શન કરવા માંડયુ. તેના ગ્રુપે મુંબઈ તરફ પ્રસ્થાન કર્યું. અને તે પડદા પાછળનો કલાકાર બન્યો. ડાન્સ શોના ઍડિટીંગની આગવી સૂઝ તથા વિવિધ મ્યુઝિક ટ્રેક બનાવવાની આવડતને લીધે આજે હર્ષ ઉપાધ્યાય બોલીવુડના કેટલાયે કલાકારોનો લાડકો બની ગયો છે. એક એન્જિનિયર તેની આખી જીંદગીમાં જેટલું સન્માન પ્રાપ્ત કરે તેટલું આ એન્જિનિયર થયેલો મ્યુઝિક ડિઝાઈનર એક વર્ષમાં કમાઈ શકયો. સાથોસાથ સંઘર્ષ અને પરિપકવતા આવતાં જીંદગીની એક નવી ઓળખાણ ખૂબ નાની ઉંમરે ઊભી કરી. પૂરેપૂરા ચોવીસ કલાક માત્ર કામ–કામ અને કામ જ કરનાર આ ઍમિટીયન રાત્રે થોડા ઝોકા મારીને ઉંઘનો હિસાબ સરભર કરે છે. આજકાલ સ્ટાર ચેનલ પર પ્રદર્શિત થતા Just Dance શોમાં જે મ્યુઝિક પર ઋત્વિક રોશન ડાન્સ કરે છે તેનો મ્યુઝિક ડિઝાઈનર આપણો હર્ષ છે.

૧૮) **ભાર્ગવ વાંસિયા** – શકિતના સ્ત્રોત સમો આ વિદ્યાર્થી રમતના મેદાન પર કોઈને ગાંઠે નહીં. કબડ્ડીના મેદાન પર પ્રતિસ્પર્ધકોને એવા પકડે જાણે ફેવીકોલ. વર્ગખંડની બહાર રહેવું અને મેદાની કામો કરવા ગમે તેથી વ્યાયામ શિક્ષકનો માનીતો. પ્રવાસ દરમિયાન તેના શિક્ષકો કહેતા કે આખા ગ્રુપની તે કાળજી રાખે. ટ્રેકિંગ દરમિયાન થાકી જતા વિદ્યાર્થીઓને તે હનુમાનજીની અદાથી બે ખભા પર બબ્બેને બેસાડી ઉતારા પર લઈ આવતો. વરસાદ વખતે શાળાના મેદાનમાં પાણી ભરાવાથી ફસાઈ જતા નાના વિદ્યાર્થીઓને ઉંચકીને રીક્ષા સુધી પહોંચાડવાનું કામ તેને ખૂબ ગમે. હાલ એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતો ભાર્ગવ એક પરગજુ વિદ્યાર્થી છે.

૧૯) **ડૉ. કલ્પેશ પટેલ** – સતત શીખવું અને શીખવવું તે કલ્પેશનો સદ્‌ગુણ છે. પોતાની ભૂલો પ્રત્યેની સજાગતાએ તેને અભ્યાસમાં અગ્રીમકક્ષાએ પહોંચાડયો છે. શિક્ષકો પ્રત્યેનો આદર અને શિક્ષકોના વાકયોને બ્રહ્મ વાકયની જેમ સ્વીકારી આગળ વધનાર આ વિદ્યાર્થીએ હંમેશા શાળાને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે. પોતાના ખરાબ હસ્તાક્ષર અંગે ભાષા શિક્ષકે આપેલ ઠપકાને પોતાની જિંદગીનો ટર્નિંગ પોઈન્ટ ગણનાર ભાઈ કલ્પેશે ધો.૧૨ના વિજ્ઞાનપ્રવાહના અભ્યાસ દરમિયાન પણ ડબલ લાઈનની નોટમાં ધો.૧ના વિદ્યાર્થીની જેમ ક, ખ, ગ, ... ને મરોડદાર અક્ષરોએ લખવાની

પ્રેકિટસ કરી છે. આજે ગુજરાતની અગ્રગણ્ય બરોડા હાર્ટ હોસ્પિટલ, ભરૂચમાં એનેસ્થેટિક તરીકે સેવા આપનાર ડૉ. કલ્પેશ પટેલ પોતાના વ્યસ્ત સમય વચ્ચે પણ શાળાના એક આમંત્રણથી શાળાના આંગણે આવી પહોંચે છે. બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં અભ્યાસ દરમિયાન જેટલા પણ ઍમિટીના વિદ્યાર્થીઓ આ કૉલેજમાં ભણવા ગયા તે તમામની મોટાભાઈની જેમ કાળજી રાખી રેગિંગથી લઈને અન્ય દુષણોની બચાવ્યા છે તથા અભ્યાસમાં મદદરૂપ બન્યો છે.

૨૦) **ડૉ. અંકુર વૈષ્ણવ** – અભ્યાસમાં અત્યંત તેજસ્વી અને આકર્ષક વકૃત્વકલાને કારણે શાળાજીવન દરમિયાન આ વિદ્યાર્થી મિત્ર વર્તુળ અને શિક્ષકોમાં ખૂબ ચાહના પામ્યો હતો. વિજ્ઞાન વિષયક પ્રવૃત્તિઓની સાથોસાથ સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં સદાય અગ્રેસર રહ્યો છે. ચિવટ અને ચોકસાઈના ગુણો આજે તેને સર્જરીમાં ખૂબ કામ આવી રહ્યા હશે. મેડીકલના અભ્યાસ દરમિયાન પૂર્વ વિદ્યાર્થીઓના ઍમિટી સાથેના સંપર્કો જીવંત રહે તેવા તેણે ખૂબ પ્રયત્નો કર્યા છે. ભરૂચમાંથી ભણીને ભરૂચની સેવા કરવાનો નિર્ધાર કરનાર ડૉ. અંકુર આજે બરોડા હાર્ટ હોસ્પિટલ, ભરૂચમાં સર્જન તરીકે સેવાઓ આપે છે.

૨૧) **અભય પટેલ** – ઍમિટી શાળાના અંગ્રેજી માધ્યમના પ્રારંભિક વર્ષોમાં શાળામાં વિ□ાસ મૂકી ભણતાં બાળકોમાંનો અભય એક હતો. સહિષ્ણુ કુટુંબમાંથી આવનાર અભય અને તેની બહેન રૂપલ સતત ઍમિટીમય રહ્યાં છે. બાળકોને પોતાની મેળે વિકસવા દેવાં જોઈએ તેવું માનનાર તેમના માતા–પિતાએ શાળાના નિયમોને ખૂબ આદર આપ્યો છે. નાની સરખી શાળાના તે વખતના આ વિદ્યાર્થીઓ શાળાની પ્રગતિથી ખૂબ પ્રોત્સાહિત છે તથા સતત શાળાના સંપર્કમાં રહે છે. આજે કુટુંબનો વ્યવસાય સંભાળે છે.

૨૨) **અદિતી પારેખ** – પોતાના હસમુખા અને રમતિયાળ સ્વભાવથી જાણીતી આ વિદ્યાર્થિની વર્ષ ૨૦૦૫–૦૬થી આ શાળામાં હતી. માત્ર પુસ્તકીયા કીડા ન બની રહેતાં દરેક પ્રવૃત્તિમાં રસ લઈ સર્વાંગી વિકાસનો તેનો હરહંમેશ પ્રયત્ન રહ્યો છે. અભિનય, નૃત્ય, વકતૃત્વકલા, ચિત્ર, રમત... એકપણ ક્ષેત્ર એવું ન હોય કે જેમાં આ વિદ્યાર્થિનીએ ભાગ ન લીધો હોય ! પોતે સહભાગી બને અને બીજાઓને પ્રેરણા આપે તેવું નેતૃત્વ પણ તે પુરું પાડે. કારકિર્દીના અગત્યના વર્ષ એવા ધો.૧૨ દરમિયાન જૂન–૨૦૧૦થી ઓગસ્ટ–૨૦૧૦ દરમિયાન અન્ય ચાર મિત્રો સાથે પર્યાવરણ પરનો પ્રોજેકટ તૈયાર કરી ભરૂચ – વડોદરાની અગ્રગણ્ય શાળાઓ વચ્ચેની (ચાઈના લાઈટ એન્ડ પાવર, હોંગકોંગ દ્વારા આયોજિત) સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી એક સપ્તાહની ચીન અને હોંગકોંગની મુલાકાત તેણે લીધી હતી. અહીં પણ તે છવાઈ ગઈ હતી તથા પરત આવ્યા બાદ પુનઃ અભ્યાસ પર નિયંત્રણ મેળવી લીધું હતું. ખૂબ ઉજ્જવળ ભવિષ્ય ધરાવનાર અદિતી હાલમાં સિવીલ એન્જિનિયરીંગ ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડી રહી છે.

૨૩) **દીપક ગોર** – કોમ્પ્યુટર સાથે જેણે આત્મીયતા કેળવી લીધી છે તેવો આ વિદ્યાર્થી અભ્યાસમાં સામાન્ય હતો. સતત નવું નવું શોધતા રહી સર્જનાત્મક કાર્ય કરવું તે દીપકનો શોખ છે. ચાઈના–લાઈટ એન્ડ પાવર, હોંગકોંગ દ્વારા યોજાયેલ પર્યાવરણ અંગેની સ્પર્ધામાં દીપક પણ એક સાથીદાર હતો. પોતાના કોમ્પ્યુટર વિષયના જ્ઞાનનો તેની ટીમને ખૂબ જ ફાયદો થયો હતો. તેના પૃથ્વીની લાગણીને વ્યકત કરતા અભિનયે તેમના પ્રોજેકટને અન્યોથી જુદો તારવ્યો હતો. હાલમાં પોતાના ગમતા વિષય કોમ્પ્યુટર પર તે એન્જિનીયરીંગનું ભણી રહ્યો છે.

# સંસ્કૃતિ સંગમ

*(તા. ૫–૬ ફેબ્રુઆરી – ૨૦૧૧)*

ઍમિટી શાળામાં પ્રતિવર્ષ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થાય છે. કેટલીકવાર માધ્યમ પ્રમાણે તો કેટલીકવાર વિભાગવાર આયોજન થાય છે. પરંતુ રજતજયંતી વર્ષે આ આયોજન Unique રીતે થાય તેમ સૌની ઈચ્છા હતી. સૌ કંઈક આગવું–અનોખું કરવાનું વિચારતા હતા. પરંતુ નિર્ણય ઉપર આવી શકતા નહોતા. ઍમિટીના આયોજનમાં નામનું પણ મહત્ત્વ હોય જ. અનેક નામોની ચર્ચા કર્યા બાદ ''સાંસ્કૃતિક સંગમ'' નામ ઉપર સૌ સહમત થયા. ભારતના વિવિધ રાજયોની તલસ્પર્શી માહિતી રજૂ કરવાનું નક્કી થયું. પરંતુ પ્રશ્ન એ હતો કે રજૂ કેવી રીતે કરવું? લાંબી વિચારણા બાદ શાળામાં કાર્ય કરતા શિક્ષકો જે રાજયના વતની હોય તેવા રાજયો પસંદ કર્યા. પરંતુ રાજયની કઈ બાબત કેન્દ્રમાં રાખવી? કેવી રીતે સ્ટેજ ઉપર લાવવું? શાળાનો કાર્યક્રમ હોવાથી શાળા સાથે સીધો સ્પર્શ ધરાવતા હોય તેવા વિષયોને વણી લેવાનું નક્કી થયું. વિદ્યાર્થીઓ શાળામાં ઈતિહાસ, ભૂગોળ, નાગરીક શાસ્ત્ર શીખે. રમતગમતમાં, સાંસ્કૃતિક, સાહિત્યક્ષેત્રમાં આગળ પડતી વ્યકિતઓને ઓળખે તે જરૂરી છે. પ્રત્યેક રાજયના તહેવારો, Costumes તથા રીતરિવાજો વિશે જાણે તે પણ આવશ્યક છે. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખી બે દિવસના કાર્યક્રમનું આયોજન થયું. બે દિવસ દરમ્યાન છ હજાર કરતાં વધુ નાગરિકો – શાળાના વાલીઓ, શુભેચ્છકો અને શહેરીજનો – આ કાર્યક્રમને માણ્યો હતો. ઍમિટી શાળા સાથે જોડાયેલ પ્રત્યેક વ્યકિત પોતાની આગવી ઓળ ખ ઊભી કરે તેવા પ્રયત્નો શાળાના સ્થાપનાકાળથી થાય છે. આ રજતજયંતી વર્ષ હોવાથી જે રીક્ષાવાળા ભાઈઓ બાળકોને શાળામાં લાવે છે તેમને ભૂલી શકાય? તેવી સાંસ્કૃતિક સંગમના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ૩૦૦૦ હાજર વાલીઓની હાજરીમાં તમામ રીક્ષાવાળાઓનું સન્માન કરવાનું નક્કી થયું હતું. રીક્ષાવાળા ભાઈઓના પ્રતિનિધિ સ્વરૂપે પાંચ ભાઈઓને સ્ટેજ ઉપર બોલાવી મહેમાનોના વરદ્હસ્તે સ્વાગત કરી સન્માન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ અત્યંત લાગણીસભર બન્યો. આ કાર્યક્રમમાં તૈયાર કરવા પાછળની તમામ વાતો તથા કાર્યક્રમ વિશેની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે.

મુખ્ય મહેમાન : **શ્રીમતી નયનાક્ષીબહેન વૈદ્ય** (વી.પી., કલાકેન્દ્ર, સુરત)

**શ્રી નરેશ કાપડિયા** (સ્ટેજ આર્ટીસ્ટ, સુરત)

**ડૉ. વિપિનકુમાર કીકાણી** (પૂર્વ અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, આર્ટ્સ કોમર્સ કૉલેજ, ખોલવડ)

**ડૉ. પારૂલ શાહ** (પૂર્વ ડીન, ફેકલ્ટી ઓફ પર્ફોરમીંગ આર્ટ્સ, એમ.એસ. યુનિ., બરોડા)

**ડૉ. સી. બી. પતીયાલ** (પૂર્વ પ્રિન્સી., એન.એચ.પટેલ કૉલેજ ઓફ એજ્યુ., આણંદ)

તારીખ : પમી અને ૬ઠ્ઠી ફેબ્રુઆરી–૨૦૧૧

સમય : સાંજે ૦૬.૦૦ થી ૧૦.૦૦

સ્થળ : ઍમિટી સ્કૂલ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ

## Sweet Memories of Sanskriti Sangam:

*TIME can make us forget some memories*
*But there are some memories*
*Where we forget time*
*And, those memories*
*Will become our LIFE.*

Amity school strongly believes in the values like peaceful co-existence, respect to elders, strong family ties, generosity, selflessness, trust and honesty and inculcates the same among its students. It is a very unique school which besides its academics also attempts to give good citizens to our country. Our Hallmark is universal coexistence. This motto has sown the seed as the theme of our Annual Day Celebrations on the eve of our Silver Jubilee Year celebrations as Sanskriti Sangam.

Anything taught in the early age of the child develops in habit and lasts life long. A value system is not just something that is passed down. So, we felt that it should be fine-tuned to our students in the combination with the values. Today's Indian trend is good and the development is seen very fast. Every aspect of Indian Culture is distinctive. The way of living, dressing, eating in India is inimitable. We felt that that it is very necessary to make our children aware of this rich Indian culture how unique it is at an early age and they should follow and respect Indian culture.

We strongly felt that it becomes our duty to make our students aware of our rich Indian cultural background and Heritage. They must be given an opportunity to know the  other cultures which will bring about the religious tolerance and acceptance. But for this, we felt that in spite of teaching within the four walls about our culture, it is not serving the purpose, therefor Sanskrit Sangam will be the proper way to teach them so that they can understand and conceive the real Indian culture and the right values in a better way. That is how the working on Sanskrit Sangam started with the theme of Unity in Diversity.

Dance and music are the part of celebrations and is the intrinsic part of Indian glory.  Happy occasions are always bright and colorful. So, we decided to present our glorious Indian culture of different states through dance in an expressive way by our students. Our aim was that our  Students should develop respect for the human dignity and understanding of different cultures and ways

of life in their curricular and co-curricular aspects. For this we opted the students of class VI to IX. Nearly 400 students participated in this programme. This was celebrated for two days I.e. is on 5th and 6th February 2011.

We plan for life by educating and training our Amitians. As said by Gandhi:'

"The future depends on what we do today". So we started planning our concept of 'Sanskrit Sangam". Mrs. Reena Tiwari (Principal, CBSE) suggested to organize an exhibition on "Indian Heritage and Culture" .But, in the committee meeting on 15.10.2010  Shri Ranchhod Shah Sir and Mr. Prakash Mehta Sir has extended this idea pioneering of Music and Dance to present culture in a lively way instead of making charts in exhibiting in the class rooms. That was the first step of framing our Mega event.

Our school is secular school in which we have teachers with different languages from different states. Our staff meeting was conducted giving opportunities to our teachers to share their views in framing the agenda of Sanskriti Sangam. After the prolonged discussions, suggestions and views, finally we decided to present thirteen states and their cultures. They are Andhra Pradesh, Assam, Bihar, Gujarat, Haryana, Himachal Pradesh, Kerala, Maharashtra, Orissa, Punjab, Rajasthan, Utter Pradesh and West Bengal.

The teachers belonging to the particular state were allocated as a team leaders. They were also co-operated by four other teachers in each group. This is how our second step of designing of programme was shaped. It was also decided in the meeting that the songs should be selected in such way that they reveal the culture of the state. The state patriotic songs like *"JAI JAI GARVI GUJARAT", MAA TELUGU TALLI KI MALLE PUDANDA", " ODISHA MO ODISHA...,*  etc. were finalized.

Diwali vacation was very valuable to our teachers to discover about  their respective state in their native places .Our teachers have ignited their innovative ideas and brought CD's, ornaments, costumes and many more unique items which they facilitated them  on the stage. They have taken ideas from prominent people of their states in and around Bharuch. On the reopening day of the school in the second term, our staff meeting was conducted to discuss about the further step of our Sanskriti Sangam. It was finalized that along with the state songs, the main festivals of thirteen states, great personalities, famous places, etc, can also be included.

We have decided that no professional choreographers will be encouraged to train our students. Our teachers have shouldered the responsibility to guide the students on the stage. "The challenges of change are always hard. It is

important that we begin to unpack those challenges that confront this nation and realize that we each have a role that requires us to change and become more responsible for shaping our own future". All the teaching and non teaching staff have put their best efforts in giving their contribution in making Sanskriti Sangam grand success.

The date wise planning and execution of our school's prestigious programme Sanskriti Sangam is listed below :

- **18/11/2010 to 21/11/2010**

  Date wise planning of our cultural programme was prepared

- **22/11/2010 to 23/11/2010**

  "Children are the world's most valuable resource and its best hope for the future" All the thirteen states team teachers gathered the students of each class from VI to IX."The concept was explained to bring awareness of our Sanskriti Sangam theme. Our students were very enthusiastic and showed their eagerness to know about the rich culture of the different states.

- **24/11/2010 to 26/11/2010**

  "Let us all take more responsibility, not only for ourselves and our families but for our communities and our country .Our parents were also very cooperative in giving their acceptance of the consent letters for the participation of their wards. They also expressed their gratitude to our Parivaar for distinctive idea through over phone and letters.

- **27/11/2010 to 30/11/2010**

  "Great ability develops and reveals itself increasingly with every new assignment. As the programme is focused through dance the auditions for the students started to know their body language to distribute the characters in classical, folk and western form. These auditions gave the opportunity for the students to present their talents. Finally 85%students in each class participation list were finalized with the characters for the programme by the teachers.

- **04/12/2010**

  "Music is beautiful irrespective of language. The songs were selected and finalized of the thirteen states .Which revealed the pride of respective states. With the help of computer proficients of our school the fusion of the songs along with the CD's were prepared.

- **05/02/2011 to 15/02/2011**

  "Practice only makes for improvement". Our students started practice during the CCA Periods with great zeal.

- **16/12/2010**

  The costumes were finalized and selected for each state.
- **24/12/2010 to 28/12/2010**

  The script is prepared in English and Hindi to elucidate the songs for the anchoring of each state.
- **01/01/2011 to 08/01/2011**

  Making the list of the stage properties. Some parents have also given their contribution for stage properties on the programme day
- **13/01/2011**

  During the staff meeting our teachers have presented the clippings of the states through Power point . Then it was finalized that along with the dance of the state's PPT of the respective state should also be depicted on side of the stage to visualize the audience in realistic way. The power point highlighted the great personalities, traditions, festivals, gods, tourist places etc.
- **17/01/2011 to 20/01/2011**

  Auditions and selection of anchors and finalization of script and PPT was done.
- **21/01/2011 to 24/01/2011**

  Format and design of Invitation Card was made in three colors Orange, Green and Purple
- **27/01/2011 to 01/02/2011**

  Continuous rehearsal of songs and the dance.
- **02/02/2011**

  We also invited experts for guidance to our teachers Prof. Rakesh Modi (College of Performing Arts, MS University, Baroda.) has given valuable suggestions in the Grand Rehearsal with costumes, in which we Experienced the expertise.
- **05 & 06/02/2011**

  "SANSKRITI SANGAM final performance on the stage.

The thirteen states were presented and performed by our students in an energetic way. The state song, cultures, traditions, great personalities, festivals, famous temples, dresses and food habits were performed by them in the dance form. Amity library has procured a number of books of all the states from National Book Trust of India which were also very helpful to our teachers. These books have showed a path to our teachers to know the glory of each state.The reviews of all the teams in 'The Making of Sanskriti Sangam' are as follows :

## ANDHRA PRADESH

*'Maa Telugu Talliki Mallepudanda*
*Maa kanna Thalliki Mangalaharatulu….'*

We were selected to present The Kohinoor of India Andhra Pradesh. We felt it as a difficult task to present Andhra which is the one of the most ancient civilization of India within alloted time-slot. Our work started with the selection of songs which represented historical, geographical and technical aspects. We faced lot of difficulties at each and every state of our work. But still we enjoyed in doing as we want to teach our students of VII B the culture of Andhra .Our second phase was selection of students for the medley songs. For this to know the body language of the students, we played the music of classical, western and folk. The children were selected on the basis of their body movements. Next the basic problem was to teach the students to dance who were unaware of Telugu. So, we showed to our students about Andhra Pradesh its culture and tradition, history of Balaji temple etc in audio &visual room. We next selected the songs which included Kuchipudi, Patriotic, folk and western. We distributed all the students the lyrics of the songs in English and even taught them few words of Telugu too. We called our students in the class in the name of the characters like Govinda, Hari das, Telugu Talli etc. so that they can be familiar with those personalities.

The selection of native costumes of Andhra Pradesh in the state like Gujarat was very difficult for us as we could not get Kuchipudi dresses in and around Bharuch for hire. For the Sankranti song (Folk) the blouses for the girls were stitched in the Andhra style .To show a qualitative presentation we used the stage properties the greenery & beauty of Andhra naturally. We arranged banana trees, rice bags, hut , cow dung balls and nearly 250 bananas on the stage which were supplied by one of our parent from Ankleswar. The garlands for Balaji were also brought from Ankleswar. Costumes were brought from Hyderabad and from Baroda. Power point presentation, script and anchoring were co-related and co-ordinated as per our selected songs in a very systematic way.

Finally the day has come to present Andhra Pradesh on the stage which was first performance.Started with Balaji (Govinda Govinda) followed by Maa TeluguTalli ( the state song) Sankranti and western song. But when our students presentation was completed, the audience gave response with big round of applause. Then the lump in our heart was released with tears of happiness in our eyes. We then remembered the inspiring words of our Shah sir and Prakash sir" The process may be painful, but results will be always fruitful". We felt that nearly our hundred days of hard work will be for hundred years in our AMITY history and in the heart of our students for ever.


Kerala
समिटी के
विद्यार्थीओ
द्वारा भारत की
संस्कृति संगम का
दर्शन
५-६
फरवरी
२०११
SILVER JUBILEE YEAR
Maharashtra
Andhrapradesh
Odishha
Uttarpradesh
West Bengal
Gujarat


SILVER JUBILEE YEAR
Haryana
Rajasthan
Punjab
SILVER JUBILEE CELEBRATION
Bihar
Himachal

## ASSAM

*'Assam Amar Rupahi*
*Gunaru Nahi Shesh*
*Bharat Taare Purva Dishor*
*Surya Utha Shesh.....'*

'The traditional Assame cap is known as Jap was made by our one of team teacher by hand only. We also brought the musical instrument like Dhol & Manjire, which we did not get in Bharuch. In order to show the tea gardens we made a Bamboo tea basket.We consulted Mr Gogoi,the employee in O.N.G.C.(Ankleshwar) who provided valuable tips to enrich our presentations and motivated us to contact other resources .He felt pride that the culture of his native state would inspire for integration of the Amitians.The tribal life of Assam was fascinately displayed and the dances with bamboo sticks amazed the gathering.

## BIHAR

*'Apna Bihar Ho Ho*
*Deshva Ke Shaan Ho Ho'.*

The main attraction of Bihar is 'CHATH PUJA' the worship of the Sun which is celebrated on the sixth day after Diwali.To present the rituals properly, we went to river Narmada to observe the puja.We faced the real challenge to present the Emperor Ashoka, as great as he was. To find appropriate costumes was not very easy. We surfed internet and met Biharis to provide the real touch on the stage. The decision to present the state song was a bit controversial as that would not match with the events to be highlighted. When we did not find the flashes according to our perception we included the songs of 'Holi' festival. To arrange it in sequence was again time consuming. We had to study biographies of all the great personalities in depth from Rishi Valmiki to well-known personalities of Bihar. The team efforts put in at every invisible crisis charged us with undying spirit to make it possible for the confluence of cultures.

## GUJARAT

*'Jai Jai Garvi Gujarat*
*Deepe Arunu Prabhat*
*Mara Dil Ma Dhadke Gujarat.....'*

We were overwhelmed to celebrate the Silver Jubilee Year of our institution with the Golden Jubilee Year of Gujarat state. Gujarat is the iconic state leading into business enterprises. We planned to present Amul Dairy the taste of the India to provide the right sync with the scenes on the stage. We met Mrs. Minal

Dave (the renowned professor of Gujarati language) to get acquainted about the rich heritage of the state. As the days rolled the instinct being Gujarati and the presentations as prepared could not satisfy any one of us.We always felt that worth has to be done. So, many times we cancelled the songs, dance steps and the overall looks. The dialogues of folk dances 'Rangalo' and 'Rangali' had be revised and vigorous training was imparted. The Garba dance had to be rehearsed to get its original look than the modern trend. We used to meet at residence and the even in the crisis of power cuts in darkness without electricity. As much we drilled enthusiasm would rise with no limits. On the grand rehearsal, we found many important links still missing and had to start it all over again. We sought the guidance from Prof. Rakesh Modi (College of Performing Arts, MS University, Baroda.) and Mr. Tejas Puvar, a teacher from Amity International School. He prescribed the right strokes and till the last second we took utmost care to make the presentation memorable and the struggle was successful.

## HARYANA

*'Yadha Yadha Hi Dharmasya Gyanir Bhavati Bharataha....'*

We were eager to present the scenes of Haryana which means 'The coming of Lord Shri Hari Vishnu ' who recited the sacred verses of Bhagvad Geeta on the battle field of Kurukshetra with mythological and historical importance. It was a learning oppurtunity to explore more about its historical and social aspects. During the Diwali vacation we researched for the state songs. The song 'Haryana no. 1' was thrilling and the students enjoyed dancing on the fine tunes. Many of them who had stage-fears also responded well. We faced a lot of troubles during choreography, too because the students were unable to perform the right 'Dhumka'.The teacher danced with the students and made them shake their waists perfectly. The performance on the annual day on the stage enthralled everyone in the campus.The power point presentations with beautiful landscapes touched the hearts and we were applauded. We shall always cherish memories of growing with every effort put in.

## HIMACHAL PRADESH

*'Neeru Chali Ghumdi Chale Shimla Bazare....'*

Sanskriti Sangam was a beautiful journey which we enjoyed a lot but at the same time we faced many difficulties throughout the journey .Dev Bhoomi Himachal has diverse language and culture .To present all these we took almost one week for the selection of songs. Our first song was "Janani Janam Bhoomi .....".In other songs we highlighted personalities like Ruskin Bond, the Great Khali , Preeti Zinta etc. As we knew very few personalities we tried our level best

to present in an attractive way .Overall it was a good learning process for all of us and by the hard work and determination of all the team members we learned to tackle difficulties step by step.

## KERALA

*'Jaya Jaya Komala Kerala Dharni*
*Jaya Jaya Mamka Poojitha Janani*
*Jaya Jaya Janani....'*

Kerala has vast tradition and culture. We still remember the hardship while performing the programme. As each state is given ten minutes many ideas started flashing in our minds in the selection of songs .Surfing network made our job more difficult rather than make it easy. As they were many songs in Malayalam, we were confused in selecting them. The initial problem was which song has to be given important and which one have been discarded. After a lot of investigation and research, showing clippings to students we finalized four songs. The students were also imbibed themselves in to the characters. We continuously change the order of the songs during the fusion process as we have to match and maintain the tempo from the beginning to end. The power point presentation highlighted the glory of the Kerala. The costumes were brought from Ankleswar to show the festival of ONAM. The deity of Lord Ayyappa was the center of attraction. Though many of the students were non-keralites but still we made them to learn the culture of Kerala . It was a good learning experience in using wonderful opportunity which paved new arising to us.

## MAHARASHTRA

*'Jai Jai Maharashtra Maza*
*Garja Maharashtra....'*

We remember all the learning moments while preparing for Sankriti Sangam for the state of Maharashtra. Generally all the stages of preparing good presentations were same as that of others states. The selection of songs took nearly a month .We had to do the settings according to the front stage scene. The state songs and other contextual songs were used as only means to provide the background. Particularly, we had to train ourselves to dance 'LAVANI' the famous folk dance. There was a lot of interaction with the students and serenity imbibed in the process. We nourished each and every aspect with feelings to reveal the prospered culture with gusto and team spirit.The students enacted the iconic personalities like Shivaji, Lomanya Tilak, Dr. B.R. Ambedkar , Bal Thackeray etc. .The presentation on the annual day was incredible. We remember during the performance

one of the teachers got literally burnt on her hand when the oil from the burning 'Mashaal' fell on her hand. But, the pains were forgotten as that gave pleasure to be in sync with oneness.

## ORISSA

*'Bande Utkal Janani Bande Utkal Janani*
*Charr Hasmayi Charu Bhasmayi*
*Janani Janani Janani .......'*

We presented the glory of the state in four songs which highlighted the traditional culture with its peaceful social life , arts and crafts as well as the glimpses of Jagannath temple in action. Our first song was " Mo Odisha Mo Odisha ..." which depicted that our state is beautiful and its language is sweet. We faced a lot of difficulties to find CD of this song after hearing it on the internet as it was not available in the market. So, we had to download it. We changed the order of our fusion of songs nearly three to four times. We took special care for the selection of fhe students to match with the characters of the songs. None of our teachers were aware of Oddissi dance so we had to collect the audio visual CD from Orissa itself. Our teachers learned the dance by observing the CD and then we guided the students .As far as costumes were concerned it also caused a trouble.To make the face of deities there was the need of mask. To prepare for it we needed the photograph. The photographs of Lord Jagannath, Balabhadra and Subhadra were brought from Orissa by one of the teacher. Working with the Computer Dept.and with the cooperation of team members we were able to face the challenges and presented very well.

## PUNJAB

*'Bhai Rangla Punjab*
*Jis Bud Java, Jith Rab Vargia Mava,*
*Dharti Bagh, Dharti di Rani......'*

We started with the selection of songs. We felt that it would be an easy task . But as we were involved in it completely, we were confused a lot. The reason was though the songs were good, we were not able to procure the costumes. And, when the costumes of Punjab were found,it was difficult to take the decision to form a link. So we again requested our friends in Punjab to send the CD and few costumes . The video of the popular folk dance 'Bhangra' was not found in Bharuch. We had only seen its performance on the screen but could not dance like Punjabis. So again we had to download and show it to our students. The practice of dancing on the tunes of Bhangra continued for about fifteen days. It was really a memorable event. In preparing the students for the

script and teaching them Punjabi words, culture and tradition finally we were successful in presenting it before the audience.

## RAJASTHAN

*'Kesriya Baalam Aavo Hamare Desh, Padharo ne Hamare Desh….'*

Our team decided to present the Rajasthan culture in royal way. Apart from patriotic songs we also thought of selecting the songs based on Mehandi, (which was first started in this state) Rangoli, Bangles and Katputilis. Now our brains started working. Our work started in search of a Camel (The ship of the desert.)But we did not get it. So we decided to make a wooden frame body and attach a camel mask to it. Two days continuously we worked on it . The wooden frame was ready but the mask we made for it did not fit into it. We were very disappointed. But even then we continued as we have only few days left.To show Mehandi on palms was not possible as all the audience could not view it. We made two palms on a thermocol boards and pasted Mehandi designs with a red paper on it some that everyone could view it.. Our second idea was to show the different bangles. For this one of our parent pasted nearly 100 bangles on the long skirt in 3 hours.. Rangoli was the centre of attraction as we made the paintings of rangoli on red and white charts.Even the faces of our students were filled with rangoli designs. To show the kathputhilis we tied nearly 16 of them on the hands of our children.Twinkle Makwana, the ex student of our school assisted in choreography. The famous Rajasthan musical instruments were also made only by hand like Chang, Sarangi, Shahenayi and Nangada. Our team was overjoyed with the confidence which was instilled in the process.

## UTTAR PRADESH

*'Shehar kya khub hai*
*Ye sheher amrud ka hai ye*
*Shehar ye Allahabad…..'*

We felt very excited when we were to present the heritage of Uttar Pradesh because we thought it would not be so complicated. But as we stepped further it was very difficult for us in the selection of songs. Initially , 15 songs were selected to be presented.The time-slot of 10 min.was contradictory. We decided to display the holy river Ganga on the back stage.We prepared the stalls of Pan and Chaat which attracted the audience tremendously. We wanted to show the social life but the properties like 'Chakki ' was not available and we were disappointed.Finally our students willingly prepared the fantastic model of it. Allotment of characters to

students, was a tough task as we could not get the perfect Amitabh Bachchan. Then one of the girls ,a fan of the superstar came forward and danced wonderfully on the tunes of 'Khai ke pan Banaras wala ....'. To give a colorful effect on stage we spared the lot of time to select the costumes like Choli, Dhoti, Banarasi sarees Kurta, Turban etc. It took nearly fifteen days only for stage properties . We all collectively enjoyed and nourished all our potentials in making our presentation a grand success.

**WEST BENGAL**

*'Banglar Moti, Banglar Jol,*
*Banglar Bayu,Banglar Phol,*
*Pruno Hoke, Pruno Hoke,*
*Pruno Hoke, Hey Bhogoban '.*

Diwali vacation had given a time to procure the costumes of Bengal as we found of Bhatik, Shawls, red border sarees, we showed the tradition of wedding rituals of Bengal. Some things like Mukth and Topar were brought from Kolkata through courier. As we do not have much knowledge of computer, our computer faculty had guided us in the preparation of power point and fusion of the songs. We also made "palki "as our main stage property. Lastly our students performed beyond our expectations with good coordination on the stage receiving the applause which made us very happy. We are very thankful to our school for giving an opportunity which improved our team work, leadership qualities and computer knowledge.

The wide ranges of attires were needed to provide the glimpses of Indian culture with one to one correspondence owing to the original look of the region. But the varieties of costumes could not be found in Bharuch. So we had to venture to the neighboring cities and explore a lot with shopkeepers. Kannubhai dress wala in Baroda facilitated to our needs. We consulted many shops for the right colour and for the good quality material. We also had to bear in our mind about the cost factor. many a times, we spared extra hours for finalizing our exclusives list of costumes so that the teaching schedules could not be disturb. We would have never known about our pride privileges if we were not put in to this experiment to chase the excellence and bring in the fabric all woven for integrity.

Amity has its base in the values in "-Athiti devo bhava". We were graced with the presence of Mrs.Nainakshi Vaidhya (V.P.Kalakendra,Surat) ,Mr.Naresh Kapadia (Stage Artist, Surat), Mr. Vipin Kikani, Dr.Mrs.Parul Shah (Ex.Dean,faculty of performing Arts,M.S.University-Baroda) and Sri Dr. C.B..Patyal (Ex. Principal,

N.H.Patel college of Education, Anand) who were our Honorable chief guests for this commemoration of such a significant milestone in the memorable Silver Jubilee Celebrations on 5th and 6th of February. The function began with the welcome address delivered by our respectable Managing Trustee Mr. Ranchhod Shah and then followed by the wise words of our renowned chief guests. In our Voyage of 25 years we even respected all the sections of the people. We will never forget the people who either directly or indirectly rendered their services to our school and for our students. We believe that they are also the part our Parivaar. In this regard on 5th Feb. 2011 five *Riksha Driver Uncles* (as a token of love to all Riksha Driver Uncles) who were responsible in their duties in bringing our students safely to school in time since many years had been felicitated by Managing Trustee Mr. Ranchhod Shah. Prin. Prakash Mehta rendered the Vote of Thanks. This was followed by our cultural programme Sanskriti Sangam that left the audience spellbound.

Last but not the least it was the turn of our staff of Amity Parivaar to present our bond of unity and friendship in spite of our various diversities.During the making of 'Sanskriti Sangam' our minds in ignition many a times remembered the great artist Pandit Bhimsen Joshi for his heart rendering patriotic song *"Mile Sur Mera Tumhara To Sure Bane Hamara"* on the national channels during our childhood. Unfortunately ,we heard about his sad demise. We were shocked and we felt to pay homages to the national legend admired by all the Amitians. So we offered the Tribute to late Sri Bhimsen Joshi by performing in a unique style*' Mile Sur Mera Tumhara'* by our educators. All the audience gave standing ovation. That has proved the real concept of our sangam. It was a delightful event. We felt that by this all we can develop co-operation and better living amongst ourselves and subsequently make this world a better place to live in. Even though we all belong to various religions and castes our culture tells us just one thing 'Phir Bhi Dil Hai Hindustani '.So we all wish that "let all people in the world be peaceful and happy".

## હસવાનું બંધ છે !

✦ ટીચર એક દિન ઐસા આયેગા જબ પૃથ્વી પર પાની નહીં રહેગા જીવ–જંતુ નષ્ટ હો જાયેગે.
વિદ્યાર્થી સર તો કયા ઉસ દિન ટયુશન આઉં યા નહીં ?

✦ ડૉકટર શું થાય છે ભાઈ ?
પેશન્ટ લ્યો, હું તમને કહું અને તમે મને દવા આપો. તો પછી આટલું બધું ભણ્યા શું કામ ?
ડૉકટર મારું હું તમને એક એડ્રેસ આપું તમે ત્યાં જઈ આવો.

## સંસ્કૃતિ સંગમ (કર્ટનકોલ, ચંદ્રકાંત પુરોહિત – સરોજ પાઠક)

*(ડૉ. વિપિનકુમાર કીકાણી, શ્રી નરેશ કાપડિયા તથા શ્રી નયનાક્ષીબહેન વૈદ્ય ઉપસ્થિત રહીને સાંસ્કૃતિક સંગમના કાર્યક્રમને માણી, તેનો વિગતવાર અહેવાલ 'ગુજરાત મિત્ર કર્ટનકોલ' કોલમમાં તા.૫મી ફેબ્રુઆરી–૨૦૧૧ના રોજ આલેખ્યો હતો, જે અક્ષરસઃ સહ નીચે પ્રમાણે છે.)*

### ભરૂચની 'ઍમિટી શાળા'ના રજતજયંતી પ્રસંગે ભવ્યાતિભવ્ય ભારતના વિવિધ પ્રદેશોની યથાતથ રૂપમાં ઝાંખી કરાવતો, રજતજયંતી કાર્યક્રમ 'એકતામાં અનેકતા અને અનેકતામાં એકતા'નો મહાઘોષ પ્રગટ કરતો વિશિષ્ટ સાંસ્કૃતિક પ્રયોગ, સૂર, શબ્દ, નૃત્ય અને નાટયના સથવારે વહેતી સંસ્કૃતિ સરિતાનું નયનરમ્ય દર્શન

ભારતીય સંસ્કૃતિ, એનો મહિમા અને એની વિશેષતાને પ્રગટ કરતો એક અભિનવ કાર્યક્રમ 'સંસ્કૃતિ સંગમ' ભરૂચની અગ્રગણ્ય શિક્ષણ સંસ્થા ઍમિટી સ્કૂલના (૧૯૮૬–૨૦૧૦)ના પોતાના રજતજયંતી વર્ષની ભવ્ય ઉજવણીના ભાગરૂપે, સાંસ્કૃતિક કાર્યક્રમ રૂપે, તા.૫ ફેબ્રુઆરી ૧૧ શનિવારના રોજ લગભગ ૭૦૦ જેટલા વિદ્યાર્થી કલાવૃંદના સહયોગથી, પોતાના વિદ્યાસંકુલના ખુલ્લા રંગમંડપમાં પ્રસ્તુત કર્યો.

આ કાર્યક્રમમાં સ્ક્રીપ્ટ રચનાથી માંડીને રંગમંચ પ્રસ્તુતિ સુધીની સફરમાં અપાર વૈવિધ્ય, કલાસૂઝ, ખંત, ચીવટ, જહેમત અને વિશેષ તો સ્ક્રીપ્ટપૂર્વેનું સંશોધનકાર્ય જોવા મળ્યું.

'સંસ્કૃતિ સંગમ'ની પ્રસ્તુતિમાં શૈક્ષણિક પ્રકલ્પનો સંસ્પર્શ તો હતો જ, પરંતુ વિગતો જૂનીનવી સમાવીને મર્યાદિત સમયમાં પ્રસ્તુતિ નિર્દેશન સૂઝ પણ પ્રશસ્ય હતી. ભારતના ૧૩ રાજયો, તેની પરિસ્થિતિ, સપરિચિત વિગતો, તેનો સમગ્ર સાંસ્કૃતિક પરિવેશ માત્ર દસ મિનિટ જેટલી મર્યાદામાં, પ્રત્યેક રાજયની રજૂઆત અને કુલ ૧૩ રાજયોની અઢી–ત્રણ કલાકમાં પ્રસ્તુતિ, એ રીતે કે પ્રેક્ષકો–દર્શકો સ્તબ્ધ થઈ જોતા રહે અને પૂર્ણ થાય ત્યારે સમગ્ર ભારતની એક અમીટ છાપ છોડી જતી સંસ્કૃતિનુ સંપૂર્ણ ચિત્ર બની રહે. પ્રત્યેક રાજયની સંસ્કૃતિ ગતિ–પ્રગતિનો સ્પષ્ટ ચિતાર આપવા માટે પ્રત્યેક રાજયના પ્રતિનિધિરૂપ નિવાસીનું સતત માર્ગદર્શન અને માહિતી મેળવીને પ્રસ્તુતિ થવાને કારણે એક સંપૂર્ણ વિગતો સાથેની પ્રસ્તુતિ પ્રત્યેક રાજયની રહી.

'સંસ્કૃતિ સંગમ' કાર્યક્રમનો આરંભ **આંધ્રપ્રદેશ**થી થયો. સમૃદ્ધ પ્રાચીન કલાવારસાથી ધબકતો અને આજનો સૌથી વધુ દક્ષિણના રાજયોમાં વસ્તી ધરાવતો પ્રદેશ. ૨૦૦૦ વર્ષ પુરાણી કુચિપુડી નૃત્યવારસાની સમૃદ્ધિ તો ૧૯૧૨માં સર્વ પ્રથમ બોલતી ફિલ્મ બનાવીને 'ટેલિવુડ'નો પાયો પણ અહીં જ નંખાયો. ૧૮ વાર ભગવાન ક્રિષ્નનું પાત્ર ભજવીને વિક્રમ સર્જનાર ઉત્તમ કલાકાર અને પ્રખર રાજકારણી એન. ટી. રામારાવ, વિજય નિર્મલા જેવા ઉત્તમ ફિલ્મ નિર્દેશક, રામાજી ફિલ્મ સ્ટૂડિયો અને વિ□નું સૌથી મોટું ત્રીજા ક્રમનું થીયેટર 'આઈ મેકસ' જેવા વર્તમાન સંસ્કૃતિના પ્રતીકોના સથવારે, ત્રણ ગીત નૃત્યોમાં તિરૂમાલાની ટેકરી પર બિરાજતા વ્યંકટે□ર, તેલુગુ પ્રદેશની ભાષા, સાહિત્ય અને પ્રકૃતિને આલેખતી કવિ શંકર પબાડીની પ્રાદેશિક ગીત રચના અને ઉત્તરાયણના તહેવારને આલેખતી લોકગીત રચનાના સથવારે ઐતિહાસિક વીર પાત્રો, રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા શૂરવીરો, વીવી એસ લક્ષ્મણ જેવા ક્રિકેટ

વીર, પી.વી. નરસિંહરાવ અને નીલમસંજીવ રેડ્ડીની ભેટ કરનાર, ભારતનું બુલબુલ સરોજીની દેવી અને સાનિયા મિરઝા જેવી રમતવીરની ભૂમિનું સમગ્ર ચિત્ર, પ્રતીકરૂપ પાત્રો અને સ્લાઈડના સથવારે સતત વહેતું રહ્યું. ત્યાનાં કૃષિકારો, ભાતીગળ સંસ્કૃતિ અને ભગવાન બાલાજીનું દર્શન અત્યંત નયનરમ્ય બની રહ્યા.

ભારતનો પ્રથમ સૂર્યોદય જયાં થાય છે તેવો **આસામ** પ્રદેશ બીજી કૃતિરૂપે રજૂ થયો. અહીંની લોકમાતા બ્રહ્મપુત્રા નદીના કિનારે સંસ્કૃતિ પાંગરી. અવતારી પુરુષ શંકરાચાર્યની ભૂમિ. પ્રાચીન સમયનો કામરૂદેશ. આ સંસ્કૃતિનું ગાન, ભૂપેન હજારિકા જેવા લોકગાયકના કંઠે પ્રસ્તુત થયું. ચાના બગીચાઓથી ઉભરાતી ભૂમિ પર કાપણી કરતા, બીહુ નૃત્ય કરતા ગ્રામવાસીઓ, જેમાં એમનો રંગદર્શી મિજાજ વ્યકત થતો હતો. ''આસામ અમર હુપોહી ગનોરો નઈ શોષ'' જેવા ગીત નૃત્યરૂપે સંસ્કૃતિ દર્શન કરાવ્યું. ગીત નૃત્યની સાથે સાથે આસામની સમગ્ર પ્રકૃતિની ઝાંખી જોવા મળી. 'ઓ જીવન ઘોટે રે' નૃત્ય સંગીતમાં આસામીઓની દિનચર્યા સાથે સંસ્કૃતિનો લયતાલ ધબકતો રહ્યો.

*''સૌભાગ્ય હૈ બિહાર ધરા પાઈ પુનઃ વહ ગાન હૈ.*
*સીતા સાવિત્રી કુંતિ જહાં કી પ્રાણ હૈ.''*

**બિહાર**નો અર્થ જ થાય છે વિદ્યાપીઠોનો પ્રદેશ. મગધ એનું પ્રારંભ સ્થાન. રાજા જનકની રાજધાની મિથિલા અને ગંડક કિનારે ઋષિ વાલ્મીકિનો આશ્રમ, કૃષિ સંસ્કૃતિનો પ્રદેશ, આર્યભટ્ટ અને મહાન ચાણકયની આ ભૂમિ. 'બિહાર, મેરો બિહાર, હમકો ઈસ ધરતી સે પ્યાર' ગીત નૃત્યના સથવારે મહાત્મા ગાંધીજીના ચંપારણ સત્યાગ્રહથી માંડીને હોળી નૃત્યની રમઝટ જમાવતા, બિહારી લોકોની પ્રસ્તુતિ સાથે અત્યારના રાજકારણી લાલુપ્રસાદથી માંડીને સમ્રાટ અશોક, લવ–કુશ, વાલ્મીકિ, બુદ્ધ, મહાવીર, રાજેન્દ્ર પ્રસાદ, જયપ્રકાશ નારાયણ, કીર્તિ આઝાદ જેવા ક્રિકેટવીર અને શત્રુઘ્નસિંહા, મનોજ બાજપેયી જેવા કલાકારોની વેશભૂષા સાથે બિહારની પ્રસ્તુતિ રંગત જમાવી ગઈ. ૫૩ જેટલા વિદ્યાર્થી કલાકારોના સથવારે બિહારની પ્રસ્તુતિ થઈ.

'સંસ્કૃતિ સંગમ'ના ચોથા ક્રમે **ગુજરાત**–વાયબ્રન્ટ ગુજરાતની પ્રસ્તુતિ ઝમકદાર થઈ. રંગલા રંગલીના સથવારે ગુજરાતનું મહિમાગીત કરતું નૃત્યગીત, ''સ્વર્ણ અક્ષરે લખાશે, કવિઓ યશગાથા ગુજરાતની'' રજૂ થતી ગઈ અને સાથેસાથે આદ્યકવિ નરસિંહથી સ્વર્ણિમ ગુજરાતનાં સ્વપ્નશીલ્પી નરેન્દ્ર મોદી સુધીની પ્રસ્તુતિ દમદાર રહી. સામપિત્રોડા, ધીરૂભાઈ અંબાણી, ક્રિકેટવીર પઠાણબંધુઓ ગુજરાતના અર્વાચીન આઈડોલ્સ તો સમગ્ર વિ□ જેઓને પોતાના આદર્શ તરીકે અપનાવ્યા એવા મોહનદાસથી દ્વારિકાના મોહન સુધીનો ઈતિહાસ તેની ગૌરવગાથા સાથે, ગુજરાતના લોકગીતો લોકનૃત્યોના તાલે, સમગ્ર ઓડિયન્સ પણ થીરકતું રહ્યું. નિર્મળ ગુજરાત અને ગુજરાતની □ત ક્રાંતિનું પ્રતીક અમુલ, પ્રાચીન સંસ્કૃતિધામો સોમનાથ, ગિરનાર અને ધોળાવીરાના અવશેષો સાથે ગીર પ્રદેશના સાવજો અને પ્રવાસન ઉદ્યોગના બ્રાન્ડ એમ્બેસેડર બનીને આવેલા અમિતાભ બચ્ચન સુધીનું ગુજરાત, માત્ર દશ મિનિટમાં, સંપૂર્ણ જાહોજલાલી સાથે, ૫૦ જેટલા કલાકારોના સથવારે રજૂ થયું.

ગુજરાત પછી **હરિયાણા**ની પ્રસ્તુતિ થઈ. 'હરિ કા આના'–હરિયાણા. કુરુક્ષેત્રની રણભૂમિનો પ્રદેશ, રાજધાની દિલ્હી અને ઉદ્યોગોથી ધમધમતો ભારતનો સહુથી નાનો પ્રદેશ, 'હમ હરિયાણા કે વાસી' નૃત્યગીતમાં ગ્રામીણ પ્રદેશની સંસ્કૃતિનું દર્શન કરાવ્યું. બીજા નૃત્ય ગીત 'અપના હરિયાણા'માં અર્વાચીન ઔદ્યોગિક સંસ્કૃતિનું દર્શન કરાવ્યું. ક્રિકેટવીર કપિલદેવ થી બાબા રામદેવ અને અવકાશયાત્રી

કલ્પના ચાવલાની સ્મૃતિ સાથે હરિયાણા પ્રદેશની પ્રસ્તુતિ સુભગ અને દર્શનીય બની રહી.

હરિયાણા પછી હિમાચલ પ્રદેશની પ્રસ્તુતિ, દેવભૂમિ હિમાચલની પ્રકૃતિ અને તાલબદ્ધ નર્તન સાથે પ્રસ્તુત થતી સંસ્કૃતિનો સમન્વય એક નવો રંગ લઈને આવી. કુદરતી સૌંદર્યથી ભરચક પ્રદેશની સંસ્કૃતિ આગવી અને વિશિષ્ટ છે. એમાં પહાડી રંગ અને પહાડી ઝલક દેખાતી હતી. દલાઈ લામા જેવા આધ્યાત્મિક પુરૂષની આ ભૂમિ અને અનુપમ ખેર, પ્રીટિ ઝીન્ટા અને 'મસકલી મસકલી'નું ગીત ગાનાર મોહિત ચૌહાણની આ ભૂમિ 'જનની જન્મભૂમિ સ્વર્ગ' નૃત્યગીત પ્રણયભાવનું રંગદર્શીઆલેખન હિમાચલ પ્રદેશના પહેરવેશ સાથે રમણીય બની રહ્યું. ''ઓ મેરી પ્રીટિ ઝીન્ટા કહાં ચલી હો'નો સોલોડાન્સ સાથેની પ્રસ્તુતિ પણ હળવું વાતાવરણ જમાવી ગઈ. હિમાચલનો પ્રાકૃતિક પહાડી પરિવેશ, લોકમેળા અને પાંગરતો પ્રણય, અને ડોલીમાં વિદાય થતી નવવધૂ સાથેનું નૃત્ય પણ એટલું જ મનમોહક બની રહ્યું.

**કેરાલા** એટલે કેળ અને નાળિયેરીનો સમુદ્ર પ્રદેશ. ભગવાન શિવ સ્વરૂપ અયપ્પાની સ્તુતિ અને પ્રતીકાત્મક પ્રકૃતિના દશ્ય સાથે કેરાલા સંસ્કૃતિદર્શનનો આરંભ થયો. મુખ્ય તહેવાર 'ઓનમ' તેના મૂળભૂત રીતરિવાજો પ્રમાણે નૃત્ય સાથે પ્રસ્તુત થયો. 'લોકવરમ મહાપૂજન, સર્વનિય શરણમ્ અયપ્પા!' દેવસ્તુતિ પછી તરત જ કેરાલા પ્રદેશનું સ્તુતિ નૃત્ય 'વંદનમ્ વંદનમ્'ની પ્રસ્તુતિ સાથે સમગ્ર કેરળ પ્રદેશની હરિયાળી ભૂમિ, પ્રકૃતિ, વનસંસ્કૃતિ, સમુદ્ર તરંગે હિંચોળાતી નૌકાઓ, મત્સ્ય કન્યાઓના નૃત્યે અદ્ભુત દશ્ય રચી આપ્યું. કેરાલાના નૃત્યો કથકલી, મોહિની અટ્ટમની ઝલક પણ જોવા મળી. પૂર્વ રાષ્ટ્રપતિ કે.આર. નારાયણ, દોડવીર પી.ટી. ઉષા, ગાયક યેસુદાસ અને ક્રિકેટર શ્રીસંત સુધીની ઝલક પણ પ્રસ્તુત થઈ. કેરલ પ્રદેશની પ્રસ્તુતિ એકસઠ જેટલા વિદ્યાર્થીઓના સથવારે પ્રસ્તુત થઈ.

**મહારાષ્ટ્ર**ની ઝલક 'આમ ચી મુંબઈ'થી શરૂ થઈ. મહારાષ્ટ્રની સંસ્કૃતિ અને સંસ્કારો વિશિષ્ટ અને એની પ્રસ્તુતિ પણ એવી જ વિશિષ્ટ હતી. રાણી લક્ષ્મીબાઈ, છત્રપતિ શિવાજી, લોકમાન્ય તિલક, વીર સારવકર, રાષ્ટ્રપતિ મહોદયા પ્રતિભા પાટીલ, લતા મંગેશકર, પુ. લ. દેશપાંડે જેવા તપસ્વી સર્જક; બાળા સાહેબ ઠાકરે, બાબા સાહેબ આંબેડકર, સચીન તેંડુલકર, મહારાષ્ટ્રની પ્રસિદ્ધ હસ્તીઓ રંગમંચ પર આવતી ગઈ. અજંટા ઈલોરાના સ્થાપત્યો, તાજહોટેલ, ગેટવે ઓફ ઈન્ડિયા, અંગુરપ્રદેશ નાગપુર અને લાવણી અને હોલી નૃત્ય જેવા લોકનૃત્યોની પૃષ્ઠભૂમિ સાથે મહારાષ્ટ્રની સંસ્કૃતિએ બરાબરનો રંગ જમાવ્યો. 'જય જય મહારાષ્ટ્ર માઝા' નૃત્યની પ્રસ્તુતિ સાથે સમગ્ર મરાઠી સંસ્કૃતિ વીર સંસ્કૃતિ અને સમુદ્ર કિનારાની ગ્રામીણ સંસ્કૃતિનો અદ્ભુત સંગમ રચાયો. ટીફીનની ફેરીવાળાઓ પણ વચ્ચે વચ્ચે ઝબકી ગયા.

'વંદે ઉત્કલ જનની' સ્તુતિ સાથે **ઓરિસ્સા**ની ઉડિયા સંસ્કૃતિનો આરંભ થયો. ઓરિસ્સા મંદિરોનો પ્રદેશ છે. જગન્નાથપુરી, કોણાર્ક સૂર્યમંદિરના પ્રતીકો સાથે સંસ્કૃતિની આગવી પ્રસ્તુતિ થઈ. ઓડીસી નૃત્યની ઝલક પણ જોવા મળી, હીરાકુંડ ડેમ, નેશનલ પાર્ક, ભૂવને□ર અને કટક જેવા નગરોની ઝલક સ્લાઈડ સાથે જોવા મળી. સ્વાતંત્ર્યવીર ઉત્કલમણી ગોપબંધુદાસ, ઓડીસી નૃત્ય શિરોમણિ કાલીચરણ મહાપાત્ર અને અભિનેત્રી નંદિતા દાસ જેવી અનેકવિધ હસ્તીઓનો પરિચય પણ થતો રહ્યો. સમગ્ર પ્રસ્તુતિમાં ભગવાન જગન્નાથ, બલભદ્ર અને દેવી સુભદ્રાના પ્રતીકો શીરપોર બની રહ્યાં. સંબલપુરી નૃત્યની પ્રસ્તુતિ પણ વિશિષ્ટ ભાત પડી ગઈ.

વીરોની ભૂમિ **પંજાબ**ની પ્રસ્તુતિ રંગભરી, ઉમંગભરી અને રંગતભરી બની રહી. પાંચ નદીઓના પ્રદેશથી આરંભાયેલી આ સંસ્કૃતિનું ભવ્ય પ્રતીક એટલે ગુરુ નાનક અને ગ્રંથસાહેબની પ્રતીકરૂપે રજૂઆતથી આરંભ અને પછી સોહની–મહીવાલની પ્રેમકહાનીની પ્રસ્તુતિ પણ એટલી જ અદ્ભુત ! 'ઈક ઓમકાર

સત્‌નામ' પ્રાર્થના અને ફિલ્મ વીરઝારાનું ગીત લઈને સમગ્ર પંજાબની સંસ્કૃતિનું દર્શન કરાવ્યું. પંજાબના પ્રસિદ્ધ તહેવારનું લાહરી લોકનૃત્ય અને તલવાર સાથેનું લોકનૃત્ય પણ એટલું જ ઝમકદાર બની રહ્યું. પંજાબી યુવાનો હોકી, કબડ્ડી, બોકસીંગ તો પંજાબી કુડીઓનું ભરતગુંથણ, દહીં વલોણું, સુપડાથી ઝાટકવું જેવા પ્રતીકો પણ સંસ્કૃતિનો ચિતાર રજૂ કરતા રહ્યા. અંતે ભાંગડાની પ્રસ્તુતિ 'રંગલા પંજાબ ભાઈ રંગલા પંજાબ' તો મેદાન મારી ગઈ.

રણપ્રદેશ **રાજસ્થાન** પંચોત્તેર જેટલા વિદ્યાર્થી કલાકારોના સથવારે પોતાની સંસ્કૃતિનું દર્શન કરાવી ગયો. મથુરા વૃંદાવનની કૃષ્ણ ભૂમિની સ્મૃતિ સાથે રાજસ્થાની સંસ્કૃતિનો લહેજો લહેરો 'ઘણી ખમ્મા' સાથે આરંભ થયો. મહેમાન નવાઝીની સંસ્કૃતિ, વીર પ્રતાપ અને મહારાણી મીરાની સંસ્કૃતિ, ગુલાબી નગરી જયપુર, ગણગોર, ત્રીજત્યોહાર અને ધૂમર જેવા લહેજતદાર નૃત્યની ભૂમિ એટલે રાજસ્થાન. 'કેસરિયા બાલમ પધારો અમારે દેશ'થી રંગીલો રાજસ્થાન અને 'પેલેસ ઓન વ્હીલ'ની પ્રતીકાત્મક રંગમંચ પરની પ્રસ્તુતિ એટલી જ આકર્ષક બની રહી. રાજસ્થાનના લોક વાદ્યોની સંગાથે સંગીતમય લોકધૂનો વચ્ચે રાજસ્થાનની સફર રંગીલી બની ગઈ. 'ઈંજન કી સીટી મેં મ્હારો મન ડોલે' જેવા રમતિયાળ ગીત નૃત્ય સાથેની સફર અદ્‌ભુત રહી.

**ઉત્તરપ્રદેશ** એટલે ભગવાન રામની ભૂમિ, તુલસીદાસ અને કબીર જેવા સંતોની ભૂમિ; ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, મંગલપાંડેની ભૂમિ. જવાહરલાલ, રામમનોહર લોહિયા, ઈન્દિરા ગાંધી અને અટલબિહારીજીની ભૂમિ. લખનૌ, અલ્હાબાદ, બનારસ જેવા સાંસ્કૃતિક વિદ્યાધામો, પ્રયાગ અને આગ્રા–સંસ્કૃતિનાં સંગમ સ્થાનો, બનારસ અને અલીગઢ જેવા બે સંસ્કૃતિનાં વિદ્યાધામો, કથક અને સંગીતના મહાન કલાકારોની ભૂમિ. હરિવંશરાય બચ્ચન, મહાદેવી વર્મા જેવા સર્જકોની ભૂમિ, 'ખઈ કે પાન બનારસવાલા' ફેઈમ અમિતાભ બચ્ચનની ભૂમિ. આ બધી હસ્તીઓ એક પછી એક આવતી ગઈ અને ઉત્તરપ્રદેશની સંસ્કૃતિ રચતી ગઈ. રાધાકૃષ્ણનું હોલી નૃત્ય, 'બન્નાબન્ની' લગ્નગીત, લગ્નપ્રથા અને 'ભંગ કા રંગ ચડા હો ચકાચક' નૃત્યરૂપે બનારસી બાબુનો અસલી મિજાજ વ્યકત થયો.

કાર્યક્રમને અંતે **પશ્ચિમ બંગાળ**ની ભાતીગળ સંસ્કૃતિ પ્રસ્તુતિ પામી. 'આમાર સોનાર બાંગલાદેશ', ગંગાતટની સંસ્કૃતિ કોલકત્તા, સુંદરવન અને રવિબાબુનું 'શાંતિ નિકેતન' આ સંસ્કૃતિનું અભિન્ન અંગ. રસગુલ્લા, સંદેશ અને રસમલાઈ જેવી મીઠો મધુર વાનગીઓનો પ્રદેશ. શ્રી રામકૃષ્ણ પરમહંસનો પ્રદેશ. મા કાલીની ભકિતનો પ્રદેશ. સુભાષ બાબુની રાષ્ટ્રભકિતનો પ્રદેશ. 'આનદોલોક, મંગલોલોક' ગીત પર રવીન્દ્રસંગીતના મનમોહક સૂરો વચ્ચે સમગ્ર બંગાળની ઝાંખી થતી રહી. 'લાજે રંગા હોલો કોને લાઉ ગો' લોકનૃત્ય પણ એટલું જ મનમોહક હતું. દુર્ગાપૂજાના ભવ્ય ઉત્સવ નૃત્યની સાથે 'સંસ્કૃતિ સંગમ'ની પૂર્ણાહુતિ થઈ. પરંતુ સમગ્ર કાર્યક્રમની પ્રસ્તુતિ એક અમીટ છાપ છોડી ગઈ.

પ્રત્યેક પ્રદેશની વિશેષતા, લોકનૃત્યો, ઉત્સવો, પર્વો, વેશભૂષા, સંગીત, ખાસિયતો અને માત્ર વિશેષતા નહીં પરંતુ યથાતથ રૂપમાં તેની પ્રસ્તુતિ કાબિલેદાદ હતા. કોઈ એક પ્રદેશને નબળો કેમ કહેવો ? એ પ્રશ્ન મનમાં જ શમી ગયો. શિક્ષકોની શ્રમ અને સુઝ બંને એટલા જ આવકારપાત્ર. સહકાર અને એકરાગિતાથી થતું કાર્ય કેવું રુડું પરિણામ લાવી શકે તેનો અહેસાસ 'સંસ્કૃતિ સંગમ' દ્વારા થયો. ક્ષણો વેડફાયા વિના સતત વહેતી સંસ્કૃતિ સરિતાનો કલકલ નિનાદ અને વિદ્યાર્થીઓ દ્વારા જ જરૂર પૂરતું પ્રવકતાનું દાખલ થવું– ૭૦૦ વિદ્યાર્થીઓ દ્વારા શિસ્તબદ્ધ અને કલાપૂર્ણ રજૂઆત પણ એટલી જ પ્રભાવક અને સંતર્પક હતી. એ કારણે પણ કાર્યક્રમ પ્રભાવક રહ્યો.

અને છેલ્લે... સમાપાન પણ એટલું જ અદ્‌ભુત...

સ્વર્ગીય **ભીમસેન જોષીને શ્રદ્ધાંજલિ** પણ ખરી અને **'સંસ્કૃતિ સંગમ'** સમાન **'મિલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા'**ની ઍમિટી શાળાના સહુ શિક્ષકો–શિક્ષિકાઓ દ્વારા રંગમંચ પરની પ્રસ્તુતિ અને કોરિયોગ્રાફી પણ એટલી જ આહ્‌લાદક અને આનંદસભર હતી. ગીતનો ભાવ જાણે સીધો હૃદયમાંથી આવતો હોય તેવો ઉમંગ છલકાતો હતો. સંસ્કૃતિ સરિતાઓ વહેતી વહેતી એકબીજામાં સમાતી હોય અને એક મહાનદ રચાતો હોય, એવો ભારતીય સંસ્કૃતિનો મહાપ્રચંડ ઘોષ અને સાથે લહરાતો ફરફરતો ત્રિરંગો રાષ્ટ્રધ્વજ ! અદ્‌ભુત સમાપન !

## ઍમિટી શાળામાં રિક્ષામાં બાળકો લાવતા ભાઈઓનું સન્માન

સામાન્ય રીતે શાળાને સીધો સંપર્ક શાળાના વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે થાય છે. શાળા પરિવારના પ્રત્યક્ષ સભ્યો શિક્ષકો, સંચાલક મંડળ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષણ વિભાગના અધિકારીઓ હોય છે તેવી આપણી માન્યતા છે. પરંતુ તેથી વિશેષ અનેક પરોક્ષ સભ્યો પણ હોય છે. તેમાં સૌથી પ્રથમ સ્થાને આવે છે શાળામાં બાળકોને લઈ આવતા વાહનચાલકો હોય છે. બાળકના જીવનમાં આ વાહનચાલકો પણ કેન્દ્ર સ્થાને હોય છે.

સૌ પ્રથમ તો આ વાહનચાલકોના હાથમાં બાળકોની જિંદગી હોય છે. જો તેઓ કાળજીપૂર્વક વાહન ચલાવે નહીં તો અકસ્માત થવાનો ભય રહેલો હોય છે. તેમની તથા તેમના વાહનની તંદુરસ્તી જેટલી સારી તેટલી અકસ્માત થવાની શકયતા ઓછી. જો વાહનચાલકો ખોટી દિશામાંથી આવે, અત્યંત ઝડપથી અને શિસ્તના પાલન વિના વાહન ચલાવે તો ચોક્કસ જ અકસ્માત થાય.

બીજી વાત આ વાહનચાલકોના વર્તનની હોય છે. જો તેમનું વર્તન તોછડું હોય, ભાષા વિવેકી ન હોય અને ન બોલવા જેવા શબ્દો બોલે તો બાળકો અત્યંત નાની વયે આ શબ્દોનું અનુકરણ કરે. જો તેઓ અંદર અંદર ગાળાગાળી કે મારામારી કરતા હોય તો જોઈને અને સાંભળીને બાળકો પણ તેમના જેવું વર્તન કરે. ગામમાં આ વાહનચાલકો શાળાના એમ્બેસેડર્સ હોય છે.

ઍમિટી શાળા આ વાહનચાલકોને પણ 'ઍમિટીયન્સ' જ ગણે છે. પ્રત્યેક વર્ષે વર્ષાન્તે સૌ આઈસ્ક્રીમની મીજબાનીથી નવા વર્ષે પુનઃ મળવાના કોલ સાથે છૂટા પડે છે. પરંતુ ૨૦૧૦–૧૧નું શાળાનું રજતજયંતી વર્ષ હતું. તેથી આ વર્ષે આ વાહનચાલકોના પ્રતિનિધિરૂપે પાંચ રિક્ષા ડ્રાયવર ભાઈઓનું સન્માન કરવાનો કાર્યક્રમ 'સંસ્કૃતિ સંગમ'ના સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસંગે સર્વ વાલીઓ અને વિદ્યાર્થીઓ સમક્ષ તા.૦૫/૦૨/૨૦૧૧ના રોજ શાળાના વિશાળ પટાંગણમાં યોજાયો હતો. પાંચ ભાઈઓને સ્ટેજ ઉપર આમંત્રી તેમનું બુકેથી સન્માન કર્યું હતું. પ્રેમના પ્રતીકરૂપે નાનકડી ભેટ આપવામાં આવી હતી. વાંચનમાં રસ ધરાવતા સુરેશભાઈને શાળા પરિવારે 'અડધીસદીની વાચનયાત્રા' પુસ્તકની ભેટ આપી સન્માન કર્યું હતું. આ એક નૂતન અભિગમને સૌ ઉપસ્થિત આમંત્રિતો અને વાલીઓએ જોરદાર તાળીઓના ગળગળાટથી વધાવી લીધો.

આ મિત્રોનો વિગતવાર પરિચય નીચે પ્રમાણે છે –

૧) **શ્રી પંકજભાઈ કાયસ્થ** – શાળાની ૧૯૮૬માં સ્થાપના થઈ ત્યારથી તેઓ બાળકોને રિક્ષા દ્વારા શાળામાં લાવે છે. શાળાની તમામ લીલી–સુકીના તેઓશ્રી સાક્ષી છે. શાળા પાસે સારા રસ્તા નહોતા ત્યારે પણ તેઓ કાચા રસ્તા ઉપર બાળકોને શાળામાં લાવતા. તેઓએ માત્ર રિક્ષા ડ્રાયવરનું જ કામ કર્યું નથી તેઓ શાળાના શુભેચ્છક પણ બન્યા છે. શાળાની સારી કામગીરીને સમાજ સુધી પહોંચાડવાનું

સતકાર્ય તેઓ સતત કરે છે. આ શાળામાં પાંચવાર ચોરી થઈ તેના પણ તેઓ સાક્ષી છે. ૧૯૮૬ના વર્ષોમાં શાળા જંગલમાં હતી ત્યારે મોડી રાત્રે શિક્ષકોને પરત ઘેર મૂકવાની કામગીરી તેઓએ સહર્ષ બજાવી છે. તેઓ ઍમિટી શાળાના પાયાના કાર્યકર રહ્યા છે. ધોધમાર વરસાદમાં બાળકોને ઊંચકીને રિક્ષામાં બેસાડવાનો તેઓનો શોખ છે !

૨) **શ્રી જશવંતભાઈ કાયસ્થ** – ૧૯૮૯ના વર્ષથી શાળામાં બાળકોને લાવવાની જવાબદારી નિભાવે છે. ભરૂચમાં સૌથી દૂરના અંતરેથી તેઓ બાળકોને શાળામાં લાવે છે. તેઓએ તેમની જવાબદારી હંમેશા નિષ્ઠાપૂર્વક બજાવી છે. શાળા શિસ્તની અત્યંત આગ્રહી હોવાથી ઝાડે□રથી શાળાના બાળકોને દહેજ બાયપાસ રોડ ઉપર લાવવાની કપરી જવાબદારી સમયપાલન સાથે છેલ્લા ૨૨ વર્ષથી નિભાવે છે. તેઓ અત્યંત હકારાત્મ સ્વભાવ ધરાવતા હોવાથી વાલીઓ અને શિક્ષકોમાં પ્રિય છે એક પ્રસંગ તેમની નિષ્ઠાના દર્શન કરાવે છે. તેમના પુત્રના લગ્ન ચાર વાગે પૂર્ણ થયા તેજ દિવસે સાંજે છ વાગે બાળકોને લેવા શાળામાં આવ્યા હતા. ધન્ય છે આવી વ્યકિતઓને ! આજે તો તેમની બીજી પેઢી શાળા સાથે જોડાયેલી છે તેમના પુત્ર રાકેશભાઈ અને પરેશભાઈમાં તેમના જ સદ્‌ગુણો ઉતર્યા છે.

૩) **શ્રી રમેશભાઈ કાયસ્થ** – ૧૯૯૦ની સાલથી નર્સરીથી માંડીને ધો.૧૨ સુધીના બાળકોને શાળામાં સહીસલામત લાવે છે. જૂના ભરૂચના ચકલા વિસ્તારમાંથી બાળકોને લાવવાનું કઠીન કાર્ય તેઓ નમ્રતાથી નિભાવે છે. ભરૂચ શહેર પાઘડી પને આવેલું છે. ચકલા જેવા અત્યંત ગીચ વિસ્તારમાંથી બાળકોને શાળામાં સમયસર લાવવાનું કપઢં કાર્ય તેઓ હસતા ચહેરે નિભાવી અન્યો માટે ઉદાહરણીય બન્યા છે. તેમના જીવનનો એક પ્રસંગ પ્રેરણાદાયી શાળાનો એક વિદ્યાર્થી, તેની કીડની બરાબર કામ કરતી નહોતી અને તેથી તે ગમે ત્યાં ટોયલેટ કરતો ત્યારે સહેજપણ અણગમા અથવા ચીડ વિના તેઓ તે બાળકને સાચવતા. ધન્ય છે રમેશભાઈ આપની માનવતાને ! આવા બાળકોને તે વર્ગ સુધી ઊંચકીને લાવતા અને ઘેર પણ ઊંચકીને મૂકી આવતા. આપણે રીતભાતના પાઠ તેમની પાસેથી શીખવા પડે તેમ છે. શાળામાં આવતા કોઈક કારણો સર મોડું થાય તો રસ્તામાં જે જે શિક્ષકો મળે તેમને તેઓ Sorry, Sorry કહેતા જાય. ઍમિટી શાળા અને તેના વાલીઓનું નસીબ છે કે આવા ઉત્તમ રીતભાતવાળા સાથીઓ મળ્યા છે.

૪) **મુબારકભાઈ પટેલ** – ભરૂચની બાજુના ગામડેથી તેઓ બાળકોને શાળામાં લાવે છે. કોઈપણ વ્યકિત શાળા વિશે નકારાત્મક બોલે તો તેને સમજાવે, તેના ગળે સાચીવાત ઉતારવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે. તેમનામાં ચોકસાઈનો ગુણ અદ્‌ભુત છે. સંજોગોવસાત શાળાનો સમય બદલાય તો તેઓ ત્રણચાર જણને પૂછીને પાકું કરે. તેઓ હંમેશા વિનંતીપૂર્વક જ વાત કરે. તમામ શિક્ષકોને આદરથી જુએ. શાળાની કાર્યપ્રણાલીને હંમેશા સાચી ઠેરવે. પોતાને કેટલીક ટેવો છે પરંતુ તે શાળાના શિક્ષક–આચાર્ય જુએ નહીં તેની ખાસ કાળજી રાખી.

૫) **સુરેશભાઈ પટેલ** – શાળાના વાલી છે, તેમનો પુત્ર પ્રણવ પટેલ ધો. ૧૨ (સામાન્ય પ્રવાહ)માં અભ્યાસ કરે છે. ગુજરાત સરકારનું ''વાંચે અભિયાન'' આજે શરૂ થયું પરંતુ શાળા પરિવારના આ સદસ્ય વાંચનનો અદ્‌ભુત શોખ ધરાવે છે. શાળાના પ્રાંગણમાં એક સ્ટેન્ડ ઉપર મેગેઝીન મૂકવામાં આવે છે. સુરેશભાઈ શાળાના બાળકોને લઈને આવે ત્યારે અથવા પરત લઈ જવા માટે આવે ત્યારે સમય મળે મેગેઝીન અચૂક વાંચે છે. અખંડ આનંદ, નવનીત સમર્પણ, ચિત્રલેખા, ભૂમિપૂત્ર વગેરે મેગેઝીનના તેઓ નિયમિત વાચક છે. રિક્ષા ચલાવતા સુરેશભાઈનો આ વાંચન શોખ સૌને પ્રેરણા પૂરો પાડે છે. તેઓ હંમેશા હકારાત્મક વિચારો ધરાવે છે, કદાચ વાચનને કારણે તેઓ મનન કરતા હશે અને તેથી હંમેશા સૌ સાથે નમ્રતા અને વિવેકપૂર્ણ રીતે વાતો કરે છે.

દાંડીયાત્રા બાદ સર્વે ઍમિટીયન્સ ગાંધીમય બની ગયા હતા, પણ ગાંધીજીના અરધા અંગને કેમ વિસરાય? પુનઃ એકવાર સામાજિક કર્તવ્ય નિભાવવા ઍમિટી શાળા પરિવારે કસ્તૂરબાના નિર્વાણદિનને અકસ્માત નિવારણદિન તરીકે ઉજવવાનું નક્કી કર્યું. શાળા પરિવારે ટ્રાફિક વ્યવસ્થાને જાળવવા નાગરિકોને અનોખી રીતે અપીલ કરી.

# ઍમિટી સ્કૂલ, ભરૂચ

## -: અકસ્માત નિવારણ જનજાગૃતિ અભિયાન :-

1986-2010 રજતજયંતિ વર્ષ


તા.૧૦/૦૨/૨૦૧૧






શૈક્ષણિક સંસ્થાઓએ વૈધિક શિક્ષણની સાથે કેળવણી આપવાનું કાર્યપણ કરવાનું હોય છે. આ કાર્યના ભાગ સ્વરૂપે ઍમિટી સ્કૂલ, ભરૂચે ''અકસ્માત નિવારણ જનજાગૃતિ અભિયાન'' કાર્યક્રમ યોજવાનું નક્કી કરેલ છે. શાળાના બાળકોમાં સુટેવોનું ઘડતર થાય તો તે લાંબા સમય સુધી ઉપયોગી બને છે. આજના ઝડપી યુગમાં અનેક સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. પરંતુ આ સુવિધાઓ કેટલીયવાર નુકસાન પહોંચાડનાર પણ હોય છે. ઝડપી વાહન ચાલવવાથી સમયનો બચાવ થઈ શકે પરંતુ ઝડપ શિસ્ત વિનાની હોય તો અકસ્માતમાં પરિણમે છે. આપણા રોજિંદા જીવનમાં અકસ્માતો નિયમિતપણે સ્થાન પામી ગયા છે. આ અકસ્માતોના નિવારણ માટે સમાજના તમામ વર્ગોના સહયોગની આવશ્યકતા છે.





ભરૂચ શહેરની આસપાસ વિ કક્ષાની વિરાટ ઔદ્યોગિક વસાહતો ઉભી થઈ રહી છે. આ ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી માલસામાનની હેરફેર માટે તોતીંગ વાહનો ભરૂચના નેશનલ હાઈવે નંબર–૮ અને દહેજ બાયપાસ રોડ પરથી પસાર થાય છે. ભરૂચની ભૂગોળથી અજાણ્યા પરપ્રાંતીય વાહન ચાલકો અને ભરૂચના ટ્રાફિકની સૂઝ વગરના વાહનચાલકોની નિષ્કાળજીથી માર્ગો પર વારંવાર અકસ્માતો થાય છે. આ માર્ગો પર ઘણી શાળાઓ આવેલી છે અને ઘણા વિદ્યાર્થીઓ અને નાગરિકો આવા અકસ્માતના ભોગ બન્યા છે.






ભરૂચના નાગરિકોમાં અકસ્માત નિવારણ અંગે જનજાગૃતિ લાવવા ઍમિટી શૈક્ષણિક સંકુલ, ભરૂચ તેના રજતજયંતિ વર્ષે''કસ્તૂરબાની પૂણ્યતિથિ'' (તા.૨૨/૦૨/૨૦૧૧) ના રોજ દહેજ બાયપાસ રોડ પરના વાહનચાલકો અને નાગરિકો માટે એક વિશિષ્ટ કાર્યક્રમ રજૂ કરનાર છે. જેમાં કોઈ પણ કારણસર વધુ કોઈ વ્યક્તિ આ રસ્તાઓ પર અકસ્માતનો ભોગ ન બને તે માટે આપણે સૌ વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની વિનંતી કરીશું અને **ઝડપ અને સમય કરતાં જિંદગી વધુ કિંમતી છે** તેવી વૈવિધ્યસભર કાર્યક્રમો દ્વારા સમજણ આપીશું. આ અભિયાનમાં આપ સૌ જાગૃત નાગરિકોને જોડાવવા તથા સહકાર આપવા હાર્દિક વિનંતી છે.



**તારીખ : ૨૨/૦૨/૨૦૧૧, મંગળવાર**

**સમય : સવારે ૦૮:૦૦ થી સાંજે ૦૬:૦૦**



**: સ્થળ :**

**દહેજ બાયપાસ રોડ, ઍમિટી સ્કૂલની પાસે, ભરૂચ.**

Ph. No. : (02642) 239635

***E-mail :*** amity@narmada.net.in, ***Website :*** www.amityschool.net





कस्तुरबा निर्वाण दिन – अकस्मात निवारण दिन २२ फरवरी २०११

बाल हास्य कवि संमेलन १९ मार्च २०११

बायें से दांये : प्रकाश महेता, रीना तिवारी, दर्शना व्यास, दिनेश परीक, सागरमल परीक, हरिवदन जोशी, मगुभाई भिमडा, रणछोड शाह






Amity's Well-Wisher Get together on 3rd April 2011

Foundation of e-library by Dr. Gunvant Shah on 17th April 2011
on the occasion of Parents Go-together.




L to R : Kirti Pathak, Shilpa Choksi, Kinaxi Raj, Prakash Maheta, Dr. Guvant Shah, Ranchhod Shah, Pramesh Mehta, Sangita Shah, Jagruti Mehta, Saroj Rana & Reena Tiwari

# 'કસ્તૂરબા નિર્વાણ દિન - અકસ્માત નિવારણ દિન'

### -: કાર્યક્રમનો અહેવાલ :-

ઍમિટી શાળા તેની સ્થાપનાનું રજતજયંતી વર્ષ ઉજવી રહી છે. સ્થાપના વર્ષથી શાળા સમાજનું કેન્દ્ર બને તે માટે સૌ શિક્ષકો સતત જાગૃત રહ્યા છે. તત્કાલીન બનાવોને શૈક્ષણિક સ્વરૂપ આપવાની જવાબદારી શૈક્ષણિક સંસ્થાઓની છે. ભરૂચ જિલ્લો ઔદ્યોગિકક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે. ઉદ્યોગો વધતાં વાહનો વધ્યા અને પ્રદૂષણ વધ્યુ પણ માળખાકીય સુવિધાઓ તે પ્રમાણમાં ન વધી. વાહનચાલકોએ ટ્રાફિકના નિયમો પાળ્યા નહીં અને અકસ્માતોનું પ્રમાણ ખૂબ મોટું થયું. ભરૂચ શહેર કે જિલ્લાના ઔદ્યોગિક વિસ્તારોમાં રોજેરોજ જીવલેણ અકસ્માતોનું પ્રમાણ ઘણું વધારે રહે છે, જે રોજિંદા સમાચારપત્રો અને અન્ય સમાચાર માધ્યમો દ્વારા સ્પષ્ટ જોઈ શકાય છે. યુવાનો માટે દ્વિચક્રી વાહન હાથવગું બન્યું છે. તેઓ આ વાહનનો યોગ્ય ઉપયોગ કરતા નથી અને તેથી શાળા–કોલેજના યુવાનો માટે નાના–મોટા અકસ્માતો રોજિંદી ઘટના બની છે.

આ અકસ્માતોને રોકવા માટે કંઈક કરવું જોઈએ તેવું સૌ નગરજનો અનુભવે છે પરંતુ કોઈ નક્કર કાર્યક્રમનું આયોજન થતું નહીં. ઍમિટી શાળા પરિવારે આ દિશામાં પહેલ કરી. સામાન્ય રીતે ગાંધીજયંતીની ઉજવણી ઠેરઠેર થાય છે પરંતુ ગાંધીજીના અર્ધા અંગ સમા કસ્તૂરબાને યાદ કરવાનો માહોલ નથી. તેથી શાળા પરિવારે કસ્તૂરબા નિર્વાણ દિને અકસ્માત અંગે જનજાગૃતિ લાવવાના કાર્યક્રમનું આયોજન કર્યું. કસ્તૂરબાનું અવસાન આગાખાન પેલેસમાં ૨૨મી ફેબ્રુઆરી ૧૯૪૪ના દિવસે થયું. તા.૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ શાળા પરિવારે **કસ્તૂરબા નિર્વાણ દિન – અકસ્માત નિવારણ દિન** કાર્યક્રમનું આયોજન કર્યું.

સૌ પ્રથમ તો આ બાબતની જાણ શાળાની પ્રાર્થના સભામાં બાળકો તથા શિક્ષકોને કરવામાં આવી. એક પત્રિકા તૈયાર કરી તેની પચીસ હજાર નકલો કઢાવી ભરૂચ શહેરમાં વહેંચવામાં આવી. જેમાં જણાવ્યું હતું કે;

***આપણે બાળકોને શાળામાં ભણવા મોકલીએ છીએ. અહીં આપણે ભણતરનો અર્થ સીમિત કરી માત્ર પરીક્ષામાં પૂછવાના પ્રશ્નોના જવાબો ગોખી નાખે એટલે ભણી રહ્યો તેવો કરીએ છીએ ત્યારે વિદ્યાર્થીના શિક્ષણ માટે મોટી ગરબડ ઉભી થાય છે. વિદ્યાર્થીને જીવન ઘડતરનું જ્ઞાન આપવું તે શાળાની પ્રાથમિક જવાબદારી છે. આ બાબતથી સુપેરે જાગૃત ઍમિટી સ્કૂલ તેના વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકના સિદ્ધાંતોને જીવન વ્યવહારમાં કેટલા અને કયાં ઉપયોગી છે તેનું પ્રાયોગિક જ્ઞાન આપવાના પ્રયોગો સતત કરતી આવી છે.***

***આપણે વિદ્યાર્થીઓને શિસ્તના પાઠ શીખવીએ છીએ ત્યારે માત્ર આજ્ઞાપાલનની અપેક્ષા ન રાખતાં તે સમાજજીવનના નિયમોનું પાલન કરે અને કરાવે તેવી આશા હોય છે. આપણી શિસ્ત આપણા જીવનની સાથોસાથ અન્યોને ઉપયોગી થાય તેવી હોવી જોઈએ. શિસ્તને ઘણા બધા પરિપ્રેક્ષ્યમાં વિચારી શકાય પણ હાલ પૂરતાં આપણે માર્ગ પરિવહન અંગેની શિસ્તનો વિચાર કરીએ.આપણે પેટ્રોલ / ડિઝલથી ચાલતા વાહન વાપરવા માટે લાઈસન્સ મેળવવાની અરજી કરીએ છીએ. માર્ગ પરિવહનના તમામ નિયમોનું પાલન કરવાની***

***શરતે આપણને લાયસન્સ મળે છે. આપણે જાણતા નથી કે કયા કયા નિયમોનું પાલન કરવાની આપણે લાયસન્સ મેળવવા માટે બાંહેધરી આપી છે. આપણે અત્યંત ઝડપી વાહન ચલાવી ટૂંકા રસ્તે ઈચ્છીત જગ્યાએ પહોંચવા પ્રયાસો કરીએ છીએ. આપણી આ દોડમાં કોઈનું કે પછી આપણું જીવન હોડમાં લાગી જાય છે. આવી સમજ જયાં સુધી આપણે અકસ્માતના ભોગ ન બનીએ ત્યાં સુધી નથી આવતી. પોલીસ અને સરકારીતંત્ર આ અંગે સતત જાગૃત રહી આપણને સલાહ અને સજા આપતી રહે છે. પોલીસ ચેક કરે તો જ આપણે હેલ્મેટ, સીટબેલ્ટ કે સલામતીના અન્ય ધોરણો અપનાવવાની કાળજી લઈએ છીએ.***

ધોરણ ૬ થી ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓએ નાના જૂથમાં વહેંચી અકસ્માતને કારણે થતી જાનહાની અંગેના ૧૦૦ પોસ્ટરો વિદ્યાર્થીઓએ તૈયાર કર્યા. શાળા પરિવારે છેલ્લા આઠ માસથી સમાચાર પત્રોમાં ભરૂચ શહેર અને જિલ્લામાં જે અકસ્માતોના સમાચાર પ્રસિદ્ધ થતા તેના કટિંગ્સ તથા ફોટાઓ ભેગા કર્યા હતા. આ કટિંગ્સને વ્યવસ્થિત રીતે તૈયાર કરી તેના બેનર બનાવવામાં આવ્યા. આ કામગીરીને કારણે શાળામાં **અકસ્માત નિવારણ** અંગેનું એક વાતાવરણ ઊભું થયું. આ કાર્યક્રમમાં લોક લાગણીને સ્પર્શવા માટે સહભાગી વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ **કસ્તૂરબા નિર્વાણ દિને** ઉપવાસ રાખ્યા.

આ અંગે વિદ્યાર્થી તથા વાલીની સંમતિ મંગાવવામાં આવતા આ ધોરણોના કુલ ૧૦૮૩ વિદ્યાર્થીઓમાંથી ૭૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. એટલું જ નહીં ધો.૫ના વિદ્યાર્થીઓ નાના હોવાથી તેમને ઉપવાસના કાર્યક્રમમાં સામેલ નહીં કરવાનો નિર્ણય હોવા છતાં ૨૦ વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ તેમાં સહભાગી થયાં.

કસ્તૂરબાના જીવન અંગેનું નવજીવન પ્રકાશનનું પુસ્તક **મહાત્માનું અરધું અંગ – કસ્તૂરબા** (સંકલન – સંપાદન : કાન્તા, હરવિલાસ 'હરિચંદ્ર') ગુજરાતીમાં ઉપલબ્ધ છે. પરંતુ કસ્તૂરબા અંગે અંગ્રેજીમાં કોઈ નાનકડું પુસ્તક ઉપલબ્ધ ન હોવાથી આ પુસ્તકને આધારે તેમના જીવનમાંથી પસંદ કરેલ પચીસ પ્રસંગો (શાળા સ્થાપનાનું પચીસમું વર્ષ હોવાથી)નું અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં આવ્યું. શાળામાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ હોવાથી અને આજે વાલીઓ પણ અંગ્રેજી માધ્યમ પસંદ કરતા હોવાથી પૂ. કસ્તૂરબાને નવી પેઢી સુધી પહોંચાડવાના ઉદ્દેશથી આ પુસ્તક તૈયાર કરી બાળકોમાં વહેંચવું તેવું નક્કી થયું. જે અન્વયે ઍમિટી શૈક્ષણિક સંકુલનું પ્રથમ પ્રકાશન "Better Half Of Mahatma - Kasturba" પ્રકાશિત કરવામાં આવ્યું.

તા.૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ સવારે મહાત્મા ગાંધીજી દાંડીકૂચ દરમ્યાન તા.૨૪/૦૩/૧૯૩૦ના રોજ રાત્રે જયાં રોકાયા હતા તે ભરૂચની સેવાશ્રમ હોસ્પિટલના ગેસ્ટ હાઉસ પાસે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ભેગા થઈ ''વૈષ્ણવ જન તો તેને રે કહીયે...'' ગાઈને કાર્યક્રમની શરૂઆત કરી. પસંદ કરેલ વિદ્યાર્થીઓની છ ટુકડીઓ તૈયાર કરવામાં આવી હતી. જે શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ભરૂચના હાર્દ સમા છ વિસ્તારોમાં સવારે ૭:૩૦ થી ૯:૩૦ કલાક અને ૧૦.૦૦થી બપોરે ૧.૦૦ કલાક દરમ્યાન અકસ્માત અંગે જનજાગૃતિ લાવવા માટે પહોંચી ગઈ. આ જગ્યાઓ સૌથી ગીચ ટ્રાફિકવાળી હતી, જે નગરજનો કે યુવાનો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા નહોતા તેને વિદ્યાર્થીઓ વિનંતી કરતા હતા. સાથેસાથે 'કસ્તૂરબા' અંગેનું ગુજરાતી પુસ્તક ભેટ આપતા હતા.

આ કાર્યક્રમમાં ભરૂચ ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ (BTET)ના ટ્રસ્ટીઓ અને કાર્યકરો પણ વિદ્યાર્થીઓ સાથે જોડાયા. મોટાભાગના લોકો વિનંતીને માન આપી તે સમય પૂરતા તો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા હતા. પરંતુ તેમની પાસેથી જે કારણો જાણવા મળ્યા તે ખરેખર દુઃખદ અને આશ્ચર્ય જન્માવે તેવા હતા. જેમ કે

૧) પેટ્રોલના ભાવ વધી રહ્યા છે પછી ટૂંકા રસ્તે જ જઈએ ને !

૨) શાળાનું કામ ભણાવવાનું છે, તે કરવાનું તમારા સાહેબોને કહોને, આ કામ તમારું નથી !

૩) હું ટ્રાફિકના નિયમો પાળીશ પણ બીજા નહીં પાળે તો અકસ્માત તો થશે જ ને !

૪ ) મરવાનું તો એક જ વાર છે ને !

૫) તમારા અભ્યાસના ભોગે તમારે અમને શીખામણ આપવાની જરૂર નથી !

૬) મારે ટ્રેન / બસ પકડવામાં મોડું થાય છે !

૭) મારે દવાખાને ચા આપવા જવાનું હોવાથી ઉતાવળ છે !

૮) તમે અને તમારા શિક્ષકો પહેલાં ટ્રાફિકના નિયમોનું પાલન કરો પછી અમને શીખવજો !

૯) અમને બધુ આવડે છે તમારી સલાહની જરૂર નથી ! નાના મોઢે મોટી વાત શોભતી નથી !

૧૦) હું ખૂબ જ જવાબદારીવાળી જગ્યા પર ફરજ બજાવું છું તેથી મારે સમયસર પહોંચવું પડે છે માટે ટૂંકો રસ્તો પસંદ કરું છું !

૧૧) હું તમારા દેશના ટ્રાફિકના નિયમો જાણતો નથી !

૧૨) આ તો તમારી સ્કૂલ, એડમીશન માટે માર્કેટીંગ કરે છે !

આ સમય દરમ્યાન સવારે ૭ થી ૧૦ કલાક સુધી શાળાનું શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ ચાલુ રહ્યું. સવારે ૧૦.૩૦ કલાકે શાળામાં એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અકસ્માતમાં મૃત્યુ પામેલ વ્યકિતઓના આત્માને શાંતિ મળે તે માટે પ્રભુ ભજનનો કાર્યક્રમ યોજાયો. તો સાથેસાથે શાળાએ તૈયાર કરેલ "Better Half Of Mahatma - Kasturba" પુસ્તકનું વિમોચન BTETના પ્રમુખશ્રી અનીશ પરીખના વરદ્હસ્તે કરવામાં આવ્યું. આ પુસ્તક ઉપવાસ ઉપર બેઠેલ ૭૧૭ વિદ્યાર્થીઓ તથા ૮૦ શિક્ષકોને ભેટ આપવામાં આવ્યું.

આ સભામાં શાળાના આદર્શ અને પ્રેરણાસ્ત્રોત એવા સ્વાતંત્ર્ય સેનાની શ્રી પરાગજીભાઈ પટેલે (બાપૂજી) ઉપસ્થિત રહી સૌને શુભેચ્છા પાઠવી તથા આ અનોખા કાર્યક્રમ બદલ અભિનંદન પણ આપ્યા. અન્ય વરિષ્ઠ નગરજનોએ પણ સભાને સંબોધી જનહીતના ઉમદા કાર્ય બદલ વિદ્યાર્થીઓને ધન્યવાદ પાઠવ્યા. તેઓએ જણાવ્યું કે ખરેખર તો આ કાર્ય સરકાર અને વડીલોનું છે પરંતુ નાનકડા વિદ્યાર્થીઓ ઉપવાસ કરી સમાજની ચિંતા કરે છે તે બદલ તેઓ ખૂબ ખૂબ અભિનંદનના અધિકારી બને છે.

ઉપવાસી વિદ્યાર્થીઓને શાળાના પટાંગણમાં મંડપ બાંધી તેમાં ગાદલા પાથરી બેસાડવામાં આવ્યા હતા. અહીં વિદ્યાર્થીઓએ 'સર્જનાત્મક પ્રવૃત્તિઓ' કરી, જેમાં ગાંધી ટોપી બનાવી તથા અકસ્માત નિવારણ અંગેના ગ્રીટીંગ્સ કાર્ડ્સ બનાવ્યા.

ઉપવાસી વિદ્યાર્થીઓના એક જૂથે જે. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચના ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક અને ગાયક શ્રી પ્રકાશ નાયકના માર્ગદર્શન હેઠળ ત્રીસ જેટલા ગાંધી ગીતો અને ભજનોનો

કાર્યક્રમ તૈયાર કર્યો હતો. જે સૌએ સમૂહમાં ગાઈ ગાંધીમય બન્યા. આ દરમિયાન ભરૂચના કલાકાર શ્રી અનિલ અગ્નિહોત્રીએ ઉપસ્થિત રહી 'બટાકા' ઉપર એકોકિત રજૂ કરીને તથા ઍમિટી બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થી જહાંગીરે જાદુના પ્રયોગ બતાવી વિદ્યાર્થીઓને મનોરંજન કરાવ્યું. આ કાર્યક્રમમાં બાળવાર્તા અને ગાંધી પુસ્તકોના વાચનનો કાર્યક્રમ પણ સામેલ હતો પરંતુ સમયના અભાવે રજૂ થઈ શકયો નહીં.

સાંજે ૪.૦૦ કલાકે પૂર્ણાહુતિ સમારંભની શરૂઆત થઈ. ભરૂચ શહેરમાં **સેવાયજ્ઞ સમિતિ** નામની જનકલ્યાણની સંસ્થા કાર્યરત છે. ભરૂચની સિવિલ હોસ્પિટલમાં જે દર્દીઓ આવે છે તેમને તથા તેમની સાથે આવેલ તેમના સગાઓને રોજ સવારે – સાંજે નાસ્તો અને બે ટાઈમ જમવાનું તેઓ વિનામૂલ્યે પૂરું પાડે છે. શાળાના વિદ્યાર્થીઓએ એક દિવસનો ઉપવાસ રાખ્યો હતો અને જે અનાજ બચ્યું તે માટે અગાઉથી તેમને એક મૂઠી ચોખા અને એક મૂઠી દાળ લાવવા વિનંતી કરી હતી. તે પ્રમાણે ધો.૧ થી ૧૧ના વિદ્યાર્થીઓ જે અનાજ લાવ્યા હતા તે અનાજ (લગભગ ૨૮૫ કીગ્રા. દાળ અને ૪૯૮ કીગ્રા. ચોખા) સેવાયજ્ઞ સમિતિના કાર્યકર શ્રી રાકેશભાઈ ભટ્ટને અર્પણ કરવામાં આવ્યું. તેઓએ શાળા પરિવારનો આભાર વ્યકત કર્યો. આ દરમ્યાન ઉપસ્થિત રહેલ મહાનુભાવોએ આખા દિવસના ઉપવાસ બાદ સહેજ પણ ન થાકેલ વિદ્યાર્થીઓને જોઈ આનંદની લાગણી વ્યકત કરી.

અંતે પારણાંનો કાર્યક્રમ યોજાયો. જેમાં વિદ્યાર્થીઓને શાળા તરફથી ફલેવર્ડ દૂધ આપવામાં આવ્યું તથા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની મુકિતનગર શાખાના મેનેજરશ્રી રાજેન્દ્રભાઈ દેગડવાલાના સૌજન્યથી બિસ્કીટ પણ સૌને આપવામાં આવ્યા. આ પ્રસંગે બહુ મોટી સંખ્યામાં વાલીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને બિરદાવ્યો. નોંધનીય બાબત તો એ હતી કે શાળાના તમામ બિન શૈક્ષણિક કર્મચારીઓ તથા વીસ કરતાં વધુ સેવકભાઈઓ તથા બહેનો સ્વેચ્છાએ આ કાર્યક્રમમાં જોડાઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું.

## હસવાનું બંધ છે !

✦ અશોક : અમારા ચિત્રના શિક્ષકને તો કશું જ આવડતું નથી.
મમ્મી : કેમ શું થયું, બેટા ?
અશોક : જોને મેં સિંહ દોર્યો હતો તો મને પૂછતા હતા કે આ શું દોર્યુ છે.

✦ નોકર : સાહેબ ! હું ઘરની નોકરી છોડીને જાઉં છું. કારણ કે તમને મારા પર વિ□ાસ તો છે નહીં, પછી અહીં રહેવાનો શો અર્થ ?
માલિક : કેમ એમ બોલે છે ? મારા ઘરની બધી જ ચાવીઓ તો ટેબલ પર પડી રહે છે.
નોકર : પણ એમાંની એકેય ચાવીથી તિજોરી તો ખૂલતી જ નથી.

✦ સરદારજી : સરદારજી બ્રાહ્મણને કહે છે કે 'તમે આ ચોટલી કેમ રાખો છો?'
બ્રાહ્મણ : તો બ્રાહ્મણ કહે છે કે : આ એન્ટેના છે ! જેનાથી સારા વિચારો કેચ–અપ થાય છે !
સરદારજી : ઓહ ! બાપા રે ! મારી પાસે તો પૂરું સેટપ બોક્સ તો પણ આવું થતું નથી !

✦ ફેરિયો : સાહેબ ! સફરજન ૧૦ કિલો કઈ રીતે આપું ? ૨૦ રૂપિયે તો મને ઘરમાં પડે છે !
ગ્રાહક : તો ઘરનું સરનામું આપ ત્યાં આવીને લઈ જઈશ.

## શુભેચ્છક મિલન સમારંભ

કોઈપણ શાળા સમાજનું કેન્દ્ર હોય, નાગરિકોનો સહકાર હોય તો જ પ્રગતિ કરી શકે. બિનસરકારી સંસ્થાઓ માટે લોકભાગીદારી અત્યંત આવશ્યક છે. સમાજ જીવનના આ પાયાના સિધ્ધાંતની સમજ ઍમિટી શાળાના કાર્યકરોમાં પ્રારંભથી હતી. આ સમજને આધારે શાળાને અનેક મહાનુભાવોના પ્રત્યક્ષ જ્ઞાન અને પરોક્ષ સહકાર વારંવાર મળ્યો છે. ઍમિટી શાળાએ માનવીય સંબંધો જાળવવા માટે મહત્તમ પ્રયાસો કર્યા છે. શાળા માટે શુભેચ્છકોનું આગવું બળ ઍમિટી શાળાને સતત પ્રાપ્ત થતું રહ્યું છે. આ શાળાની પ્રગતિમાં તેમનો પણ સિંહફાળો છે. આ સંજોગોમાં શાળાના શુભેચ્છકોનો મિલન સમારંભ શાળાના પ્રાણસમા પૂ. પરાગજીભાઈ (બાપૂજી) પટેલની નિશ્રામાં તા.૦૩/૦૪/૨૦૧૧ના રોજ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના સ્થાપનાકાળથી શુભેચ્છક, માર્ગદર્શક અને ખ્યાતનામ કેળવણીકાર ડૉ. શશિકાંત શાહ (પૂર્વ અધ્યક્ષ, શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) ઉપસ્થિત રહી રણછોડ શાહ સંપાદિત ''જીવન જીવવાની જડીબુટ્ટી : શિક્ષણ''નું વિમોચન કર્યું. તો આ શાળાને સતત શૈક્ષણિક માગદર્શન આપનાર શુભેચ્છક શ્રીમતી મીનલ દવે (પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ, શ્રી જે. પી. આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ) મૈત્રી–સેતુ અંક–૫૫ ''શુભેચ્છક વિશેષાંક''નું વિમોચન કર્યું. આ અંક લગભગ પંચોત્તેર જેટલા શુભેચ્છકો મનનીય લેખો લખી શાળા સાથેની યાદને તાજી કરી છે. આ પ્રસંગે બસો કરતાં વધુ શુભેચ્છકોએ દૂર દૂરથી પધારી શાળા સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. શાળા માટે આ એક અનન્ય પ્રસંગ બની રહ્યો.

**સાંનિધ્ય** : શ્રી પરાગજી પટેલ (બાપુજી)

**તારીખ** : ૩જી એપ્રિલ–૨૦૧૧, રવિવાર

**સમય** : સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦

**સ્થળ** : ઍમિટી સ્કૂલ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ

## પ્રા. મીનલબેન દવેનું વકતવ્ય

*(શુભેચ્છક મિલન સમારંભ પ્રસંગે જે.પી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચના પ્રાધ્યાપક અને શાળાના શુભેચ્છક શ્રીમતી મીનલબેન દવેએ આપેલા પ્રવચનના કેટલા અંશો નીચે પ્રમાણે છે.)*

વર્લ્ડકપના વિજય વખતે ત્યાં હાજર દર્શકોએ આખી ટીમને વધાવી લીધી, એ શું હતું ! ૨૮ વર્ષથી જેમની રાહ જોઈ રહ્યા હતા, જેની પાછળ કેટલો સંઘર્ષ કર્યો હતો તે સંઘર્ષનો જાહેર સ્વીકાર હતો. પ્રત્યેક શુભેચ્છકના આશીર્વાદ હતા. શુભેચ્છકો પાસેથી શુભકામનાઓ. આ વિજયી ટીમના સભ્યોએ મેળવી. તેજ રીતે ઍમિટી શાળાએ ૨૫ વર્ષ સુધી એક યાત્રા આરંભી હોય, એક પ્રવાસ આરંભ્યો હોય, ૨૫ વર્ષ સુધી આગળ વધતા વધતા એ જગ્યાએ પહોંચ્યો હોય તે શાળા પણ ત્યાં થોભે અને વિચારે કે આટલા વર્ષોમાં શું મેળવ્યું ? તેમાં કોણે–કોણે ટેકો આપ્યો છે ? કોણે–કોણે આંગળી પકડી ? રસ્તો ભુલ્યા ત્યારે

કોણે સાચો રાહ બતાવ્યો ? આ નિમિત્તે આજે આપણે સૌ મળ્યા છે.

પ્રકાશભાઈ કહ્યું કે જે મૈત્રી–સેતુના પ્રથમ અંકમાં છે તેમાંથી ૯૦% અમારા ધ્યેય પૂરા કરી શકાયા છે. તેવી જ રીતે આજે આગામી ૨૫ વર્ષના સમયની કલ્પના કરીને વિચારવાનું છે. માત્ર પુસ્તકીય જ્ઞાન આપવું કોઈપણ શિક્ષણ સંસ્થાનો હેતુ ન હોઈ શકે, ન હોવો જોઈએ. હવે પછીના સમયગાળામાં સ્પર્ધાયુકત સમયમાં આપણી જાતને મુકવાની છે. હવે વિદ્યાર્થીઓએ માત્ર શાળાના વિદ્યાર્થી સાથે સ્પર્ધા કરવાની નથી. એમણે દુનિયાના કોઈપણ ખૂણામાં બેઠેલા, બીજી ભાષા બોલતા માણસો સાથે પોતાની જાતને મૂકવાની છે. આ સ્પર્ધાના જમાનામાં આ શાળાનો વિદ્યાર્થી શીંગડા ભરાવતો ઉભો રહે અને પાછો ન વળે તે પ્રકારનું જ્ઞાન આ શાળામાંથી મળે તેવી મારી શુભચ્છા. ધન્યવાદ.

## એક યાદગાર મિલન સમારંભ

*– ડૉ. શશિકાંત શાહ, (પૂર્વ અધ્યક્ષ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત)*

ભરૂચની ઍમિટી સ્કૂલે પોતાના સાર્થ અસ્તિત્વના ચોવીસ વર્ષ પૂર્ણ કર્યાં તે નિમિત્તે એક શુભેચ્છા મિલન સમારંભ તા.૦૩/૦૪/૨૦૧૧ના રોજ સ્વાતંત્ર્ય સેનાની, આજીવન ગાંધીવાદી અને શાળાના સ્થાપનાકાળથી શુભેચ્છક અને માર્ગદર્શક શ્રી પરાગજીભાઈ પટેલ (બાપૂજી)ની નિશ્રામાં યોજયો. કાર્યક્રમના મુખ્ય ત્રણ હેતુઓ હતા. ઍમિટી શાળા સાથે લગભગ એની સ્થાપના થઈ ત્યારથી જેઓ લગાતાર સંકળાયેલા રહ્યા તે સૌને થોડાક કલાકો માટે એક મંચ પર એકત્ર કરવા, ‘‘જીવન જીવવાની જડીબુટ્ટી : શિક્ષણ’’ તથા ‘મૈત્રી–સેતુ’ના અંક–૫૫ ‘‘શુભેચ્છક વિશેષાંક’’ લોકાર્પણવિધિ યોજવો અને ઍમિટીની આવતીકાલ માટે ચિંતન કરવું. ઍમિટીના સ્થાપક અને સ્વપ્નદષ્ટા શ્રી રણછોડભાઈ શાહને ગુજરાતના અને દેશ–વિદેશના ચિંતકો, સર્જકો, કેળવણીકારો અને લોકસેવકોને ઍમિટીને આંગણે ખેંચી લાવવાનો અદ્‌ભુત શોખ છે. આજ સુધીમાં અહીં કયા કયા મહાનુભાવો પધારી ચૂકયા છે તેની માત્ર યાદી આપું તો યે નાનકડી પુસ્તિકા રચાઈ જાય. આ શુભેચ્છા મિલન સમારોહ માટે સુરતના શ્રી નલિન દેસાઈ, ડૉ. ઈન્તેખાબ અન્સારી સાથે મારે ઉપસ્થિત રહેવું એ પ્રકારનું નિમંત્રણ મળ્યું હતું. અમે નિર્ધારિત સમયે ‘ઍમિટી’ના રળિયામણા પ્રાંગણમાં પ્રવેશ્યા ત્યારે અમને આવકારવા રણછોડભાઈ, પ્રકાશભાઈ, પ્રમેશબહેન, સંગીતાબહેન, પ્રવીણભાઈ અને અન્ય મિત્રો સ્વાગતકક્ષની બહાર ઊભા હતા. આ અમારો હંમેશનો અનુભવ રહ્યો છે. શાળા કે કોલેજના નિમંત્રણથી પ્રવચન આપવા જઈએ ત્યારે ઘણીવાર એવું બને છે કે ‘આપણે આચાર્યની ઓફિસ કયાં આવી?’ એવું પૂછતાં પૂછતાં આચાર્ય સુધી પહોંચવું પડે. ‘ઍમિટી’માં કદી એવું બન્યું નથી. રણછોડભાઈ અને ઍમિટીના આધારસ્તંભો આપણને આવકારવા સ્મિત સાથે દરવાજે ઊભેલા દેખાયજ.

ઍમિટીનો પ્રત્યેક કાર્યક્રમ સમયસર શરૂ થાય અને સમયસર પૂરો થાય એવું મેં અનુભવ્યું છે. આ કાર્યક્રમમાં દોઢસોથી યે વધુ મહાનુભાવો ગુજરાતભરમાંથી પધાર્યા હતા. કાર્યક્રમ સમયસર શરૂ થયો. કાર્યક્રમમાં મંચ પર કોણકોણ બેઠું હશે તે જોવા જાણવા હું આતુર હતો. કાર્યક્રમમાં ઘણા બધા ‘મોટા માણસો’ ઉપસ્થિત હોય ત્યારે સૌનો આદર જળવાય તે માટે મંચ પર પંદર વીસ

મહાનુભાવોની ભીડ જમા કરવાનો રિવાજ છે. અહીં ઍમિટીના આયોજકોએ જે નવો વિચાર અજમાવ્યો તેની મારે ખાસ નોંધ લેવી છે. મેં આવો પ્રયોગ આ પૂર્વે કયાંય જોયો નથી. શ્રી રણછોડભાઈ અને એમના મિત્રોએ 'મંચ' ખાલી જ રહેવા દીધો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મંચ પર કોઈ જ બેઠું નહીં ! જયારે જયારે જેમણે જેમણે કોઈ ભૂમિકા અદા કરવાની હતી ત્યારે તેઓ મંચ પર આવ્યા, પ્રક્રિયા સંપન્ન કરી, સંક્ષિપ્ત પ્રવચન આપ્યું અને પુનઃ ઓડિયન્સમાં આવીને પોતાના સ્થાને ગોઠવાઈ ગયા ! સભામાં ઉપસ્થિત પ્રત્યેક મહેમાનને એવો અહેસાસ થયો કે પોતે સ્ટેજ પર બેઠા છે !

કાર્યક્રમ રસપ્રદ અને હૃદયસ્પર્શી બની રહ્યો. 'ઍમિટી'ના મુખ્ય શિલ્પી શ્રી રણછોડભાઈ શાહે શાળાની સ્થાપના કયા સંજોગોમાં થઈ, શાળાએ કેવા કેવા મુકામો જોવા પડયા અને કેવા કેવા અનુભવોમાંથી પસાર થવું પડયું તેની વાતો સંક્ષિપ્તમાં રજૂ કરી. 'ઍમિટી'ને કપરા કાળમાં પ્રાપ્ત થયેલા શુભેચ્છકો, હમદર્દો અને મદદગારોને પણ એમણે ભાવપૂર્વક યાદ કર્યા. લોકાર્પણવિધિ કરનારા મિત્રોએ 'મૈત્રી–સેતુ' અને ''જીવન જીવવાની જડીબુટ્ટી : શિક્ષણ''ની લાક્ષણિકતાઓ વર્ણવી. કાર્યક્રમને અંતે સૌને ત્રણ વાતોની પ્રતીતિ થઈ, (૧) 'ઍમિટી'ની સ્થાપના વિશિષ્ટ હેતુઓ સાથે થઈ હતી. ભરૂચ અને આજુબાજુના વિસ્તારમાં રહેતા બાળકોને સર્વાંગી વિકાસ સાધવામાં સહાયક બનવાનું સ્વપ્ન આયોજકોની નજર સમક્ષ હતું. (૨) પોતાનાં લક્ષ્યો સિદ્ધ કરવા માટે શાળાએ ગુણવત્તા સાથે કોઈ સમાધાનો કર્યા વગર નિત્ય નવા પ્રયોગો, નવા વિચારો અજમાવવાની અને અપનાવવાની સ્ટ્રેટિજી (વ્યૂહરચના) અખત્યાર કરી અને (૩) પોતાનાં લક્ષ્યો સિદ્ધ કરવામાં મદદરૂપ બને તેવા ફ્રેન્ડ, ફિલોસોફર એન્ડ ગાઈડની શોધ જારી રાખી, એવા મહાનુભાવોનો સાથ લઈ 'ઍમિટી' એ નિર્ધારિત લક્ષ્યો સિદ્ધ કર્યાં. આ લખનારને જાણીતા કવિ અને સાહિત્યકાર અનિલ જોશી (મુંબઈ), શ્રી ભગવતીકુમાર શર્મા, શ્રી ચંદ્રકાંત પુરોહિત તથા ડૉ. રમેશચંદ્ર કોઠારી જેવા મહાનુભાવોની સાથે 'ઍમિટી'ની મુલાકાત લેવાની તક મળી છે. શ્રી રણછોડભાઈ શાહ પાસે બી.એડ્.ના વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવાની મને તક મળી છે. 'ઍમિટી'ના તમામ શિક્ષકો તથા અન્ય કર્મચારીઓને નજીકથી કામ કરતા જોવાની અને એમની નિષ્ઠાને ઓળખવા સમજવાની તક પણ મળી છે. 'ઍમિટી'ની સફળતાનું કારણ 'ઍમિટી'ની પરિણામલક્ષી કામગીરી છે. ઍમિટીએ વિદ્યાર્થીઓ તથા વાલીઓને એ હકીકતની પ્રતીતિ કરાવી છે કે વિદ્યાર્થીઓનું ભવિષ્ય અને વિદ્યાર્થીઓની કારકિર્દી 'ઍમિટી' પરિવારના હાથોમાં સુરક્ષિત છે.

'ઍમિટી'નો શુભેચ્છક મિલન સમારંભ એ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવોને કારણે પણ ગૌરવવંતો બની રહ્યો. એમાં શ્રી પરાગજીભાઈ પટેલ (બાપૂજી), ડૉ. અ[illegible]નભાઈ કાપડિયા, ડૉ. ઉપેન્દ્ર પાઠક, પૂર્વ શિક્ષણમંત્રી શ્રી બીપીનભાઈ શાહ, પ્રા. મીનલબહેન દવે વગેરે જેવા અગ્રિમ હરોળના શિક્ષણશાસ્ત્રીઓ તથા વ્યવસાયિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન કોઈ અપવાદ વગર પ્રત્યેક વકતાનું ઉદ્‌બોધન શોર્ટ એન્ડ સ્વીટ રહ્યું તે પણ કાર્યક્રમની સફળતાનું મહત્ત્વનું કારણ ગણાય !

## વાલી સ્નેહમિલન સમારંભ

શાળાનું એક અવિભાજ્ય અંગ એટલે શાળાના વાલીઓ. રજતજયંતી વર્ષે તેમની સાથે ગોષ્ઠિ થાય તે અનિવાર્ય ગણાય. જ્યારે શાળા પાસે જરૂરી ભૌતિક સુવિધાઓ પણ નહોતી ત્યારે ભરૂચ શહેરના નાગરિકોએ સ્થાપકો ઉપર વિ□ાસ મૂકી આજથી ૨૦–૨૫ વર્ષ પહેલાં પોતાના સંતાનોનો શહેરના છેવાડે આવેલ શાળામાં પ્રવેશ લીધો હતો. આ શ્રધ્ધાને સાચી ઠેરવવાની જવાબદારી નિભાવવામાં સૌ સફળ રહ્યા તેનો આનંદ અને સંતોષ હોય તે સ્વાભાવિક છે. આ વાલીઓ અરસપરસ મળી ચર્ચા વિચારણા કરે તથા શાળાના ભવિષ્ય માટે માર્ગદર્શન આપે તેવા હેતુથી તા.૧૭/૦૪/૨૦૧૧ના રોજ વાલી સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના સ્થાપનાકાળથી માર્ગદર્શક અને શુભેચ્છક, એવા ગુજરાતના ખ્યાતનામ ચિંતક અને કેળવણીકાર ડૉ. ગુણવંત શાહે સૌને માર્ગદર્શન આપ્યું. તેઓશ્રીએ અત્યંત મનનીય પ્રવચન ''શિક્ષણમાં લીલો દુકાળ'' વિષયને ધ્યાનમાં રાખીને આપ્યું. અત્યંત મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ વાલીઓએ મનભરીને તેને માણ્યું. આ પ્રસંગે મુરબ્બી ગુણવંતભાઈ ઈલેકટ્રોનીક પધ્ધતિથી શાળામાં તૈયાર થનાર અદ્યતન પુસ્તકાલયનું ખાતમુહૂર્ત કરી સૌના આનંદમાં વધારો કર્યો. આ પુસ્તકાલય ભરૂચ શહેરના નાગરિકો માટે ખુલ્લું રહેશે તેવી જાહેરાતને સૌએ તાળીઓના ગળગળાટથી વધાવી લીધી.

| | |
|---|---|
| મુખ્ય વક્તા | : ડૉ. ગુણવંત શાહ (સુપ્રસિદ્ધ ચિંતક અને કેળવણીકાર) |
| વિષય | : 'શિક્ષણમાં લીલો દુકાળ' |
| તારીખ | : ૧૭મી એપ્રિલ–૨૦૧૧, રવિવાર |
| સમય | : સાંજે ૬.૦૦ થી ૭.૩૦ |
| સ્થળ | : ઍમિટી સ્કૂલ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ |

## ડૉ. ગુણવંત શાહનું વક્તવ્ય

*(ઍમિટી શાળાના રજતજયંતી મહોત્સવ પ્રસંગે **વાલીમિલન સમારંભ** પ્રસંગે તા.૧૭/૦૪/૨૦૧૧ના રોજ ગુજરાતના ખ્યાતનામ ચિંતક, કેળવણીકાર અને શાળાના શુભેચ્છક ડૉ. ગુણવંત શાહના **''શિક્ષણમાં લીલો દુકાળ''** મનનીય પ્રવચનના કેટલાક અંશો નીચે પ્રમાણે છે.)*

પંચશીલ પદયાત્રા હોય કે માતૃભાષા વંદનાયાત્રા હોય, મેં હંમેશા ભરૂચ અંગે ઍમિટી સ્કૂલ ઉપર આધાર રાખ્યો છે અને મને કોઈ દિવસ પસ્તાવો થાય એવું થયું નથી. ઍમિટી પરિવારે કોઈ દિવસ મને નિરાશ કર્યો નથી. મારો બોલ જાય એટલે એ કામ થઈ ગયું, એવી હું હાશ અનુભવી શકું. એટલે હું આ નિશાળમાં જેટલીવાર આવ્યો છું એટલું કોઈ બીજી નિશાળમાં ભાગ્યે જ ગયો હોઈશ. છેલ્લા ૨૫–૩૦ વર્ષોમાં હું કોઈ વાલી સંમેલનમાં ગયો હોઉં એવું મને યાદ નથી. કારણ કે ગુજરાતની જે પાંચેક હજાર નિશાળો છે એમાં જો હું વાલી સંમેલનમાં જવાનું શરૂ કરું અથવા આચાર્યના વિદાય સમારંભમાં જવાનું શરૂ કરું અથવા સિલ્વર જ્યુબિલીમાં જવાનું શરૂ કરું તો હું ઘરે ખાઈ શકું એમ નથી. એટલે આ બાબતમાં

'ના' પાડવાની ગુસ્તાખી મેં હજારો વાર કરી છે પણ આજે તેમાં અપવાદ છે અને અપવાદ પણ મધુર છે. એટલા માટે કે જે આચાર્ય આપણા વિદ્યાર્થી છે અથવા હતા એમ કહેતાં ગૌરવ થાય એવા વિદ્યાર્થીઓ કેટલા ! શિક્ષક એમ કહી શકે કે આ મારા વિદ્યાર્થી હતાં – એવા કેટલાક વિદ્યાર્થીઓ મને પણ મળ્યાં છે માટે હું ભગવાનનો આભાર માનું છું.

તમને ખબર છે કે શેરબજારની ભાષા જે વપરાય છે અને હવે તો શિક્ષકો પણ કયારેક કયારેક 'કયો શેર તેજીમાં છે, કયો શેર મંદીમાં છે, કયો શેર લેવામાં લાભ છે,' તેવી ચર્ચા કરે છે તે વખતે એક શબ્દ મારા કાને પડયો – એ શબ્દ છે 'બ્લ્યુચીપ'. બ્લ્યુચીપ એવો શેર જેમાં ફાયદો જ ફાયદો. નુકસાનની કોઈ શકયતા નહીં. આંખ મીચીને રોકાણ કરી શકો અને નફો જ નફો. તો આપણા બાળકોને સારામાં સારા સંસ્કાર આપવા એના જેવો 'બ્લ્યુચીપ' બીજો કોઈ નથી. વ્યાજબી રીતે જે ઘરમાં આ 'બ્લ્યુચીપ'માં ઈન્વેસ્ટમેન્ટ થતું નથી એ લોકોને જ ઘરડા ઘરમાં જવું પડશે. તેમાં તેમનાં સંતાનોને દોષ દેવો જોઈએ નહિ. હું વિચિત્ર વાત કહી રહ્યો છું કે ઘરડા ઘરમાં જવું પડયું હોય તેવા વૃદ્ધો પ્રત્યે સહાનુભૂતિ તો મને પણ થાય છે પણ જેમને ઘરડા ઘરમાં જવું પડયું હોય તેવા વૃદ્ધોનો ઈન્ટરવ્યુ તમે લેજો એટલે ખબર પડશે કે જુવાનીમાં એમને 'બ્લ્યુચીપ'માં ઈન્વેસ્ટમેન્ટ કર્યું નહોતું. જે બાળકોમાં નાનપણમાં સંસ્કાર સિંચન થાય છે તે બાળકો જુદા તરી આવે છે. મિત્રો, નિશાળ જે આપે છે તે તો આપે જ છે, પણ નિશાળ જે આપે છે તે મા–બાપ આપે છે એની અવેજીમાં નથી આપતું. મા–બાપ જે આપે છે તે નિશાળ નહીં આપી શકે. નિશાળમાંથી બાળક પાછું આવે અથવા નિશાળે જતાં પહેલાં બાળક તમારી સાથે જે કલાકો ગાળે એ કલાકોનું મૂલ્ય ઓછું ગણશો નહીં. મેં મારા જીવનમાં એ મૂલ્ય ઓછું આંકયું નથી. સારા સંસ્કારો આપણને વ્યાજ–મુદ્દલ સાથે પાછા મળે છે.

શ્રવણે મા–બાપને માટે વિશેષ કાર્ય કર્યું. આ વાર્તા આપણે આપણા બાળકોને કહીશું તો એમને કોઈ ઝંકૃતિ નહીં થાય? કેટલા મા–બાપોએ આ વાત કરી છે? કેટલા મા–બાપોએ આ વાત વાંચી છે? કેટલા મા–બાપો આવી વાતો બાળકોને રોજ કહેવા માટે તૈયાર છે? આપણી પાસે સમય નથી કારણ કે આપણે ફલાણી કલબમાં જઈએ છીએ, ફલાણી કંપનીની મિટીંગમાં જઈએ છીએ. બધા માટે સમય છે પણ આપણા બાળકો માટે સમય નથી. આવા વાલીઓને હું ઔરંગઝેબ કહેવા માંગું છું. શાહજહાંએ ઔરંગઝેબને કેવા સંસ્કાર આપ્યા કે આગ્રાના તાજમહેલમાં કેદ કરીને દરરોજ કાચમાંથી જોયા કરવાનું ! જરા વિચારો, સંસ્કાર કેવા આપ્યા !

આને કારણ મને એક પ્રસંગ યાદ આવ્યો. સાચો બનેલો પ્રસંગ છે. તમે ચાહો તો એ કુટુંબને મળી શકો છો. મારું હ્યુસ્ટરમાં પ્રવચન હતું. રામાયણ પર પ્રવચન હતું. હ્યુસ્ટરના નાગરિકો આવ્યા હતાં. મારું પ્રવચન પૂરું થયું. પણ સભામાં બે પાકિસ્તાની મુસલમાનો હતાં. મને ખબર નો'તી. મેં પ્રવચન કર્યું. મારું પ્રવચન પૂરું કરીને હું મારી બેઠક પર જાઉં ત્યાં જોરથી, થોડાક આક્રમક અવાજે એક જણે કહ્યું, '' સાહેબ તમારું પ્રવચન તમે ચાલુ રાખો. અમે સાંભળવા માંગીએ છીએ, વધુને વધુ સાંભળવા માંગીએ છીએ.'' સ્ટેજ ઉપરથી નીચે ઉતર્યો ત્યારે એ બંને મિત્રોએ મારું રામાયણ ખરીદી તેની ઉપર મારી સહી કરાવી, બંને મિત્રો અખંડઆનંદના આજીવન સભ્ય હતાં. આપ સૌ મિત્રોને મારી વિનંતી છે કે સતત સારા સંસ્કારોનું સિંચન કરશો તો તમારી આવતીકાલ ચોક્કસ જ ઉજ્જવળ છે.

## સહકાર્યકર કૌટુંબિક મિલન સમારોહ

*(તા. ૦૧/૦૫/૨૦૧૧, રવિવાર)*

કોઈપણ સંસ્થા માટે સૌથી અગત્યનું પાસુ તેનાં કાર્ય કરતા કાર્યકરો હોય છે. તેઓ સંસ્થાનું ચાલકબળ હોય છે. કાર્યકરની વફાદારી, નિષ્ઠા, પ્રામાણિકતા, નિયમિતતા, પ્રેમ, લાગણી, સહકાર ઉપર જ સંસ્થાની પ્રગતિનો આધાર હોય છે. તેની અમને સૌની શરૂઆતથી સમજ હતી. આ બાબતને ધ્યાનમાં રાખી આ કર્મચારીઓને ન મળીએ તો રજતજયંતી વર્ષની ઉજવણી અપૂર્ણ રહે. આ મહત્ત્વની બાબતને ધ્યાનમાં રાખી તા.૦૧/૦૫/૨૦૧૧ના રોજ વર્તમાન તમામ કર્મચારીઓના કુટુંબીજનોનો મિલન સમારોહ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર વર્ષ દરમ્યાન સૌ કર્મચારી ભાઈઓ–બહેનોને સખત અને સતત મહેનત કરી રજતજયંતી વર્ષને યાદગાર બનાવ્યું હતું. આ સફળતામાં સૌ મિત્રોએ બહુ મોટા પ્રમાણમાં સમયનો ભોગ આપવો પડયો હતો. સૌ મિત્રોના કુટુંબીજનોને આને કારણે અનેક અગવડતાઓ વેઠવી પડી હતી. તેમના સાથ અને સહકાર વિના રજતજયંતી વર્ષની વિવિધ ઉજવણીઓ સફળ બની જ શકી નહોત. એટલે અમારે માટે આ માત્ર Get-together જ કાર્યક્રમ નહોતો પરંતુ "Thanks giving programme" હતો. સૌ કુટુંબીજનોમાં હૃદયપૂર્વક આભાર માનવાનો કાર્યક્રમ હતો. તો સાથે ગમ્મતની છોળો ઉછાળી અમારે તથા અમારા કુટુંબીજનોએ ન્હાવાનું હતું. આ પ્રસંગ દસ વર્ષ કરતાં વધુ સમયથી શાળા સાથે જોડાયેલ મિત્રોના કુટુંબીજનોનું સન્માન કરવાનો કાર્યક્રમ હતો. આ માત્ર પારિવારિક કાર્યક્રમ હોવાથી આ પ્રસંગે કોઈ મહેમાનને બોલાવવામાં આવ્યા નહોતા. પરિવારના સૌ સભ્યો ખૂલીને ખીલ્યા હતા. અનેરો આનંદ લૂંટયો હતો. ભોજન સમારંભ બાદ આ મીઠા સંસ્મરણો બાદ સૌ વિખરાયા હતા.

## ચાલો એકબીજાને ગમીએ

**– શ્રીમતી સરોજ રાણા**

શાળાના રજતજયંતી વર્ષના અંતે એક સોનેરી સંધ્યાએ કેસરીયા રંગે લચેલા ગુલમહોર અને પીળાચટક ગરમાળાના મધુરા સાંનિધ્યમાં તા.૦૧/૦૫/૧૧ના ગુજરાતના સ્થાપના દિને એક મજાના કાર્યક્રમનું આયોજન થયું.

વાતાવરણ નાનામોટા સૌના આનંદના અવાજથી ગુંજી રહ્યું હતું. સૌના મુખમંડળ પર આનંદની આભા પ્રદર્શિત થતી જોઈ શકાતી હતી. કારણ શાળાનાં બધાજ કર્મચારીગણ પોતાનાં કુટુંબીજનો સાથે શાળા પટાંગણમાં ઉપસ્થિત રહ્યા હતાં. શાળા દ્વારા પ્રસ્તુત કાર્યક્રમને માણવા સૌનું મન થનગની રહ્યું હતું. સૌ પોતાનાં આપ્તજનો સાથે સાંજે ૬.૩૦ કલાકે હાજર હતા. કાર્યક્રમનું રૂપકડું નામ જ 'સ્ટાફ ગેટ ટુ ગેધર્સ' ધન્યવાદ અર્પણ કાર્યક્રમ (Thanks giving programme) હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત મનને પ્રફુલ્લિત કરતી પ્રાર્થનાથી થઈ. શાળામાં અત્યંત લાંબા સમયથી પોતાની અડીખમ સેવા આપી રહેલ શ્રીમતી માલતીબહેન જાદવ દ્વારા થઈ. પ્રાર્થનાના શબ્દો હતા 'તોરા

મન દર્પણ કહેલાએ.' બાદ સૌના આશ્ચર્ય વચ્ચે શિવસ્તુતિ પ્રસ્તુત કરવા માટે શ્રીમતી મિતલબહેન શાહ તથા કુ. ધ્રુવી શાહ ઉપસ્થિત થયા. મા–દીકરીને સાથે એક સૂર–તાલે નૃત્ય કરતા જોઈ સૌ અત્યંત આનંદિત થયા. જનરેશન ગેપના યુગમાં બે પેઢી વચ્ચેની એકસૂત્રતાનું તાદાત્મ્ય જોઈ સૌ વિસ્મયાનંદ અનુભવી રહ્યાં.

શાળાના રજતજયંતી વર્ષની ઉજવણીમાં અનેક ધમાકેદાર કાર્યક્રમોની હારમાળામાંથી પસાર થઈ ત્યારે આવનાર ગોલ્ડન જયુબિલી વર્ષની કેવી રીતે ઉજવણી કરવી તેના પ્લાનીંગ કરતી એક મોક કોન્ફરન્સનું આયોજન વ્યકત કરતું નાટક શાળાનાં સંનિષ્ઠ મિત્રો તથા મેનેજીંગ કમિટીના સભ્યો શ્રી ઋષિ દવે, શ્રી ઉત્પલ શાહ, શ્રી બકુલ પટેલ, ડૉ. રીના શાહ, શ્રી ગોપાલ શાહ, શ્રી દર્શન મહેતા, શ્રી જાગૃતિ મહેતા, શ્રી બિપીનભાઈ, શ્રી પ્રકાશભાઈ દ્વારા થયું. સૌએ ૨૫ વર્ષ પછીનાં પ્લાનીંગને વધાવ્યું. સુવર્ણજયંતી માટે સતર્ક એવા સૌ કાર્યવિંદોએ સુંદર આયોજન વિચાર્યું.

સૌએ ભેગા મળવાનું હોય એટલે સ્વાભાવિક જ મજાક મસ્તી અને આનંદકિલ્લોલ તો હોય જ ! વાતાવરણને વધુ ગૂંજતું કરવા શાળામાં કાર્ય કરતા સાથી મિત્રોના નાના નાના ભૂલકાંઓએ પોતાની સાહજિક, સરળ અને રમતિયાળ શૈલીમાં 'ઝૂબીડૂબીં ડાન્સ રજૂ કરી સૌને ઝૂમવા માટે વિવશ કર્યા.' ત્યારબાદ શ્રીમતી માધવીબહેન શાહે મધુર કંઠે (મધુરમ્ સંગીત ગ્રુપના સંચાલિકા) પરિવારના ઐકયને સૂર સંગીતના તાલે વહેતુ મૂકયું 'તેરે સૂર ઔર મેરે ગીત, દોનો મીલકર બનેગી પ્રીત...'

શાળાના અનેક શુભેચ્છકો તથા આપ્તજનોનાં સહકારથી પ્રગતિનાં સોંપાનો સર કરી શકી છે. જેમાં શાળાનાં સ્વપ્નદષ્ટાઓએ હરહંમેશ આ પ્રગતિના રાહબરોને પ્રસંગોપાત યાદ કરી એમના સહકારને ઋણને અદા કરવાના લ્હાવા – પ્રસંગો ઊભા કર્યા છે.

*''લાગણીને હૃદયની ભાષા મળે,*
*તો સંબંધોના સાચા ખુલાસા મળે''*

તેમ સ્વજનોના સથવારે કાર્યક્રમ આગળ વધ્યો.

આ પ્રસંગે શ્રી શાહસરે ૨૫ વર્ષની યાત્રાનાં ખાટ્ટામીઠા સ્મરણોને વાગોળી સૌને ભાવવિભોર કર્યા. સર્જનયાત્રાના સૌ પથિકોને યાદ કરી ઋણાનુંબંધ સ્વીકારાયો.

ત્યારબાદ વાતાવરણને ફરીથી ચેતનવંતુ અને હાસ્યસભર બનાવવા માટે શાળા પરિવારનાં બાળકો દ્વારા એક પ્રેરણાદાયી ગીત રજૂ થયું 'ગીવ મી ફ્રિડમ, ગીવ મી ફાયર' નાના બાળકોનો જોમ જુસ્સો જોઈ સૌ હર્ષિત થયા. ત્યારબાદ મેઘન શાહે 'ઓલ ઈઝ વેલ'નો ડાન્સ રજૂ કરી સૌને આનંદિત કર્યા અને 'સત્યમ, શિવમ્ સુંદરમ્'ની પ્રાર્થના નૃત્યનાં સથવારે કુમારી ભકિત મહેતાએ રજૂ કરી, સૌને આનંદમાં તરબોળ કર્યા.

પાર્ટી માણવા આતુર બાળકો દ્વારા એક પાર્ટીસોંગ રજૂ થયું. જેનાં શબ્દો હતાં 'ચાર બજ ગયે લેકિન પાર્ટી અભી બાકી હૈ' પછી ભૂમિબહેન મહેતાના મધુર અવાજમાં 'અબ જાને કી જીદ ના કરો' ગઝલ રજૂ થઈ. ત્યાર બાદ રાજ કેશા અને ચૌહાણ યાચનાએ 'મેરે ઢોલના... (કલાસિકલ) ડાન્સ દ્વારા સૌને ભાવવિભોર કર્યા. શાળાનાં શિક્ષકોએ મનોરંજક અંતાક્ષરી રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા. (કુ. અશ્મા મૌલવી, કુ. અંકિતા સગર, કુ. કરિશ્મા પરમાર, શ્રીમતી જિગિષા પંડયા, શ્રી બીપીન પ્રજાપતિ, શ્રીમતી અરૂણા ગોંડલીયા,

શ્રીમતી જાગૃતિ મહેતા, શ્રીમતી રશ્મિકા ચૌહાણ, શ્રીમતી શીતલ ભારદ્વાજ, શ્રીમતી સુમૈયા ચક્કીવાલા, શ્રીમતી ઈલાક્ષી શુકલ, શ્રીમતી નિધિ પટેલ, શ્રીમતી વૈશાલી ખેટે, શ્રીમતી અમરીન ખાન, કુ. ખુશ્બુ ચોરસિયા, શ્રીમતી રશ્મિ પટેલે વગેરે)

અહીં વાતાવરણ અચાનક પલટાઈ ગયું. શ્રી શાહસરે સ્ટેજ સંભાળ્યું અને સૌના આશ્ચર્ય વચ્ચે આ શાળા સાથે ૧૦ વર્ષથી વધુ કાર્યરત રહેનાર કર્મઠ, પ્રામાણિક, વફાદાર અને સફળ સારસ્વતોનું તથા કર્મચારીગણ તથા સેવકભાઈ બહેનોનું તેમની ખૂબીઓને ઉજાગર કરી કુટુંબીજનો સહિત પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું. આ અમારા સૌ માટે વિસ્મયકારક બાબત હતી. કારણ શાળાનાં સ્ટાફનું સન્માન હોઈ શકે પરંતુ સમગ્ર કુટુંબીજનોનું સન્માન ! અમે સૌ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. ૨૩ ભાઈ–બહેનોનું ભવ્ય સન્માન ઍમિટી શાળા દ્વારા કરવામાં આવ્યું. આચાર્યશ્રી પ્રકાશ મહેતાના પરિવારનું રણછોડ શાહ, વરિષ્ઠ વિજ્ઞાનશિક્ષક બીપીન બાવનબાદશાહનું પ્રમેશ મહેતા, શ્રીમતી નયના ભટ્ટ પરિવારનું પ્રકાશ મહેતા, શ્રીમતી શિલ્પા ચોકસી પરિવારનું સંગીતા શાહ, શ્રીમતી કિનાક્ષી રાજ પરિવારનું પ્રવીણ રાજ, શ્રી કે.સી. પટેલનું પ્રકાશ મહેતા, શ્રીમતી રીના તિવારી પરિવારનું ડૉ. ઝાંઝરૂકીયા, શ્રી માલતી જાદવ પરિવારનું પ્રમેશ મહેતા, શ્રીમતી સરોજ રાણા પરિવારનું સંગીતા શાહ, શ્રીમતી કીર્તિ પાઠક પરિવારનું બીપીન બાવનબાદશાહ, કુ. નીતુ ગુપ્તાનું પ્રકાશ મહેતા, શ્રીમતી જાગૃતિ મહેતા પરિવારનું પ્રમેશ મહેતા, શ્રી અતુલ પટેલ પરિવારનું સરોજ રાણા, શ્રી તૃતિયેશ રાઠોડ પરિવારનું પ્રવીણ રાજ, શ્રીમતી જયશ્રી દવેનું પ્રમેશ મહેતા, શ્રી પ્રકાશ મિસ્ત્રીનું પિનાકીન પટેલ, શ્રીમતી રશ્મીકા ચૌહાણ પરિવારનું શિલ્પા ચોકસી, શ્રીમતી કૈલાશ ખાંટ પરિવારનું કિનાક્ષી રાજ, શ્રીમતી હેતલ મેનગર પરિવારનું ઋષિ દવે, શ્રી ઉર્મિલા શાહનું સંગીતા શાહ, શ્રી હસ્તીમલ વસાવા પરિવારનું બકુલ પટેલ, શ્રી ધર્મેન્દ્ર રાઠોડનું કિનાક્ષી રાજ અને શ્રી અમર વસાવાનું સરોજ રાણાએ હૃદયના ઉમરકાથી સન્માન કર્યું.

આ નાનીસૂની ઘટના ન લેખી શકાય. પૂર્ણ માહોલ હર્ષોલ્લાસની લાગણીથી ધબકતો રહ્યો. રાષ્ટ્રભક્તિથી વરેલા સૌ રાષ્ટ્રગીતની ધૂનથી થંભી ગયા. શિવમ્ શાહ દ્વારા આ રાષ્ટ્રગીત રજૂ થયું.

સૌ ભોજન લેવા એકત્ર થયા. પરિચિત ચહેરા એકબીજાની વધુ નજીક આવવા મથી રહ્યાં. આ મિલન કાયમી સંભારણું બની રહે એવા સૌના પ્રયાસો સફળ રહ્યાં કારણ દરેક કુટુંબીજનો આપસમાં તાલમેળ વધારવાનાં પ્રયાસો કરી રહ્યા હતાં.

## હસવાનું બંધ છે !

✦ પોલીસ : અલ્યા એઈ છોકરા, આ રખડતી ગાય અને વાછરડું કોનું છે ?
છોકરો : ગાય તો મને ખબર નથી પણ આ વાછરડું કોનું છે એ કહી શકું ?
પોલીસ : કોનુ છે ?
છોકરો : ગાયનું.

✦ રોહન : તુ ઉત્તરવહી પર શું લખીને આવ્યો ?
સોહન : આ ઉત્તરવહીમાં લખેલા બધાં જ જવાબ કલ્પના પર આધારીત છે, જેનો કોઈપણ પાઠયપુસ્તક સાથે કાંઈ જ સંબંધ નથી.

# વ્યાખ્યાન કળા – એક અનોખો કાર્યક્રમ

*– શ્રી લાલસિંગ વસાવા*

ઍમિટી શાળા તેના રજતજયંતી વર્ષની ઉજવણી કરી રહી છે તે ઉજવણીના સમાપનના ભાગરૂપે 'પુનરપિ' સંસ્થા અમદાવાદ અને ઍમિટી સ્કૂલ, ભરૂચ સંયુકત ઉપક્રમે દ્વિ–દિવસીય 'વ્યાખ્યાનકલા' શિબિર તારીખ ૯–૧૦ મે–૨૦૧૧ના રોજ ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત વિવેચક ડૉ. સુમનભાઈ શાહ અને ખ્યાતનામ સાહિત્યકાર અને ગુજરાતી વિભાગ, ભાવનગર યુનિવર્સિટીના વડા ડૉ. વિનોદ જોશીના સહિયારા પ્રયાસથી યોજાયો.

આ કાર્યક્રમના ભાગરૂપે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રણછોડ શાહે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું, ''કોઈએ કહ્યું છે એ માટે નહીં પણ, અમને ગમ્યું છે તેથી આ કામ સ્વીકાર્યું છે. વર્ગખંડમાં સફળ શિક્ષક થવા માટે ભાષા ઉપર પ્રભુત્વ હોવું અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી 'પુનરપિ'ને આમંત્રિત કરી એક અનોખા કાર્યક્રમનું આયોજન કરેલ છે.''

પુનરપિ સંસ્થાના પ્રયોજક અને ગુજરાતી સાહિત્યના પ્રખર વિવેચક ડૉ. સુમન શાહે જણાવ્યું, ''શિક્ષણ આપણને કેળવે છે, જયારે સાહિત્ય મનુષ્ય–મનુષ્યને જોડે છે. વ્યાખ્યાનએ આગવી કળા છે. પ્રોફેસર તેને જ કહેવાય છે જે શિક્ષણનો પ્રકાશ ફેલાવે, પાથરે, જ્ઞાનને જન્મ આપે.'' મૂલ્યાંકન વિશે તેમણે જણાવ્યું, ''તમે મૂલ્યાંકનમાં ખોટા હોઈ શકો પણ તમે તે કરો જ નહીં તો વધારે ખોટા છો. વાણીને કોઈ બાંધી શકતું નથી, બંધાયેલા રહીને લીલા રહીએ એ સર્જકોની વાત છે. આ વ્યવસાયમા ખૂબ મંદવાડ છે. તેની મને ખૂબજ ચિંતા છે. કેટલાક અધ્યાપકો–શિક્ષકો તો વ્યાખ્યાન પણ સારી રીતે રજૂ કરી શકતા નથી. દરેક શિક્ષક – અધ્યાપકે જોડણી જોવાની ટેવ પાડવી જોઈએ. પરંતુ માત્ર જોડણી જોવાની ટેવથી વિદ્વાન થઈ શકાતું નથી. અધ્યાપકની પેટીમાં સાહિત્યના તમામે ઓજારો ન હોય તો તે કેવી રીતે ચાલે ? એજ કારણોસર 'પુનરપિ' સંસ્થાએ શિક્ષકો–અધ્યાપકો અને સાહિત્યરસિકોને પલોટવાની કામગીરી કરે છે.''

ભાવનગર યુનિવર્સિટીના ભાષા ભવનના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. વિનોદ જોશીએ પોતાની 'કાવ્યમય' ભાષામાં જણાવ્યું, ''સારી રીતે સુંદર વકતવ્ય કેવી રીતે આપી શકાય, કેવી રીતે વ્યાખ્યાન કળાથી ભાષાનો ઘાટ કાઢી શકાય? ભાષાનો ઉપયોગ અધ્યાપકે બેદરકારીથી કરવો જોઈએ નહીં. બધા વ્યવસાયોમાં શિક્ષકનો વ્યવસાય એ રીતે જુદો પડે છે કે આમાં ગ્રાહક એટલે વિદ્યાર્થીઓ રોકી શકતા નથી. દરેકે ભાષાના જ્ઞાનની બારી ખુલ્લી રાખવી જોઈએ. બાળકોના કારણો જાણવા માટે દરેક અધ્યાપક વિદ્યાર્થીના ચિત્તને કલ્પી નથી શકતા કે એના પરિણામો વિચારી શકતા નથી. ગુજરાતી ભાષાના અધ્યાપક જો વિદ્યાર્થીને અર્થસભર ન ભણાવે તો તેણે શિક્ષણ છોડી દેવું જોઈએ. વિચારોને ભાષા છે, અનુભવોને ભાષા નથી. શિક્ષકનું વ્યાખ્યાન પંખા જેવું હોવું જોઈએ, પંખામાં પાવર જતાં થોડો ફર્યા કરે છે તેમ વ્યાખ્યાન પણ વિદ્યાર્થીઓના ચિત્તમાં હંમેશા ફરતું રહેવું જોઈએ.

આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ડીન તેમજ શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટ્‌સ એન્ડ કોમર્સ કોલેજના પ્રાચાર્ય ડૉ. જગદીશ ગુર્જર પણ હાજર હતા. તેમણે જણાવ્યું

'સમાજે મહેણું માર્યું તેને ભાંગવાનો આ પ્રયાસ છે.' ગુજરાતની વિવિધ કોલેજમાંથી ત્રીસ પ્રાધ્યાપકોએ કૃતિને પસંદ કરી વ્યાખ્યાન આપ્યું હતું.

વ્યાખ્યાન કેવી રીતે અસરકારક અને પ્રભાવશાળી બનાવી શકાય અને શ્રોતાઓને સારી રીતે પીરસી શકાય તે વિશે દરેક અધ્યાપકોને કૃતિ વિશે વકતવ્ય પુરું થયા બાદ માર્ગદર્શન આપવામાં આવતું, ફીડબેક આપનાર તજજ્ઞો ડૉ. સુમન શાહ અને ડૉ. વિનોદ જોશીએ નીચે મુજબનું માર્ગદર્શન આપ્યું હતું.

૧) શ – ષ – સ – ક્ષ ના ઉચ્ચારણમાં તકેદારી રાખવી.

૨) દરેક વાકયમાં કયો 'સ' આવે છે, તેની કાળજી રાખવી અને પછી જ બોલવું.

૩) સમયની અવધિને કેન્દ્રમાં રાખી વ્યાખ્યાન તૈયાર કરવું.

૪) વ્યાખ્યાન આપતાં પહેલા મુદ્દાઓને બરાબર ક્રમિક ગોઠવવા જેથી રજૂઆત કરવામાં સરળતા રહે.

૫) વકતવ્ય આપવા ઉભા થઈએ તો માઈકથી કેટલા અંતરે ઉભા રહેવું એ પણ નક્કી કરી લેવું. જેથી સામે બેઠેલા શ્રોતાઓ સારી રીતે સાંભળી શકે.

૬) જે સંબોધન ટૂંકમાં જ કરી શકાય તેને વધારે પડતુ લંબાવવું નહીં.

૭) ટ, ત અક્ષરોના ઉચ્ચારણ યોગ્ય રીતે કરવા.

૮) સમય પ્રમાણે કેટલું બોલવું તે નક્કી કરવું. વધારે માહિતી હોય તો પણ સમય પ્રમાણે જ વ્યાખ્યાન કરવું.

૯) અનુભવી અધ્યાપકોએ હંમેશા પ્રયોગશીલ રહેવું જોઈએ. દરેક વખતે નવો વિષય પસંદ કરવો જોઈએ.

૧૦) તળપદા શબ્દો જાણવા જરૂરી છે, પણ તે જ બોલવા જરૂરી નથી.

૧૧) કાવ્યનું સમુચિત પઠન કરવું જોઈએ. છંદની સારી જાણકારી દરેક શિક્ષકમિત્રોને હોવી જોઈએ.

૧૨) સઘન વાચન–વિરામચિન્હ્નોની યોગ્ય સમજ હોવી જોઈએ. વિરામ ચિન્હ્નોને બરાબર સમજીને અટકવું જોઈએ.

૧૩) ઉદાહરણોના અત્યાચારો કરવા નહીં, કરવા પડે તો મર્યાદિત સંખ્યામાં કરવા.

૧૪) આપણી પેટીમાં શબ્દોના અર્થોના ઓજાર હોવા જ જોઈએ.

૧૬) વકતવ્ય આપનારે આડું અવળું કે ઉચું–નીચું જોવું નહીં. શ્રોતાઓ સામે જોઈએ 'આઈ કોન્ટેક' સાથે બોલવું.

૧૭) વ્યાખ્યાન કળાથી આત્મવિ□ાસ કેળવવાનો છે.

૧૮) નિરસ વકતવ્ય ટાળવું. સૌ ઊંઘી જાય તેવું વકતવ્ય ન કરવું.

૧૯) શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખવું, જેથી શ્રોતાઓ સમજી શકે.

૨૦) ખોટા ઉચ્ચારણોને સતત પ્રયત્ન કરવાથી સુધારી શકાય છે.

૨૧) ખોટા પ્રયોગો વિદ્યાર્થીઓ સમક્ષ ન કરવા.

૨૨) કોઈનું લખેલું વાંચીએ ઠીક છે, પણ કોણે લખેલું છે એ કહેતા નથી એ ખૂબ જ મોટો દોષ છે.

૨૩) ક્રમિક ગોઠવણ ન થાય ત્યાં સુધી આપણા વાકયો ગોઠવાય નહીં. કચડાય, ગોથાખાયને પછી આત્મવિ□ાસ જતો રહે.

૨૪) કહેવાની પધ્ધતિ, વાતચીતની પધ્ધતિ લહેકાવાળી હોવી જોઈએ.
૨૫) સાંભળનારને કેવી રીતે તત્પર કરી શકાય કે ઉત્તેજીત કરી શકાય તે આપણને આવડવું જોઈએ.
૨૬) સાંભળનારને કંટાળો ન આવે તેવા વકતા જ બનવું.
૨૭) રાજકીય ભાષાની પેટર્ન રાખવી નહીં, મોટે અવાજે બોલવું નહીં, અવાજ મધ્યમ કક્ષાનો રાખવો.
૨૮) ચહેરાના હાવભાવ બદલવા, આવેશમાં આવીને ફટાફટ બોલવું નહીં.
૨૯) જીભ પર આક્રમણ કરીને ઉચ્ચારણ સુધારવું.
૩૦) વાકયને અધૂરું છોડી, બીજું વાકય શરું કરી દેવું જોઈએ નહીં.

આ કાર્યક્રમના ભાગરૂપે શ્રેષ્ઠ વ્યાખ્યાનકાર તરીકેની સ્પર્ધામાં ૭૪ માર્કસ મેળવી પ્રો. દિનકર ટંડેલ 'પ્રથમ' – ૭૦ માર્કસ સાથે પ્રો. અશોક પટેલ 'બીજા' તેમજ ૬૭ માર્કસ સાથે ડૉ. જયશ્રી ચૌધરી 'ત્રીજા ક્રમે' વિજેતા જાહેર કરવામાં આવ્યા. આભારવિધિ સરોજબહેન રાણાએ કરી કાર્યક્રમનું સમાપન કર્યું.

## 'મૈત્રી–સેતુ' અંક–૫૬ના પ્રતિભાવ

❖ I am very grateful to you for including me among the Amity family and sending to me all your publications and keeping me aware of all the wonderful activities. When I happen to be a member of a group discussing good schools in Gujarat and I mention "Amity of Bharuch", I find that so many of the people present immediately support that statement. It is a great achievement for a school in a relatively small city of Gujarat to earn so much respect and admiration all over the state.

I have been glancing at all the issues of Maitri Setu and the books that you have been sending to me. It is nice to know that you have maintained very strict standards not only in academics but also in discipline among the teachers as well as the students. It is very thoughtful of you to have definite policies to be followed by teachers who go on picnics with students. What is even more remarkable is that your students and teacher colleagues seem to adore you in spite of your strictness as they realize that it is for their interest that you are acting. I do not know if the Government has ever chosen you for "Best Teacher" or "Best Educator" awards but you don't need them. Every former student of your institution is your "chaltaa firtaa" award. What more can a teacher wish?

*- **Dr. Arunbhai Vaidya**, Editor, Sunganitam, Ahmedabad.*

# પૂરકવાંચનની યાદી વર્ષ પ્રમાણે

***ઍમિટી શાળામાં ધો.૧થી ૯માં પૂરકવાચનનું એક પુસ્તક પ્રત્યેક વર્ષે દાખલ કરવામાં આવે છે. આ પુસ્તક માટે સમયપત્રકમાં એક અલાયદો તાસ ફાળવવામાં આવે છે. સારા પુસ્તકોની યાદી સૌને હાથવગી રહે તે માટે અત્રે રજૂ કરવામાં આવેલ છે.***

| ધો. | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| | **વર્ષ : ૧૯૯૫–૯૬** | |
| ૧) | હિતોપદેશની બાળવાતો | રમણલાલ સોની |
| ૨) | અક્કડ–ફક્કડ | હુંદરાજ બલવાણી |
| ૩) | વોઈમાડડડ | રવિન્દ્ર અંધારિયા |
| ૪) | અમથાલાલના જાંબુ | જયંત ધોકાઇ |
| ૫) | જોરાસાકો ઘર | લીલા મજમુદાર |
| ૬) | વિક્રમ વૈતાળ | મધુસુદન પારેખ |
| ૭) | ભારત રત્ન મધર ટેરેસા | કુનભાઈ રાવલ |
| ૮) | આંખ આડા કાન | વિનોદ ભટ્ટ |
| ૯) | રવિપ્રસાદ | રમણ સોની |
| | **વર્ષ : ૧૯૯૬–૯૭** | |
| ૧) | એક કોડીનું સપનું | મહાશ્વેતા દેવી |
| ૨) | ઈન્સાનનું દિલ | શંકર પંડયા |
| ૩) | વાહ રે વાર્તા વાહ | યોસેફ મેકવાન |
| ૪) | અદ્‌ભૂત સાહસ કથાઓ | કનૈયાલાલ મુનસી |
| ૫) | રસ્કિનના પરાક્રમો | રસ્કિન બોન્ડ |
| ૬) | સરદાર વલ્લભભાઈ પટેલ | વિષ્ણુ પ્રભાકર |
| ૭) | વિનોબાજીના જીવન પ્રસંગો | મીરાં ભટ્ટ |
| ૮) | કામ કરો દિલ દઈને | સ્વેટ માર્ડન |
| ૯) | સાગરપંખી | મીરાં ભટ્ટ |
| | **વર્ષ : ૧૯૯૭–૯૮** | |
| ૧) | ઠેરના ઠેર | શ્રદ્ધા ત્રિવેદી |
| ૨) | આનંદને અજવાળાની વાતો | મધુસુદન પારેખ |
| ૩) | વાહરે વાર્તા વાહ | યોસેફ મેકવાન |
| ૪) | દેશ વિદેશની વિભૂતિઓ | મનુભાઈ ભટ્ટ |
| ૫) | વહેતા નિર્મળ નીર | ધીરેન ગાંધી |

| ધો. | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| ૬) | જવાહરલાલની આત્મકથા | શાંતિલાલ ડગલી |
| ૭) | આપણી નદીઓ | કનૈયાલાલ રામાનુજ |
| ૮) | જીવનનું પરોઢ | મનુભાઈ ભટ્ટ |
| ૯) | મા નર્મદાની પરિક્રમા | અમૃતલાલ વેગડ |
| | **વર્ષ : ૧૯૯૮–૯૯** | |
| ૧) | કૂકડે કુક | રક્ષા દવે |
| ૨) | સસ્સારાણાના સવલાણા | સુશીલા જોષી |
| ૩) | આળસના ફળ | શિવમ સુંદરમ |
| ૪) | રાજકુમારીનું વ્રત | રતિલાલ નાયક |
| ૫) | મૃત્યુનો જય છતા પરાજય | કનુભાઈ રાવલ |
| ૬) | કાન્હા જંગલમાંના રોમાંચક અનુભવો | કનૈયાલાલ રામાનુજન |
| ૭) | ગાંધીજીની આત્મકથા | મથુરદાસ ત્રિકમજી |
| ૮) | પાલી પરવાળા | જયભિખ્ખુ |
| ૯) | અબ્રાહમ લિંકનના જીવન પ્રેરક પ્રસંગો | મનુભાઈ ભટ્ટ |
| | **વર્ષ : ૧૯૯૯–૦૦** | |
| ૧) | સોનાનો દડો | જીવરામ જોષી |
| ૨) | લાલચું વાંદરો | રાજેન પટણી |
| ૩) | કોયલનો ન્યાય | રાજેન પટણી |
| ૪) | ખરેલાં બોર | ઈ□ર પરમાર |
| ૫) | સમર્પણના દીવડા | પ્રિયકાંત પરીખ |
| ૬) | સંસારના સુપ્રસિદ્ધ શોધકોમ | મનુભાઈ ભટ્ટ |
| ૭) | ગાંધીજીની આત્મકથા | મથુરદાસ ત્રિકમજી |
| ૮) | ગદ્યતીર્થ | સુરેશ દલાલ |
| ૯) | મન એવા માનવી | ગોકાણી પુષ્કર |

| ધો. | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| | **વર્ષ : ૨૦૦૦-૦૧** | |
| ૧) | થેન્કયુ પપ્પા | જાગૃતિ રામાનુજ |
| ૨) | ભણતર કથાઓ | મહેન્દ્ર ર. ત્રિવેદી |
| ૩) | અપંગ નહી અશકય | યશવંત મહેતા |
| ૪) | ખંતના દીવા | શ્રીકાંત ત્રિવેદી |
| ૫) | બ્રૂહબીન | ઈ□ર પરમાર |
| ૬) | વિજ્ઞાન મંજૂષા | મનુભાઈ ભટ્ટ |
| ૭) | સુભાષચંદ્ર | બોઝ |
| ૮) | સમય તો સંગેમરમર છે | બી. એન. દસ્તૂર |
| ૯) | તેઓ સફળ કેમ થયા? | સ્વેટ માર્ડન |
| | **વર્ષ : ૨૦૦૧-૦૨** | |
| ૧) | મોતીની માળા | કુમારપાળ દેસાઈ |
| ૨) | કૂલપરીની કિટ્ટા | તરલિકા મહેતા |
| ૩) | વિ□ની મહાનનારીઓ | ઉષા મહેતા |
| ૪) | ચાણકય | દોલત ભટ્ટ |
| ૫) | પ્રેરણાના મોતી | ચંદ્રકાંત અમીન |
| ૬) | નાના નટના નાટકો | ચંદ્રકાંત ઠક્કર |
| ૭) | મરક મરક | રતિલાલ બોરીસાગર |
| ૮) | અડધે રસ્તે | ક. મા. મુનશી |
| ૯) | કાવ્યતીર્થ | જયા મહેતા |
| | **વર્ષ : ૨૦૦૨-૦૩** | |
| ૧) | પલક પરી | ઈ□ર પરમાર |
| ૨) | સંસ્કારની સુવાસ | કે. ચંદ્રનાથ |
| ૩) | સમયનો સદુપયોગ | બી. એન. દસ્તૂર |
| ૪) | છે ને હે ! | રક્ષાબેન દવે |
| ૫) | પર્યાવરણ વિશેષ | રાજેન્દ્ર દવે |
| ૬) | ઊગતા સૂરજના તેજ અપાર | ઈ□ર પરમાર |
| ૭) | રવિ પ્રસાદ | રમણલાલ સોની |
| ૮) | પૃથ્વીવલ્લભ | કનૈયાલાલ મુનશી |

| ધો. | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| | **વર્ષ : ૨૦૦૩-૦૪** | |
| ૧) | ગિજુભાઈની બાળવાર્તાઓ | મહેન્દ્ર મેઘાણી |
| ૨) | ગાંધીબાપુ | જિતેન્દ્ર દેસાઈ |
| ૩) | પ્રદુષણ | એન. શેષગિરિ |
| ૪) | સમયનો સદઉપયોગ | ચંદ્રકાંત અમીન |
| ૫) | રસ્ટીના પરાક્રમો | રસ્કીન બોન્ડ |
| ૬) | સુભાષચંદ્ર બોઝ | શિશિરકુમાર બોઝ |
| ૭) | આપણી પૃથ્વી | લઈફ ફતેહ અલી |
| ૮) | યાદગાર કાવ્યો | મહેન્દ્ર મેઘાણી |
| ૯) | તેર સરસ વાર્તાઓ | પુષ્પા ક. શાહ |
| | **વર્ષ : ૨૦૦૪-૦૫** | |
| ૧) | બોલે તે બે ખાય | ગિજુભાઈ બધેકા |
| ૨) | સૌથી મોટો ધર્મ | મધુસુદન પારેખ |
| ૩) | સમર્પણના દીવડા | પ્રિયકાંત પરીખ |
| ૪) | પ્રાણીઓની અદ્ભૂત દુનિયા | જય ભીખ્ખુ |
| ૫) | અમને વ્હાલા બાળ | ઉપેન્દ્ર પાઠક |
| ૬) | સાહસની સફરે | યશવંત મહેતા |
| ૭) | પહેલી શોધ કોણે કરી? | ગટુભાઈ ચોકસી |
| ૮) | ડૉ. હોમીભાભા | ઉષા જોષી |
| ૯) | અલગારી રખડપટ્ટી | રસિકલાલ ઝવેરી |
| | **વર્ષ : ૨૦૦૫-૦૬** | |
| ૧) | ચતુર કથાઓ | જીવરામ જોષી |
| ૨) | સાચો વિદ્યાર્થી | જીવરામ જોષી |
| ૩) | મોરના ટહુકા | હેમા મહેતા |
| ૪) | દૂધગંગા | રાજુ દિપ્તી |
| ૫) | મિત્ર હો તો આવા | ઉષા જોષી |
| ૬) | વ્યતીતને વાગોળુ છું | જયોતીન્દ્ર દવે |
| ૭) | માદામ કયુરી | ડૉ. ઉષા જોષી |
| ૮) | જયંત ખત્રીની ટૂંકી વાર્તા | ધીરેન્દ્ર મહેતા |
| ૯) | રાવજી પટેલના કાવ્યો | રાવજી પટેલ |

| ધો. | પુસ્તકનું નામ | લેખક | ધો. | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|---|---|---|
| | **વર્ષ : ૨૦૦૬–૦૭** | | | **વર્ષ : ૨૦૦૯–૧૦** | |
| ૧) | ગિજુભાઈની બાળવાર્તા–૧ | ગિજુભાઈ બધેકા | ૧) | આવ હવા વારતા કહું | યોસેફ મેકવાન |
| ૨) | ગિજુભાઈની બાળવાર્તા–૨ | ગિજુભાઈ બધેકા | ૨) | અદભૂત બોધકથાઓ | કનૈયાલાલ રામાનુજ |
| ૩) | બકોર પટેલ ડાકતર ડાકતર | જીવરામ જોષી | ૩) | ચાતુરીની કથાઓ | જીવરામ જોષી |
| ૪) | ખાધું પીધું ને રાજ કર્યું | રાજુ દીપ્તિ | ૪) | નકશાનો ભેદ | યશવંત મહેતા |
| ૫) | ગીતો ભર્યું જીવન | રાજુ દીપ્તિ | ૫) | ગણિતના ગલગલિયા | પ્રભુલાલ દોશી |
| ૬) | સુર્યોદયથી સર્વોદય | જયદેવ એલ. દવે | ૬) | પ્રાણી મારો પરમ મિત્ર | જય ભિખ્ખુ |
| ૭) | સરદાર પટેલ | હેમંતભાઈ યાજ્ઞિક | ૭) | વિજ્ઞાન પરિચય | નગીન મોદી |
| ૮) | સ્મરણ યાત્રા | કાકા કાલેલકર | ૮) | દ્ષ્ટાંત કથાઓ | નાનાભાઈ ભટ્ટ |
| ૯) | સત્યજીત રે ની નવલકથા | સત્યજીત રે | ૯) | ગાંધીજી અને નવી પેઢી | ફાધર વાલેસ |
| | **વર્ષ : ૨૦૦૭–૦૮** | | | **વર્ષ : ૨૦૧૦–૧૧** | |
| ૧) | વડવાઈઓ | હિંમતલાલ મર્થક | ૧) | પરીઓની કથા | કનુ પેઢામલિકર |
| ૨) | સોનાનું ઘર | જીવરામ જોષી | ૨) | સિંદબાદની સફર | કનુ પેઢામલિકર |
| ૩) | કિશોરકથાઓ | ગિજુભાઈ | ૩) | મારો વાર્તા વૈભવ | ઉષા જોષી |
| ૪) | હસતી રમતી બાળવાર્તાઓ | મધુસુદન પારેખ | ૪) | સુબોધક વાર્તાઓ | મધુસુદન પારેખ |
| ૫) | બાળકો માટે વિજ્ઞાન | ઉષા જોષી | ૫) | સોનાનો પુડલો | શ્રદ્ધા ત્રિવેદી |
| ૬) | ડૉ. વિક્રમ સારાભાઈ | ઉષા જોષી | ૬) | સાગર શૂરા | યશવંત મહેતા |
| ૭) | ૧૮૫૭ | જીવરામ જોષી | ૭) | લતા મંગેશકર | ઉષા જોષી |
| ૮) | ગાંધી ગંગા | મૃદુલા માત્રા વાડિયા | ૮) | સ્વયં સિદ્ધા | કિરણ બેદી |
| ૯) | પ્રજ્વલિત માનસ | એપીજે અબ્દુલકલામ | ૯) | મોતીચારો | આઈ.કે. વિજળીવાલા |
| | **વર્ષ : ૨૦૦૮–૦૯** | | | **વર્ષ : ૨૦૧૧–૧૨** | |
| ૧) | વહાલ સોયી વૃક્ષકથાઓ | હરીશ નાયક | ૧) | હિમમાનવ | હરીશ નાયક |
| ૨) | બીરબલનું બુદ્ધિચાર્તુય | શ્રીવર્ષા વરન | ૨) | ઉડવું તો સાવ સહેલું છે | જાગૃતિ રામનુજ |
| ૩) | આનંદે ભજીએ | હિમાંશી શેલત | ૩) | બે ચતુર | જીવરામ જોષી |
| ૪) | ઝાંસી કી રાની લક્ષ્મીબાઈ | અમૃત મોદી | ૪) | માથાનું દાન | જીવરામ જોષી |
| ૫) | ગુલીવરની અજબ સફર | યશવંત મહેતા | ૫) | युग युग की कहाँनियाँ | शांता रंगाचारी |
| ૬) | સાગરના ખોળે ૩૨ દિવસ | હરકિસન મહેતા | ૬) | टूटा पंख और अन्य कहाँनियाँ | बेलिंदर धनोआ |
| ૭) | વૈદિક ગણિત અને ગણિત | | ૭) | ऐसेजीवजिन्हे भूला नही जासकता | रस्किन बाँड |
| | ઝલક | પ્રભુલાલ દોશી | ૮) | કિશોરોના રવિન્દ્રનાથ | મહેન્દ્ર મેઘાણી સંપાદક |
| ૮) | પહેલુ સુખ તે માંદા પડયા | વિનોદ ભટ્ટ | ૯) | घना जंगल | हरिकृष्ण देवसरे |
| ૯) | બાંધો સમય મુઠ્ઠીમાં | ડૉ. મધુભાઈ કોઠારી | | | |

## 'ઍમિટી' સમાચાર

**શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦–૧૧**

### માર્ચ – ૨૦૧૧

- **૨ થી ૪** : નેશનલ બુક ટ્રસ્ટ 'किताब क्लब'ની બસ પુસ્તકો લઈને ભરૂચ શહેરમાં આવી હતી. તા.૦૪/૦૩/૧૧ના રોજ શાળાની મુલાકાત લીધી હતી. શાળાના વાલીમિત્રો, શિક્ષકમિત્રો અને વિદ્યાર્થીઓએ મુલાકાત લઈ મોટી સંખ્યામાં પુસ્તકોની ખરીદી કરી.
- **૫** : અંગ્રેજી માધ્યમ (CBSE)નો પ્રથમ બેચ કુલ–૩૮ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી. પરીક્ષા અગાઉ શિક્ષકોએ વિદ્યાર્થીઓને ઘેર જઈ શુભેચ્છા પાઠવી તથા ઉત્તમ પુસ્તકની ભેટ આપી.
- **૧૨** : ઍમિટી બી.એડ્. કોલેજના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ – જે.પી. કોલેજના પ્રાચાર્યશ્રી ડૉ. નીતિનભાઈ પટેલના અધ્યક્ષપદે યોજવામાં આવ્યો.
- **૧૯** : ધૂળેટીના તહેવારની ઉજવણીના ભાગરૂપે 'હાસ્ય કવિ–દરબાર' કાર્યક્રમ યોજવામાં આવ્યો. શાળાના ૨૫ જેટલા બાળકો, શિક્ષકો તથા આમંત્રિત સાહિત્યપ્રેમીઓ દ્વારા હાસ્યકવિતાઓનું રસાસ્વાદ કરાવવામાં આવ્યો. ભરૂચ શહેરના શ્રી સાગરમલ પરીક, શ્રી દિનેશ પરીક, શ્રી ભગુભાઈ ભીમડા તથા અન્ય સાહિત્યપ્રેમીઓએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હિન્દી સ્વરચિત કાવ્યોની રસલહાણ કરી.
- **૨૫** : 'આવો લેખકને મળીએ' કાર્યક્રમ અંતર્ગત લેખિકા શ્રીમતી લતાબેન હિરાણી સાથે ધો.૮ના વિદ્યાર્થીઓ અને પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓ સાથે વાર્તાલાપ. ત્યારબાદ વિદ્યાર્થીઓએ લતાબહેનને આભારનો પત્ર લખતાં તેઓશ્રીએ પ્રત્યેક વિદ્યાર્થીને વ્યકિતગત પ્રત્યુત્તર પાઠવ્યો.

  ધોરણ – ૧ થી ૪ (CBSE Board)નું વાર્ષિક પરીક્ષાના પરિણામનું વિતરણ કાર્ય સંપન્ન

### એપ્રિલ – ૨૦૧૧

- **૩** : શાળાના રજતજયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે શાળા શુભેચ્છકો સાથે મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. 'મૈત્રી–સેતુ' અંક–૫૫ 'શુભેચ્છક વિશેષાંક'નું વિમોચન શ્રીમતી મીનલબહેન દવેના શુભહસ્તે કરવામાં આવ્યું. તેમજ શ્રી રણછોડભાઈ શાહ સંપાદિત પુસ્તક 'જીવન જીવવાની જડીબુટ્ટી : શિક્ષણ' પુસ્તકનું વિમોચન ડૉ. શશીકાંતભાઈ શાહના વરદ્હસ્તે કરવામાં આવ્યું. મોટી સંખ્યામાં શાળાના શુભેચ્છકોએ ઉપસ્થિત રહી શાળાની પ્રગતિને માણી. સૌના સહકારની સહર્ષ નોંધ લેવામાં આવી. શુભેચ્છકોને સ્મૃતિભેટ આપવામાં આવી.
- **૧૭** : 'વાલીસ્નેહ મિલન' કાર્યક્રમમાં જાણીતા લેખક, તત્ત્વચિંતક અને કેળવણીકાર ડૉ. ગુણવંતભાઈ શાહએ 'શિક્ષણમાં લીલો દુકાળ' વિષય ઉપર વાલીઓને સંબોધ્યા હતા. શાળાના પુસ્તકાલયનું ખાતમુહૂર્ત અને શ્રી રણછોડભાઈ શાહના Ventilation પુસ્તકનું વિમોચન ડૉ. ગુણવંતભાઈના હસ્તે થયું. વાલીઓએ બહુ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ તથા વકતાને માણ્યા.

❖ **૨૩ :** 'વર્લ્ડ બુક ડે'ની ઉજવણી – અતિથિવિશેષ શ્રી ભાગ્યેન્દ્રભાઈ પટેલ (સબ એડીટર, એન.બી.ટી., ન્યુદિલ્હી) દ્વારા વર્લ્ડ બુક ડેની ઉજવણી વિશે માહિતી આપવામાં આવી.

❖ **૨૮ :** 'પુસ્તક પરિચય કાર્યક્રમ' ઉત્તમ પુસ્તકોનો પરિચય શાળાના શિક્ષકો દ્વારા શિક્ષકસભામાં કરાવવામાં આવ્યો.

❖ **૩૦ :** (અંગ્રેજી માધ્યમ) CBSEનો વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો. અતિથિવિશેષ શ્રીમતી તૃપ્તિબહેન અલમૌલાના હસ્તે CBSE (અંગ્રેજી માધ્યમ) વાર્ષિક ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

**મે – ૨૦૧૧**

❖ **૧ :** શાળાના સૌ વર્તમાન સાથીમિત્રોના કુટુંબ સાથે મિલન સમારોહ યોજવામાં આવ્યો. સૌ સાથીઓ તથા તેમના કુટુંબીજનોએ સાહિત્યિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ માણી કૌટુંબિક એકતાનો અનુભવ કર્યો. દશ કરતાં વધુ વર્ષથી શાળામાં સેવા આપતા મિત્રો તથા તેમના કુટુંબીજનોનું સન્માન કરવામાં આવ્યું. શાળાના શુભેચ્છકો દ્વારા શાળાના સ્થાપક મિત્રો – શ્રી રણછોડભાઈ, શ્રી પ્રમેશબહેન, શ્રી સંગીતાબહેન તથા શ્રી પ્રવીણભાઈના કાર્યને બિરદાવવાનો કાર્યક્રમ પણ સૌએ સહર્ષ માણ્યો CBSE બોર્ડનું પ્રથમ બેચનું પરિણામ ૧૦૦% આવ્યું.

❖ **૫ :** મૈત્રી–સેતુ અંક–૫૬ 'વાલી શિક્ષક વિશેષાંક'નું વિમોચન શાળાના વરિષ્ઠ વિજ્ઞાન શિક્ષકશ્રી બીપીનભાઈ બાવનબાદશાહ તથા ડૉ. ડી. પી. પટેલ (પ્રાચાર્યશ્રી, કૉલેજ ઓફ એજયુકેશન ખરોડ)ના હસ્તે કરવામાં આવ્યું. અંકલે□રથી શ્રી અંગીરસભાઈ શુકલ (એડવોકેટ) તથા શ્રી કિશોરભાઈ સુરતી (C.A.)પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા.

❖ **૬ :** ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમની ગુજરાત રાજય સંલગ્ન શાળાનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ.

❖ **૮ થી ૧૦ :** ભરૂચ જિલ્લાની માધ્યમિક શાળાના શિક્ષકમિત્રો માટે શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોની ત્રિ–દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું.

❖ **૯–૧૦ :** ઍમિટી શાળા તથા 'પુનરપિ' અમદાવાદ સંસ્થા દ્વારા 'વ્યાખ્યાનકલા'નો સેમિનાર યોજવામાં આવ્યો. દક્ષિણ ગુજરાતના ૩૦ જેટલા અધ્યાપક મિત્રો આ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા. તજજ્ઞો ડૉ. સુમનભાઈ શાહ – અમદાવાદ, ડૉ. વિનોદ જોષી – ભાવનગર, ડૉ. જગદીશ ગુર્જર – અંકલે□ર, શ્રી જીજ્ઞેશ બ્રહ્મભટ્ટ – અમદાવાદ, ડૉ. ભરત પરીખ (વલસાડ) ઉપસ્થિત પ્રાધ્યાપકોને માર્ગદર્શન આપ્યું હતું.

❖ **૧૨ :** ધો.૧૨ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)ના બોર્ડની પરીક્ષાનું પરિણામ. શાળાનું પરિણામ ધો.૧૨ (ગુજરાતી – ૧૦૦%), ધો.XII (અંગ્રેજી – ૯૭.૪૩%),

❖ **૨૬ :** ધો.૧૨ (કોમર્સ)ના બોર્ડની પરીક્ષાનું પરિણામ. શાળાનું પરિણામ ૯૫.૮૩%.

**જૂન – ૨૦૧૧**

❖ **૧ :** ધો.૧૦ અને ૧૨ (ગુજરાતી / અંગ્રેજી માધ્યમ)ના વેકેશન વર્ગોનો પ્રારંભ.

❖ **૨ :** ધો.૧૦ (ગુજરાતી / અંગ્રેજી માધ્યમ)ના ગુજરાત રાજય સંલગ્ન બોર્ડની પરીક્ષાનું પરિણામ. શાળાનું પરિણામ ધો.૧૦ (ગુજરાતી–૯૮.૨૧%), ધો. X (અંગ્રેજી–૧૦૦%).